# આધ્યાત્મિક નિબંધો

લેખક
ભોગીલાલ ગિ. શેઠ

# આધ્યાત્મિક નિબંધો



લેખક :
ભોગીલાલ ગિ. શેઠ

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન

**શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ વતી**

શ્રી જે.બી. મોદી, પ્રમુખ
૩૫, મોરવી હાઉસ,
ડૉ. સુંદરલાલ બહલ પથ,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ,
મુંબઈ - ૪૦૦૦૦૧.
ફોન - ૨૨૬૧ ૨૪૫૪

અન્ય પ્રાપ્તિ સ્થાન

**કિરીટભાઈ સંઘવી**

શ્રેયસ, ૫૦-બી સ્થા. જૈન સોસાયટી,
નારણપુરા રેલવે ક્રોસિંગ પાસે, વાડજ
અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : ૨૭૫૫ ૨૭૫૭, ૨૭૫૫ ૨૨૫૬

**ગીરીશ છોટાલાલ ભીમાણી**

બી-૨, સિદ્ધાંત, શ્રોફ રોડ,
શારદાબાગ સામે, રાજકોટ. ૩૬૦ ૦૦૧.
ફોન : (ઘર) : ૫૫૨૬૮૨૧ (દુકાન) ૨૨૨૭૩૫૦

નૂતન આવૃતિ
ઈ.સ. ૨૦૦૬
વિ. સ. ૨૦૬૨

અમર પ્રીંટસ
૩૯, પોલીસ કોર્ટ લેન
હેન્ડલુમહાઉસ, ફોર્ટ,
મુંબઈ ૪૦૦૦૦૧.



સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી,
સર્વ કાળથી
અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે
અપ્રતિબંધ થઈ
નિજસ્વરૂપમાં સ્થિત થયા
તે પરમ પુરૂષોને નમસ્કાર.
પરમ સુખ સ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત,
શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને
સર્વ કાળને માટે પામ્યા
તે ભગવંતને નમસ્કાર.
તે પદમાં
નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો
તે સત્પુરૂષોને નમસ્કાર.

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૮૩૩)



વીતરાગનો કહેલો પરમ શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અન-અધિકારીપણાને લીધે તથા સત્પુરૂષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મ-મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ !!

હે જીવ! આ કલેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત થા!! નહીં તો રત્નચિંતામણી જેવો આ મનુષ્ય દેહ નિષ્ફળ જશે.

હે જીવ! હવે તારે સત્પુરૂષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

卐

# શ્રેયસ પ્રચારક સભા

અમને જણાવતાં આનંદ થાય છે કે જનસમૂહના વ્યવહારિક અભ્યુદયમાં તથા પારમાર્થિક ઉત્કર્ષમાં કોઈ પ્રકારે ઉપયોગી અને સહાયભૂત થવાના હેતુથી આ "શ્રેયસ પ્રચારક સભા"ની સ્થાપના તા. ૨૩–૧૨–૧૯૮૦ના દિવસે કરવામાં આવેલ છે. તેના કાયદેસરના રજીસ્ટ્રેશન માટે ચેરિટી કમિશ્નરની ઓફીસમાં અરજી કરવામાં આવેલ છે અને તે ટૂંક સમયમાં પાસ થઈ જવા સંભવ છે.

સભાના ઉદ્દેશોમાં મુખ્યતાએ જે મુદ્દાઓ સમાવેશ પામે છે તે આ પ્રમાણે છે. આમ જનતાનું નૈતિક, સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક જીવનધોરણ જે હાલ નીચે ઉતરી ગયું છે, તે ઊંચું આવે તે અર્થે ઉપયોગી અને ઉત્તમ સાહિત્ય પ્રસિદ્ધ કરવું તથા તેનું વેચાણ સૌને લાભ મળી શકે એ હેતુએ શક્ય તેટલી ઓછી કિંમતે કરવું. ધર્મના ભેદભાવ વિના ઉપકારી અધ્યાત્મગ્રંથોનું પ્રકાશન કરવું, સામાજિક અભ્યુદય માટે જ્યાં બની શકે ત્યાં સહાયભૂત થવું. ઈત્યાદિ.

આ સભા તરફથી "આધ્યાત્મિક નિબંધો" નામનું આ પ્રથમ પુસ્તક પ્રગટ થાય છે, અને તે જિજ્ઞાસુઓના હસ્તકમળમાં આવે છે, એ જણાવતાં અમને હર્ષ થાય છે.

આ પુસ્તકની છપામણી વગેરેનું તમામ ખર્ચ "યુનિક ફાર્માસ્યુટિકલ્સ લેબ્ઝ" એ આપેલ છે.

સભા વતી,

જે. બી. મોદી

પ્રમુખ

## આધ્યાત્મિક નિબંધોની

# અનુક્રમણિકા

પેજ


(૧) સત્પુરુષોના મંગલ ઉપદેશનો સાર ... ... ૧

(૨) જેમ માટીમાંથી ઘડો થાય, તેમ જીવમાંથી શિવ થાય ૨૧

(૩) પુષ્પ ઉપર એક વિચાર ... .... ... ૩૫

(૪) જાતિસ્મૃતિજ્ઞાન .... .... .... ... ૪૩

(૫) ઋણાનુબંધ ... .... .... .... ૮૯

(૬) આત્માનુભૂતિ ... .... ... ... ૧૫૧

(૭) પ્રેમ અને પૂર્ણતા .... ... .... ૧૬૯

(૮) પ્રેમ સંબંધી વચનામૃત .... ... .... ૨૪૬

(૯) પ્રેમ પ્રશસ્તિરૂપ અવતરણો .... ... .... ૨૫૧

(૧૦) આધ્યાત્મિક પ્રકાશનોની યાદી .... ... ૨૫૯

# પ્રસ્તાવના

પારમાર્થિક વિષયોને સ્પર્શતા અને તે સંબંધે કોઈ ઉપયોગી માહિતી આપતા આ "આધ્યાત્મિક નિબંધો" નામના લઘુ ગ્રંથમાં સાત નિબંધોનો સંગ્રહ આપવામાં આવેલ છે. તેમાંના ત્રણ નિબંધો, (૧) પ્રેમ અને પૂર્ણતા (૨) ઋણાનુબંધ અને (૩) જાતિસ્મૃતિજ્ઞાન, આ અગાઉ નાની પુસ્તિકાઓરૂપે છપાઈને પ્રગટ થઈ ચૂકયા હતા. એ ત્રણે પુસ્તિકાઓ ધર્મપ્રેમી જિજ્ઞાસુઓમાં આશ્ચર્ય ઉપજાવે એવી પ્રિયતા પામવાથી તેની નકલો જોતજોતામાં થોડાક જ મહિનાઓમાં ખપી ગઈ; તેથી પ્રભુકૃપાએ અમને બીજા ચાર નિબંધોની સાથે એ ત્રણેનો સમાવેશ કરી આ પુસ્તક પ્રગટ કરવાની બળવતી પ્રેરણા મળી અને તે પ્રેરણા સફળતાને પ્રાપ્ત થતી જોઈને અમને હર્ષ થાય છે.

આ પુસ્તકમાં અપાયેલ નિબંધોના ક્રમમાં પહેલો છે, "સત્પુરુષોના મંગલ ઉપદેશનો સાર." આ નિબંધમાં શાંતસ્વરૂપ જ્ઞાની ભગવંતોએ જીવની પુરૂષાર્થ સંબંધી માન્યતામાં જે મૂળભૂત ભૂલ છે તે ધર્મજિજ્ઞાસુઓના કલ્યાણાર્થે તેમના મંગલ ઉપદેશદ્વારા દર્શાવી અત્યંત ઉપકાર કર્યો છે, જ્યાં કરુણાવંત ભગવંતોએ ભારપૂર્વક બોધ કર્યો છે ત્યાં એમ કહ્યું કે હે ભવ્યો, તમે સમજો, સમ્યક્‌પણે સમજો કે આત્માના હિતાર્થે ચારેય ઘાતીકર્મોની ક્ષીણતા તથા ક્ષય કરવા માટે જે કંઈ ન્યૂન કે અધિક પુરૂષાર્થ સેવવામાં આવે તે સર્વ સર્વથા સફળ છે, નિષ્ફળ નથી. તેથી ઉલટું અઘાતી કર્મોની ક્ષીણતા કે નાશ માટે જીવથી થતો ઉદ્યમ પ્રારબ્ધાનુસાર ફળ આપે છે, સફળ થાય છે યા નિષ્ફળ જાય છે, માટે હે ભવ્યો, સ્વના શ્રેયાર્થે સત્ય પુરૂષાર્થમાં લાગી જઈ અંતમાં અવ્યાબાધ સુખસ્વરૂપ સ્થિતિને પામો અને

પરવસ્તુના સંબંધમાં કરવામાં આવતો જે ઉદ્યમ, તેના ફળ પરત્વે અપેક્ષાનો ત્યાગ કરી જે થાય છે તે યોગ્ય જ છે એમ નિશ્ચયથી માની સમપરિણામે રહેતા શીખો.

"જેમ માટીમાંથી ઘડો થાય, તેમ જીવમાંથી શિવ થાય" એ શીર્ષકવાળા બીજા નિબંધમાં જીવ પરમ શાંતરસપ્રેરક સન્માર્ગની પ્રાપ્તિથી માંડી શિવ થાય અર્થાત્ શુદ્ધતાની પૂર્ણતાને પામે ત્યાં સુધીની જે જે અવસ્થાઓરૂપ પ્રક્રિયાઓ છે, તે સર્વને વ્યવહારિક દૃષ્ટાંત સાથે સરખાવતાં તે બન્ને વચ્ચે કેટલી સામ્યતા છે તે સૂચવી જાય છે. તે દૃષ્ટાંતથી વીતરાગમાર્ગની પ્રાપ્તિ માટેનું પરમોચ્ચ નિમિત્તકારણનું જ્ઞાન પણ સરળતાથી મળી જાય છે. તે ઉપરાંત કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે બે કારણો મુખ્યતાએ રહ્યાં છે, (૧) ઉપાદાનકારણ અને (૨) નિમિત્તકારણ. બન્ને એક બીજાને ઉપકારી છે અને ઠેઠ બારમા ગુણસ્થાનકના અંત સુધી સાથે રહેવાવાળાં છે. કોઇ એકની એકાંતે મુખ્યતા લેવા યોગ્ય નથી એમ સુવિચારની યોગ્યતાએ અને નિર્મળતાએ સમજાવું કઠણ નથી, અને એ વિચારની સુશ્રેણી આ દૃષ્ટાંત પૂરી પાડે છે. અમે જાણીએ છીએ કે જૈનદર્શનની અર્વાચીન ફિલસૂફીમાં ઉપર કહ્યાં તે બે કારણોમાં કોની મુખ્યતા છે અને કોની ગૌણતા છે તે પ્રશ્ન ઉપર કેટલાક ફિલસૂફોએ ઠીક બુદ્ધિનો ઉપયોગ કરી તર્કપૂર્વકના અને ભેદ દર્શાવતા વિચારોના સમીક્ષા કરી છે; અને પ્રશ્ન અણ ઉકેલ જ રહ્યો છે કેમ, કે બન્ને કારણોની ઉપયોગીતા સમાન છે, સાથે સાથે છે. અમને તો નિશ્ચયરૂપ લાગે છે કે જેણે આત્મકલ્યાણ અને આત્મશ્રેય કરવું છે, તેવા જિજ્ઞાસુ મનુષ્યે તો નયની ગૂંચવાળી વિચારશ્રેણીમાં અથવા નયની ભંગજાળમાં નહિ પડતાં સાદી બુદ્ધિનો સીધો અને સરળ ભક્તિમાર્ગ એક નિષ્ઠાએ આરાધવો.

ત્રીજો નિબંધ છે, "પુષ્પ ઉપર એક વિચાર." થોડાં વર્ષ પહેલાં એક વખત જ્યારે અમે ફરવા માટે બગીચામાં જઇ એકાંત સ્થાને બેઠા હતા, ત્યારે અમારી દૃષ્ટિ સન્મુખ સુંદરતાથી શોભતાં રંગબેરંગી કોમળ ફૂલો ખીલી ઊઠ્યાં હતાં. અમે શાંતભાવમાં સ્થિર થઇ તેમનું નૈસર્ગિક સૌંદર્ય તેમનું આકર્ષક નૃત્ય, અને અને તેમની ઉત્સાહભરી લીલા રસપૂર્વક નિહાળતા હતા અને આનંદિત થતા હતા. તેવામાં આસપાસ ફરી રહેલી અમારી દૃષ્ટિ એકાએક એક પુષ્પ ઉપર, જાણે કેમ મંત્રમુગ્ધ થયા હોઇએ તેમ ચોંટી ગઇ અને તેની જ ભાવભીની પ્રવૃત્તિ, હોંશભરી ક્રીડા તથા વિકાસના વિવિધ પાસાં દર્શાવનારી ક્રિયાઓ જોવામાં સ્તબ્ધતાએ રોકાઈ ગઈ. પરંતુ અલ્પ સમય વીત્યા બાદ અમારૂં ચિત્ત અધ્યાત્મના પગથારે ચડી ગયું અને પછી તો તેની અંદર એ એકલાં અને અટૂલાં પુષ્પની સાહજિક ક્રીડા અને લીલા સંબંધમાં પરમાર્થભાવના અર્થવાળું તથા અનુરૂપ એવું બોધપ્રદ કલ્પના ચિત્ર ઉપસી આવ્યું, અને સ્મૃતિપટ પર સ્પષ્ટપણે અંકિત થયું એ ચિત્રના ફળ રૂપે તેનું વર્ણન આ નિબંધમાં શબ્દોદ્વારા કરવામાં આવેલ છે. ત્યાં અંતમાં જણાવ્યું છે કે "પુષ્પ" તે "સમકિત" જીવને શિવ થવા માટે સૌથી પ્રથમ અગત્યતા છે સમકિત પ્રાપ્તિની, સ્વરૂપ પ્રતીતિની, સ્વાત્માનુભવની. તે સમકિતનું માહાત્મ્ય અપરંપાર છે, તે સમકિત સાચા જિજ્ઞાસુને કેવા કેવા પ્રકારો દ્વારા પોતા તરફ આકર્ષે છે, એ વગેરે આ નિબંધમાં કહેવામાં આવ્યું છે.

હવે "જાતિસ્મૃતિજ્ઞાન" નામના ચોથા નિબંધ સંબંધમાં વિચાર કરીએ. પરમોત્તમ અને પરમ પવિત્ર વીતરાગદર્શનમાં આ જ્ઞાનનો મહિમા અતિ સ્પષ્ટ અને સુગમપણે બતાવવામાં આવેલ છે. પૂર્વભવ કે ભવો જ્યારે જ્ઞાનાવરણીયકર્મની મંદતાથી

સ્મૃતિગમ્ય થઈ જ્ઞાનમાં ઝળકે છે, ત્યારે તે થકી ઉત્પન્ન થતું તેનું મહત્ કલ્યાણકારી ફળ સિદ્ધાંતરૂપે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું છે. ત્યાં એમ કહ્યું છે કે જે કોઈ ભાગ્યવંતને સાત વર્ષની વય વીત્યા પછી પૂર્વભવનો કોઈ પ્રસંગ કે પ્રસંગો સ્મૃતિમાં અનુભવગમ્ય થાય, તો તે નિયમથી તે જ ભવે સમકિત એટલે સમ્યક્દર્શનની પ્રાપ્તિ માટે અધિકારી બને છે. તે પ્રાપ્ત થયા પછી, સમકિત ન વમે તો વધુમાં વધુ પંદર ભવે શુદ્ધ, બુદ્ધ ને મુક્ત થાય છે આ નિબંધમાં આ જ્ઞાનને સ્પર્શતા વિવિધ વિષયોની વિસ્તારથી ચર્ચા કરી તેની સમજણ આપવા અલ્પ પ્રયાસ કરેલ છે.

ત્યાર પછીના ક્રમમાં આવે છે "ઋણાનુબંધ" નામનો પાંચમો નિબંધ. અહીં કેટલાક અગત્યના અને અવશ્ય જાણવા યોગ્ય એવા નિયમોનો ઉલ્લેખ કર્યો છે તથા તે સંબંધની વિશેષ માહિતી આપવા પ્રયત્ન કરેલ છે, જેથી મૂળભૂત સિદ્ધાંતો સમજવા માટેની અને હૃદયમાં ઊતરી જવા માટેની સુગમતા થાય. વળી તે ઉપયોગી અને ઉપકારી નિયમોને નિજ હિતાર્થે દૈનિક જીવનમાં કામે લગાડી તેનો સુખરૂપ લાભ સહેલાઇથી લઈ શકાય તેવો શુભ હેતુ તેમાં રહ્યો છે એમ જણાવવા યોગ્ય છે. ઋણાનુબંધના શુભાશુભ ઉદયો દર્શાવતા દૃષ્ટાંતો વાસ્તવિક જીવનમાંથી લેવામાં આવ્યાં છે. તેમાં આપેલ પાત્રોનાં નામ કલ્પિત છે, પરંતુ કથા અને પ્રસંગો સત્યઘટનારૂપ છે. દૃષ્ટાંતકથાઓ વાચક કે શ્રોતાજનના ચિત્ત ઉપર હંમેશા ઊંડી અને ઘેરી છાપ અંકિત કરે છે અને તેના સુભગ પરિણામે ક્યારેક અથવા ઘણી વખત તેના જીવનનું વહેણ કોઈ આકસ્મિક રીતે આમૂલ પરિવર્તન પામી આત્મિક વિશુદ્ધતાના પવિત્ર પથ પર આવી જાય છે, એમ જાણીને દૃષ્ટાંતો આપવામાં આવેલ છે.

છઠ્ઠો નિબંધ છે "આત્માનુભૂતિ", એટલે આત્માનો અનુભવ. સ્વભાવથી આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્રમય છે, અટલ અનુભવસ્વરૂપ છે, શુદ્ધ છે, અસંગ છે, જન્મ–જરા–મરણ રહિત છે, એમ જ્ઞાની પુરૂષના અવલંબને જાણવું તે જ્ઞાન, તેની સત્યતાનો સ્વીકાર કરી માનવું તે દર્શન (શ્રદ્ધા) અને જેનું જેવું જ્ઞાન કર્યું છે તથા દર્શન કર્યું છે, તેનો તે રૂપે અનુભવ કરવો તે ચારિત્ર અથવા અનુભવદશા. આ અનુભવ સર્વ કાળે, સર્વ ક્ષેત્રે સંજ્ઞીપંચેન્દ્રિયપણાવાળી ચારેગતિમાં. ક્ષત્રિયાદિ સર્વ કૂળમાં એક સરખો છે; જૈન, વેદાંત, ખ્રિસ્તી આદિ સર્વ દર્શનોની અપેક્ષાએ સમાન છે, કેમકે ચૈતન્યાત્મા સર્વત્ર સર્વથા એક સ્વભાવવાળો છે એ અદ્વિતીય અને અલૌકિક અનુભવને પામવા માટે જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, ક્રિયામાર્ગ, ભક્તિમાર્ગ કહ્યા છે. તેમાં ભક્તિમાર્ગને, પ્રેમ–શ્રદ્ધા–અર્પણતારૂપ માર્ગને સર્વોપરી માર્ગ ગણવામાં આવ્યો છે, કારણ કે તે અબુધ અને અશક્તને પણ સહેલાઈથી પ્રાપ્ત થાય એવો સરળ, સુગમ અને સ્વચ્છ માર્ગ છે. આ વિષય સંબંધી વિશેષ સમજૂતી અમારાં "ભક્તિમાર્ગનું રહસ્ય" પુસ્તકમાંથી મળી શકશે. આ નિબંધમાં જે પૂર્ણ છે, જે પરમ શુદ્ધ છે અને જે પરમ ચૈતન્યસ્વરૂપ છે એવો આત્મા તર્કથી કે બુદ્ધિથી, તપથી કે શાસ્ત્રાભ્યાસથી પ્રાપ્ત થતો નથી એમ બતાવીને તેની અનુભૂતિ થવા અર્થે આશ્રય કરવા યોગ્ય અને મન, વચન, કાયાની એકાગ્રતાથી આરાધવા યોગ્ય જે નિમિત્તો છે તેનું નિરૂપણ કરવામાં આવેલ છે. તથા અંતમાં આત્માનુભૂતિ વેળાએ શું હોય, કેવું હોય? તે વાણી ધર્મે કહી શકાય તે રીતે કહેવામાં આવ્યું છે. જે જ્ઞાન, જે તત્ત્વ, જે નિર્વિકલ્પ ચૈતન્યતા છે, તે માત્ર અનુભવ ગોચર હોવાથી કેવી રીતે સ્થૂળ શબ્દોથી યથાર્થતાએ વર્ણિત થઈ શકે?

હવે આપણે "પ્રેમ અને પૂર્ણતા" નામના અંતિમ નિબંધ પ્રત્યે વળીએ. સર્વ જ્ઞાની પુરુષોનો એક જ અભિપ્રાય અને એક

ઉપદેશ છે કે આત્માનુભૂતિથી માંડી પૂર્ણ સ્વરૂપની પૂર્ણતા પામવા માટેની અદ્વિતીય ચાવી છે પ્રેમ, કોઇ સદેહે વિદ્યમાન અથવા સજીવનમૂર્તિ એવા ભગવાનરૂપ સત્પુરૂષમાં અચળ પ્રેમ અને તે પ્રેમને પરમાર્થે સ્વાત્મા પ્રત્યેના પ્રેમ તરીકે ગણવામાં આવ્યો છે. આ જગતને વિષે પ્રેમ એ કોઈ અદ્‌ભુત અને દિવ્ય તત્ત્વ છે અને જીવનો પોતાનો જ આદર્શ, નિર્મળ અને નિઃસ્પૃહ ગુણ છે. એ તત્ત્વના સત્યસ્વરૂપની ઊંડી અને તલસ્પર્શી વિચારણાથી જે ઝાંખી થઇ, જે યથાયોગ્ય સમજણ આવી અને જે હૃદયના સ્વચ્છ પટ પર પ્રતિબિંબિત થઇ, તેને શબ્દોદ્વારા પ્રસ્તુત નિબંધમાં ઉતારવા યત્ન કરવામાં આવ્યો છે, તેના વાંચનથી સત્ જિજ્ઞાસુઓનાં હૃદયમાં પ્રભુપ્રેમની મીઠી બંસી બજ્યા કરે અને એ જ પ્રેમપિયૂષની સરવાણી અવિરતપણે પ્રવહતી રહે એ અમારી અભિલાષા છે.

આ સાત નિબંધોના સંગ્રહરૂપ “ આધ્યાત્મિક નિબંધો ” નામનો આ લઘુ ગ્રંથ ધર્મપ્રેમી અને સત્ જિજ્ઞાસુઓનાં કરકમળમાં મૂકતાં અમને અત્યંત આનંદ થાય છે. આ પુસ્તકના પ્રુફ રીડીંગનું સમગ્ર કામ સાધના મુદ્રણાલયવાળા શ્રી ગિરધરભાઇ શાહે ખૂબ ઝીણવટભરી કાળજીથી અને અંતરના સાચા ઉલ્લાસથી કરેલ છે તે માટે તથા આખુંય પુસ્તક છાપીને સમયસર તૈયાર કરી આપવા માટે અમે આ સ્થળે તેમનો ખૂબ આભાર માની સંતોષ લઇએ છીએ

પ્રેમમૂર્તિ, કલ્યાણમૂર્તિ
કરુણામૂર્તિ, ચૈતન્યમૂર્તિ
સત્પુરૂષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

૩૪, મોરબી હાઉસ
ગોઆ સ્ટ્રીટ,
મુંબઇ-૪૦૦ ૦૦૧
તા. ૫-૩-૧૯૮૧

ભોગીલાલ ગિ. શેઠ

# આધ્યાત્મિક નિબંધો

## નિબંધ ૧ લો

### સત્પુરુષોના મંગલ ઉપદેશનો સાર

સર્વ સમર્થ સત્પુરુષો સ્વાનુભવથી એક જ પરમ હિતકારી, કલ્યાણકારી અને મંગલકારી ઉપદેશ આપી ગયા છે, આપે છે અને ભાવિકાળમાં આપશે કે આ ચતુર્ગતિરૂપ સંસાર કેવળ અસાર છે અશરણરૂપ છે, અનિત્ય છે ને ભયાકુળ છે. ત્યાં માત્ર એક ધર્મ જ, આત્મા જ સારરૂપ છે, શરણસ્વરૂપ છે, નિત્ય છે અને નિર્ભયતાનું ઉત્તમ દાન–પ્રદાન કરનાર છે.

દુઃખાર્ત્ત અને પીડાર્ત્ત સંસારને વિષે બિચારા પામર જીવો અનેકાનેક પ્રકારનાં દુઃખો, શારીરિક વ્યાધિ અને વેદના, માનસિક ચિંતા, વ્યથા ને ઉપાધિ નિરંતર વેદ્યા કરે છે; તેઓ અકાળ (?) મરણને શરણ થાય છે; અકસ્માતથી તેમના હાથપગ આદિ ઉપાંગો છેદાયભેદાય છે ત્યારે અપંગપણું, અંધપણું ઈત્યાદિ તેમને પ્રાપ્ત થાય છે અથવા તેમનું મૃત્યુ પણ થાય છે. તેઓ પરવશતાએ પોતાનાં પોતાને પરમ પ્રિય એવા સ્વજનોનાં તથા પરમ સ્નેહી એવા સંબંધીઓનાં જન્મમરણનાં ભીષણ દુઃખો જુએ છે તેમ વેદે છે. આ દુઃખમય અને કલેશમય સંસારમાં જીવને કોઈ શરણરૂપ નથી, કોઈ પોતાને કાળના

પંજામાંથી છોડાવનાર નથી, મોતથી બચાવનાર નથી. આ જગતને વિષે જીવ માત્ર એકલો જન્મે છે, એકલો મરે છે અને એકલો જ પોતાનાં પૂર્વનાં શુભાશુભ કર્મોનું ફળ ભોગવે છે; દુઃખનાં વેદનમાં અન્ય કોઈ તેને સાથ આપી ભાગીદાર થઈ શકતું નથી અર્થાત્ તેનાં દુઃખની કોઈ અંશવાળી માત્રા પણ બીજાને ભાગે આવી શકતી નથી.

"આ લોક ત્રિવિધ તાપથી આકુળ વ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહિ એમ નિશ્ચય છે; માટે ફરી ફરીને સત્પુરુષનાં ચરણનું અમે ધ્યાન કરીએ છીએ."

"સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈપણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ

જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવી આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ."

– શ્રીમદ્ રાજચંદ્ર

"સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા–અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે. જેમાં મુખ્યપણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. કવચિત્ અથવા કોઈક દેહસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે, પણ વસ્તુતાએ ત્યાં પણ અંતરદાહ બળ્યા જ કરતો હોય છે. પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણન કરી શકવા યોગ્ય વચનયોગ ધરાવતા નથી તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે."

– શ્રીમદ્ રાજચંદ્ર

"ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં, દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો શ્રી જિન ભગવાન જે પરમ શાંતરસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમ શાંતસ્વરૂપ ચિંતવના ભાવ ચિંતવ કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઈ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય."

આ પ્રમાણે ચતુર્ગતિરૂપ આ દુઃખમય અને ક્લેશમય સંસારથી સર્વ કાળને માટે સર્વથા છૂટવાનો અને નિજ અનંત સુખસ્વરૂપમાં સ્થિતિ કરવાનો ઉપદેશ કર્યો છે. એવા સંસારને વિષે જ્યાં સુધી જીવની સ્થિતિ હોય ત્યાં સુધીમાં તેણે સંસારનાં, દેહનાં અને ભોગનાં સત્ય સ્વરૂપનું જ્ઞાન કરી લઈ વૈરાગ્યભાવનો ઉત્તમ આશ્રય કરવો ઘટે છે; દેહ પુદ્ગળસ્વરૂપ છે. જન્મ, જરા અને રોગનું ધામ છે, નાશવંત અને વિનાશી છે; ભોગોપભોગ ક્ષણિક સુખ આપનાર અને પશ્ચાત્ દુઃખ દેનાર છે. વળી તે ક્ષણભંગુર છે, તેથી દેહને ટકાવી રાખનાર, જીવંત રાખનાર અને લક્ષણે તેનાથી કેવળ ભિન્ન એવો એક આત્મા જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, સત્કારવા યોગ્ય છે, સન્માનવા યોગ્ય છે, સંકીર્તન કરવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે, ઉપાસવા યોગ્ય છે, કેમકે સર્વ પદાર્થોમાં

એક ચૈતન્યાત્મા જ જ્ઞાન દર્શન રૂપ છે,
નીરાગી, નિર્વિકારી અને સચ્ચિદાનંદ સ્વરૂપ છે,
એ ચિદ્ચમત્કાર માત્ર આત્મા સ્વભાવથી જ
અવિનાશી, નિત્ય અને શાશ્વત છે,

નિરંતર અટલ અનુભવસ્વરૂપ છે. ક્યારેય તે અનુભવરહિત નથી. કાં તો તે સ્વનો ને કાં તો તે પરનો અનુભવ કર્યા જ કરે છે.

એ જ્ઞાનમૂર્તિ આત્મપ્રભુ
પરના કિંચિત્ માત્ર અવલંબન વિના, આધાર વિના
માત્ર સ્વ-સ્વરૂપથી ત્રિકાળ જીવનાર છે.
ચૈતન્યના ફૂવારાના ધોધ સમો એ પવિત્ર પ્રભુ
અમર્યાદ અનંત શક્તિઓ ને લબ્ધિઓનો ધારક છે.

તેનો સહજ વૈભવ અને તેનું ઐશ્વર્ય અમાપ છે, અખૂટ છે. તે શુદ્ધ છે, બુદ્ધ છે, ચૈતન્યઘન છે, સ્વયં જ્યોતિ છે, તે કેવળ અનંત શાંતસ્વરૂપ અને સુખસ્વરૂપ છે.

### અનાદિ કાળથી

ભયંકરમાં ભયંકર કર્મોથી સારી રીતે લેપાવા છતાં અને
તેના વિષમ અને ભીષણ ફળોને પરાધીનતાએ વેદવા છતાં,
તે સર્વ અવસ્થાને વિષે સદા ન્યારો ને ન્યારો જ રહે છે.
પોતે સ્વભાવે છે એવો ને એવો નિર્લેપ અને શાશ્વત
ગુણોથી સુશોભિત સદા, સર્વથા ને ત્રિકાળ રહે છે

અનંત દેહ ધારણ કરવા છતાં તે કદી દેહરૂપ થયો નથી, થતો નથી,

અનંત કર્મોથી વીંટાયા છતાં તે કદી કર્મરૂપ થયો નથી, થતો નથી,

કર્મોનાં ફળ ભોગવવાં છતાં તે કદી પોતાનો સ્વભાવ ત્યાગતો નથી.

## શુદ્ધ સ્વભાવે

તે શુદ્ધ છે. પરભાવથી કેવળ મુક્ત છે;
તે અસંખ્ય પ્રદેશી છે, જેમાંનો એક પણ પ્રદેશ
ક્યારેય ઘટતો નથી, વધતો નથી, ઘસાતો નથી,
નિર્બળ થતો નથી,
તે અજર, અમર, અવિનાશી અને શાશ્વત છે અને
હંમેશા નિર્વિકલ્પ જ્ઞાતા દૃષ્ટારૂપ રહેનાર છે,
પરમ પરમ આશ્ચર્યકારક એવી મૂર્તિ સમાન અને
અચિંત્ય અનંત શક્તિઓના ધારક
ચૈતન્યાત્મા પ્રત્યે પ્રિતિ કોને ન થાય?

દેહાદિથી સર્વ પ્રકારે સર્વથા ભિન્ન, સ્વપર પ્રકાશક જ્યોતિ સ્વરૂપ ચૈતન્યદેવને પૂર્ણપણે શુદ્ધ કરવાની વૃત્તિ કોને ન થાય? દેહમાં રહેલો આનંદઘન ચિદ્રૂપ આત્મ પ્રભુના અનંત ઉત્તમોત્તમ ગુણો પ્રગટાવવાની જિજ્ઞાસા અને તમન્ના કયા વિવેકી સજ્જનને ન થાય? પોતાના શાશ્વત નિજ ઘરમાં સર્વ કાળને માટે શીઘ્ર સ્થિતિ કરવાની અભિલાષા કોને ન થાય? સંસારનાં સર્વ કલેશ અને દુઃખથી વિમુક્ત થઈ, સહજ, સ્વાધીન, સ્વાવલંબી અને અવ્યાબાધ સુખ તથા શાંતિ પ્રાપ્ત કરવાની તીવ્રેચ્છા કોને ન થાય? અર્થાત્ થાય જ.

તો પછી આશ્ચર્ય છે કે સંસારી જીવ સંસારમાં કેમ અટવાઇને રહ્યો છે? સંસારનાં દુઃખથી છૂટી આત્મિક

સત્ય સુખ મેળવવા પુરુષાર્થી કેમ થતો નથી ? શાસ્તા પુરુષોનાં અનાદિની મોહનિદ્રામાંથી જાગ્રત કરાવનાર અમૃતમય અને શાંતરસમય અપૂર્વ વચનો વિદ્યમાન હોવા છતાં જીવ શા માટે દુઃખદાવાનલમાં સળગી રહ્યો છે ? રાગ-દ્વેષની બળતી આગમાં સપડાઈ શા માટે ભસ્મીભૂત થઈ રહ્યો છે ? તેનું સમાધાન સત્પુરુષોનાં ઉપશમસ્વરૂપ ઉપદેશ વચનોમાં સમાય છે. ત્યાં તેઓ નિષ્કારણ કરુણાથી પ્રેરાઈ તેનું કારણ દર્શાવતાં વચનો પ્રકાશે છે કેઃ–

બાહ્યદૃષ્ટિથી રાચતા અજ્ઞાની જીવોને સંસારનું એકાંતે દુઃખમય જે સત્ય સ્વરૂપ છે, તે સ્વરૂપની ઝાંખી પણ તેમને લક્ષગત નહીં હોવાથી અને સંસારનાં વ્યવહારિક સુખને સાચું માનતા હોવાથી તેઓ સંસાર સુખાભિલાષી રહ્યા કરે છે. તેઓ સંસારની ભક્તિમાં લયલીન રહેતા હોવાથી તેમનામાં વૈરાગ્ય ઉદયગત સ્થિતિને પામી લોકોત્તર અને અલૌકિક સુખ પ્રત્યેની અંતર્વૃત્તિ ઊગતી નથી, તે જ તેમનું દુર્ભાગ્ય છે. તેઓને સંસારસુખમાં જ પ્રેમ ( રાગ, આસક્તિ ) છે, તે સુખ સાચું છે એવી શ્રદ્ધા છે અને તેની પ્રાપ્તિ અર્થે જે કંઈ આડું આવતું હોય, જે કંઈ છોડવા યોગ્ય જણાતું હોય, તે હર્ષથી છોડવાથી જે અંતરંગ તત્પરતા છે તે અર્પણતા છેઃ અને તે જ તેમની સંસારભક્તિ છે. પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાની ત્રિપુટી એટલે ભક્તિ, એ ત્રણેનો સંગમ એટલે ભક્તિ, એ ત્રણે ભાવોની એકતારૂપ

અવસ્થા તે ભક્તિ, આવી સંસારભક્તિના પ્રભાવના પરિણામે તે મોહાધીન જીવોને સંસારમાં જ ગતિ કરવાનો લાભ! નિરંતર મળ્યા કરે છે.

કરુણાવંત સત્પુરુષોનાં પવિત્ર હૃદયમાંથી સહજતાએ નિર્ઝરતી અમૃતવાણી પ્રકાશિત થાય છે ત્યારે જીવના દોષનું રહસ્યાત્મક મૂળ ઉપદેશવચનમાં પ્રગટ થાય છે. ત્યાં તે મહત્ પુરુષો બહિર્દૃષ્ટિ અને મોહમદિરાના પાનથી ઉન્મત્ત કે મૂર્છિત થયેલ જીવોનો ઉદ્યમ કેવો હોય છે તે સ્પષ્ટપણે દર્શાવે છે અને મૂળભૂત ભૂલ પ્રત્યે અંગુલિનિર્દેશ કરી જાગૃતિ માટે ચેતાવે છે. તેઓ કહે છે કે જ્યાં જીવનો પુરુષાર્થ કામમાં આવી કાર્યકારી અને સફળ થાય છે, ત્યાં જીવ પ્રમાદવશ રહી તેની ઉપેક્ષા સેવે છે; તથા જ્યાં જીવનો ઉદ્યમ ખાસ પ્રકારે સફળ થતો નથી ત્યાં તે બડો ઉદ્યમી થઈ, શૂરવીરપણાના અંશોને દાખવવામાં પ્રયત્ની થઈ ધારેલી અપેક્ષાની અથવા ઈચ્છાની સિદ્ધિ માટે આકાશ પાતાળ એક કરવા જેટલો શ્રમ લેવામાં અટકતો નથી. પુદ્‌ગલાભિનંદી અને સંસારસુખમોહી જીવની આ એક આશ્ચર્ય ઉપજાવે એવી દુઃખદ અને કરુણ કહાણી છે,

આ વાતને થોડા વિસ્તારથી જોઈ તે સમજવી જરૂરી થાય છે. શ્રી જિનદેવે અનંત પ્રકારનાં કર્મો કહ્યાં છે. તેમાં મુખ્ય આઠ બતાવ્યાં છે ને તેમાં પણ એક મોહનીયનું મુખ્યપણું કહ્યું છે.

"કર્મની મૂળ પ્રકૃતિ આઠ. તેમાં ચાર ઘાતીની અને ચાર અઘાતીની કહેવાય છે. ચાર ઘાતિનીનો ધર્મ આત્માના ગુણનો ઘાત કરવાનો અર્થાત્ (૧) તે ગુણને આવરણ કરવાનો અથવા (૨) તે ગુણનું બળવીર્ય રોકવાનો અથવા (૩) તેને વિકળ કરવાનો છે અને તે માટે ઘાતિની એવી સંજ્ઞા તે પ્રકૃતિને આપી છે. બીજી ચારે પ્રકૃતિ જો કે આત્માના પ્રદેશ સાથે જોડાયેલી છે તથા તેનું કામ કર્યા કરે છે અને ઉદય અનુસાર વેદાય છે, તથાપિ તે આત્માના ગુણને આવરણ કરવારૂપે કે અંતરાય કરવારૂપે કે તેને વિકળ કરવારૂપ ઘાતક નથી, માટે તેને અઘાતીની કહી છે.

"આત્માના ગુણ, જ્ઞાન, દર્શન તેને આવરણ કરે તેને અનુક્રમે (૧) જ્ઞાનાવરણીય અને (૨) દર્શનાવરણીય એવું નામ આપ્યું. અંતરાય પ્રકૃતિ એ ગુણને આવરતી નથી, પણ તેના ભોગ ઉપભોગ આદિને, તેનાં વીર્યબળને રોકે છે. આ ઠેકાણે આત્મા ભોગાદિને સમજે છે, જાણે, દેખે છે એટલે આવરણ નથી પણ સમજતાં છતાં ભોગાદિમાં વિઘ્ન, અંતરાય કરે છે માટે તેને આવરણ નહીં પણ અંતરાય પ્રકૃતિ કહી. આમ ત્રણ આત્મઘાતીની પ્રકૃતિ થઈ. ચોથી ઘાતીની પ્રકૃતિ મોહનીય છે. આ પ્રકૃતિ આવરતી નથી. પણ આત્માને મૂર્છિત કરી વિકળ કરે છે, જ્ઞાન દર્શન છતાં, અંતરાય નહીં છતાં પણ આત્માને વખતે વિકળ કરે છે, ઊંધા પાટા

બંધાવે છે, માટે તેને મોહનીય કહી. આમ આ ચારે સર્વ-ઘાતીની પ્રકૃતિ કહી.

"ઘનઘાતી એવાં ચાર કર્મ મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય જે આત્માના ગુણને આવરનારાં છે, તે એક પ્રકારે ક્ષય કરવાં સહેલાં પણ છે. વેદનીયાદિ (અર્થાત્ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર) કર્મ જે ઘનઘાતી નથી તોપણ તે એક પ્રકારે ખપાવવાં આકરાં છે. તે એવી રીતે કે વેદનીયાદિ કર્મનો ઉદય પ્રાપ્ત થાય તે ખપાવવા સારુ ભોગવવાં જોઈએ; તે ન ભોગવવાં એવી ઇચ્છા થાય તો પણ ત્યાં તે કામ આવતી નથી, ભોગવવાં જ જોઈએ. મોહનીય કર્મ જે મહા જોરાવર તેમ ભોળું પણ છે, તે તરત ખપાવી શકાય છે. જેમ તેની આવણી વેગ આપવામાં જબ્બર છે, તેમ તે જલદીથી ખસી પણ શકે છે. મોહનીય કર્મનો તીવ્ર બંધ હોય છે, તો પણ તે પ્રદેશબંધ ન હોવાથી તરત ખપાવી શકાય છે. નામ, આયુષ્યાદિ કર્મ, જેનો પ્રદેશબંધ હોય છે તે કેળળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ છેડા સુધી ભોગવવાં પડે છે; જ્યારે મોહનીઆદિ ચાર કર્મ તે પહેલાં ક્ષય થાય છે."

– શ્રીમદ્ રાજચંદ્ર

ઉપરનાં વચનોનો સાર એ છે કે ચાર ઘાતી કર્મ છે તે આત્માશ્રિત છે એટલે આત્માના ગુણ સાથે સંબંધિત હોઈ આત્મા દ્વારા ભોગવાય છે અને બીજાં ચાર જે

અઘાતી કર્મ છે તે દેહાશ્રિત છે એટલે દેહ સાથે સંબંધિત હોઈ તે દેહ થકી ભોગવાય છે. ઘાતી કર્મો સદ્‌-વિચારથી, જ્ઞાન વિચારથી, પશ્ચાત્તાપથી, યોગ્ય યત્ન કર-વાથી નાશ પામે છે, મોહનીય કર્મ મનથી જીતાય છે પરંતુ અઘાતી કર્મો ભોગવવાથી જ નિવૃત્ત થાય છે. સર્વ પ્રકારનાં કર્મ એવાં છે કે તે અફળ હોય નહીં; માત્ર તેની નિવૃત્તિના પ્રકારમાં ફેર હોય છે. આનો અર્થ એ થયો કે મોહનીયાદિ ઘાતીકર્મો કોઈ અપેક્ષાએ ક્ષય કરવાં સહેલાં છે કેમકે તે કર્મોની સ્થિતિ અને અનુભાગ મનુષ્ય ધારે તો નિશ્ચયબળથી ક્ષીણ કરી ક્ષય કરી શકે છે. મોહનીય કર્મ જે સર્વથી બળવાન છે અને જેના થકી અન્ય સર્વ કર્મોની ઉત્પત્તિ છે, તે કર્મ માત્ર જીવના વિચારબળથી, વૈરાગ્ય-ભાવથી, સંયમથી, ભક્તિથી ક્ષીણ થાય છે અને અંતે ક્ષય થાય છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મો પણ વારંવારના યત્નથી નબળાં પડે છે; જેમકે જ્ઞાનાવરણીય કર્મના ઉદયને લીધે સ્મરણશક્તિ મંદ હોય ને યાદ ન રહેતું હોય ત્યારે તે વિષયનો વારંવાર અભ્યાસ કરવાથી આવરણ દૂર થઈ યાદદાસ્ત સતેજ થાય છે અને વિષય સ્મૃતિમાં રહે છે. અંતરાય કર્મ છે તે જ્ઞાની ભગવંતની સત્યસ્વરૂપે શ્રદ્ધા કરવાથી તેમની આશ્રયભક્તિથી અથવા આજ્ઞારાધનથી શિથિલ થઈ દૂર થાય છે. બીજી બાજુ દેહાશ્રિત આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર અઘાતી કર્મ માત્ર ભોગવવાથી જ નિવૃત્તિ પામે છે;

ત્યાં આગળ ઈચ્છાબળ, વિચારબળ કે નિશ્ચયબળ સફળ થતાં નથી; એટલે કે ભોગવવાની ઈચ્છા લેશ પણ ન હોય તો પણ ભોગવવાં પડે, એ નિયમ છે. સંસારી જીવના ઉદ્યમ સંબંધે જણાવતાં પહેલાં મોહનીય કર્મ, જે મૂળ, મુખ્ય અને બળવાન છે તે બંધાવાનું મૂળ કારણ જણાવીએ છીએ અને તે છે અપેક્ષા.

અપેક્ષા એ જ કર્મની છાવણી છે. અપેક્ષામાંથી ઈચ્છા જન્મે છે, ઇચ્છામાંથી આસક્તિ અને આસક્તિમાંથી વાસના ઉદ્ભવ પામે છે. વાસનાનો પ્રવાહ વહ્યા કરે છે અને તેને લઈને સર્વ મોટા દોષની ઉત્પત્તિ થાય છે. અપેક્ષાનું મૂળ સ્વરૂપ ખૂબ જ નાનું અથવા સૂક્ષ્મ છે. પરંતુ તે અગ્નિના તણખાની જેમ વિસ્તરી વિરાટરૂપે પ્રગટ થઈ શકે છે–અગ્નિનો એક કણ જેમ પાસે સંયોગમાં રહેલી મોટી ઘાસની ગંજીને બાળી નાખવા સમર્થ છે, તેમ અપેક્ષા વિકસીને વિસ્તાર પામે ત્યારે તે કાર્યશીલ થઈ આત્માના ગુણ સમૂહનો ઘાત કરવા શક્તિ ધરાવે છે. અપેક્ષા એ લોભનો સૂક્ષ્મ પ્રકાર છે; અપેક્ષા એ દુઃખનું સર્જન કરનાર ક્રૂર દેવી છે; અપેક્ષા એ ગુપ્તાએ બાળનાર અગ્નિ છે, અપેક્ષા એ સંકલેશ પરિણામની જનેતા છે. ઉપર ઉપરથી જોતાં અપેક્ષામાં મીઠાશ છે પણ અંદરથી જોતાં તેમાં કડવાશ છે. અપેક્ષામાં જબ્બર આકર્ષણ શક્તિ છે. અપેક્ષાથી અપેક્ષા જન્મે છે. વિકસે છે, વૃદ્ધિ પામે છે અર્થાત્ અપેક્ષાની સંતતિ ઘણી મોટી

અને વિશાળ છે. તે સંતતિનો ફેલાવો અટકાવવાનું કાર્ય તેથી અતિ દુષ્કર બને છે. તેને સંયમમાં લેવા ગંભીર અને ભગીરથ પુરુષાર્થની અત્યંત આવશ્યકતા રહે છે.

અહીં જે વર્ણન કર્યું તે સાંસારિક ઇચ્છાની અપેક્ષાએ કરેલ છે. ઈચ્છા માત્ર દુઃખનું મૂળ છે. કર્મબંધનું કારણ છે પરંતુ જો સંસાર ભ્રમણથી અને તેનાં દુઃખોથી છૂટવાની ઇચ્છા કરીએ, વૈરાગ્ય, ભક્તિ, સ્વાધ્યાય, સંયમાદિ આરાધનના ભાવ કરીએ, મોક્ષની અભિલાષા રાખીએ, તો તે સર્વ ભાવ પ્રશસ્ત શુભ છે, તેમ આત્મકલ્યાણ અને આત્મશ્રયના હેતુભૂત છે. તેથી આત્માની શુદ્ધતા પ્રગટાવવાના લક્ષે ઇષ્ટ સત્સાધનોનું ભાવથી આરાધન કરવામાં આવે છે ત્યારે તેના પરિણામે ચારે ઘાતીકર્મોની સ્થિતિ અને અનુભાગ ( રસ પ્રદાનશક્તિ ) ઘટે છે અને સાથે સાથે પરમાર્થપુણ્યનો બંધ થાય છે. આ પરમાર્થ-પુણ્યના બંધનો સંચય મોક્ષપર્યાય પ્રાપ્ત કરાવવામાં સહાય્યભૂત ઉત્તમ અને ઉપકારી નિમિત્ત થાય છે.

આ ઘાતીકર્મો સંબંધી સર્વ સત્પુરુષોનો જે મંગલ ઉપદેશ છે, તે અત્યંત વિચારણીય, ધ્યાનમાં લેવા યોગ્ય અને આચારમાં ઉતારવા યોગ્ય છે. તેઓ શ્રી ઉત્સાહથી ભારપૂર્વક ઉપદેશે છે કે ઘાતીકર્મોમાં જેનું મુખ્યપણું છે એવું જે મોહનીય કર્મ, તેની સ્થિતિ અને અનુભાગ ઘટાડવા માટે અને ક્ષય કરવા માટે જીવ જો યથાર્થ પુરુષાર્થ કરે એટલે યથાર્થ યોગને પામીને સાચા મનથી

ઉદ્યમ કરે તો તે અવશ્ય સફળ થાય છે. તેનું વિચારબળ, જિજ્ઞાસાબળ, નિશ્ચયબળ અને વીર્યબળ અપવાદ વગર ઉપકારી થઈ આત્મસિદ્ધિને આપનાર થાય છે. વળી જ્ઞાનાવરણીયાદિ અન્ય ઘાતીકર્મો સંબંધી પણ તે જ નિયમ લાગુ પડે છે. આમ જ્યાં જીવનો પુરુષાર્થ હંમેશા સફળ થાય છે, ત્યાં જીવ પ્રમાદ સેવે છે; તે સ્થળે તે ઉદ્યમી થતો નથી. તેની ઊંધી દષ્ટિ હોવાથી જ્યાં પોતાનું સ્વતંત્રપણે ચાલે તેમ છે ત્યાં તે બેદરકાર રહે છે અને છતી શક્તિએ ઉત્તમ લાભની પ્રાપ્તિ ગુમાવે છે–આ એક અત્યંત ખેદની વાત છે; જીવના દોષની એક કરુણ કથની છે; જીવની દીર્ઘ-સ્થાયી ભૂલનું જ્વલંત ઉદાહરણ છે.

આ જગતને વિષે જીવનો સતત ઉદ્યમ અઘાતી કર્મોનાં અશુભ ફળને દૂર કરવા પ્રત્યે વર્તતો હોય છે. તે કાર્યમાં સફળતા મળવી અથવા ન મળવી તે પ્રારબ્ધને આધીન છે. ઉદ્યમ નિયમથી સફળ થાય એવું કંઈ નથી. ધન, સંપત્તિ વા સમૃદ્ધિની પ્રાપ્તિનો ઉદ્યમથી લાભ મળવાનો આધાર તેવા અનુકૂળ પ્રારબ્ધના ઉદય ઉપર રહ્યો છે; પરંતુ જો પ્રારબ્ધની પ્રતિકૂળતા વર્તતી હોય ત્યારે ગમે તેટલો પરિશ્રમ કરવામાં આવે તો પણ તે નિયમથી નિષ્ફળ જાય છે. અશાતા વેદનીય કર્મની સ્થિતિ અને અનુભાગરૂપ ઉદયાવસ્થા હોય ત્યાં સુધી અશાતાની નિવૃત્તિ માટે લાખો ગમે ઉપાય કરવામાં આવે તો પણ ત્યાં તે કાર્યકારી થતા નથી અર્થાત્

કરેલ ઉદ્યમ અફળ જાય છે. કર્મની સ્થિતિ પૂરી થાય ત્યારે જ અશાતાની નિવૃત્તિ માટે ઉચિત નિમિત્તનો યોગ મળી આવે છે અને સફળપણું પ્રાપ્ત થાય છે. દેહાયુષની સ્થિતિ જેટલા કાળની નિર્મિત હોય, તેટલા કાળ સુધી દેહનું ટકવું રહે છે અને તે પૂર્ણ થતાં દેહનો અંત આવે છે એટલે મૃત્યુ થાય છે. દેહને ટકાવવા, તેની સ્થિતિ લેશ પણ લંબાવવા અને તેનો અંત અટકાવવા ગમે તેટલા પ્રયત્ન કરવામાં આવે તેમ છતાં તેમાં સફળતા મળતી નથી. દેહ રોગગ્રસ્ત થતાં રોગકર્મની સ્થિતિ જેટલા કાળની હોય, તેટલા કાળમાં રોગની નિવૃત્તિ માટે અપાતાં ઔષધ સફળ થતાં નથી અને કર્મોદય ( પ્રારબ્ધ ) પૂર્ણ થતાં ઔષધ લાગુ પડે છે ને નીરોગી થવાય છે. અથવા ક્યારેક તુચ્છ નિમિત્તથી તંદુરસ્તી કે આરોગ્યતા ફરી આવીને મળે છે. મુખ્યતાએ જોતાં સંસારસુખના મોહી જીવોનો મુખ્ય ઉદ્યમ ચાર અઘાતી કર્મોના અશુભ ઉદયોનાં બળને તોડવા માટે હોય છે, સમસ્ત જીવન ઘણું કરીને તેવા ઉદ્યમની પાછળ ખરચાઈ જાય છે. જે ફળની ઇચ્છા રાખી ઉદ્યમ કરવામાં આવે છે, તે ફળની પ્રાપ્તિ થવી પ્રારબ્ધાધીન છે.

નિયમ તો એ છે કે શુભ કે અશુભ, પુણ્યરૂપ કે પાપરૂપ પ્રારબ્ધનો ઉદય આવે છે ત્યારે તે પ્રકારના શુભાશુભ ભાવ તથા ઠીકાઠીક મતી ઉદ્‌ભવે છે અને પ્રારબ્ધનાં ફળને પ્રાપ્ત કરાવનારાં નિમિત્તો સહજાસહજ

આવીને મળે છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે જો પુણ્ય ઉદયમાં આવી ફળસન્મુખ થયું હોય તો ત્યાં પુરુષાર્થની શી જરૂર છે? અર્થાત્ યોગ્ય પુરુષાર્થ એની મેળે સહજપણે થાય છે; અને જો પુણ્ય ફળસન્મુખ ન થયું હોય એટલે તેનો શુભોદય ન હોય તો ત્યાં પુરુષાર્થ કરવાથી શું વળે? અર્થાત્ મહેનત માથે પડે છે.

અઘાતી કર્મો આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય છે; તેમાં આયુષ્ય તથા વેદનીય સંબંધના પુરુષાર્થનું જે અસફળપણું છે તે ઉપર જણાવ્યું છે અને જ્યાં સફળપણું દેખાય છે ત્યાં તે પ્રારબ્ધના અનુકૂળ ઉદયાનુસાર હોય છે તે પણ જેમ છે તેમ દર્શાવ્યું છે. હવે નામ અને ગોત્ર કર્મો સંબંધી જોઈએ. ગતિ નામકર્મના ઉદયને લીધે તેને યોગ્ય અને અનુરૂપ દેહ, દેહનાં અંગઉપાંગો, દેહની રચના, સંઘયણ, દેહના રંગ, તેની સુરુપતા-કુરૂપતા, દેખાવ, ઈન્દ્રિયો વગેરે મળે છે; અંગ-ઉપાંગો ખામીવાળા કે ખામીરહિત મળે છે. ખામીવાળા ભાગને ફેરફારથી સુધારવા જે પ્રયોગો થાય તેની સફળતા પણ પૂર્વોપાર્જિત પુણ્યના ઉદય ઉપર આધારિત છે. તેવા પ્રારબ્ધના શુભ ઉદય વિના જીવનો સ્વતંત્ર ઉદ્યમ ઉપયોગી થતો નથી. ઊંચા કે નીચા કુળમાં જન્મ થવો તે ગોત્રકર્મને આધીન છે. તેમાં ફેરફાર અસંભવિત છે.

જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતીકર્મોના બંધ થવા માટે જે મૂળ મુખ્ય કારણો છે અને જે પરમકૃપાળુ

ભગવંતોએ જ્ઞાનમાં દીઠાં છે તે અહીં જીવના હિતાર્થે રજૂ કરીએ છીએ. આઠેય કર્મોમાં મોહનીય બળવાન છે, સમ્રાટ છે અને અન્ય કર્મોનાં કારણરૂપ છે. તે એક ન હોય તો બીજાં કોઈ કર્મનું અસ્તિત્વ સંભવે નહીં. એ મોહનીય કર્મના બંધનું મૂળ કારણ છે અપેક્ષા; અને પછી તે થકી ઇચ્છા, સ્વચ્છંદ, રાગ દ્વેષ ઈત્યાદિ જન્મ પામે છે. જ્ઞાનાવરણીય કર્મનો બંધ થવાનું મૂળ કારણ છે પરદ્રવ્યમાં સુખબુદ્ધિ; આ પ્રકારની સુખબુદ્ધિ અનેકાનેક રીતે કામ કરતી હોય છે; કોઈ હેતુએ જ્ઞાન અને જ્ઞાનીની આશાતના કે અવિનયાદિ દોષ કરવાથી જ્ઞાન આડે મોટું આવરણ ઉત્પન્ન થાય છે. દર્શનાવરણીય કર્મનો બંધ મુખ્યતાએ લાલસાવાળી, લોલુપતાવાળી પરિગ્રહબુદ્ધિથી થાય છે; પરિગ્રહની પ્રાપ્તિ અર્થે જે આરંભ પ્રવૃત્તિ કરવી પડે છે, હલનચલનાદિ ક્રિયા કરવાનું થાય છે તેથી ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણીય કર્મ બંધાય છે. વિશેષમાં એટલું સ્મૃતિમાં રાખવા યોગ્ય છે કે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મો વચ્ચે ખૂબ ગાઢ સંબંધ છે, એટલે જ્યાં જ્ઞાનાવરણીય છે ત્યાં દર્શનાવરણીય છે જ. હવે અંતરાય કર્મના બંધનું મૂળ કારણ સંક્ષેપે કહીએ છીએ અને તે છે બીજા જીવોના સુખને રોકવું, તેની આડે આવવું તેનો નાશ કરવો, ઈત્યાદિ ભાવસહિતની પ્રવૃત્તિ પ્રમાદથી કરવી : આથી અંતરાયકર્મ બંધાય છે.

છેલ્લે મહાકૃપાવંત અને કરુણાના નિધિ એવા શ્રી સત્પુરુષો જીવને ઉપકાર થાય એવાં અમૃતતુલ્ય વચનોથી પ્રબોધી સમજાવે છે કે હે ભવ્ય, ચારે ઘાતી કર્મોની ક્ષીણતા અને ક્ષય કરવા માટેનો તારો પુરુષાર્થ સદા સફળ થાય છે એમ તું જાણ; તેમ કરવામાં તારી પોતાની સ્વતંત્રતા છે, પરાધીનતા નથી એમ જાણી પ્રમાદનો ત્યાગ કર, ત્યાગ કર અને સત્ય પુરુષાર્થી થા, સત્ય-પુરુષાર્થી થા. જ્યાં તારી શક્તિનો ઉપયોગ કાર્યકારી થઈ સફળ થાય છે, ત્યાં આળસ કરવી યોગ્ય નથી. વળી હે ભવ્ય! એવા સત્પુરુષાર્થના બળથી આયુષ્ય વર્જિત બાકીનાં ત્રણ અઘાતી કર્મોનાં અશુભ ફળ ઘટે છે એટલે તે ભોગવવાની કાળમર્યાદા અને તેના કટુ રસની માત્રા ઘટે છે; અને જે નવા કર્મનો બંધ પડે છે તે નિયમથી શુભ એટલે પુણ્યરૂપ હોય છે. હે આયુષ્યમાન્! આ કંઈ ઓછા લાભની વાત નથી. આયુષ્ય તો વર્તમાન ભવમાં આગામી એક ભવનું જ બંધાય છે અને તેથી વર્તમાન ભવમાં સત્યધર્મ સંબંધી પુરુષાર્થ કરવાથી શુભ આયુષ્યનો જ બંધ પડે છે.

અંતમાં ચાર ઘાતી અને ચાર અઘાતી કર્મોના ક્ષયથી અજર અમર અને અવિનાશી ચૈતન્યાત્માના જે ગુણો પ્રકટે છે તે નીચે પ્રમાણે છેઃ–

| | | | |
|---|---|---|---|
| જ્ઞાનાવરણીયના | સંપૂર્ણ | નાશથી | કેવળજ્ઞાન, અનંતજ્ઞાન |
| દર્શનાવરણીયના | ,, | ,, | કેવળદર્શન, અનંતદર્શન |
| મોહનીયના | ,, | ,, | યથાખ્યાત ચારિત્ર-પૂર્ણ શુદ્ધ સ્વભાવદશા |
| અંતરાયના | ,, | ,, | કેવળવીર્ય, અનંતવીર્ય |
| આયુષ્યકર્મના | ,, | ,, | સાદિ અનંત સ્થિતિ |
| નામ કર્મના | ,, | ,, | અરૂપીપણું, અવગાહનત્વ |
| ગોત્ર કર્મના | ,, | ,, | અગુરુલઘુપણું |
| વેદનીય કર્મના | ,, | ,, | અવ્યાબાધ અનંત સુખ |

ૐ શાંતિ:

"ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર વિશેષ મૂલ્યવાન છે, એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મ-મરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો!"

શ્રીમદ્ રાજચંદ્ર ( વ. ૯૩૫ )

"સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમપુરુષોને નમસ્કાર.

"જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન–અપમાન, લાભ–અલાભ, હર્ષ–શોક, જન્મ–મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

"દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે; મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બંને સમાન છે.

"જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે."

શ્રીમદ્ રાજચંદ્ર ( વ. ૮૩૩ )

# નિબંધ ૨ જો

જેમ માટીમાંથી ઘડો થાય,
તેમ જીવમાંથી શિવ થાય.

પૂર્વાચાર્યોમાંથી કોણે પ્રથમ આ વચનો પ્રકાશ્યાં હશે તે તો જાણવામાં નથી, પણ પ્રકાશનાર મહા પ્રજ્ઞાવંત, અતિ વિચક્ષણ, અત્યંત વિવેકસંપન્ન અને પરમાર્થમાર્ગના યથાર્થ જાણનાર હોવા જોઈએ એમ તે વચનોના અંતર્ગત ભાવો જોતાં ભાસ્યમાન થાય છે. વાંચકોમાંથી ઘણાને તે વાક્યોનો પરિચય હશે તથા તેની યથાયોગ્યતા ઉપર વિચાર પણ કર્યો હશે. તો પણ તે સુંદર ભાવદર્શક વચનોને વિશેષતાએ સમજવા પ્રયત્ન કરવો ઉચિત લેખાશે. તે અર્થગંભીર વાક્યોમાં આખો મોક્ષમાર્ગ સમાયો છે; તેમાં માર્ગની પ્રાપ્તિનું રહસ્ય ગુપ્તપણે રહ્યું છે; તેમાં વિકાસનો નિશ્ચિત ક્રમ સમાવેશ પામે છે; તેમાં ઉપાદાન-નિમિત્તની સ્વાભાવિક પરસ્પર સંબંધિત સ્થિતિ જેમ છે તેમ કુશળતાથી દર્શાવવામાં આવી છે. આટલા પ્રાક્કથનથી એ સુપ્રતીતરૂપ થવા યોગ્ય છે કે અધ્યાત્મમાર્ગના સાચા અને યથાર્થ જાણકાર જ વ્યવહારદૃષ્ટાંત દ્વારા આવું સરખાપણું બતાવી કહી શકે, કેમકે

આ વચનોમાં સરખાપણાના ભાવ ઊંડા છે, ગંભીર છે અને યથાયોગ્ય છે.

પ્રથમ માટી લઈએ. બધા પ્રકારની માટીમાંથી ઘડો બનવો સંભવિત નથી. ઘડો બનવાને યોગ્ય માટી હોવી જરૂરી છે; એટલે માટીમાં કેટલાક ગુણો કેટલેક અંશે હોવા જોઈએ. તેવી રીતે બધા પ્રકારના જીવો શિવ બની શકતા નથી. શિવ બનવાને યોગ્ય જીવ તે મનુષ્ય છે; અન્ય ગતિના જીવો, દેવ, નારકી કે પશુપક્ષી તે પૂર્ણ પદની પ્રાપ્તિ માટે અધિકારી થઈ શકતા નથી, કેમકે દેવ અને નરક ગતિઓ એ ભોગભૂમિ છે, જ્યાં પૂર્વોપાર્જિત પુણ્યનું અથવા પાપનું ફળ મુખ્યપણે ભોગવાય છે; અને તિર્યંચ ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો બિચારા અશુભ કર્મોના ઉદયે અત્યંત પરાધીન છે, તેથી મોક્ષ માટેનો પુરુષાર્થ સ્વતંત્રતાના અભાવે તેઓ કરી શકતા નથી. તેમ છતાં પરમપદનું બીજ, બોધબીજ, તો ચારે ગતિઓમાં થઈ શકે છે, માત્ર પૂર્ણતાને પામવા માટેના અધિકારી કેવળ મનુષ્ય છે. તેમ છતાં બધા મનુષ્યો કેટલાક આવશ્યક ગુણોની કેટલાંક અંશે પ્રગટતા થયા વિના પરમ સુખસ્વરૂપ અને પરમાનંદરૂપ શિવદશાને પ્રાપ્ત કરવાને સમર્થ થતા નથી, અને તેવી પ્રગટતા થાય ત્યારે જ તથારૂપ યોગ મળ્યે જ કલ્યાણ અને શ્રેય સાધી શકાય છે.

રત્નચિંતામણિ સમાન મનુષ્યદેહની પ્રાપ્તિ થવા છતાં

તેની સાર્થકતા નહીં થતી જોઈ જ્ઞાની પુરુષોને કરુણા આવે છે અને બળવાન કલ્યાણકારી વચનો, તેમનાં મુખકમળમાંથી સરી પડે છે. "ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમય માત્ર વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મમરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને, અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિક્કાર હો!" અસ્તુ.

–શ્રીમદ્ રામચંદ્ર, વચનામૃત ૯૩૫

બીજું, માટીમાંથી ઘડો થવામાં કુંભાર એ પ્રબળ ઉત્તમ નિમિત્ત છે. જો કુંભારનું નિમિત્ત ન હોય તો અનંતકાળે પણ માટીમાંથી ઘડો થાય નહીં, અને માટી માત્ર પોતા થકી ઘડારૂપે પરિણમી શકે નહીં એવી વસ્તુસ્થિતિ સર્વને સુવિદિત છે. સર્વ કાર્યની સિદ્ધિ ઉપાદાન અને નિમિત્તનાં સંયોગી કારણોથી સમુત્પન્ન થાય છે. બંનેનું એક સરખું સમાન માહાત્મ્ય અને મૂલ્ય છે. તે જ પ્રમાણે અને તે જ ન્યાયથી જીવને જો સત્પુરુષ કે જ્ઞાની પુરુષ( સદ્‌ગુરુ )નું પ્રબળ અને ઉત્તમ ઉપકારી નિમિત્ત ન હોય તો અનંતકાળે પણ જીવ શિવસ્વરૂપ થાય નહીં. જીવ પોતે માત્ર પોતા થકી શિવપર્યાયરૂપે પરિણમી શકે નહીં. શ્રીમદ્ રાજચંદ્રજી, જેઓ પરમજ્ઞાની ને જ્ઞાનાવતાર પુરુષ થઈ ગયા, તેઓ વચનામૃત ૨૦૭માં પ્રકાશે છે કે, "અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી

પરિશ્રમ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળ-જ્ઞાન પામે. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે. મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ." હવે ઉપાદાન -નિમિત્ત કારણો સિદ્ધિ માટે પરમ આવશ્યક છે અને પરસ્પર ઉપકારી છે તથા નિશ્ચય અને વ્યવહાર નય ઠેઠ પૂર્ણતા થતાં સુધી સાથે સાથે રહેલ છે અથવા એકાંતે કોઈ નયનો આગ્રહ રાખવા યોગ્ય નથી એ દર્શાવતાં શ્રીમદ્જીનાં જ વચનો અહીં ઉતારીએ છીએ, શ્રી જિન-ભગવંતનો પણ ત્રણે કાળ સત્ય એવો સિદ્ધાંત છે કે કોઈ વાત એકાંતે ગ્રહણ કરવી નહીં. શ્રી જૈનદર્શન અનેકાંત-વાદનો સિદ્ધાંત સ્પષ્ટપણે પ્રતિપાદન કરે છે.

"અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઈ નથી અને કાં તો સત્પુરુષ (જેમાં સદ્ગુરુત્વ, સત્સંગ અને સત્કથાએ રહ્યાં છે) મળ્યા નથી; નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે, ઈષત્પ્રાગ્ભારા એટલે સિદ્ધ-પૃથ્વી પર ત્યાર પછી છે. એને સર્વ શાસ્ત્ર પણ સંમત છે (મનન કરશો) અને આ કથન ત્રિકાળસિદ્ધ છે." (વચનામૃત ૫૫)
અહીં સત્પાત્રતા ને ઉપાદાન કારણ અને સત્પુરુષ તે નિમિત્ત-કારણ છે. બંને સાથે હોય તો સિદ્ધિ છે એમ દર્શિત કર્યું.

"અનેક પ્રકારે સંતોએ શાસ્ત્ર વાટે તેનો માર્ગ

કહ્યો છે, સાધનો બતાવ્યાં છે, યોગાદિક થયેલો પોતાનો અનુભવ કહ્યો છે; તથાપિ તેથી યથાયોગ્ય ઉપશમભાવ આવવો દુર્લભ છે. તે માર્ગ છે; પરંતુ ઉપાદાનની બળવાન સ્થિતિ જોઈએ. ઉપાદાનની બળવાન સ્થિતિ થવા નિરંતર સત્સંગ જોઈએ" (૧૨૬) આ વચનોથી સ્પષ્ટ કર્યું કે ઉપાદાન એટલે નિજ સહજ શક્તિ એમને એમ બળવાન થતી નથી. તેની બળવાન સ્થિતિ થવા માટે સત્સંગ આદિ નિમિત્તની પરમ આવશ્યકતા છે.

"તમે અને બીજા જે જે ભાઈઓ મારી પાસેથી કંઈ આત્મલાભ ઇચ્છો છો, તે તે લાભ પામો એ મારી અંતઃકરણથી ઈચ્છા જ છે, તથાપિ તે લાભ આપવાની જે યથાયોગ્ય પાત્રતા, તેમાં મને હજુ કંઈક આવરણ છે, અને તે લાભ લેવા ઈચ્છનારની પણ કેટલીક રીતે યોગ્યતાની મને ન્યૂનતા લાગ્યા કરે છે. એટલે તે બન્ને યોગ જ્યાં સુધી પરિપકવતાને નહીં પામે ત્યાં સુધી ઈચ્છિત સિદ્ધિ વિલંબમાં રહી છે એમ માન્યતા છે." (વચનામૃત ૧૪૨) આ વચનથી સિદ્ધાંતનું સમર્થન સહજતાએ થઈ જાય છે.

કેવળજ્ઞાન ઊપજવાના છેલ્લા સમય સુધી સત્પુરુષનાં વચનનું અવલંબન વીતરાગે કહ્યું છે; અર્થાત્ બારમા ક્ષીણમોહગુણસ્થાનક પર્યંત શ્રુતજ્ઞાનથી આત્માના અનુભવને નિર્મળ કરતાં કરતાં નિર્મળતા સંપૂર્ણતા પામ્યે 'કેવળજ્ઞાન' ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થવાના પ્રથમ

સમય સુધી ઉપદેશેલો માર્ગ આધારભૂત છે, એમ કહ્યું છે તે નિઃસંદેહ સત્ય છે.” (૭૫૧)

“ક્ષીણમોહ પર્યંત જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન પરમ હિતકારી છે.” (વચનામૃત ૮૮૮) બારમા ગુણસ્થાનકને અંતે જ્યાં કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટે છે અથવા આત્મા નિજ શુદ્ધતાને સંપ્રાપ્ત થાય છે ત્યાં સુધી પણ શ્રુતજ્ઞાનનું અથવા જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન, તે રૂપ નિમિત્ત આવશ્યક છે જ, એમ અત્ર બતાવ્યું.

“નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.
નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.
ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત,
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.”

—શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર

આ વચનો સદ્બુદ્ધિથી અને નિરાગ્રહપણે વિચારતાં સત્ય જણાશે અને સિદ્ધાંતની સિદ્ધિ થશે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ સત્પુરુષ અને જ્ઞાની પુરુષનું માહાત્મ્ય તેમનાં ટંકોત્કીર્ણ વચનામૃતમાં ઠેક ઠેકાણે ભારપૂર્વક ગાયું છે. જીવના કલ્યાણાર્થે તેમની પરમ આવશ્યકતા કહી બતાવી છે અને સત્ય માર્ગદર્શન આપ્યું છે. તેનું રહસ્ય કારણ સમજાય છે ત્યારે જ તેમનાં વચનોમાં પ્રતીતિ

આવે છે, વચનોની અપૂર્વતા લક્ષગત થાય છે અને વચનના પ્રકાશનાર પ્રત્યે સહજ જ આત્મામાં અહોભાવ આવી ઉલ્લાસ પરિણામ પ્રગટ થાય છે. આવી દશા આવ્યા વિના મનુષ્ય આત્મવિકાસ સત્યપણે સાધી શકતો નથી અને આવ્યેથી વિકાસગતિ ઉત્તરોત્તર વધી અલ્પકાળે અને અલ્પ પ્રયાસે સત્પુરુષની આત્મદશાની સ્થિતિને સંપ્રાપ્ત થાય છે. અસીમ ઉપકારભૂત એ ત્રિકાળ સત્ય વચનો ત્રિકાળ જયવંત વર્તો, જયવંત વર્તો અને અગણિત વંદન હો એ વચનોના પ્રકાશનાર જ્ઞાનાવતાર મહાપુરુષને !

હવે માટીમાંથી ઘડો અને જીવમાંથી શિવ થતાં સુધીની સર્વ ક્રિયાઓની સરખામણી કરી બન્ને વચ્ચે કેટલી સામ્યતા છે તે તપાસી જઈએ. વિકાસના દરેક સ્થાનકે દશાની સ્થિતિ કેવી હોય ને તે સત્ય છે કે કેમ ? તેની ખાતરી કરીએ. ઘણી સામ્યતા હોય તો જ આ આપેલું વ્યવહારિક દૃષ્ટાંત અનુરૂપ અને ઉચિત કહેવાય. જો કે વ્યવહાર દૃષ્ટાંત ઠેઠ સુધી પૂર્ણપણે સામ્યતાવાળું હોવું લગભગ કઠણ છે, તે છતાં અહીં આપેલું દૃષ્ટાંત બહુ સામ્યતાવાળું હોવાનું જણાશે. દૃષ્ટાંત પરિસીમાને પામે પરંતુ સિદ્ધાંતના સંબંધમાં તેમ બનતું નથી, તે તો ત્રણે કાળ અપરિસીમાભૂત અને અબાધિત છે.

ત્યારે હવે સરખામણીના કાર્યનો આરંભ કરીએ.

જેમ માટીમાંથી ઘડો થાય, તેમ જીવમાંથી શિવ થાય.

જેમ અમુક ગુણ સહિતની માટી જ ઘડો બનવાને યોગ્ય છે, તેમ અમુક ગુણ સહિતનો જીવ જ શિવ થવાને લાયક છે. જેમ અતિ દીર્ઘકાળ દરમ્યાન કુદરતની આકસ્મિક અને અન્ય ઘટનાઓને પરિણામે કૂટાતા અને પીટાતા સ્થૂળ અને કઠણ માટીની અવસ્થાઓ પલટાઈને અમુક ગુણ ગ્રહણ કરે છે. તથા અંતમાં તેની ઘડાને યોગ્ય પર્યાય થાય છે, તેમ ઘણા ઘણા લાંબા કાળે કર્મોનાં દુઃખરૂપ અને પીડાયુક્ત ઝપાટાઓમાં અશુભ ફળની સંપ્રાપ્તિને લીધે સંસારભ્રમણ દરમ્યાન અથડાતા અને દુઃખ સહન કરતા જીવના પર્યાયો પલટાતાં પલટાતાં અમુક ગુણગ્રહણવાળી સ્થિતિમાં અંતે આવે છે અને શિવને યોગ્ય ભૂમિકામાં પ્રવેશ કરે છે. જેમ માટીના સંબંધમાં અમુક અંશે પ્રગટ થયેલા ગુણો છે કોમળતા, સ્નિગ્ધતા, ચીકાશ, તેમ જીવના સંબંધમાં કેટલેક અંશે ઉત્પન્ન થયેલા ગુણો છે. શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા અથવા વૈરાગ્ય અને ઉપશમભાવ.

જેમ માટીને ઘડારૂપ થવામાં ઉત્તમ અને ઉપકારી નિમિત્ત જે કુંભાર છે, તે માટીમાં વારંવાર પાણી નાખી તેને મસળે છે અને પોચી કરે છે તેમ જીવને શિવરૂપ થવામાં પરમોપકારી જે સત્પુરુષ (સદ્‌ગુરુ) તેઓ જીવને વચનોરૂપી સત્શ્રુતનું શ્રવણ કરાવે છે, અનુપકારી વૃત્તિઓને મંદ કરે છે તથા તેને સત્ જિજ્ઞાસુ બનાવે

છે, તેથી નરમ થયેલી વૃત્તિઓને લીધે જીવની પાત્રતા વધે છે. પછી જેમ પોચી થયેલી માટી ચાકડામાં ચડે છે, તેમ સત્પાત્રતા પામેલો જીવ સત્સંગમાં જાય છે. જેમ ઉપકારી નિમિત્તકર્તા કુંભાર દંડથી ચાકડો ફેરવે છે તેમ ઉપકારી બોધકર્તા નિમિત્ત એવા સત્પુરુષ વચનરૂપી આજ્ઞા (દંડ) ફરમાવે છે.

જેમ ચાકડો ગોળ ગોળ ફરે છે, તેની અસરને લીધે માટી વધુ પોચી, લીસી, મુલાયમ, જેમ ઘાટમાં વાળવી હોય તેમ વાળી શકાય તેવી અને જેવી આકૃતિ પાડવી હોય તેને બરાબર યોગ્ય થાય છે, તેમ જીવ વારંવારના સત્સંગ અને સત્સમાગમના યોગની અસરથી વધારે ને વધારે કોમળ, નમ્ર, સરળ, વિવેકસંપન્ન અને જે શુદ્ધ પર્યાય પ્રાપ્ત કરવી છે તેને યોગ્ય થાય છે; તેનામાં દયા, શાંતિ, સમતા, ક્ષમા આદિ ગુણો અંશે અંશે વધતા જાય છે. જેમ કુંભારના નિમિત્તથી નરમ, મુલાયમ, રસસભર, ચીકણી માટી ધીમે ધીમે આકારો (પર્યાયો) બદલતાં બદલતાં ઘડાના ઈષ્ટ આકારે થતી જાય છે, તેમ સત્પુરુષના નિમિત્તથી વિનમ્ર અને સરળ જીવ દોષોને હળવા કરી છેદતો, સ્વચ્છંદ અને પ્રમાદને ટાળતો, ભગવાનરૂપ સત્પુરુષમાં (શ્રી સદ્‌ગુરુદેવમાં) પ્રેમ અને શ્રદ્ધાના બળને આત્મભાવે વધારતો અને અર્પણ-તાના પંથ પર ડગ ભરવા વધુ ને વધુ ઉત્સાહિત થતો શિવના ઈષ્ટ ધ્યેય તરફ જતો જાય છે. અંતરંગમાં

ઉછરંગ છે, હૃદયમાં ઉલ્લાસ છે, ચિત્તમાં એક નિષ્ઠાએ ચીટકી રહેવાની વૃત્તિ છે, અને આત્માના પવિત્ર દર્શન માટે, સ્વરૂપપ્રતીતિ માટે અંગે અંગમાં હોંશનું નિર્મળ વહેણુ છે.

આખરે જેમ ઉપકારી કુંભારના પ્રબળ નિમિત્તથી મુલાયમ ચીકણી માટી કાચા ઘડા રૂપે તૈયાર થાય છે અર્થાત્ કાંચો ઘડો બની જાય છે તેમ ઉપકારી સત્પુરુષના પ્રબળ નિમિત્તથી તેમનામાં જ પ્રેમ–શ્રદ્ધાના તેજને વધારીને, પ્રેમ સમાધિ પામીને ધર્મધ્યાનના બળે, નિષ્ઠામાં ચીકાશથી ચોંટી રહેનાર જીવ સ્વરૂપનો અનુભવ કરે છે; સ્વરૂપ પ્રતીતરૂપ થાય છે તે દશાને જૈન દર્શનમાં ક્ષયોપશમ સમકિત કહે છે. જેમ જ્યાં પૂરતું ધ્યાન આપવામાં આવે છે અને ઘડાને કુંભારની સંભાળનું નિમિત્ત વર્તે છે, ત્યાં ઘડાને પવન આદિ અશુભ નિમિત્તથી રક્ષણ મળે છે અને તેને કંઈ નુકસાન થતું નથી, તેમ તે સમકિતી જીવને સત્પુરુષમાં પ્રેમ–શ્રદ્ધાનું બળ છે તથા તેમની આશ્રયભક્તિનું નિમિત્ત છે ત્યાં સુધી મોહરાજાના બળવાન સૈનિકોને દૂર રહેવું પડે છે અર્થાત્ તે સમકિતને હાનિ પહોંચતી નથી; સમકિતનું વમન થતું નથી. જેમ કુંભાર તૈયાર થયેલ કાચા ઘડાને બાજુ પર મૂકે છે અને ત્યાં તે ઘડો સૂર્યની ગરમીથી દોષરૂપ પરમાણુંઓ શેકાઈને છૂટા પડતાં પ્રથમ અવસ્થાની અપેક્ષાએ બળવાન ને મજબૂત બને છે અને તે ઘડા ઉપર કુંભારની સંભાળ-

ભરી દૃષ્ટિ રહ્યા કરે છે, તેમ સત્પુરુષ, આત્માનુભવી અને પ્રેમ–શ્રદ્ધા–અર્પણતાના ભાવમાં વિશેષપણે લીન થતા ભવ્ય જીવને આત્માનુસંધાન દ્વારા પોતાની બાજુ પર રાખે છે અને તે બધાના એકત્રિત બળથી તથા ધર્મધ્યાન-રૂપ સૂર્યની ગરમીથી તે જીવ અનંતસંસાર વધારનારા સર્વદોષભાવોને બાળી, ભસ્મ કરી બળવાન થાય છે; અર્થાત્ ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરે છે. જેમ સમય વીતવાની સાથે ઘડો સૂર્યની ગરમીથી ક્રમશઃ વધુ અને વધુ મજબૂત થતો જાય છે, પાકો થતો જાય છે અને તેનામાં તેના પર પડતા ટકોરા સહન કરવાની શક્તિ આવે છે, તેમ ભવ્ય અને ભાગ્યવંત જીવ સદ્‌ગુરુ ભગ-વંતમાં પ્રેમ–શ્રદ્ધા–અર્પણતાના વર્ધમાન થતા ભાવબળને લીધે અથવા કહો કે ધર્મધ્યાનના વિશેષ બળના પ્રગટ-વાથી ઉત્તરોત્તર ગુણસ્થાનકની સીડીનાં પગથિયાં ચડતો જાય છે અને જ્યાં ધર્મધ્યાનની મુખ્યતા છે એવા અપ્રમત્ત સંયમ નામના સ્થાનકે આવે છેઃ અહીંયા આ જીવની આત્મિક શક્તિનું પ્રભુત્વ એવું પ્રભાવશાળી થયું હોય છે કે કર્મોના વિચિત્ર અને વિષમ ઉદયો વચ્ચે રહેવા છતાં તેની આત્મસ્થિરતા અને આત્મશાંતિરૂપ દુર્ગની કાંકરી સરખી ખરતી નથી; પરિષહ અને ઉપ-સર્ગરૂપ હથોડા( માત્ર ટકોરા નહીં )ના મારને સમ-પરિણામે વેદવાની શક્તિ તેનામાં ખૂબ ખીલી હોય છે.

ત્યાર પછી જેમ કુંભારના નિમિત્તથી ઘડો પાકો

થયેલ ઘડો નીંભાળામાં જાય છે; ત્યાં વિશિષ્ટ પ્રકારની પ્રબળ અગ્નિ પ્રજ્વલિત થતાં તે થકી ઘડામાં જે કચાશ, દોષો રહ્યાં હોય તે બધા અલ્પ કાળમાં બળી જઈ ભસ્મીભૂત થાય છે અને કાચો ઘડો પૂર્ણપણે પાકો થાય છે; તેના પર પડતા ટકોરાનો ધ્વનિ નક્કર, રણકાર જેવો સુમધુર અને સુસ્વરયુક્ત હોય છે, તેમ સત્પુરુષના નિમિત્તબળથી અપ્રમત્ત સંયમી જીવ શુક્લધ્યાનની પ્રબળ અગ્નિથી પ્રજ્વલિત એવી ગહન ગુફાની ઊંડાણમાં જાય છે અને ત્યાં ઉત્તમ ધ્યાનાગ્નિની જ્વાળાથી ચારે ઘાતી કર્મો બળીને ભસ્મ થઈ જાય છે, તેમાં પ્રથમ મોહનીય કર્મ, જે જીવને સંસારમાં રખડાવનાર છે તેનો અંશતઃ નાશ થાય છે અને તેના બીજે જ સમયે બાકીનાં ત્રણ ઘાતી કર્મો, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય, તત્કાળ નષ્ટ થઈ જાય છે; જીવ તેથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંત સુખરૂપ અનંત ચતુષ્ટયનો સ્વામી થાય છે; તેવી શુદ્ધતા તે જ શિવસ્વરૂપ છે; બળેલી સીંદરીવત્ ચાર શેષ રહેલાં અઘાતી કર્મો, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય, તેની ઉદયસ્થિતિ માત્ર આયુષ્ય પર્યંત રહે છે અને તેના ઉદયરૂપ ટકોરાનો ધ્વનિ કેવળ સુખરૂપ, આનંદદાયક ને મધુર હોય છે. તે અઘાતી કર્મોનો તે જ શુક્લ ધ્યાનની અગ્નિથી નાશ થાય છે અને જીવ પૂર્ણપણે શુદ્ધ, પરમાણુ માત્રના સ્પર્શથી રહિત એવો શુદ્ધ શિવ થાય છે અને શિવસ્થાનકે સર્વ કાળને માટે વિરાજમાન રહે છે.

અહીં કુંભાર તે ભગવાનરૂપ સત્પુરુષ (સદ્‌ગુરુ, પરમગુરુ); ચાકડો તે સત્સમાગમ અને સત્સંગ; કુંભારની કારીગરી તે સત્પુરુષની ગુપ્ત કૃપારૂપ ક્રિયા, દંડ તે ગુરુની આજ્ઞા અને નીંભાળો તે શુક્લધ્યાનની અગ્નિથી પ્રજ્વલિત ગહન ગુફા.

અસદ્‌ગુરુના નિમિત્તથી જીવ શિવસ્વરૂપ કદાપિ થઈ શકતો નથી. તેવા ગુરુના આશ્રયથી અને તેમની આજ્ઞામાં રહેવાથી આત્મશ્રેય સાધી શકાતું નથી. અસદ્‌ગુરુ આત્મજ્ઞાનના આકાંક્ષી ન હોય અને સ્વચ્છંદ આદિ દોષવાળા હોય તો લાભને બદલે નુકસાન થાય છે. જેમ દંડ (આજ્ઞા) બે પ્રકારે કામ કરી શકે છે : (ઘડાને ઉત્પન્ન કરવાનું અને (૨) ઘડાનો નાશ કરવાનું, તેમ શ્રી સદ્‌ગુરુની આજ્ઞાપાલનથી જીવ સંસારને તરી જાય છે અને લોભી તથા લાલચુ એવા સ્વચ્છંદી અસદ્‌ગુરુની આજ્ઞાના સેવનથી જીવ સંસારમાં ડૂબે છે.

જેમ બિનઅનુભવી અને અકુશળ કુંભારના નિમિત્તથી માટી ઘડારૂપ થઈ શકતી નથી. તેમ આત્માનુભવ રહિત અને અનિષ્ણાત ગુરુના નિમિત્તથી જીવ શિવરૂપ થઈ શકે નહીં, એ સમજવું કઠણ નથી.

"દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો! અંતર્મુખ થઈ, સ્થિર થઈ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.

"સર્વ જગતના જીવો કંઈ ને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે; મોટા ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે; અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

"વિષયથી જેની ઇન્દ્રિઓ આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ, આત્મતત્ત્વ ક્યાંથી પ્રતીતિમાં આવે?

"પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું. અમારે પરિગ્રહને શું કરવો છે? કશું પ્રયોજન નથી.

"સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૮૩૨)

# નિબંધ ૩ જો

## પુષ્પ ઉપર એક વિચાર

એક અનુપમ પુષ્પ છે. એકલું ને અટૂલું.
છે તે અતિ સુંદર અને પવિત્રતાથી શોભતું.
લીલાછમ છોડની પાંચ લીલી ડાળીઓ–
તેના મધ્યની ડાળી ઉપર તે ઊંચે ઊભું છે.
જાણે કેમ તે અનંતતાના પ્રતીકરૂપ હોય ને
તેના પ્રેમી આશકને અનંતતામાં લઈ જવા બહુ ઉત્સુક હોય !

એક અતિ મનોહર પુષ્પ છે, એકલું ને અટૂલું.
તે હસે છે, રમે છે, ખીલે છે, ડોલે છે.
મધુર વાયુની મંદ લહરીથી તે નૃત્ય કરે છે.
તેની નૃત્યકળા ખૂબ રમ્ય અને ઘણી આકર્ષક છે.
જોનાર હોય તો તેના ઉપર મુગ્ધ થયા વિના રહે નહિ.
પરંતુ તેને પ્રેમપૂર્વક જોનાર ક્યાં છે ?
એવું રળિયામણું પુષ્પ છે એ ઘણા ખરા જાણતાય નથી.
ત્યારે કેટલાક જાણે છે પરંતુ પ્રમાદ સેવે છે.

તે પુષ્પની મનોરમ અને પવિત્ર બારીક પાંદડીઓ
ક્યારેક હર્ષપૂર્વક ઓછી વધતી ઊઘડે છે, ક્યારેક બંધ થાય છે.
એ ઊઘાડ–બંધની ક્રિયા અવાર નવાર થયા કરે છે,

જ્યારે કોઈ પ્રેમી જનના હૃદયમાં પ્રેમઝરણુ વહે છે
અને જિજ્ઞાસા સહિત તેની સમીપ આવે છે,
ત્યારે તે પુષ્પ અતિ આનંદિત થાય છે અને હર્ષમાં આવી
પોતાની બીડેલી પાંદડીઓરૂપ દ્વાર ખોલે છે અર્થાત્
તેપ્રેમીને હોંશ તેમ જ ઉત્સાહથી આવકારે છે.
સાથે સાથે ક્યારેક તેને અમૃતરસથી ભીંજવે છે.
કદીક સુધારસનો નિર્મળ ધોધ વરસાવીને
એ પ્રેમીજનને તેમાં ન્હવરાવી તરબોળ કરે છે.
આમ ત્યારે બનવું શક્ય થાય છે કે જ્યારે
પ્રેમી તેને અત્યંત પ્રેમથી ચાહતો હોય છે.

તે અતિ સુંદર પુષ્પ છે, એકલું ને અટૂલું.
તે ક્યારેય કરમાતું નથી, સદા જીવંત ને ખીલતું રહે છે.
તે સત્ગ્રાહકની પ્રતીક્ષા નિરંતર કરતું રહે છે.
એવો ગ્રાહક ન મળે તો અણગમો દર્શાવતું નથી,
ખેદ કરતું નથી, નિરાશા સેવતું નથી, કારણ કે
તે જાણે છે કે ઉત્તમ વસ્તુના ગ્રાહક વિરલ હોય છે.
તેથી તો તે ધીર, ગંભીર અને શાંત રહે છે.

પરંતુ જ્યારે કોઈ પ્રેમીજન તેને સ્નેહથી મળવા ઇચ્છે છે,
ત્યારે તેને આકર્ષવાની તેની રીતિઓ ચમત્કારિક હોય છે.
પોતાની અવનવી રીતે તે આકર્ષવાનું કાર્ય કર્યા કરે છે,
અને તે કાર્યનું પરિણામ પ્રેમીજન માટે બહુ હિતકારી થાય છે.
એ નિર્મળ અને પવિત્ર પુષ્પની આકર્ષણ રીતો તો જુઓ!
ક્યારેક તે બહુરૂપી પુષ્પ પોતાનો રંગ બદલાવે છે;

આછો પીળો કે વાદળી, નમ્ર ગુલાબી કે જાંબલી,
આછો લીલો કે કેસરી, તો વળી ક્યારેક મેઘધનુષની જેમ
સાતે રંગની એક સાથે દશ્ય થતી સુંદર આકૃતિરૂપ
દર્શનનું સર્જન કરી વિસ્મયતા પમાડે છે.

ક્યારેક તે પોતાના મીઠાશભર્યા સ્મિતથી આકર્ષે છે,
ફરકતા સ્મિતથી જ્યારે તે બન્ને હોઠ ઉઘાડે છે,
ત્યારે તો મુખમાં અમૃતપ્રભા પ્રકાશિત દેખાય છે,
સાચા જોનાર હોય તે જ અમૃતભોગી થાય છે.
પરંતુ એવા સાચા સુદષ્ટિવાન ક્યાં છે?

ક્યારેક તે નિર્મળ પુષ્પ સુંદર ડાળીની ટોચ પર રહીને
મીઠા સ્મિત સહિતનાં મધુર સંગીતમાં લીન થાય છે.
ક્યારેક તે દિવ્ય સંગીતનો સુસ્વર ચોતરફ ફેલાવે છે.
સુહૃદયમાં પ્રેમરસધારા વહેવડાવનાર ને ચિત્તશાંતિ દેનાર
એ દિવ્ય સૂર, સુંદર દિવ્ય સ્વરૂપે હોવા છતાં
તેને સાંભળનાર સુકર્ણવાળા સાચા પુરુષ ક્યાં છે?

ક્યારેક તે તે જ ડાળીના ઊંચા સ્થાન પર રહીને
મંદ પવનની લહરીઓ વચ્ચે આનંદથી હીંચકા ખાય છે,
આમથી તેમ ડોલે છે, નૃત્ય કરે છે ને પ્રેમપૂર્વક સ્મિત કરે છે,
કોઈ વેળાએ ખડખડાટ હસે છે અને તે બધી ક્રિયાઓથી
વાતાવરણમાં અપૂર્વતાનું દર્શન સહજતાએ ખડું થાય છે.
અલૌકિક ઝૂલામાં ઝૂલનાર, એકાંતે આનંદમગ્ન રહેનાર,

સદા સર્વથા પોતાની જ સ્વરૂપમસ્તીમાં મસ્ત રહેનાર
એ એકલાં અને અટૂલાં પુષ્પને જોનાર ક્યાં છે?

વળી ક્યારેક એ પુષ્પ પ્રેમીઓને આકર્ષવા માટે
દશે દિશામાં સુગંધની પવિત્ર સૌરભ પ્રસરાવે છે.
સુગંધ અનેક પ્રકારની અથવા મિશ્રરૂપ હોય છે.
તેને મનગમતી ખાસ સુગંધ છે, ચંદનની,
ગુલાબની અને કેસરની. સુગંધની મધુરતા અને
મીઠાશથી ભવ્યાત્માને પોતા તરફ ખેંચવાનો
એ પવિત્ર પુષ્પનો પરમ ઉચ્ચ હેતુ હોય છે.
પરંતુ એ હેતુને સફળ કરવાવાળા કેટલા જીવો છે?
એ દિવ્ય સુગંધનો અનુભવ લેવા સદ્‌વૃત્તિવાન કેટલા છે?

અને ક્યારેક એ સુંદર પુષ્પ પોતાની સુંદરતાનો
ખ્યાલ આપવા, પોતાની પવિત્રતાનું લક્ષ કરાવવા,
પોતાની ઉત્તમતાનો ઉત્તમ બોધ આપવા,
એક નવી આશ્ચર્યકારક રીતનો ઉપયોગ કરે છે.

તે પોતાની દિવ્ય પાંદડીઓમાંથી તેજ કિરણો છોડે છે.
દિવ્ય પ્રકાશની દિવ્ય રેખાઓ પાથરે છે.
પ્રેમનો પ્રભાવ જો કોઈના હૃદયમાં હોય તો
તે અમૃતપ્રભાનાં પવિત્ર દર્શન કરી શકે છે,
તેનાથી આકર્ષાઈ તેની સાથે એકપણે થઈ શકે છે,
પણ તેવા પ્રેમપ્રભાવવાળા કેટલા જનો હશે?

હા, આ પુષ્પ છે, એકલું ને અટૂલું.
એ નિરંતર પ્રેમીજનની આતુરતાથી રાહ જુએ છે,
પોતાની દિવ્ય રીતોથી આકર્ષવા યત્ન કરે છે,
પ્રેમી સાથે ભળી જઈ એકરૂપ થવા આકાંક્ષા સેવે છે,
છતાં કોઈ ન મળે ત્યાં સુધી ધીર ને ગંભીર રહે છે.

એ પુષ્પ જગતની આંખે દશ્યરૂપ થતું નથી,
મેલી દૃષ્ટિ હોય ત્યાં સુધી તે જોઈ શકાતું નથી.
બાહ્ય સંપત્તિ ને સમૃદ્ધિના રાગી જીવો અંધ છે.
ધન, સત્તા ને કીર્તિની લાલસાવાળા મેલા છે.
તેઓ રાગની આગમાં બળી જળી રહ્યા છે, તેથી
આત્માના શીતળ બાગમાં તેઓ પ્રવેશતા નથી.
રાગના ત્યાગમાં અનુપમ સુખ ને નીરવ શાંતિ છે,
એવી તેમને કલ્પના સરખી પણ નથી.
તેઓ રાગ અને દ્વેશની ભઠ્ઠીમાં ખૂબ શેકાય છે;
દ્વેશથી કલેશ અને દુઃખ સદા વેઠ્યા કરે છે.

તેમ છતાં સૃષ્ટિ સાવ રૂડા જીવો વિહોણી નથી,
તેમાં સુદૃષ્ટિને પામવાના ઈચ્છક જીવો પણ છે,
તે રૂડા જીવો કૂડા ભાવોનો ત્યાગ કરે છે.
આત્મલક્ષી રૂડા ભાવોનો પરમાશ્રય લે છે.
તેઓ વિવેકી આંખના વધતા જતા પ્રકાશથી
પુષ્પની પવિત્રતા અને નિર્મળતાને પારખી લે છે.
તેની સમીપ આવવા અને ભેટવા તત્પર બને છે.
પાસે આવનારમાંથી કેટલાક પાછા વળી જાય છે,

હિંમત હારી જઈ અપૂર્વ અવસર ચૂકી જાય છે,
તેના મૃદુ અને પવિત્ર સ્પર્શના અનુભવથી,
તેને નિર્મળ ભાવથી ભેટવાના ઈષ્ટ સંતોષથી,
તેની સહજ શાંતિના ઉપભોગથી તેઓ વંચિત રહે છે.

કોઈ પરમ ભાગ્યવંત સત્યપુરુષાર્થી પુરુષ
તથારુપ અનુભવી ઉત્તમ પુરુષના આશ્રયમાં રહી,
આજ્ઞામાં રહી તેમની કૃપાથી અપૂર્વ બળ મેળવી
એ પુષ્પને ભેટવા, તેની સાથે એકરુપ થવા
શૌર્યતા ઉપજાવી સદ્ભાગી થાય છે.

એ પ્રેમળ પુષ્પ એકલું અને અટૂલું ઊભું છે.
કોઈ એક પુષ્પનો ભોગી બનવાનો આકાંક્ષી છે.
તે પોતાનું વીર્યબળ નિમિત્ત પામીને પ્રગટાવે છે.
તેના હૃદયમાંથી પવિત્ર પ્રેમનો ઝરો વહે છે,
અંતરમાં ઉત્સાહ છે, ઉલ્લાસ છે, ઉમંગ છે.
એના બળ થકી તે પેલા અલૌકિક પુષ્પની સમીપ
હિંમતભેર અને હોંશથી આગળ વધે છે.

પુષ્પનું મધુર સ્મિત, તેની દિવ્ય મનોહરતા,
તેની મીઠી સુગંધ, તેની પ્રકાશમય જ્યોતિ,
તેની અદ્ભુત અને અલૌકિક શીતળતા
તેની પાસે આવનાર ભાગ્યવંત વ્યક્તિને
વધુ અને અતિ વધુ બળથી ખેંચે છે.
એ પુરુષાર્થી પુરુષ પવિત્ર પુષ્પ પ્રતિ આકર્ષાય છે.
તેનામાં પ્રેમામૃતની ધારા વરસવા માંડે છે.

તે સુંદરતાથી શોભતું દૃશ્ય જોઈ ને
પુષ્પની ખુશીનો પાર નથી, આનંદની અવધિ નથી.
તે પોતાની બીડેલી પાંદડીઓ સ્નેહથી ઉઘાડે છે,
જેમ જેમ એ ભાગ્યવંત વધુ નજીક આવતો જાય છે,
તેમ તેમ તેને હેતથી અને પ્રીતથી આવકારવા,
કહો કે તેને પોતાનામાં સમાવી લેવા,
પુષ્પ પોતાની પાંદડીઓ વધુ ઘેરમાં વિકસાવે છે.

વીર્યના અને શૌર્યના અતિ પ્રબળ વેગથી
આશ્ચર્યકારક એક ઝપાટે એ ભાગ્યવંત
પુષ્પની વિકસેલી ને ઉઘડેલી પાંદડીઓમાં પ્રવેશે છે.
પાંદડીઓ સુધારસથી ભરપૂર છે
અમૃતપ્રભાથી ખૂબ સુશોભિત છે.

પ્રબળ વીર્ય અને શૌર્યથી શોભતા એવા
ભાગ્યવંતની દૃષ્ટિ પુષ્પની વિકસેલી ને
ઉઘડેલી પાંદડીઓમાં સ્થિર થાય છે.
પાંદડીઓ સુધારસથી ભરપૂર છે.
અમૃત પ્રભાથી ખૂબ સુશોભિત છે.

તેની સ્થિર દૃષ્ટિના પરિણામે પુષ્પની દિવ્યતા
વધુ ને વધુ તેની નજરે ચડે છે અને તેથી તે
પ્રત્યેનું તેનું આકર્ષણ વધુ ને વધુ ઘેરું
બને છે. તે ભાગ્યવંતનું ધ્યાન પુષ્પના
મનોહરરૂપ ઉપર કેન્દ્રિત થાય છે; ત્યારે

જાણે કેમ તે અગમ્યપણે પુષ્પ પ્રત્યે ખેંચાતો
ન હોય! અને તેની સાથે એક રૂપ થતો ન હોય!
એવી કલ્પના પણ કરી શકાય કે પુષ્પના ધ્યાનમાં
એકાગ્ર થયેલો તે ભાગ્યવંત જાણે કે પુષ્પની
વિકસેલી અને ઉઘડેલી પાંદડીઓમાં એક સુખદ
કેદી તરીકે પૂરાયો ન હોય!
અર્થાત્ તે ભાગ્યવંત અને તે પુષ્પનું કોઈ દિવ્ય
અને અપૂર્વ મિલન થયું હોય એમ જ લાગે!
તેનો આનંદ અપાર છે.
તેને કેવળ અદ્વિતીય સુખ છે,
અપૂર્વ શાંતિ છે. તેથી તે તેમાંથી
બહાર આવવાનું કેમ ઇચ્છે!
પુષ્પના અમૃત રસાસ્વાદનો તે અનુભવ કરે છે.
તેમાંથી નીકળવું તેને કેમ ગમે?
પરંતુ સમયમર્યાદા પૂરી થતાં વીર્યબળ નબળું પડે છે
અને અમૃતાનુભવમાંથી તેને અનિચ્છાએ નીકળવું
પડે છે અને નીકળે છે તો પણ હજુ તેના અંતરમાં
અનુભવેલ દિવ્ય આનંદની છાયા રહી છે.
અપૂર્વ આનંદ અને અલૌકીક શાંતિનો અનુભવ
થયો હોવાથી તેની વૃત્તિ ફરી ફરી પુષ્પની મનોહરતા
અને દિવ્યતા પ્રતિ વળ્યા કરે છે. તે અનુભવ માટેની
ઇચ્છા તેને વારંવાર થયા કરે છે.
પુષ્પ તે સમકિત.

# નિબંધ ૪ થો

## જાતિસ્મૃતિજ્ઞાન

પૂર્વભાવ અથવા ભવોના પ્રસંગો આદિની સ્મૃતિ થવી તેને જાતિસ્મૃતિજ્ઞાન કહે છે. મતિજ્ઞાનના ધારણા નામના ભેદમાં આ જ્ઞાન સમાય છે. મતિજ્ઞાનના મુખ્યતાએ ચાર ભેદ છે, (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અવાય અને (૪) ધારણા. તે સમજવા માટે અંગ્રેજી શબ્દો ક્રમથી આ પ્રમાણે છે :–(૧) Perception (૨) Conception (૩) Decision અને (૪) Retention. આ ચાર ભેદ જ્ઞાનની ઉત્તરોત્તર વિશેષતા બતાવનાર છે. 'આ કંઈક છે' એવું અસ્પષ્ટ જ્ઞાન તે અવગ્રહ; 'એ શું છે?' એ જાણવા માટે અંદરમાં ઉહાપોહ થવો અને 'તે આ છે કે તે છે' એવો અસ્પષ્ટ નિર્ણય થવો તે ઈહા; વિશેષ વિચારના બળથી 'તે આ જ છે,' એવો સ્પષ્ટ નિર્ણય તે અવાય; અને તે નિર્ણય અંદરમાં દૃઢપણે કોતરાઈ જાય અને ટકી રહે તે ધારણા.

જીવનાં ભવોભવનાં ભ્રમણ દરમ્યાન તેણે જે જે સાંભળ્યું હોય, વાંચ્યું હોય, જાણ્યું હોય, વિચાર્યું હોય, અનુપ્રેક્ષણ કર્યું હોય, અનુભવ્યું હોય, તે તે સર્વ મતિજ્ઞાનમાં સમાય છે; અને જે જે વિષયોની ઊંડી,

ઘેરી છાપ, વિચાર, અનુપ્રેક્ષણ અને અનુભવના કારણે આત્મામાં પડી હોય, તે તે સર્વ સંસ્કારો મતિજ્ઞાનનાં ધારણાભેદમાં સમાય છે. આ સંસ્કારો સારા વા નરસા, સાચા વા ખોટા, હિતકારી વા અહિતકારી હોઈ શકે છે; સારા અને સાચાને સુસંસ્કાર તથા નરસા અને ખોટાને કુસંસ્કાર કહે છે. અસત્ય, હિંસાદિના વિચારોથી કુસંસ્કારોનો તથા સત્ય અહિંસાદિના વિચારોથી સુસંસ્કારોનો વારસો મળે છે. સંસ્કારોના ઉદયબળથી તે તે વિષયોનું જ્ઞાન સ્વયં ઉપસી આવીને કાર્યશીલ થાય છે.

આમ વિચારતાં જણાશે કે દરેક જીવ પોતાનું વર્તન પૂર્વના સંસ્કાર અને અન્ય જીવો સાથેના સંબંધને આધારિત કરે છે. કેટલાંક કારણો તેમજ સંજોગોની સહાયથી આ પૂર્વના સંસ્કાર કે અન્ય જીવો સાથેનો પોતાનો સંબંધ સ્મૃતિપટ પર અંકાઈ જાય છે અથવા તો કોરાઈ જાય છે, અને વર્તમાન પ્રસંગ કે વર્તનાની કડી ભૂતકાળના કોઈ ભવમાં મળી આવે છે. આ પ્રકારની સ્મૃતિ થવી તેને જાતિસ્મૃતિજ્ઞાન કહેવાય છે.

"સર્પમાં જન્મથી ક્રોધનું વિશેષપણું જોવામાં આવે છે, પારેવાને વિષે જન્મથી નિર્હિંસકપણું જોવામાં આવે છે, માંકડ આદિ જંતુઓને પકડતાં તેને પકડવાથી દુઃખ થાય છે એવી ભયસંજ્ઞા પ્રથમથી તેના અનુભવમાં રહી છે તેથી તે નાસી જવાનો પ્રયત્ન કરે છે; કંઈક પ્રાણીમાં જન્મથી પ્રીતિનું, કંઈકમાં સમતાનું, કંઈકમાં

વિશેષ નિર્ભયતાનું, કંઈકમાં ગંભીરતાનું, કંઈકમાં વિશેષ ભયસંજ્ઞાનું, કંઈકમાં કામાદિ પ્રત્યે અસંગતાનું અને કંઈકને આહારાદિ વિષે અધિક અધિક લુબ્ધપણાનું વિશેષપણું જોવામાં આવે છે. એ આદિ ભેદ એટલે ક્રોધાદિ સંજ્ઞાના ન્યૂનાધિકપણા આદિથી તેમ જ તે તે પ્રકૃતિઓ જન્મથી સહચારીપણે જોવામાં આવે છે તેથી તેનું કારણ પૂર્વના સંસ્કારો જ સંભવે છે."

—શ્રીમદ્ રાજચંદ્ર

બાળકને ધાવતાં કોઈ શીખવતું નથી, છતાં તેને સ્વયં આવડે છે; તે પૂર્વના સંસ્કારબળથી છે. "હું દેહ છું." એ પૂર્વના દૃઢ કરેલા સંસ્કાર સ્વયં સહજ ફળરૂપ રહે છે. આ બધાં દૃષ્ટાંતો "ધારણા"નાં છે અને આ પરથી ધારણાનું માહાત્મ્ય કેટલું છે તે લક્ષગત થશે.

## સર્વને પૂર્વભવની સ્મૃતિ કેમ થતી નથી?

જન્મોજન્મના અનુભવોનું જ્ઞાન ધારણામાં સમાય છે અને ટકીને સ્થિર રહે છે, તો તેનું સ્મરણ એટલે પૂર્વભવનું જ્ઞાન દરેકને થવું જોઈએ એમ લાગે; પરંતુ તેમ થતું નથી એ નક્કર હકીકત છે. પૂર્વભવમાં ગમે તેટલું ભણ્યા હોઈએ, ગમે તેટલું જ્ઞાન સંપાદન કર્યું હોય, તે છતાં આ ભવના જન્મકાળે તેની વિસ્મૃતિ હોય છે. આથી વિસ્મૃતિનું કોઈ સબળ કારણ હોવું જોઈએ, એ પ્રશ્નનું સમાધાન આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનોથી સમજીએ.

"જેમ બાલ્યાવસ્થાને વિષે જે કંઈ જોયું હોય અથવા અનુભવ્યું હોય તેનું સ્મરણ વૃદ્ધાવસ્થામાં કેટલાકને થાય ને કેટલાકને ન થાય, તેમ પૂર્વભવનું ભાન કેટલાકને રહે ને કેટલાકને ન રહે. ન રહેવાનું કારણ એ છે કે પૂર્વ દેહ છોડતાં બાહ્ય પદાર્થોને વિષે જીવ વળગી રહી મરણ કરે છે અને નવો દેહ પામી તેમાં જ આસક્ત રહે છે, તેને પૂર્વ પર્યાયનું ભાન રહે નહીં; આથી ઊલટી રીતે પ્રવર્તનારને એટલે અવકાશ રાખ્યો હોય તેને પૂર્વનો ભવ અનુભવવામાં આવે છે....પૂર્વ પર્યાય છોડતાં મૃત્યુ આદિ વેદનાના કારણને લઈને, દેહ ધારણ કરતાં ગર્ભાવાસને લઈને, બાલપણામાં મૂઢપણાને લઈને અને વર્તમાન દેહમાં અતિ લીનતાને લઈને પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાનો અવકાશ જ મળતો નથી; તથાપિ જેમ ગર્ભાવાસ તથા બાલપણું સ્મૃતિમાં રહે નહીં તેથી કરીને તે નહોતાં એમ નથી, તેમ ઉપરનાં કારણોને લઈને પૂર્વ પર્યાય સ્મૃતિમાં રહે નહીં તેથી કરીને તે નહોતા એમ કહેવાય નહીં. જેવી રીતે આંબા આદિ વૃક્ષોની કલમ કરવામાં આવે છે તેમાં સાનુકૂળતા હોય તો થાય છે, તેમ જો પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાને ક્ષયોપશમ આદિ સાનુકૂળતા (યોગ્યતા) હોય તો જાતિસ્મરણજ્ઞાન થાય. પૂર્વ સંજ્ઞા કાયમ રહેવી જોઈએ. અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિ-સ્મરણજ્ઞાન ન થાય."

પૂર્વભવની વિસ્મૃતિ થવાનું કારણ જ્ઞાનને ગાઢ

આવરણ આવી જવું તે છે; અને ગાઢ આવરણનાં કારણો છે: (૧) પૂર્વદેહ છોડતાં જીવનો ઉપયોગ દેહ અને બાહ્ય પદાર્થોમાં ચીટકી રહીને દેહત્યાગ થવો, (૨) ગર્ભાવાસનાં દુઃખનું વેદન દેહાસક્તિપૂર્વક થવું, (૩) જન્મવેળાની વેદના પ્રસક્તભાવે સહેવી, (૪) 'દેહ તે-હું' એ ભાવનું નિરંતર સ્મરણ.

આ પ્રમાણે મુખ્યપણે અને વિશેષે કરીને બહુલતાએ બનતું હોવાથી પૂર્વભવની સ્મૃતિ થવી દુર્લભ થાય છે. કોઈ વિરલા જીવોને જાતિસ્મરણજ્ઞાનનો ઉત્તમ લાભ મળે છે; સર્વને તે લાભની પ્રાપ્તિ થવી અસંભવિત છે.

## જાતિસ્મૃતિજ્ઞાન કોને થવું સંભવે છે?

મતિજ્ઞાનાવરણ ગાઢપણે બંધાવાનાં કારણો ઉપર જણાવ્યાં, તેથી ઊલટું ન્યૂનાધિકપણે બન્યું હોય તો પૂર્વભવની સ્મૃતિ આવવી શક્ય થાય છે. પૂર્વદેહ છોડતાં એટલે મરણ સમયે જીવનો ઉપયોગ દેહમાં તીવ્રપણે વળગી રહ્યો ન હોય, દેહાસક્તિની પ્રબળતા કેટલાક અંશે મંદ હોય, તથા નવો દેહ ધારણ કરી ગર્ભાવાસમાં રહેતાં તથા જન્મ થતાં દેહાસક્તિનું કોઈ પ્રકારે મંદપણું હોય તો જાતિસ્મૃતિજ્ઞાન તેના પ્રમાણમાં પ્રગટે છે. નિયમ એ છે કે જેટલા અંશે દેહાસક્તિનું તીવ્રપણું, તેટલા અંશે જ્ઞાનાવરણનું ગાઢપણું અને જેટલા અંશે દેહાસક્તિનું મંદપણું, તેટલા અંશે જ્ઞાનાવરણનું ન્યૂનપણું.

આ રીતે મોહનીય અને જ્ઞાનાવરણ કર્મો વચ્ચે ગાઢ સંબંધ છે.

મિથ્યાત્વસહિત અજ્ઞાનદશા હોય તો પણ પૂર્વોક્ત કારણસર જાતિસ્મૃતિજ્ઞાન થવું સંભવે છે. તે જ્ઞાન સાત વર્ષની વય પૂર્ણ થતાં પહેલાં થયું હોય અને તપાસમાં સત્ય જણાયું હોય તો પણ તેની વિસ્મૃતિ થોડા જ કાળમાં થઈ જાય છે, અને તે પરમાર્થે ઉપકારી થઈ શકતું નથી. આઠમા વર્ષના પ્રારંભ પછી ગમે તે વયે પૂર્વભવના જ્ઞાનનો ઉઘાડ થયો હોય, તો તે ટકી રહે છે અને આત્મજ્ઞાનના અપૂર્વ લાભનો અધિકારી બનાવે છે. આ રીતે જાતિસ્મરણજ્ઞાનનું માહાત્મ્ય ઘણું મોટું છે. આ જ્ઞાન મનુષ્ય, દેવ, નારક અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ એમ ચારેય ગતિના જીવોને થઈ શકે છે.

દેહત્યાગના અવસરે સમકિતી જીવોના ભાવો ધર્મ-મય અને પ્રભુમય હોય છે અર્થાત્ દેહાત્મભાવ હોતો નથી, તેથી તેમનું જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ હળવું થઈ જાય છે. તે કારણે તેમના છેવટના તીવ્ર કે મંદ ધર્મભાવાનુસાર તેમને બીજા ભવમાં જાતિસ્મૃતિજ્ઞાન વહેલું કે મોડું, બાલવયમાં, કિશોરવયમાં કે યુવાવયમાં થવાનો યોગ સહજ આવે છે ને ઉપકારી થાય છે. જેટલી જ્ઞાન અને સ્વભાવ દશા ઊંચી, તેટલી પૂર્વભવની સ્મૃતિ જલદી આવે છે. આથી જ્ઞાની પુરુષોને બીજા ભવમાં પૂર્વ-ભવોનું જ્ઞાન અવશ્ય થાય છે.

ચારથી છ સાત વર્ષની ઉંમરના બાળકોને પૂર્વ-ભવની કેટલીક સ્મૃતિ આવ્યાના અને તપાસને અંતે સત્ય હોવાના દાખલાઓ નોંધાયા છે. છાપાઓ કે પુસ્તકો દ્વારા તે જાણવામાં આવ્યા હશે; પરંતુ ઉંમર વધતાં બાળક મોટું થયા પછી આવેલી સ્મૃતિ ચાલી ગઈ હોય છે અને આશ્ચર્ય તો એ છે કે કેટલાક કિસ્સામાં તેને જાતિસ્મૃતિજ્ઞાનથી જાણેલ પ્રસંગોની યાદી દેવા છતાં તેવી સ્મૃતિ થયાની પણ વિસ્મૃતિ થઈ જાય છે. તેના કારણમાં ઉપર જણાવ્યા પ્રમાણે પૂર્વદેહના ત્યાગના સમયે કોઈ પ્રકારે દેહાસક્તિનું કોઈ અંશે મંદપણું હતું અને તેનો લાભ કોઈ પ્રગટ કે અપ્રગટ નિમિત્તને પામીને તેને થયો અને બાદમાં જ્ઞાનાવરણના ભારે ઉદયથી જ્ઞાનની વિસ્મૃતિ પણ થઈ. તે જ બાળકને ફરીથી સાત વર્ષની ઉંમર વીત્યા પછી પૂર્વભવનું જ્ઞાન થાય તો તે ટકી રહે છે, પૂર્વે આવેલ અને વિસ્મૃત થયેલ જાતિસ્મૃતિજ્ઞાનની કડી સાથે જોડાઈ આગળ ને આગળ વધે છે એટલે નવા નવા પ્રસંગો અને અન્ય જીવો સાથેના સંબંધો- સગ-પણો સ્મરણમાં આવતાં જાય છે. આ જ્ઞાન તેનાં જીવનનાં વહેણને આમૂલ પરિવર્તન લાવી બદલાવે છે અને પરમ ઉપકારી થાય છે.

### જાતિસ્મૃતિજ્ઞાનના પ્રકારો :

આ જ્ઞાનને સામાન્ય અને મુખ્ય એમ બે પ્રકારમાં વહેંચી શકાય; અને તે બન્નેના ભેદો પણ ઘણા છે.

સામાન્ય પ્રકારમાં આવેલ સ્મૃતિની અસર ઉપર ઉપરની, આછી અને તરત ભૂંસાઈ જાય તેવી હોય છે. ઘણીવાર તે સ્મૃતિ પર ધ્યાન દેવામાં આવતું નથી; તેનું કોઈ અંશે માહાત્મ્ય છે છતાં તે પરત્વે દુર્લક્ષ અપાય છે, આથી તે જ્ઞાનનો વિકાસ થતો અટકે છે. જો તે પ્રત્યે ઉપયોગ દેવામાં આવે, અથવા તે ગુપ્તજ્ઞાનનાં નિષ્ણાત અનુભવી પુરુષ પાસેથી માર્ગદર્શન મેળની યોગ્ય યત્ન કરવામાં આવે તો, તે જ્ઞાન વિકસિત કરી શકાય, તેનો ઉચિત લાભ મેળવી શકાય અને સત્ય જીવન તરફ પ્રયાણ કરી શકાય.

સામાન્ય જાતિસ્મૃતિજ્ઞાનનાં દષ્ટાંતો આ રહ્યાં :

કોઈ અજાણ્યા અને અપરિચિત સ્થળે એકલા અથવા કોઈ મિત્રાદિ સાથે ફરવા ગયા હોઈએ; સ્થળનું સૌંદર્ય, આજુબાજુના મકાનોની કળાત્મક રચના, સુંદર શેરીઓ અને રસ્તાઓ વગેરે હર્ષથી જોતાં હોઈએ, તેવામાં કોઈ રચના કે રસ્તો જોતાં કોઈ કારણ વિના એકાએક ક્ષણ માત્ર સ્તબ્ધ થઈ જવાય, સ્થિર થઈ જવાય અને તત્કાળ અંદરમાં તે દશ્ય પરિચિત હોય એવું સુખદ ભાન થાય, તેવું ક્યાંક ક્યારેક પણ જોયું છે એવી સ્મૃતિનો ઝબકારો આવે તે આ જ્ઞાનમાં સમાય છે. એકલા હોઈએ તો કદીક 'ક્યાં' અને 'કેવી રીતે' જોયું છે તે જાણવાની જિજ્ઞાસાથી ઉહાપોહ થવા સંભવ છે અને તે વેળાએ જ્ઞાનાવરણ હળવું હોય તો ઝંખનાના પરિણામે

પૂર્વનું ચિત્ર તાદૃશ્ય થાય છેઃ પરંતુ આમ માત્ર ક્યારેક બને છે. સમુહની સાથે હોઈએ તો કાં તો તે સ્મૃતિની ઉપેક્ષા કરાય છે અને કાં તો કૂતુહલતાથી તે વાત સાથીદારોને કહેવામાં આવે છે. વિશેષ વિચારણા માટે ધ્યાન દેવામાં આવતું નથી.

કોઈ વખત રસ્તામાં ચાલતાં જતા હોઈએ અને સામે કોઈ અજાણી વ્યક્તિ, સ્ત્રી, પુરુષ કે બાળક, દૃષ્ટિ સન્મુખ થતાં એકાએક અંદરના ઊંડાણમાંથી ભાવ ઉપસી આવે કે તેનો ચહેરો પરિચિત લાગે છે અને ક્યાંય પણ જોયો હોય તેવી ઝાંખી થાય છે. તે પૂર્વ પરિચયની ઝાંખી તે પણ જાતિસ્મૃતિજ્ઞાનનો એક પ્રકાર છે. ઘણું કરીને જોનાર આ પ્રસંગને સામાન્યપણામાં ગણે છે અથવા 'ઘણાંને જોયા હોય તે બધું સ્મૃતિમાં થોડું રહે!' એમ મન મનાવી પ્રસંગની ઉપેક્ષા કરે છે અથવા સમાન મુખાકૃતિવાળાં કેટલાંક હોય છે તેથી કંઈક ભૂલ થઈ હશે એમ માની સંતોષ લે છે અથવા કદાપિ પૂર્વે જોયેલ હશે તો ભલે તેમ હો પણ અત્યારે તેનું કંઈ પ્રયોજન નથી એમ ધારી મનને વાળી લે છે. ક્વચિત્ એવું બને છે કે સ્મૃતિના બળથી આશ્ચર્યમુગ્ધ થયેલ જોનાર વ્યક્તિ અન્ય વ્યક્તિને પૂછે છે, "તમારું નામ સુંદરદાસને ?" ઉત્તરમાં બીજી વ્યક્તિ જ્યારે ના પાડે છે ત્યારે તે કહે છે, "માફ કરજો, મારી ભૂલ થઈ." એમ કહી છૂટા પડે છે. પાછળથી પ્રથમ વ્યક્તિ

વિચારે છે કે સુંદરદાસ નામની કોઈ વ્યક્તિથી પોતે પરિચિત નથી છતાં તે નામ હૈયે આવી હોઠથી કેમ બોલાયું હશે? વિધિની વિચિત્રતા કે મનની કલ્પના ગણી તે પ્રશ્નને ઉપશમાવે છે અને પ્રસંગને વિસ્મૃત કરે છે. આ પૂર્વભવના પ્રસંગની ક્ષણિક સ્મૃતિ છે.

કોઈ વેળા સ્વજનો, સંબંધીઓ કે મિત્રો એકઠાં મળી અવનવા અનુભવ પ્રસંગોની વાત કરતા હોય, હળવા અથવા ભારે દિલથી ચર્ચા થતી હોય, ત્યારે કોઈને કોઈ પ્રસંગ અથવા સિદ્ધાંત વાત પોતે જાણેલી અથવા અનુભવેલી હોય એવું અંતરમાં ભાસન થાય, તે જાતિ-સ્મૃતિજ્ઞાનના સામાન્ય પ્રકારમાં લેખાય. અહીં તે શ્રોતાનું ચિત્ત, વર્ણિત થતા અનુભવ પ્રસંગમાં એકાએક લીન થાય; અંદરમાં થોડી ક્ષણો સુધી ઉહાપોહ થયો હોય છે અને સાંભળેલી વાત પોતાને પરિચિત છે એમ લાગે છે. તેની સ્તબ્ધતા જોઈ જ્યારે બીજા તેનાં કારણ માટે પ્રશ્ન કરે છે, ત્યારે તે પોતાની વાત જેમ છે તેમ કહી બતાવે છે. સહુને થોડું આશ્ચર્ય થાય છે; કોઈ તેને અભિનંદન આપે છે; કોઈએ આ જ્ઞાન સંબંધી જાણ્યું હોય, કે વાંચ્યું હોય તે આ શક્તિ કેળવવાની ઉમદા સલાહ આપે છે, કોઈ તેને કલ્પનાશીલ ઊર્મિવાળો ગણી અનુભવને કલ્પનાના પ્રતિબિંબ તરીકે ઓળખાવે છે અને તેને કલ્પનામાં ન રાચતાં, મનની નિર્બળતા અટકાવવાની સલુણી શિક્ષા આપે છે. તેમ છતાં એ અનુભવ સામાન્ય

જાતિસ્મૃતિજ્ઞાનનો એક નાનકડો ભાગ છે.

વળી કોઈ વેળા શાંત ચિત્તથી અને રસાસ્વાદપૂર્વક કોઈ વાર્તાનો ગ્રંથ કે નવલકથા કે આધ્યાત્મિક શાસ્ત્ર કે અન્ય કોઈ પુસ્તક વાંચતા હોઈએ, ત્યારે તેમાંની કોઈ વાત અથવા તેવો પ્રસંગ જાણે પોતે ક્યારેક અનુભવ્યો હોય તેવી સ્પષ્ટ છાપ અંદરથી ઉપસી આવે તો સમજવું કે તે જાતિસ્મૃતિજ્ઞાનનો કોઈ પ્રકાર છે. સામાન્ય રીતે તે વાંચતી વખતે ચિત્ત એકાએક સ્થિર થાય છે; તે સ્થિરતા થોડી ક્ષણો માટે હોય છે અને તેટલા અતિ અલ્પ કાળમાં પૂર્વાનુભવની સ્મૃતિ સન્મુખ થાય છે. આવું ક્યાંક જાણ્યું છે અગર અનુભવ્યું છે તેની જાણ થાય છે. પછી ખૂબ વિચાર કરતાં આ ભવમાં તો તેવું કાંઈ બન્યું નથી તેની ખાતરી થાય છે ત્યારે અનુભવના સમાધાનનો પ્રશ્ન કોયડારૂપ બને છે; ઉકેલ જડી શકતો નથી તેથી મૂંઝવણ ભરેલ પ્રશ્ન છૂટી જાય છે. કોઈક વિરલ વ્યક્તિ જ તેનો અંત લાવવા પ્રયત્ન કરે છે અને ભાગ્યશાળી થાય છે. સર્વને માટે આ કાર્ય થવું સુલભ નથી. સુલભ થવા માટે પૂરી જિજ્ઞાસા, ઉત્સાહ, ખંત અને ધીરજ હોવાં ઘટે છે.

કોઈ કુટુંબ સાથે ઓળખાણ થતાં અથવા ઓળખાણ વધ્યા પછી વિશેષ પરિચયમાં આવતાં, તેનાં કેટલાક સભ્યો પોતાના હોય તેમ અંતરમાં પ્રેરણા થાય, પારકાં નથી એમ લાગે તથા સ્વાભાવિક પ્રેમનું સ્ફુરણ

વહેવા માંડે તો માનવું કે આત્માએ કોઈ પૂર્વભવનાં સંબંધની અંદરમાં સ્મૃતિ લીધી છે અને પોતે પોતાને પ્રેરણા આપી તેની જાણુ પ્રગટ કરી છે. આ પ્રકારનો અનુભવ જાતિસ્મૃતિજ્ઞાનમાં આવે છે અને અત્યાર સુધી જણાવેલ અનુભવો કરતાં આ અનુભવ વિશિષ્ટ પ્રકારનો અને ઉચ્ચ કક્ષાનો છે. આ પ્રકારનો અનુભવ ઘણું કરી આત્મજ્ઞાનનો પ્રકાશ થઈ જ્ઞાનદશા વધ્યા પછી થાય છે; તેથી વિસ્મૃતિ થતી નથી એટલું જ નહીં પણ અનુભવનાર જ્ઞાની પુરુષ તે વ્યક્તિઓના આત્મકલ્યાણની સાધનામાં ઉત્તમ નિમિત્ત થાય છે; તેમને અધ્યાત્મમાર્ગમાં પ્રેરે છે અને માર્ગ પર ચડાવે છે.

**મુખ્ય જાતિસ્મૃતિજ્ઞાન :**

આ બીજા ભેદને પણ બે વિભાગમાં વહેંચી શકાય; (૧) આત્મજ્ઞાન પ્રથમનું અને (૨) આત્મજ્ઞાન પછીનું જાતિસ્મૃતિજ્ઞાન.

અગાઉ જણાવ્યું તે પ્રમાણે આત્મજ્ઞાન પ્રથમનું જાતિસ્મૃતિજ્ઞાન સાત વર્ષની વય પહેલાં થયું હોય તો તે ભૂલી જવાય છે અને પરમાર્થે ઉપકારી થતું નથી. તે વય સુધીમાં પૂર્વભવની સ્મૃતિમાં પોતાનું જન્મસ્થળ, ગામ, નામ ઉપરાંત પોતાના કુટુંબીજનો જેવાં કે મા, બાપ, પત્ની, પુત્રાદિનું નામ સહિત જ્ઞાન આવે છે. આવા ઘણાં સત્યસ્વરૂપ દૃષ્ટાંતો છાપાં કે પુસ્તક દ્વારા જાણવામાં આવ્યાં છે ને આવ્યાં કરશે.

સાત વર્ષની વય વીતાવ્યા બાદ ગમે ત્યારે પૂર્વ-ભવના પ્રસંગ કે પ્રસંગોનું જ્ઞાન અત્યંત ઉપકારી થાય છે; કેમકે તે જાતિસ્મૃતિજ્ઞાન તેને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અધિકારી બનાવે છે. તે જ્ઞાનના અપૂર્વ પ્રભાવથી પૂર્વે પોતે હતો, વર્તમાને છે એમ જણાયાથી આત્માના અસ્તિત્વ અને નિત્યત્વની પ્રતીતિ આવે છે. વળી વિશેષ વિચારથી પોતાને થતા શુભ અશુભ ભાવો તથા દેહાદિ સંબંધે સુખ દુઃખનું વેદન જોતાં પોતે જ કર્મોનો કર્તા-ભોક્તા છે એમ શ્રદ્ધા થાય છે અને વિચારની શ્રેણીમાં આગળ વધતાં શુભાશુભ ભાવનું મંદપણું અને ક્ષીણપણું અનુભવગમ્ય હોઈ તેનો ક્ષય પણ થઈ શકે એવો શ્રદ્ધા-ભાવ આવે છે, એટલે મોક્ષ છે એમ અંદરમાં શ્રદ્ધા આવે છે તથા ભાવોનો ક્ષય કરવા માટે સંયમાદિ સાધન ઉપયોગમાં લેવાય તો સિદ્ધિ મળે એ વાત તેના હૃદયમાં સહજતાએ ઉતરી જાય છે. આ રીતે આત્માનાં છ પદ તેની શ્રદ્ધામાં આવતાં આત્માનુભવરૂપ આત્મદશા પ્રાપ્ત થવી સુલભ થાય છે, કેમકે તેની જિજ્ઞાસાથી તેને યથા-યોગ્ય નિમિત્ત મળી રહે છે.

આત્મજ્ઞાન થવા પ્રથમનું અને સાત વર્ષની વય પછીનું જાતિસ્મૃતિજ્ઞાન આ રીતે અત્યંત ઉપયોગી, લાભદાયી અને ઉપકારી છે. તે પ્રગટવાના નિમિત્તમાં વર્તમાને બનેલ કોઈ ગંભીર પ્રસંગ કે પ્રસંગો અને તેની આત્મા પર પડેલી ઘેરી ઊંડી છાપ હોય છે; તે

ઘેરી છાપને લીધે અંતરંગમાં "આ શું ?", "આમ કેમ અને શા માટે?" "તે શું હશે?" વગેરે પ્રશ્નોથી આત્મા ઘેરાય છે અને સમાધાન માટે પરમ જિજ્ઞાસાથી ઉહાપોહ કરતાં કરતાં ઊંડા ચિંતનમાં પડી જાય છે. ચિંતનની ગુફામાં પ્રવેશતાં જાણે થાક લાગ્યો હોય ને ઊંઘમાં પડી જવાય અથવા જાણે ધક્કાની કળ ઊતરી ગઈ હોય ને શાંતિમાં ડૂબી જવાય તેમ તે બાહ્ય વાતાવરણની અસરથી મુક્ત થઈ સ્થિર, શાંત અને શૂન્ય થાય છે. તેવી સ્થિરતાવાળી સ્થિતિમાં પૂર્વભવમાં બનેલા પ્રસંગની સ્મૃતિ આવી, તાદૃશ્ય ચિત્ર ખડું થાય છે અને પ્રશ્નરૂપ કોયડાનો સુખદ ઉકેલ મળી આવે છે.

આત્મજ્ઞાન થયા પછીનું જાતિ સ્મૃતિજ્ઞાન ઘણું કરીને વહેલા અથવા મોડા થાય જ છે અને તે સહજપણે આવે છે. લગભગ દરેકને પૂર્વે પોતે કોણ હતો? કોના સંબંધમાં કેવી રીતે હતો? પોતે શું કર્યું હશે? ધર્મારાધન, લોકોપયોગી સત્કાર્યો વગેરે કેવાં કર્યાં હશે? એ આદિ ભાવો થયા હોય છે. તેથી તે પ્રકારનાં કર્મો બંધાઈ, નિકાચિત થઈ ઉદયગત થાય છે ત્યારે પૂર્વે અનુભવેલા પ્રસંગો અને તેની વાત સ્મૃતિમાં આવે છે જે સદ્‌ગુરુના નિમિત્તથી પોતાને જ્ઞાન થયું છે, તે ગુરુદેવ સાથે પોતાના પૂર્વ સંબંધો કેવા પ્રકારના હતા એ વગેરે વિગતનું જ્ઞાન તેને થાય છે. સંસાર સગપણના સંબંધો, સત્સંગસંબંધો, પારમાર્થિક સંબંધો જેમ હતા

તેમ ધીમે ધીમે, ટુકડે ટુકડે અથવા સળંગ સ્મૃતિમાં પ્રકાશિત થાય છે. જેમ જેમ મતિજ્ઞાન નિર્મળતાને પામતું જાય છે અને આત્મદશા ઉચ્ચતાનાં એક પછી એક શિખરને પ્રાપ્ત થતી જાય છે, તેમ તેમ પૂર્વના ભવો વધારે ને વધારે જ્ઞાનદૃષ્ટિમાં આવે છે; પ્રસંગો ને ભવોની સંખ્યાની સ્મૃતિનું પ્રમાણ વધી જાય છે. જ્ઞાની પુરુષોને વર્ધમાન પામતાં જાતિસ્મૃતિજ્ઞાનથી ઉત્તમ લાભ એ થાય છે કે તેમના અંતરમાં રહેલ વૈરાગ્ય વિશેષ વિશેષ પ્રદીપ્ત થાય છે, રાગાદિ ભાવો પર અદ્‌ભુત કાબુ પ્રકાશિત થઈ પરમ ઉદાસીનતા પ્રગટ થાય છે અને સંયમના સુવાસિત ફૂલડાં મઘમઘી ઊઠી, આત્માની જ્યોતિનાં તેજને વિશેષ અજવાળી તેજોમય બનાવે છે. આવું છે અદ્‌ભુત સામર્થ્ય જાતિસ્મૃતિજ્ઞાનનું; આવી છે તે પવિત્ર જ્ઞાનની ચમત્કૃતિ; આવો છે તેનો પરમ ઉપકારી પ્રભાવ!

## જાતિસ્મૃતિજ્ઞાન થવાનાં નિમિત્તો:

"આ કાળમાં પણ કોઈ કોઈ મહાત્માઓ ગત-ભવને જાતિસ્મરણજ્ઞાન વડે જાણી શકે છે; જે જાણવું કલ્પિત નહીં પણ સમ્યક્ હોય છે. ઉત્કૃષ્ટ સંવેગ, જ્ઞાનયોગ અને સત્સંગથી પણ એ જ્ઞાન પ્રાપ્ત થાય છે, એટલે શું કે તે ભૂતભવ પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે.

"જ્યાં સુધી ભૂતભવ અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી ભવિષ્યકાળનું ધર્મપ્રયત્ન શંકાસહ આત્મા કર્યા

કરે છે અને શંકાસહ પ્રયત્ન તે યોગ્ય સિદ્ધિ આપતું નથી. 'પુનર્જન્મ છે' આટલું પરોક્ષે-પ્રત્યક્ષે નિઃશંકત્વ જે પુરુષને પ્રાપ્ત થયું નથી, તે પુરુષને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોય એમ શાસ્ત્રશૈલી કહેતી નથી."

—શ્રીમદ્ રાજચંદ્રજી, પત્રાંક (૬૪)

સામાન્ય જાતિસ્મૃતિજ્ઞાનના પ્રકારોનું વર્ણન આગળ આપ્યું હતું ત્યાં તે જ્ઞાન થવાનાં સામાન્ય નિમિત્તો જણાવ્યા હતા, જેમકે પૂર્વે જોયેલ સ્થળ અથવા દૃશ્ય પૂર્વે સાંભળેલ વાત અથવા પ્રસંગકથા એ આદિ બીજા ભવે પુનઃ અનુભવમાં આવવાં. અહીં મુખ્ય જાતિસ્મૃતિ-જ્ઞાન ઉદ્ભવવાનાં કારણો દર્શાવ્યા છે અને તે ખૂબ જ મહત્ત્વનાં છે. તેમાં પ્રથમ છે ઉત્કૃષ્ટ સંવેગ. સંવેગ શબ્દનો અર્થ છે સમ્યક્ પ્રકારનો વેગ; આત્માના ભાવની ગતિ પરભાવથી છૂટી સ્વભાવ તરફ વળી ઉચ્ચતમ સ્તરને પહોંચવાની ઉત્કૃષ્ટ અભિલાષા તે સંવેગ; અથવા આત્માની પરમ શુદ્ધતાની એટલે મોક્ષની પરમ ઈચ્છા તે સંવેગ. સંવેગ આવવાનું કારણ છે નિર્વેદ એટલે સંસારસુખની અનભિરુચિ; નિર્વેદ અવસ્થા સત્શ્રદ્ધાના બળથી જન્મ પામે છે; શ્રદ્ધા એટલે અનિત્ય અને અશરણરૂપ સંસારનું સત્યસ્વરૂપ અને ચૈતન્યનું નિત્યત્વ તથા સહજ અવ્યાબાધ સુખસ્વરૂપ બતાવનાર સત્પુરુષનાં અમૃતવચનોમાં તલ્લીનતા. આથી જ અનંતકાળથી રખડતા, રઝળતા અને સંસારદુઃખોની લાતો ખાતા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિજાત્માની

દયા, અને અનુકંપા આવતાં તે જ સ્વરૂપ પ્રગટ કરવાની હોંશ, જિજ્ઞાસા તથા તાલાવેલી જાગવાથી, તે ભાવોમાં રમ્યા કરવાથી, ચિત્ત ત્યાં ચોંટી રહેતું હોવાથી, "હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?" એના વિચારમાં લીન થવાથી એક સુભગ પળે જાતિસ્મૃતિ-જ્ઞાન પ્રગટ થાય છે.

બીજું નિમિત્ત કારણ છે, જ્ઞાનયોગ. જ્ઞાન એટલે તત્ત્વજ્ઞાન અને યોગ એટલે જોડાવું, એકરૂપ થવું, એક-તાર થવું; આથી જ્ઞાનયોગ એટલે જે ત્રિકાળી શુદ્ધ અનુપમ તત્ત્વ છે, તેમાં એકતાર થવાનો સત્ય પુરુષાર્થ એ જ્ઞાનયોગ. તેની પ્રાપ્તિ માટેનાં જે જે સાધનો છે તેમાં એકલય લાવી નિષ્ઠાપૂર્વક સાધના કરવી તે પણ જ્ઞાનયોગ-માં સમાય છે. જ્ઞાનયોગમાં મુખ્યપણું નિજ શુદ્ધાત્માનું છે; પ્રધાન અવલંબન તેનું જ છે; એકલક્ષી ધ્યેય-બિંદુ પણ તે જ છે. સાધનાકાળમાં ઉદાસીનતાસંયુક્ત ચિત્તસ્થિરતા જ્યારે સદ્‌ભાગ્યયોગે આવી જાય છે, અને મન બાહ્ય ઉપાધિથી વિરક્ત થઈ શાંત થાય છે, ત્યારે પૂર્વે કોઈ વેળાએ ગતભવ જાણવાની જિજ્ઞાસાએ કરી, નિકાચિત કર્મબંધન ઉપાર્જન કર્યું હોય તે ઉદયગત થતાં પૂર્વભવ વા ભવો સ્મરણરૂપ થાય છે; ક્યારેક વળી પૂર્વે આરાધન કરેલાં વન, ઉપવન આદિ ક્ષેત્રો, જ્ઞાનચર્ચા આદિ પ્રસંગો અને ધ્યાન સમાધિયોગો દિવ્ય દૃષ્ટિ સન્મુખ તાદૃશ્ય થાય છે.

ત્રીજું કારણ સત્સંગ કહ્યું છે. સત્સંગનું માહાત્મ્ય અપાર છે; તેનાં ઉત્તમ ફળોથી તે ઉત્કૃષ્ટતાએ શોભે છે. "સત્સંગ મળ્યો કે તેના પ્રભાવ વડે વાંછિત સિદ્ધિ થઈ જ પડી છે. ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે. સત્સંગનો સામાન્ય અર્થ એટલો કે ઉત્તમનો સહવાસ....આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ....જ્યાં શાસ્ત્રોનાં સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન-ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોનાં ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહેરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંત વિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે.

પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો સંગ તે સત્સંગ કહ્યો છે. મોટા પુરુષના સંગમાં નિવાસ છે, તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ, કારણ એના જેવું પરમ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી અને સાંભળ્યું નથી."

"અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે, જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે."

—શ્રીમદ્ રાજચંદ્રજી

સત્પુરુષ કે જ્ઞાનીપુરુષના પવિત્ર સત્સંગનો અપૂર્વ યોગ પ્રાપ્ત થવો જો કે દુર્લભ છે, તો પણ કોઈ મહા

પરમાર્થ પુણ્યના ઉદયે તેવો જોગ બને ત્યારે પૂર્વભવની સ્મૃતિ થવી સુલભ થાય છે; પોતાનું જ્ઞાન-દર્શનને આવરણ કરનારું કર્મ હળવું હોવું જોઈએ એ નિયમ તો છે જ. એવા પુરુષની શાંત મુખમુદ્રાના દર્શન, પવિત્ર હૃદયગંગામાંથી પ્રવહતી અમૃતસ્વરૂપ વાણી એ આદિના પ્રભાવથી સત્સંગીના અંતરમાં જાગૃતિ આવે છે અને એથી પ્રભાવિત થયેલું તેનું ચિત્ત ચિંતનની ઊંડી ગુફામાં સરી પડે છે અને ગતભવમાં તે પુરુષ સાથે થયેલ સમાગમ યોગો તથા બીજા પ્રસંગોરૂપ મૌક્તિકો તેના હાથમાં આવે છે. કોઈ વાર સમસ્વભાવી અને પોતાના જેવી યોગ્યતા ધરાવનાર પુરુષો સાથેનો સત્સંગ, જેમાં આત્માના વૈભવની સુકથા થતી હોય, સત્પુરુષના ગુણસમૂહની વહાલી કથની કહેવાતી હોય અને આનંદતરંગની લહેરીઓ છૂટતી હોય, તેવા અમૂલ્ય સત્સંગથી પણ ચિત્ત શાંત થાય છે, રાગદ્વેષની પરિણતિ-રૂપ સાંકળ તૂટી જાય છે અને હૃદય આનંદવિભોર બની એકાગ્ર અને સ્થિર થતાં પૂર્વભવનું જ્ઞાન પ્રગટ થાય છે.

"આમ આ ત્રણે નિમિત્તકારણોથી ભૂતભવ પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે" એટલે મનઃચક્ષુ સમક્ષ તે દૃશ્યરૂપ થાય છે. જાતિસ્મરણજ્ઞાનનું માહાત્મ્ય દર્શાવતાં વચનો શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રકાશ્યાં તે મુજબ જ્યાં સુધી ગતભવ અનુભવગમ્ય ન થાય ત્યાં સુધી ધર્મપ્રયત્ન

શંકાસહ થતું હોવાથી યોગ્ય સિદ્ધિ આપતું નથી. જાતિસ્મૃતિ-જ્ઞાન થવાથી આત્માના અસ્તિત્વ અને નિત્યત્વ સંબંધે નિઃશંકપણું આવે છે. આ નિઃશંકતા પરોક્ષપણે અથવા પ્રત્યક્ષપણે થવી જ જોઈએ; તે ન હોય ત્યાં સુધી આત્મજ્ઞાન થયું હોય એમ શાસ્ત્રશૈલી કહેતી નથી. એનો અર્થ એ થયો કે પોતાનો પૂર્વભવ કાં તો પોતાના જાતિસ્મરણજ્ઞાનથી પોતે જાણે અને નિઃશંક થાય અથવા કોઈ સદ્‌ગુરુ કહી બતાવે એટલે પરોક્ષપણે જાણે અને તે કારણથી નિઃશંક થાય. કોઈવાર શ્રી સદ્‌ગુરુ પૂર્વ-ભવનો કોઈ અગત્યનો પ્રસંગ જણાવે છે ત્યારે શિષ્યના જ્ઞાન આડેનો પડદો ખસી જાય છે અને પોતાને તેની સ્મૃતિ પ્રત્યક્ષપણે આવે છે, તો વળી કોઈવાર જ્ઞાનાવર-ણીય તેમ દર્શનાવરણીય કર્મો ભારે ઉદયમાં હોય તેથી શ્રી ગુરુએ કહેલી ગતભવની કથા પોતે સ્મૃતિમાં ન લાવી શકે તો પણ તેની શ્રી ગુરુદેવમાં અડોલ શ્રદ્ધા હોવાને લીધે તે વાતનો નિઃશંકપણે સ્વીકાર તેના આત્મામાં થાય છે અને ત્યાં જ પરિણામ પામે છે. એમ પણ બને છે કે ક્યારેક સત્પુરુષ પોતાના અદ્‌ભુત વચન-બળથી કોઈ મનુષ્ય કે સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના જીવને તેના કલ્યાણાર્થે બોધ આપે છે, પૂર્વભવનો પ્રસંગ કહી સંભળાવે છે અને તેની સ્મૃતિ કરાવે છે. શાસ્ત્રમાં આવા ઘણા દૃષ્ટાંતો સુપ્રસિદ્ધ છે, જેમાં શ્રી મહાવીર પ્રભુએ ચંડકૌશી નાગને પ્રતિબોધીને જાતિસ્મરણજ્ઞાન કરાવ્યું હતું તે પ્રધાનતાએ શોભે છે.

## જાતિસ્મૃતિજ્ઞાન ચારે ગતિઓમાં થાય છે.

શ્રી જિનેશ્વરદેવનો સિદ્ધાંત છે કે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં નિમિત્તોમાં જાતિસ્મૃતિજ્ઞાન પણ એક કારણ છે અને તેનો લાભ મનુષ્ય, દેવ, નારકી તથા તિર્યંચગતિના સંજ્ઞી જીવને મળી શકે છે. જાતિસ્મૃતિજ્ઞાન થવાનાં નિમિત્તોનું વિવેચન પૂર્વ અપાઈ ગયું છે. આ જ્ઞાનની પ્રાપ્તિ સર્વ ગતિની અપેક્ષાએ મનુષ્યગતિમાં વિશેષતાએ અને સુલભતાએ થાય છે. મનુષ્ય પોતા થકી કે પરના નિમિત્ત થકી તે જ્ઞાન મેળવી શકે છે; નારકી મુખ્યતાએ પોતાના જ બળથી અને કવચિત્ જ પરના આશ્રયથી પૂર્વભવની સ્મૃતિ કરે છે; નરકગતિના જીવોમાં કોઈ કોઈ જ તેવું જ્ઞાન લેવા ભાગ્યશાળી થાય છે; સંજ્ઞી તિર્યંચ જીવોમાં ઉત્પન્ન થતું આ જ્ઞાન મુખ્યતાએ પરના બોધ અને આલંબન ઉપર આધારિત છે, અપવાદમાં ક્યારેક જ પોતા થકી થાય.

હવે દેવગતિના જીવો સંબંધે વિચારીએ. આ ગતિમાં સર્વ જીવોને જન્મથી જ સહજ અવધિજ્ઞાન હોય છે; તેના ઉપયોગથી તે જીવો પોતાના ગતભવ જોવા જાણવા સમર્થ છે. અવધિજ્ઞાનનું ન્યૂનાધિકપણું ભલે હો, પણ તેઓ બધા ગતભવ તો જોઈ જાણી શકે છે; અને જ્યારે તેમ છે તો પૂર્વભવનું જ્ઞાન થતું હોવાના કારણે તે સમસ્ત જીવો આત્મજ્ઞાનની પ્રાપ્તિના અધિકારી નિયમ મુજબ થાય છે; પરંતુ તે સર્વને સમકિત થતું નથી એ

પણ સત્ય હકીકત છે. તો તેનું કારણ શું ? ગતભવ જોવા જાણવાનું કાર્ય મતિજ્ઞાનથી ( જાતિસ્મૃતિજ્ઞાનથી ) તથા અવધિજ્ઞાનથી થાય છે. ત્યાં ઉપયોગની દૃષ્ટિએ સમાનતા અને ફળની અપેક્ષાએ ભિન્નતા શા માટે ? તે બન્ને જ્ઞાન વચ્ચે તફાવત શો ? આ પ્રશ્ન જરૂર ઉપસ્થિત થાય ( નારકી જીવોને પણ જન્મથી સહજ અલ્પ અવધિજ્ઞાન છે એટલે ત્યાં પણ તે જ પ્રશ્ન ઉદ્ભવ પામે છે ).

તેના સમાધાન માટે આટલું વિચારવું યોગ્ય છે. અવધિજ્ઞાનમાં ઉપયોગ મૂકવો પડે છે તે ખરું છે, પરંતુ તે સહજ છે અને ત્યાં ઊંડું ચિંતન નથી, જાતિસ્મૃતિજ્ઞાન વખતે ઊંડા ચિંતનમાં પડી જવાય છે; અવધિજ્ઞાનમાં વિશેષ જિજ્ઞાસા, ઉહાપોહ તેમજ ઝૂરણાં નથી, જ્યારે તે બધી અવસ્થાઓ જાતિસ્મૃતિજ્ઞાન લેતી વેળાએ હોય છે; અવધિજ્ઞાનમાં અંતર્ સ્થિરતા નથી, બીજામાં છે; પહેલામાં વૈરાગ્યની ઝલક પણ નથી જ્યારે બીજામાં વૈરાગ્યનું મુખ્યપણું છે. આથી અવધિજ્ઞાનથી પૂર્વભવ જોવા જાણવા છતાં તે પ્રસંગ કે પ્રસંગોની આત્મા પર વૈરાગ્યભાવની અસર થવા પામતી નથી, આત્માના અસ્તિત્વ, નિત્યત્વ આદિ પદ સંબંધે સુવિચારણા કરવા જેટલો અવકાશ નથી હોતો અને તેથી જોવા જાણવાનું કાર્ય ઈન્દ્રિયો અને મનના કાર્યોની પેઠે સામાન્ય થઈ જાય છે; પરંતુ જાતિસ્મૃતિજ્ઞાનથી જાણેલ પૂર્વભવનો પ્રસંગ (પ્રસંગો) વિશેષ વૈરાગ્યને પ્રેરે છે, તેની આત્મા પર

દૃઢ અને ગાઢ છાપ પડે છે, તેથી વિશિષ્ટ પ્રકારની સુવિચારણાનો જન્મ થાય છે અને વૃત્તિ સ્વરૂપ પ્રતીતિ કરવા પ્રતિ વળે છે. આ પરથી જણાશે કે દેવને તથા નારકીને પૂર્વભવનું જ્ઞાન, અવધિજ્ઞાન દ્વારા થતું હોવા છતાં તે આત્મજ્ઞાન માટે અધિકારીપણું આપવા સમર્થ નથી.

તે જ પ્રમાણે મનુષ્ય અને તિર્યંચ( સંજ્ઞી )ગતિના કોઈ કોઈ અજ્ઞાન જીવોને પણ અવધિજ્ઞાન થવાનું શ્રી જિને સ્વીકાર્યું છે અને તેમ છતાં તે જ્ઞાન તે જીવોને પરમાર્થે ઉપકારી થવાનું કહ્યું નથી; તેનું કારણ ઉપરના વિવેચનથી જાણવું. અજ્ઞાનદૃષ્ટિ જીવોને જે અવધિજ્ઞાન છે તેને કુઅવધિજ્ઞાન કહ્યું છે; કેમકે મતિજ્ઞાનની સમલ સ્થિતિને લીધે કંઈ કંઈ નિજ કલ્પનાઓ અવધિજ્ઞાનમાં ઓછા અથવા વધતા પ્રમાણમાં ભળી જાય છે અને જ્ઞાનને દૂષિત કરે છે; તે જ્ઞાનમાં સત્ય અને અસત્યનું મિશ્રણ હોય છે; ક્યારેક કલ્પનાનાં બળથી કંઈક જુદું જુએ છે, તેમ જાણે છે.

સંજ્ઞી તિર્યંચ ગતિના જીવોને ઘણું કરી જ્ઞાની પુરુષના પરમ ઉપકારી નિમિત્તથી જાતિસ્મૃતિજ્ઞાન થાય છે; કોઈક જ જીવને પૂર્વ સંસ્કારોની જાગૃતિથી તે જ્ઞાન થવું સંભવે છે. કોઈ જીવે ધર્મભાવમાં અજ્ઞાનપણે રહી આરાધન કર્યું હોય ત્યારે અથવા ત્યાર પછી માયા-કપટાદિના ઉતારી પાડે એવા દોષો કર્યા હોય તેવા જીવને પૂર્વનું શુભ આરાધન કર્યાની સ્મૃતિ દુઃખોના વેદનકાળે

થવા સંભવ છે; આ દુઃખો શાથી, શા માટે એ પ્રશ્નના સમાધાન માટે અંતરમાં થતો ઉહાપોહ ક્વચિત્ જાતિ-સ્મૃતિજ્ઞાન ઉત્પન્ન કરે છે.

નરકગતિના જીવો માટે પણ ઉપર કહ્યું તેમ સમજવું. તે ઉપરાંત ઉપરની નરકોમાં વસતા નારકી-ઓને પોતાના પૂર્વ ભવના કોઈ સમ્યક્દૃષ્ટિ મિત્રદેવ જાતિસ્મૃતિજ્ઞાન કરાવે છે અથવા ભાવિ તીર્થંકર જેવા સમ્યક્દૃષ્ટિ મહાત્માઓ–જેઓ પોતાની પૂર્વની ભૂલોને લીધે નરકગતિને વર્યા હોય, તેઓ અન્ય ઋણાનુબંધી નારકીઓને પૂર્વની સ્મૃતિ કરાવી તેમનું કલ્યાણ કરે છે. સમ્યક્દષ્ટિ મહાત્માઓ જયાં હોય ત્યાં માત્ર કલ્યાણનું કાર્ય કરતા હોય છે; તેમનું જીવન પોતાનાં કર્મોની નિવૃત્તિ માટે અને લોકહિતની આવૃત્તિ માટે હોય છે.

## જાતિસ્મૃતિજ્ઞાનવાન ગત ભવ કેવી રીતે દેખે છે?

આ સંબંધમાં પરમકૃપાળુ આત્મજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનો અહીં ઉતારીએ છીએ.

"નાનપણે કોઈ ગામ, વસ્તુ આદિ જોયાં હોય અને મોટપણે કોઈ પ્રસંગે તે ગામાદિનું આત્મામાં સ્મરણ થાય છે તે વખતે, તે ગામાદિનું આત્મામાં જે પ્રકારે ભાન થાય છે, તે પ્રકારે જાતિસ્મરણજ્ઞાનવાનને પૂર્વભવનું ભાન થાય છે. કદાપિ આ ઠેકાણે એમ પ્રશ્ન થશે કે, 'પૂર્વભવમાં અનુભવેલાં એવા દેહાદિકનું

આ ભવમાં ઉપર કહ્યું તેમ ભાન થાય એ વાત યથાતથ્ય માનીએ, તો પણ પૂર્વભવમાં અનુભવેલાં એવા દેહાદિ અથવા કોઈ દેવલોકાદિ નિવાસસ્થાન અનુભવ્યાં હોય તે અનુભવની સ્મૃતિ થઈ છે અને તે અનુભવ યથાતથ્ય થયો છે, એ શા ઉપરથી સમજાય ?

"તો એ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છેઃ–

"અમુક અમુક ચેષ્ટા અને લિંગ તથા પરિણામ આદિથી પોતાને તેનું સ્પષ્ટ ભાન થાય છે, પણ બીજા કોઈ જીવને તેની પ્રતીતિ થવા માટે તો નિયમિતપણું નથી. કવચિત્ અમુક દેશમાં, અમુક ગામ, અમુક ઘેર, પૂર્વે દેહ ધારણ થયો હોય અને તેનાં ચિહ્નો બીજા જીવને જણાવવાથી તે દેશાદિનું અથવા તેનાં નિશાનાદિનું કંઈપણ વિદ્યમાનપણું હોય તો બીજા જીવને પણ પ્રતીતિનો હેતુ થવો સંભવે; અથવા જાતિસ્મૃતિજ્ઞાનવાન કરતાં જેનું વિશેષ જ્ઞાન છે તે જાણે. તેમ જ જેને જાતિસ્મૃતિજ્ઞાન છે, તેની પ્રકૃતિ આદિને જાણતો એવો કોઇ વિચારવાન પુરુષ પણ જાણે કે આ પુરુષને તેવાં કંઈ જ્ઞાનનો સંભવ છે અથવા જાતિસ્મૃતિ હોવી સંભવે છે; અથવા જેને જાતિસ્મૃતિજ્ઞાન છે, તે પુરુષના સંબંધમાં કોઈ જીવ પૂર્વભવે આવ્યો છે, વિશેષે કરીને આવ્યો છે, તેને તે સંબંધ જણાવતાં કંઈપણ સ્મૃતિ થાય તો તેવા જીવને પણ પ્રતીતિ આવે."

—શ્રીમદ્ રાજચંદ્રજી.

ઉપરનાં વચનોમાં સહુના અનુભવરૂપ વ્યવહારિક દૃષ્ટાંતથી સમજાવ્યું કે જેમ નાની વયે ગામ, શેરી, ઘર, મિત્ર, કુટુંબીજનો આદિ જોયા હોય અને પછી મોટી વયે કોઈ વાતચીત, સ્વભાવ આદિની ચર્ચા વગેરે પ્રસંગના નિમિત્તથી આત્મામાં પૂર્વે જોયેલાં અને અનુભવેલાં તે ગામ આદિ સ્મૃતિરૂપ થાય છે અને જે રીતે તેનું આત્મામાં ભાન થાય છે, તેમ જાતિસ્મૃતિજ્ઞાનવાનને તે પ્રકારે પૂર્વભવના પ્રસંગ કે પ્રસંગોનું કોઈ નિમિત્ત પામીને ભાન થાય છે એટલે પૂર્વભવના પ્રસંગનું આબેહૂબ ચિત્ર પોતાના મનઃચક્ષુ સમક્ષ ખડું થાય છે. જેમ થિયેટરમાં પડદા પર ચલચિત્ર જોઈએ છીએ તેમ ચિત્તની સ્થિર અને શાંત અવસ્થામાં દિવ્ય આકાશના પડદા પર પૂર્વભવના પ્રસંગનું ચિત્ર દેખાય છે.

તે દૃશ્યમાં ક્યારેક ગામ, નગર, ઘર, કિલ્લા આદિ દેખાય છે, તો ક્યારેક તે ઉપરાંત પૂર્વની અમુક સંબંધિત વ્યક્તિ કે વ્યક્તિઓ પણ જોવામાં આવે છે. ઘણું કરીને વ્યક્તિની દેહાકૃતિ વર્તમાન ભાવમાં જેવી હોય તેવી દેખાય છે અને તેથી ઓળખવાનું કાર્ય સુલભ બને છે; ઉદાહરણ તરીકે આ ભવમાં એક મિત્રની પુત્રી છે (અથવા હતી) તેના તે જ દેહે તે જ્ઞાનમાં પોતાના પૂર્વભવમાં પોતાની પુત્રીરૂપે હતી એમ જણાય તેથી તેને તુરત ઓળખી શકાય અને પૂર્વના સગપણ સંબંધનું જ્ઞાન પણ થાય. કોઈ વખત વ્યક્તિ ન ઓળખી

શકાય એવા દેહે દેખાય, ત્યારે બે વિકલ્પની શકયતા છે કે તેવી દેહધારી વ્યક્તિ કાં તો પૂર્વભવના સંબંધવાળી હોય અને પૂર્વભવમાં તેનો જે દેહ હતો તે દેહરૂપે દેખાય અથવા તો તે વર્તમાન ભવમાં વિદ્યમાન હોય પરંતુ તેની સાથેનો પરિચય હજુ સુધી થયો ન હોય તેમ બને. આ રીતે થાય ત્યારે ઓળખવાનું કાર્ય કઠણ અને એ સમજાય તેવું છે. આવી સ્થિતિમાં પ્રથમ વિકલ્પે જે અપરિચિત દેહાકૃતિ ધરાવતી વ્યક્તિ જોવામાં આવે છે ત્યારે અંદરમાં, કોણ હશે ? એ પ્રશ્ન થતાં તેની ઓળખાણ આપતું જ્ઞાન સહસા વિલંબ વગર અંતર્પ્રેરણાથી આવી જાય છે; તેથી વર્તમાનમાં પરિચિત વ્યક્તિનો દેહ પૂર્વે કેવા પ્રકારનો હતો અને પોતાની સાથે કેવા સંબંધે હતો તે જણાઈ જાય છે. મોટા ભાગના દાખલાઓમાં ઘણું કરીને આમ બને છે; છતાં કયારેક ઓળખાણ ન થવાનો કોયડો અણઉકેલ પણ રહે છે; ત્યાં પણ જો યથાર્થ જિજ્ઞાસાથી ઉકેલ માટેનો પુરુષાર્થ કરવામાં આવે તો અદૃષ્ટ જ્ઞાન દૃષ્ટ થઈ શકે છે. બીજા વિકલ્પમાં પરિચયમાં નહીં આવેલ એવી દેહાકૃતિવાળી વ્યક્તિ વિદ્યમાન હોય, તો તે વહેલે અથવા મોડે સંબંધમાં આવે છે અને ત્યારે પૂર્વે અનુભવેલ સ્થિતિની સ્મૃતિ થતાં કોયડાનો ઉકેલ સહજ થઈ જાય છે. સમાધાન થવાનો અથવા ન થવાનો આધાર જ્ઞાન અને દર્શનને આવરણ કરનાર કર્મોના ક્ષયોપશમ ઉપર રહ્યો છે તે નિયમ નિરંતર

સ્મૃતિમાં રાખવો; ક્ષયોપશમ શક્તિ વધારે હોય તો સમાધાન થવાનું જ અને જો ઓછી હોય તો પ્રશ્ન પ્રશ્ન-રૂપે રહેશે.

કોઈ પુરુષને ઉચ્ચ ગતિ પામેલા કોઈ જ્ઞાની મહાત્મા અથવા મહાપુરુષનાં પરમ કલ્યાણકારી વચનો વાંચતાં કે સાંભળતાં તે જ્ઞાનીપુરુષની અવિદ્યમાનતા હોવા છતાં, ન સમજાય તેવો પ્રેમ હૃદયમાં પ્રગટે તો સમજવું કે તે પુરુષને તે મહાપુરુષ સાથે પૂર્વનો શુભ સંબંધ કોઈ પ્રકારે હોવો જોઈએ, અને આ ભવમાં તો થયો નથી તે તો નિશ્ચયરૂપ વાત છે. હવે તે પુરુષ જેમ જેમ વાંચે છે, વિચારે છે, સમજે છે, તેમ તેમ તેઓ તે મહાપુરુષ પ્રત્યે પ્રેમભાવ ઊછળી ઊછળીને વધતો જાય છે, અત્યંત અહોભાવ પ્રગટ થઈ તેના આત્માને પ્રેમામૃતરસથી ભીંજવી દે છે અને પછી તો જાગૃત થયેલ તેના આત્મામાં તે મહાપુરુષ સાથે પોતાનો કેવા પ્રકારનો સંબંધ પૂર્વ ભવમાં થયો હશે તે જાણવાની તીવ્ર તમન્ના ઉત્પન્ન થાય છે, તેનું ચિત્ત તે એક જ ભાવમાં બળવાનપણે કેન્દ્રિત થઈ જાય છે, તેમાંથી છૂટવું હોય તોપણ ન છૂટી શકાય તેવી વેગવાળી વૃત્તિ રહ્યા જ કરે છે, કહો કે તેનું હૃદય તેની પાછળ ઘેલું બની જાય છે. જિજ્ઞાસા, તમન્ના અને ધ્યેયની એક લયને કારણે તેને જાતિસ્મૃતિ-જ્ઞાન થાય છે, જેમાં તે મહાપુરુષ સાથેના પોતાના પૂર્વ સંબંધ પ્રસંગો દૃષ્ટિગોચર થાય છે. તેની ઇચ્છાનું ફળ

પ્રાપ્ત થયા પછી તેના આત્મામાં જબ્બર પરિવર્તન થાય છે અને આત્મદશા જલદીથી વધે છે.

જાતિસ્મૃતિજ્ઞાનનો એક બીજો પ્રકાર જોઈએ. આ પ્રકારમાં પૂર્વભવના પ્રસંગ અથવા પ્રસંગોની સ્મૃતિ આવીને તે જ્ઞાનમાં ભાસે છે પણ પ્રસંગો દશ્યરૂપ થતા નથી, એટલે જ્ઞાન થાય છે પરંતુ દર્શન થતું નથી. આ અનુભવમાં પ્રસંગોને દર્શાવતા વિચારોનો નિર્મળ પ્રવાહ ક્રમબદ્ધ વહેતો હોય છે અને અનુભવનાર તેનું જ્ઞાન સ્પષ્ટપણે કરે છે. પહેલાં આમ બન્યું, પછી આમ અને ત્યાર પછી આમ એ રીતે બનેલા પ્રસંગોનું જ્ઞાન વિચાર-ધારાથી પ્રગટ થાય છે, જાણે કેમ કોઈ કુશળ કથાકાર કોઈ શાસ્ત્ર કથાનું ક્રમસર સુંદર વર્ણન કરતા હોય અને આપણે શાંત ચિત્તથી સાંભળતા હોઈએ તેમ અનુભવ થાય છે. જ્ઞાન થવું પણ દર્શન ન થવું તેના કારણમાં તે વખતે અનુભવ કરનારને જ્ઞાનાવરણ કર્મનો વિશેષ ક્ષયોપશમ હોવાથી જ્ઞાનનો ઉઘાડ છે તેથી જ્ઞાન થાય છે પરંતુ દર્શનાવરણ કર્મનો ઇષ્ટ ક્ષયોપશમ ન હોવાથી પ્રસંગો દર્શનરૂપ થતા નથી. આ પ્રકારની સ્મૃતિનો અનુભવ ઘણું કરીને જ્ઞાનદશા આવ્યા પછી થાય છે અને કવચિત્ જ આત્મજ્ઞાન થતાં પહેલાં થાય છે. આ પણ એક ઉપયોગી પ્રકાર છે અને તેની અસર ઊંડી અને ઘેરી હોય છે.

## આ પૂર્વભવનું જ્ઞાન છે એમ શા પરથી સમજાય?

પૂર્વભવમાં અનુભવેલાં દેહ, સ્થાન, ઘર તથા પ્રસંગાદિનું જ્ઞાન ઉપર કહ્યું તેમ આ ભવમાં થાય એ વાત સ્વીકારીએ તો પણ તે પૂર્વભવના અનુભવની સ્મૃતિ થઈ છે ને તે અનુભવ યથાતથ્ય એમ જ છે, એ શા ઉપરથી સમજાય? વિચારના ચક્રમાં અટવાયેલા ચિત્તમાં તે વિચારોની પડેલી છાપ જેમ સ્વપ્નમાં પ્રતિબિંબિત થાય છે તેમ આ ભવમાં ગુપ્તપણે કે પ્રગટપણે પોતે જ કરેલા ભાવો આ પ્રકારે પ્રતિબિંબિત થઈ તેનું ભાન કરાવે છે, એમ કેમ ન હોય?

એ પ્રશ્નના સમાધાન માટે પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનો શરૂમાં ટાંકયાં છે; ત્યાં કહ્યું હતું કે અમુક અમુક ચેષ્ટા અને લિંગ તથા પરિણામ આદિથી પોતાને તેનું સ્પષ્ટ ભાન થાય છે, એ વચનોને વિશેષતાએ સમજીએ. એ તો નિયમ છે કે કોઈ પણ જીવના પૂર્વનાં ભાવો, વિચારો, ટેવો, આદતો, ચેષ્ટાઓ આદિની પરંપરા ત્યાં સુધી ચાલે છે કે જ્યાં સુધી તેમને સત્પુરુષાર્થબળથી નકાર વર્તાવી અટકાવવામાં ન આવે. પૂર્વભવની મુખ્ય મુખ્ય ચેષ્ટાઓ અને ભાવોની પરિણતિ આ ભવમાં મુખ્યતાએ ચાલી આવી દષ્ટિગોચર થાય છે. અમુક પ્રકારે બેસવું, અમુક રીતે ચાલવું, અમુક શૈલીથી વાત કરવી, અમુક ઢબથી વર્તના કરવી, અમુક પ્રકારે અંગમરોડ કરવા, અમુક રીતે હસવું ઈત્યાદિ

ચેષ્ટાઓ આદતરૂપ થઈ જાય છે અને બીજા ભવે તે પ્રકાર એ જ પ્રમાણે ચાલ્યો આવે છે. તેથી પોતાની ટેવો, આદતો, ચેષ્ટાઓ પોતાને સુપરિચિત હોવાથી તેના આધારે પૂર્વભવના અનુભવની સ્મૃતિ પ્રતીતિરૂપ થાય છે. તે ઉપરાંત વિશેષ પ્રતીતિ માટે પરિણામનો જે આધાર છે તે તો ઓર જ છે. પૂર્વભવની સ્મૃતિ આવતાં જે દૃશ્ય દેખાય છે તેની અસર આત્માના પરિણામ ઉપર થાય છે, અંદરમાં અગમ્યપણે તેનો સ્વીકાર થાય છે અને તે પૂર્વભવની ઘટનાનો અનુભવ છે એવી પ્રતીતિ પરિણામમાં આવે છે. તે જ રીતે ચિન્હો પરથી પણ થયેલો અનુભવ પૂર્વભવનો છે એમ પ્રતીત થાય છે. સ્વપ્નમાં પ્રતિબિંબિત થયેલા ભાવોના અથવા જોયેલી ચેષ્ટાઓના ભાનની અસર પરિણામમાં તેવા પ્રકારે થતી નથી એ મુખ્ય ભેદ છે.

જાતિસ્મૃતિજ્ઞાન જેને થયું છે, તેની પ્રતીતિ બીજાને થવા માટેના જે નિયમો શ્રીમદ્ રાજચંદ્રજીએ બતાવ્યા છે તે અતિ સ્પષ્ટ છે એટલે તે સંબંધે કોઈ વિસ્તારની આવશ્યકતા નથી.

## પૂર્વ ભવનું જ્ઞાન ઇચ્છીએ તો લઇ શકાય?

ચૈતન્યાત્મક જીવ જ્ઞાનસ્વરૂપ છે, ભવોભવમાં તેણે જે જે જોયું છે, સાંભળ્યું છે, વાંચ્યું છે, અનુભવ્યું છે, તે તે સર્વ તેના જ્ઞાનમાં અંકિત થઈને રહ્યું છે, તેનામાં જ્ઞાનનો

અખૂટ ભંડાર છે, માત્ર તે જ્ઞાનનો ઉઘાડ કરી અનુભવોની સ્મૃતિ લેવી હોય તો અમુક ચોક્કસ નિયમોના આરાધનથી લઈ શકાય છે. પોતે પોતાના જ અનુભવોનું સ્મરણ ન કરી શકે એ અસંભવિત છે. જ્ઞાન આડે જે કર્મરૂપી પડદો છે તે ખસેડવાનો છે, જેટલે અંશે પડળનું અંધારું દૂર થાય, તેટલે અંશે જ્ઞાનજ્યોતિનો પ્રકાશ પ્રગટ થાય. અત્યાર સુધીના લેખમાં સહજપણે પૂર્વભવનું જ્ઞાન સ્વયં પ્રગટ થાય છે તેના પ્રકારો વગેરેની વાત જણાવી; હવે અહીં તે જ્ઞાનની પ્રગટતા માટે શું કરવું, કેમ કરવું ? તે પરના વિચાર અને વિધી જણાવીએ છીએ.

જ્ઞાન અને દર્શનને આડે આવી આવરણ કરનાર કર્મોને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ કહેવાય છે. તે બંધાવાનું મૂળ કારણ જીવની દેહાસક્તિ, પર પદાર્થોમાં મોહ અને સુખબુદ્ધિ છે. તે દોષો જેમ જેમ ઘટતા જાય, ટળતા જાય અને નિજ શુદ્ધ સ્વરૂપ પ્રત્યે વૃત્તિ વળી જ્ઞાનપિપાસા વધતી જાય, તેમ તેમ જ્ઞાનનો ઉઘાડ પ્રગટ થતો જાય. દોષોની ન્યૂનતા ને ક્ષીણતા થવા માટેનાં નિમિત્ત કારણો છે. સત્શ્રુત, સદ્‌વિચાર, સ્વાધ્યાય, સદાચાર, સત્સંગ અને જ્ઞાની પુરુષનો સમાગમયોગ, અને તેમાં પણ છેલ્લું જણાવ્યું તે કારણ પ્રધાન છે. સદાચારનું હૃદયથી સેવન અને પૂર્વભવ જાણવાની વારંવારની પરમ જિજ્ઞાસા હોય તો પણ જાતિસ્મૃતિજ્ઞાન પ્રગટ થાય છે.

ઉપરોક્ત કારણોનું આરાધન કરતાં કોઈ મનુષ્યને પોતાના પૂર્વભવના પ્રસંગોની સ્મૃતિ લેવાની ઈચ્છા થાય, તો તે ઇચ્છાને વાગોળી વાગોળીને દ્રઢ અને બળવતી કરવી પડે છે; તેના તે જ ભાવમાં ઈચ્છાને રોકી સ્થિર કરવી પડે છે; સ્મૃતિ લેવી છે અને આવશે જ એવી નિઃશંક શ્રદ્ધા કેળવવી જરૂરી બને છે. તે સ્મૃતિ ન આવે ત્યાંસુધી ધીરજ, હિંમત અને સમતા રાખવાની આવશ્યકતા છે. એક વારનો આ અભ્યાસ કરવો જરૂરી છે એટલે કે ઇચ્છાશક્તિ અથવા જિજ્ઞાસાબળ કેળવવાં જોઈએ. પછી વિચારબળથી પૂર્વના સંસ્કારો જાગૃત થાય છે અને પૂર્વના પ્રસંગના અનુભવ સ્મૃતિમાં આવી દશ્યરૂપ બને છે. કોઈપણ સિદ્ધિ માટે પ્રથમનું કાર્ય કઠિનતાવાળું હોય છે અને કયારેક સફળતા ન મળતાં નિરુત્સાહ અને નિરાશાનાં વાદળ ઘેરાઈ જતાં જોઈ, પ્રયત્ન છોડી દેવાની હદ સુધી આવી જવાય છે; ઘણું કરી તે વેળાએ તે મનુષ્ય લગભગ સિદ્ધિની સીમા સુધી પહોંચ્યો હોય છે અને જરાક માટે અટકયો હોય છે, પરંતુ તેને તેની ખબર હોતી નથી; જો જાણે તો તેને કેટલો ખેદ થાય, કેટલો અફસોસ થાય!

શરૂની આકરી કસોટીમાંથી પસાર થવાય તો પછી કઠિનતા ટકી શકતી નથી અને આગળ ઉપર તો સુલભતા પ્રાપ્ત થાય છે અને એક નહીં પણ ઘણા ભવોનું જ્ઞાન મેળવી શકાય છે.

ધારો કે આજે કોઈ મનુષ્યે પૂર્વભવની સ્મૃતિ લેવાનો દઢ નિર્ધાર કર્યો; સદાચાર, સત્સંગ આદિ પૂર્વ તૈયારીરૂપ ઉપકારી સાધન તેની પાસે છે અને આરાધે છે. ભક્તિ આદિ સાધનાના બળથી તેનાં આવરણકર્મો શિથિલ થયા વિના રહેતાં નથી. તેણે તો હવે ઇચ્છાબળ વધાર્યા કરવાનું છે. પ્રતિદિન રાત્રે અનંત ઉપકારી પ્રભુજીને પૂર્વભવ જાણવાની જિજ્ઞાસા પૂર્ણ કરવા માટે પ્રેમભાવપૂર્વકની વિનંતિ કરવી અને તે દયાળુ અને કૃપાળુ પ્રભુ આજે જ રાત્રે જ્ઞાન આપશે એવી શ્રદ્ધારૂપ ભાવના ઊંઘનો ત્યાગ થઈ શકે ત્યાં સુધી ભાવ્યા કરવી, ઊંઘનો ઉદય આવતાં ભલે તેને વશ થઈ જવાય, સવારના જાગ્યા પછી જ્ઞાન ન આવ્યું હોય તો કંઈ ફીકર ન કરતાં હવે આજે આવશે એવા આશાપૂર્ણ ભાવમાં રમવું. ફરીથી વિનંતિ કરવી, ભાવના ભાવવી, બે, ત્રણ, પાંચ, સાત દિવસો વીતી જાય તો પણ હિંમત અને ધીરજનો અંત ન લાવવો, પરંતુ ઊલટું બળવાન થતાં જવું. દયાળુ દેવને હિંમતથી કહેવું કે "હું થાકવાનો નથી, તમે જ્ઞાન આપો ત્યાં સુધી અટકવાનો નથી, કસોટી ભલે કરો પણ પાર ઉતરીશ અને જ્ઞાન મેળવીશ." ત્યારે એક સુભગ દિવસની ઉષા ઉગશે; તે જ ભાવ અને તે જ ચિંતનમાં રહી અંતરમાં ઊંડા ઊતરવાનું શરૂ થશે; બહારનું ભાન અને જ્ઞાન લુપ્ત થતું જશે; ચિત્તની એકાગ્રતા અને સ્થિરતા વધતાં પહેલાં ક્યારેક

આછા પીળા, વાદળી કે લાલ, લીલા રંગનાં વાદળ પસાર થતાં દેખાશે અને પછી પડદા પર ચિત્ર જોતાં હોઈએ તેમ અંતરચક્ષુ સામે ગત ભવના પ્રસંગ આલેખાતા જણાશે. અગાઉ જણાવ્યું તેમ જાતિસ્મૃતિજ્ઞાનના પ્રભાવથી વિચારનું, આચારનું અને જીવનનું ઘણુંય બદલાય છે અને તેમાં જબ્બર કલ્યાણકારી પરિવર્તન થઈ જાય છે. જાતિસ્મૃતિજ્ઞાનનો મહિમા કોઈ અલૌકિક છે.

" હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂં ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કરે,
તો જાતિસ્મૃતિજ્ઞાનથી તે પૂર્વભવને અનુભવે."

## જાતિસ્મૃતિજ્ઞાનવાન પાછળના કેટલા ભવ જાણી શકે ?

જાતિસ્મૃતિજ્ઞાન એટલે જીવની પૂર્વ પર્યાય કે પર્યાયોનું જ્ઞાન; મતિજ્ઞાનની નિર્મળતા થવાથી આ જ્ઞાનની પ્રગટતા હોય છે; નિર્મળતાનું ન્યૂનાધિકપણું અહંતા, મમતા અને પરમાં સુખબુદ્ધિના ત્યાગ પર અવલંબિત છે; પૂર્ણ નિર્મળતા તથા પૂર્ણ શુદ્ધતા તો કેવળજ્ઞાનને વિષે છે, જેમાં ત્રણે કાળના સર્વ પદાર્થો, સર્વ ભાવો ને સર્વ પર્યાયો એક જ સમયે યુગપત્ જાણી દેખી શકાય છે. મતિજ્ઞાનની તેવી સમર્થતા નથી તેથી પૂર્વભવો જાણવાની મર્યાદા છે; અમુક હદ સુધી જ તે

પાછળના ભવો જાણવાની શક્તિ ધરાવે છે. તે હદ ક્યાં સુધીની ? એ પ્રશ્નના સમાધાનમાં પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે "પૂર્વ સંજ્ઞા કાયમ રહેવી જોઈએ. અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિસ્મૃતિજ્ઞાન ન થાય."

એનો અર્થ એ થયો કે મતિજ્ઞાનની નિર્મળતા વિપુલતા સુધી પહોંચી શકે છે અને એ નિર્મળ જ્ઞાનરૂપ દર્પણમાં જીવે અસંજ્ઞીપણું છોડી સંજ્ઞીપણું પ્રાપ્ત કર્યું તે વખતના પ્રથમ ભવથી અત્યાર સુધીના સમસ્ત ભવો પ્રતિબિંબિત થાય છે. જીવના આત્મિક વિકાસમાં સંજ્ઞીપણાનો પહેલો ભવ તિર્યંચ ગતિમાં હોય છે; ત્યાં કેટલાય ભવો કર્યા બાદ મનુષ્યદેહ મળે છે અને પછી કર્મબંધના ફળ અનુસાર ચારે ગતિમાં તિર્યંચ, મનુષ્ય, નરક અને દેવ–ભ્રમણ થાય છે. તે સર્વગતિના સર્વભવોનું ભાન "જાતિસ્મૃતિજ્ઞાન"ના પ્રભાવથી આવી શકે છે. એટલે આ જ્ઞાનની મર્યાદા હોવા છતાં તેની જાણવાની શક્તિ કંઈ ઓછી નથી, આશ્ચર્ય પમાડે એવી અદ્ભૂત છે, સંજ્ઞીપણું પ્રાપ્ત થયા પછી સિદ્ધપર્યાય સુધીની કાળ મર્યાદા શાસ્ત્રમાં બે હજાર સાગરની કહી છે; તેમ ન થાય તો જીવનું ઉતરાણ થઈ તે એકેન્દ્રિય સુધી પહોંચી જાય છે અને ફરીથી ચઢાણ કરવું પડે છે.

હવે પ્રશ્ન એ થાય કે અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિસ્મૃતિજ્ઞાન અટકી કેમ જાય છે ? અસંજ્ઞીના ભવો

કેમ જાણી શકાતા નથી ? તેનું સમાધાન આ પ્રમાણે વિચારી શકાય.

સંજ્ઞાની પ્રાપ્તિથી વિચારશક્તિ અને વિવેકશક્તિ આવે છે અને તેના ઉપયોગે ભવો અને ભાવોની છાપ આત્મા પર વિશેષે કરીને ગાઢપણે પડે છે તેથી મતિ-જ્ઞાનની ઉચિત નિર્મળતાથી તે સર્વ ભવોનું જ્ઞાન મેળવી શકાય છે. બીજી તરફ અસંજ્ઞી ભવોમાં વિચાર-વિવેક-શક્તિના અભાવે ભવો અને ભાવોની છાપ સૂક્ષ્મપણે થતી હોવાને કારણે તે જાણવાને માટે સૂક્ષ્મતાવાળું જ્ઞાન, અતિ અતિ નિર્મળ, શુદ્ધ જ્ઞાન જરૂરી છે અને તેવું જ્ઞાન તો કેવળજ્ઞાન સિવાય બીજે હોઈ શકતું નથી. આ વાત બીજી રીતે કહેવી હોય તો એમ કહેવાય કે જાતિસ્મૃતિજ્ઞાન મતિજ્ઞાનના ધારણાના ભેદમાં સમાય છે; અને ધારણા એટલે દઢતાએ પડેલી છાપ અથવા દઢ સંસ્કાર; અસંજ્ઞીના ભવમાં તેવી છાપ અંકિત થવી અસંભવિત છે; તેથી તેવી છાપ ન હોય તો જાતિસ્મૃતિજ્ઞાન તેનું કાર્ય કરતા અટકી જાય તે સમજાય તેવો પ્રકાર છે.

---

## પરિશિષ્ટ

## શ્રીમદ્ રાજચંદ્રજી જાતિસ્મૃતિજ્ઞાનના પ્રસંગો

કચ્છના રહીશ ભાઈ પદમશીભાઈ ઠાકરશી વિ. સં. ૧૯૪૨ થી શ્રીમદ્‌ના સમાગમમાં આવ્યા હતા. તેમણે એક વખત મુંબઈમાં શ્રીમદ્ રાજચંદ્રજીને જાતિસ્મરણજ્ઞાન કયા પ્રસંગે થએલ તે બાબત પૂછ્યું હતું. તેના ઉત્તરમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ આખો પ્રસંગ જણાવ્યો હતો. તેનો સાર આ પ્રમાણે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી સાત વર્ષની વયના હતા તે વખતે વવાણીઆમાં અમીચંદભાઈ નામના એક સદ્‌ગૃહસ્થ, જેઓ શ્રીમદ્ પર ખૂબ વહાલ રાખતા હતા, તેઓ સર્પ કરડવાથી અચાનક ગુજરી ગયા. આ વાત સાંભળી શ્રીમદ્ રાજચંદ્રજીએ ઘેર આવી તે બાબત તેમના પિતા-મહને પૂછ્યું. ગુજરી જવા બાબત કહેવાથી નાનો બાળક ગભરાઈ જશે એમ ધારી તેમના પિતામહે તે વાત ટાળવા બીજી અનેક આડી અવળી વાતો કરી, પણ શ્રીમદ્ રાજચંદ્રજી તો વારંવાર તે બાબત ભૂલ્યા વિના પૂછવા લાગ્યા. આથી તેમના પિતામહે કહ્યું કે અમીચંદ-

ભાઈ ગુજરી ગયા તે વાત સાચી છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ તે પછી 'ગુજરી જવું' એટલે શું તે જાણવા તીવ્ર જિજ્ઞાસા દર્શાવી. તેમની તે જિજ્ઞાસા સંતોષવા પિતામહે સમજાવ્યું કે ગુજરી જવું એટલે જીવ નીકળી જવો, પછી શરીર હાલી ચાલી ન શકે, બોલી ન શકે, ખાઈ પી ન શકે. તેથી તે શરીરને સ્મશાનમાં બાળી દેશે.

એ સમજ્યા પછી શ્રીમદ્ રાજચંદ્રજી છૂપી રીતે તળાવ પર ગયા. ત્યાં બે શાખાવાળા એક બાવળના ઝાડ પર ચઢીને તેમણે જોયું તો એક ચિતા બળતી હતી, અને તેની આસપાસ અનેક માણસો બેઠા હતા. તે જોઈ તેમને વિચાર થયો કે આવા સારા માણસને બાળવા એ કેવી ક્રૂરતા કહેવાય ? આમ શા માટે કરતા હશે ?....વગેરે ઊંડી વિચારણામાં તેઓ ઉતરી ગયા અને એ વખતે આવરણ તૂટી જતાં તેમને પૂર્વજન્મનું જ્ઞાન થયું.

પદમશીભાઈએ તે વિશે વધુ જાણવા જિજ્ઞાસા દર્શાવી તો શ્રીમદ્ રાજચંદ્રજીએ ટૂંકમાં જ જણાવ્યું કે ત્યાર બાદ જુનાગઢનો કિલ્લો જોયો ત્યારે તેમાં ઘણો વધારો થયો હતો.

પૂર્વજન્મની ખાતરી આપતું એક પદ તેમણે વિ. સં. ૧૯૪૫માં રચેલું મળે છે; જેમાં તેમણે લખ્યું છે કે :–

લઘુ વયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે ગતિ આગતિ કાં શોધ?
જે સંસ્કાર થવો ઘટે અતિ અભ્યાસે કાંય,
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાં?

"પૂનર્જન્મ છે, જરૂર છે, એ માટે હું અનુભવથી હા કહેવામાં અચળ છું."

વિ. સં. ૧૯૪૮ના વૈશાખ માસમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાના અનુરાગી મુનિશ્રી લલ્લુજી મહારાજને લખેલું કે, "સત્સંગનું અત્યંત માહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે, તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે, અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે."

વિ. સં. ૧૯૪૬ના પ્રથમ ભાદરવા સુદ ૬ ના રોજ શ્રીમદ્ રાજચંદ્રજીએ ધર્મેચ્છક ભાઈઓને વિસ્તારથી લખેલું કે:

"અંતરજ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે સમાધિ ભૂલ્યો ન હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહાવૈરાગ્યને આપે છે."

"વળી સ્મરણ થાય છે કે પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી?

બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે."

"વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો–સ્ત્રી આદિક–તે અનંતવાર છોડતાં, તેનો વિયોગ થતાં અનંત કાળ પણ થઈ ગયો, તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો, એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે."

"વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં, જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું? અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી! કહો એ સ્મરણ થતાં આ ક્લેષિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય? અર્થાત્ આવે છે."

"વધારે શું કહેવું? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું, તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું

અને ફરી એમ ન જ કરવું એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે.”

આ અવતરણ પણ તેમના પૂર્વભવના જ્ઞાન હોવાની સાક્ષી પૂરે છે. એ જ પ્રમાણે વિ. સં. ૧૯૪૭ના કારતક સુદ ૧૪ના રોજ શ્રીમદ્ રાજચંદ્રે શ્રી સૌભાગભાઈને લખેલાં નીચેનાં વચનો તેમના જ્ઞાન વિશે સારો પ્રકાશ પાડે છે.

“ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણી છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી, ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગ્યારમેથી જીવ પાછો વળે છે. ઉપશમ શ્રેણી બે પ્રકારે છે, એક આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી આત્માએ અનુભવેલી વાત છે. કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે, ન નીકળે તો કંઈ બાધ નથી. શ્રી તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે.”

શ્રીમદ્‌ને જાતિસ્મરણજ્ઞાન હોવાની પ્રતીતિ આપતાં આ બધાં વચનો સાથે એમના એક અનુરાગી, ખંભાતના શ્રી છોટાલાલ માણેકચંદને થયેલો શ્રીમદ્‌નો આ બાબતનો અનુભવ નોંધવા જેવો છે. તે તેમના જ શબ્દોમાં જોઈએ.

“સં. ૧૯૪૬ના આસો વદમાં પરમકૃપાળુ દેવ ખંભાત પધાર્યા ત્યારે અંબાલાલભાઈના મકાનમાં ઊતર્યા

હતા. હું ત્યાં ગયો તે વખતે કૃપાળુદેવ મકાનમાં વચલા હોલમાં બિરાજ્યા હતા, અને કૃપાળુ દેવની સમીપે લાલચંદભાઈ વગેરે ઘણા ભાઈ ઓ બેઠા હતા. હું કૃપાળુ દેવની સન્મુખ દર્શન કરીને ઊભો રહ્યો કે સાહેબજીએ મને જણાવ્યું : 'અમે તમને જોયા છે' હું જે જે સ્થળોએ, ગામોએ ગએલો તેનાં નામ દઈ પૂછ્યું કે 'આ સ્થાને, આ ગામે મને જોયો છે ?' સાહેબજીએ કહ્યું કે 'ના ત્યાં નહીં.' મેં સાહેબજીને કહ્યું કે 'આ સ્થળો કે ગામો સિવાય મારા ધારવા મુજબ હું કોઈ ઠેકાણે ગયો નથી.' સાહેબજીએ જણાવ્યું, 'અમે તમને જોયેલા છે.' મેં પૂછ્યું 'આપે મને ક્યારે જોયેલો ?' તે વખતે સાહેબજી મૌન રહ્યા. અનુમાનથી મેં ધાર્યું કે સાહેબજીએ પૂર્વભવમાં મને જોયો હશે.

("શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ"માંથી સાભાર)

× × ×

આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહિ જાય ત્યાં સુધી સુખ રહે નહિ, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા, આત્મા.' તેનો વિચાર, જ્ઞાની પુરુષની સ્મૃતિ, તેના માહાત્મ્યની કથા વાર્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મ ચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે અને તે કાળ ભજીએ છીએ.

શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક નંબર ૪૬૫

× × ×

પૂર્વ કાળમાં જે જે જ્ઞાની પુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે; તે શ્રવણને, શ્રવણના કર્તાને અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાની પુરુષની વાણી અથવા જ્ઞાનીના શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાની પુરુષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યાં કરે છે; અને બીજી બાજુથી આવાં ક્ષેત્ર, આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ અને બીજા બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્છાવત્ થાય છે. ઈશ્વરેચ્છા.

પ્રણામ પહોંચે.

શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક નં. ૪૬૫

× × ×

પૂર્વે સ્મૃતિમાં આવેલી વસ્તુ ફરી શાંતપણે સંભારે તો યથાસ્થિત સાંભરે. પોતાનું દૃષ્ટાંત આપતાં જણાવ્યું કે પોતાને ઈડર અને વસોની શાંત જગ્યાઓ સંભારવાથી તદ્રુપ યાદ આવે છે. તેમજ ખંભાત પાસે વડવા ગામે સ્થિતિ થઈ હતી; ત્યાં વાવ પછી ત્યાં થોડી ઊંચી ભેખડ પાસે વાડથી આગળ ચાલતાં રસ્તો, પછી શાંત અને શીતળ અવકાશની જગ્યા હતી. તે જગ્યાએ પોતે શાંત સમાધિસ્થ દશામાં બેઠેલા તે સ્થિતિ આજે પોતાને પાંચસો વાર

સ્મૃતિમાં આવી છે. બીજાઓ પણ તે સમયે ત્યાં હતા. પણ બધાને તેવી રીતે યાદ ન આવે, કારણ કે તે ક્ષયો-પશમને આધીન છે. સ્થળ પણ નિમિત્ત કારણ છે.

'શ્રીમદ્ રાજચંદ્ર'–વ્યાખ્યાન સાર નં. ૨

× × ×

ઈડરના તે વખતના મહારાજા સાહેબે શ્રીમદ્ રાજ-ચંદ્રજીની બે વખત મુલાકાત લીધેલી તે દરમ્યાન જ્ઞાનવાર્તા થયેલી, તેનો સાર 'દેશી રાજ્ય' નામના માસિકમાં ઈ.સ. ૧૯૨૮માં પ્રસિદ્ધ થયો હતો.

આ વાર્તાલાપમાં મહારાજા સાહેબે એક પ્રશ્ન પૂછ્યો હતો. એનો ઉત્તર અહીં નોંધવા લાયક છે. કારણ કે એમાં શ્રીમદે પોતાના પૂર્વભવનો ઉલ્લેખ કર્યો છે.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે: 'આ પ્રદેશમાં ઐતિ-હાસિક પ્રાચીન સ્થાન જોતાં તેમને અસલની–તેમાં વસ-નારાંઓની પૂર્ણ વિજયી સ્થિતિ અને તેમની આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિનો પુરાવો આપે છે. જુઓ તમારો ઈડરિયો ગઢ; તે ઉપરનાં જૈન દેરાસરો, રૂખી રાણીનું માળિયું–રણમલની ચોકી. મહાત્માઓની ગુફાઓ અને ઔષધિ–વનસ્પતિ, આ બધું અલૌકિક ખ્યાલ આપે છે.'

'જિન તીર્થંકરોની છેલ્લી ચોવીસીના પહેલા આદિનાથ ઋષભદેવ અને છેલ્લા મહાવીરસ્વામીનાં નામ

આપે સાંભળ્યા હશે. જિન શાસનને પૂર્ણપણે પ્રકાશ કરનાર આ છેલ્લા તીર્થંકર અને તેઓના શિષ્ય ગૌતમ આદિ ગણધરો વિચરેલાનો ભાસ થાય છે. તેઓના શિષ્યો નિર્વાણને પામ્યા; તેમાંનો એક પાછળ રહી ગયેલો જેનો જન્મ આ કાળમાં થયેલો છે. તેનાથી ઘણા જીવોનું કલ્યાણ થવાનો સંભવ છે.'

---

"લોકસંજ્ઞા જેની જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તેવી શ્રીમંતતા, સત્તા કે કુટુંબ પરિવારાદિ યોગવાળી હોય તોપણ તે દુઃખનો જ હેતુ છે. આત્મશાંતિ જે જિંદગીનો ધ્રુવકાંટો છે તે જિંદગી ગમે તો એકાકી અને નિર્ધન, નિર્વસ્ત્ર હોય તો પણ પરમ સમાધિનું સ્થાન છે."

શ્રીમદ્ રાજચંદ્ર ( ૧. ૯૪૯ )

"ચિંતિત જેનાથી પ્રાપ્ત થાય તે મણિને ચિંતામણિ કહ્યો છે; એ જ આ મનુષ્યદેહ છે કે જે દેહમાં, યોગમાં આત્યંતિક એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા ધારી તો પાર પડે છે.

અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પ-વૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે."

શ્રીમદ્ રાજચંદ્ર ( ૧. ૯૩૬ )

# નિબંધ ૫ મો

## ઋણાનુબંધ

ભવોભવના ભ્રમણકાળ દરમ્યાન એક જીવ અનેકાનેક અન્ય જીવો સાથે પરિચય અને સંબંધમાં આવે છે અને સંજોગો અનુસાર અનુકૂળ-પ્રતિકૂળ સ્થિતિ વચ્ચે આવતાં રાગદ્વેષના તીવ્ર કે મંદ ભાવો કરી પરસ્પર કર્મોથી બંધાય છે. આ રાગદ્વેષની સાંકળ એ ઋણાનુબંધ છે. ઋણ એટલે કરજ-દેવું અને અનુબંધ એટલે તેને અનુસરતો અનુરૂપ ફળ દેનાર બંધ, રાગથી શુભબંધ અને દ્વેષથી અશુભબંધ થાય છે. શુભબંધના ઉદયનું ફળ મીઠું છે તથા અશુભબંધના ઉદયનું ફળ કટુ છે. ભવોભવમાં અન્ય જીવો સાથે વારંવાર થતા શુભાશુભ ભાવોને લીધે ઋણાનુબંધ દ્રઢ થતો જાય છે.

તે શુભાશુભ ઋણની પતાવટ અર્થે જીવ ઋણાનુબંધી જીવો સાથે સંસારી સંબંધોથી જોડાય છે, જેવા કે મા-બાપ, પતિ-પત્ની, ભાઈ-ભગિની, દેરાણી-જેઠાણી, પુત્ર-પુત્રી, સાસુ-વહુ, નણંદ-ભોજાઈ, કાકા-કાકી, મામા-માસી તેમ મિત્ર-શત્રુ, વ્યાપારી ભાગીદાર ઈત્યાદિ. એક જીવનો જન્મ અમુક જ મા-બાપને ત્યાં શા માટે થયો તેનું કારણ આ સિદ્ધાંતથી સમજાશે, તેમ અન્ય સંબંધિત

જીવો સાથે અનુરાગ–અણુરાગ, સંયોગ–વિયોગ, સુખ–દુઃખના અનુભવો શા માટે થાય છે, તે પણ સ્પષ્ટ થશે.

એક ભવનું આયુષ્ય પુરૂં થતાં અને તે ભવમાં સંબંધિત જીવો સાથેના ઋણાનુબંધનો ઉદય પૂર્ણ થતાં જીવ આદર્યાં અધૂરાં રાખી તે દેહનો ત્યાગ કરી ચાલ્યો જાય છે, તેમાં સમય માત્રનો પણ ગોટાળો થતો નથી. મૃત્યુનું આવવું અનિયત અને નિશ્ચિત છે. પછી જે નવું ગતિનામકર્મ બાંધ્યું હોય તે યોનિમાં તે જ કર્મના ઉદયથી જન્મ લે છે, ત્યાં ઋણાનુબંધની ચૂકવણી અર્થે તે તે જીવો સાથે સંયોગ કે સમાગમમાં આવે છે અને બંધની ઉદયગત સ્થિતિ થતાં તેનું ફળ ભોગવાય છે અને દેવું ભરપાઈ થાય છે – આ જુનું ઋણ છે. સાથે સાથે ભોગવતી વેળાએ પ્રીતિ – અપ્રીતિ, રાગ – દ્વેષ વગેરે થયેલાં પરિણામોથી નવું ઋણ બંધાય છે. ફરીથી આયુષ્યકર્મના ક્ષય સાથે દેહત્યાગ થાય છે અને ઉપરના નિયમ પ્રમાણે નવો દેહ ધારણ થાય છે. આ જન્મમરણોનું ચક્ર જ્યાં સુધી ઋણાનુબંધ સત્તામાં હોય, ત્યાં સુધી અવિરતપણે ચાલ્યા કરે છે. ઋણની પૂરી પતાવટ થાય છે ને તેનો અંશ પણ શેષ રહેતો નથી ત્યારે જ સંસારના આવાગમનના ફેરા અટકે છે, અર્થાત્ જીવ સંસારનાં બંધનથી છૂટે છે અને મુક્ત થઈ નિજ અવ્યાબાધ સુખસ્વરૂપ, કેવળ શાંત સ્થિતિમાં સર્વ કાળને માટે રહે છે.

આથી સ્પષ્ટ થશે કે સંસારના સગપણ-સંબંધો છે કે મિત્રાદિ સંબંધો છે, તે સર્વે ઋણાનુબંધની ચૂકવણી અર્થે છે. તે સંબંધો શુભ વા અશુભ હોય છે. રાગદ્વેષની બળવાન ઘનિષ્ટતા મા-બાળક, પતિ-પત્ની, સાસુ-વહુ, નણંદ-ભોજાઈ, માતા-પિતા વગેરેના સગપણ સંબંધે બનતી હોવાને લીધે તેવા સગપણ સંબંધોથી જોડાવાનું વારંવાર બન્યા કરે છે. વર્તમાન ભવમાં કોઈ એક જીવનો બીજા જીવ સાથે પતિ-પત્ની(કે અન્ય પ્રકારનો નિકટ સગપણ સંબંધ)નો સંબંધ હોય, તે પ્રથમ વારનો છે એમ હોતું નથી, કેમકે પૂર્વભવોમાં તેવા સંબંધો બન્યા જ હોય છે. પરમાર્થથી જોતાં સંસારના સગપણ સંબંધો કલ્પિત છે, જૂઠા છે. "જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે કોઈને વિષે પુત્રપણું ભાવી, આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી, અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે; અને કોઈ જીવ હજુસુધી તો પિતાપુત્ર થઈ શકયા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે આનો આ પુત્ર અથવા આ પિતા, પણ વિચારતાં આ વાત કોઈપણ કાળે ન બની શકે તેવી સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે." (શ્રીમદ્ રાજચંદ્ર, વચનામૃત ૫૧૦) આ પ્રકારે સંસારના-સંબંધો માયાયુક્ત અને મિથ્યા છે, તો પણ તેમાં એક વિશેષતા છે.

તે વિશેષતા આ પ્રકારે છે. જો કોઈ જીવ કોઈ અન્ય જીવ (કે જીવો) સાથે સંસારવ્યવહારમાં ઘણા ભવો પર્યંત પોતાના શુભ ભાવો જાળવી રાખી શુભ ઋણાનુબંધ બાંધ્યા કરે તો વ્યવહારથી પ્રથમ જીવને બીજા જીવ થકી સહાય, મદદ, સુવિધા આદિ સંસારી લાભ મળ્યા કરે એ તો ખરૂં; પણ તે ઉપરાંત ઘણા ભવોના શુભ ઋણાનુબંધથી બીજો એક મોટો લાભ એ છે કે જ્યારે બેમાંથી કોઈ એક જીવ પરમાર્થ ધર્મમાં રૂચિવંત થઈ, કોઈ ઉત્તમ યથાર્થ યોગને પામીને ધર્મારાધન કરતાં આત્મજ્ઞાન પામે અને તેની ઊંચી આત્મદશા થાય ત્યારે તે જ્ઞાનીપુરુષ, માર્ગને પામેલો હોઈ, પોતાના બીજા શુભ ઋણાનુબંધી જીવને અધ્યાત્મમાર્ગ તરફ ખેંચી તેને જ્ઞાન પમાડવામાં નિમિત્ત થાય છે તથા તેની આત્મદશાના વિકાસમાં સહાયભૂત થઈ તેને ઊંચી પાયરી પર લઈ જાય છે. ઘણીવાર વ્યવહારનું ઋણ આ રીતે પરમાર્થથી ચૂકવાય છે, અને વિચારતાં તેના જેવું રૂડું બીજું શું હોઈ શકે ? વ્યવહારથી ઋણની ચૂકવણી કરવાની હોય તો એક ભવપ્રમાણ સંસારસુખનો લાભ મળે; પણ પરમાર્થથી દેવું ચૂકવાય ત્યારે સંસારભ્રમણનો કાળ એકદમ ઘટી જવા સાથે આત્મકલ્યાણ અને આત્મશ્રેયનો અપૂર્વ લાભ પ્રાપ્ત થાય છે ને અંતમાં શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થવાય છે.

જેમ વ્યવહારમાં જીવ શુભ ઋણાનુબંધના ઉદયથી

સંસારના સગપણ સંબંધોથી અથવા મિત્રાદિ સંબંધથી બંધાય છે અને પ્રીતિ-સ્નેહમાં સહજતાએ રહી પરસ્પર અનુકૂળતાએ વર્તે છે, તેમ પરમાર્થમાં અધ્યાત્મમાર્ગના રૂચિવંત જીવ બીજાઓ સાથેના શુભ ઋણાનુબંધના ઉદયથી સત્સંગીઓ, મુમુક્ષુઓ કે જિજ્ઞાસુઓ તરીકે પરસ્પર પ્રેમભાવથી જોડાય છે અને હેતથી મળીને સાથે ધર્મારાધન કરે છે.

આ પરથી એ પણ સમજાશે કે ગુરુ-શિષ્યના સંબંધ છે તે શુભ ઋણાનુબંધના ફળરૂપ છે. ઋણનો શુભ ઉદય હોય તે વેળાએ શિષ્ય શ્રીગુરુના સમાગમમાં આવે છે. શ્રીગુરુની શાંતમુખમુદ્રાના દર્શનથી અથવા તેમનાં એકાંત હિતકારી વચનોના શ્રવણથી અથવા તેમના સાંનિધ્યની શીતળ અસરથી અથવા તેમનાં કરુણાર્દ્ર અમીભર્યાં નયનોના પ્રભાવથી શિષ્ય પ્રભાવિત થાય છે અને "આ સાચા જ્ઞાનીપુરૂષ છે" એવી તેના આત્મામાં પ્રતીતિ આવે છે; તેમને ઉપકારી સદ્‌ગુરુ તરીકે સ્વીકારી નિજાત્માના ઉત્કર્ષના હેતુએ તેમની આશ્રય-ભક્તિમાં જોડાય છે. ઉદયના બળવાનપણાની તરતમતાએ ક્યારેક પ્રથમ સમાગમયોગે આમ બને છે તો ક્યારેક કેટલાક વખતના સમાગમ પછી ઉપરોક્ત ફળ પ્રાપ્ત થતું દેખાય છે.

આ ઉપરથી એ પણ લક્ષમાં આવશે કે અમુક જીવ અમુક જ જ્ઞાનીપુરૂષથી શા માટે આકર્ષાય છે?

તેમને જ શા માટે પ્રેમથી ચાહે છે? અને તેમની જ ભક્તિ શા માટે કરે છે? અન્ય જ્ઞાનીપુરૂષ કદાપિ વિદ્યમાન હોય ને તેમની વાણી સાંભળી હોય તથા સુંદર ભાવવાહી અને આકર્ષક લાગી હોય તો પણ તેમને ગુરુ તરીકે સ્વીકારવા તેનું હૃદય તૈયાર થતું નથી, કેમકે ત્યાં તેવા પ્રકારના ઋણનાં બંધનો અભાવ છે. જેની સાથે ઋણાનુબંધનો શુભ સંબંધ હોય અને તે ઉદયમાં હોય ત્યાં જ જીવનું આકર્ષણ હોય એ નિયમ છે અને તે અબાધિતપણે કામ કરે છે.

જીવના કોઈ એક ભવમાં જન્મારા સુધી બીજા જીવ સાથે સળંગ શુભ કે અશુભ ભાવ રહ્યા કરે એમ એકાંતે થવું અસંભવિત છે; તેથી એકલો શુભ કે એકલો અશુભ ઋણનો બંધ થતો નથી, તો પણ અનેક ભવોનો કાળ જતાં એકાંત શુભ વા એકાંત અશુભ ઋણનો બંધ થવો સંભવિત બને છે, અને તેના ઉદયે તત્પ્રકારનું ફળ ભોગવાય છે. દૃષ્ટાંત તરીકે શ્રી ભાવિ તીર્થંકર અને તેમના માતાપિતા વચ્ચે વર્તતો એકલા શુભ ઋણનો ઉદય તથા વાસુદેવ અને પ્રતિવાસુદેવ વચ્ચે વર્તતો એકલા અશુભ ઋણનો ઉદય.

આથી જીવના કોઈ એક ભવમાં જીવન પર્યંત બહુલતા મોટા પ્રમાણમાં જે શુભ કે અશુભ ભાવો વર્ત્યા કર્યા હોય તે અનુસાર શુભ કે અશુભ ઋણાનુબંધની ગણતરી થાય છે. આવા અનેકાનેક ભવોમાં શુભ કે

અશુભ ઋણાનુબંધનો સંચય થતો જાય છે અને તે બંધ નિકાચિત થવાથી બળવાન થાય છે, તેથી તેનો ઉદય અત્યંત તીવ્રપણે શુભ કે અશુભ ફળરૂપે કાર્યકારી થાય છે.

આ સંબંધમાં આટલું સ્મૃતિમાં રાખવું આવશ્યક છે કે :–

(૧) પૂર્વ ભવ કે ભવોમાં બંધાયેલ ઋણ, પછીના ગમે તે ભવમાં તેની ચૂકવણી અર્થે સંસારના સંબંધ–સગપણ–સમાગમમાં આવવા છતાં, તે પૂર્ણપણે ઉદયમાં આવી નિવૃત્ત થતું નથી. જે ઋણાનુબંધરૂપ કર્મનો આબાધાકાળ પૂરો થયો ન હોય, તે કર્મ ઉદયમાં ન આવવા યોગ્ય હોઈ અને તેનો ઉદય ભાવિમાં થવાનો હોવાથી, તે કર્મ અથવા ઋણનું બંધન સત્તામાં રહી જાય છે. વળી વર્તમાન ભવમાં ઋણની ચૂકવણી કરતી વખતે પણ શુભાશુભ ભાવની પરિણતિ રહેતી હોવાથી જે નવા બંધ પડે છે, તે પૂર્વના બંધ સાથે જોડાઈ જાય છે. આનો અર્થ એ થયો કે અપવાદ બાદ કરતાં બંધાયેલ સમસ્ત ઋણ એક ભવમાં પૂર્ણપણે ઉદયમાં આવી નિવૃત્ત થવું દુષ્કર છે, વળી ત્યાં નવો બંધ પડવો ન જોઈએ. કેટલાક ભવોની ધર્મસાધના પછી છેલ્લા ભવે તેમ બને છે, એટલે ઋણમુક્ત થવાય છે.

(૨) ઋણાનુબંધવાળા ભવોની ગણતરી કરવામાં દેવ, મનુષ્ય અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ ગતિના ભવોની

સંખ્યા ઉપયોગમાં લેવાય છે. જેમકે વર્તમાન ભવમાં કોઈ બે જીવો ઋણાનુબંધી છે, તેમણે ધારો કે અનેકાનેક પૂર્વભવોમાં તિર્યંચ ગતિમાં દશ ભવ, દેવ ગતિમાં બે ભવ અને મનુષ્ય ગતિમાં અઢાર ભવ શુભ કે અશુભ ઋણાનુબંધ બાંધ્યો હોય, તો તેમની વચ્ચે ત્રીસ ભવનો તત્પ્રકારનો ઋણાનુબંધનો સંબંધ છે એમ કહેવાય. કોઈ બીજા બે જીવો વચ્ચે તે જ પ્રમાણે ગણતરી કરતાં પાંત્રીસ ભવોનો શુભ વા અશુભ ઋણાનુબંધ હોય, તો પણ પ્રથમના બે જીવોના ઋણબંધ કરતાં તેમનો ઋણાનુબંધ નબળો હોઈ શકે છે, ભલે ભવોની સંખ્યા વધારે હોય. તેનું કારણ એ છે કે પ્રથમના બે જીવો વચ્ચેના વર્તતા ભાવો પ્રબળ, ઘનિષ્ટ અને ઉત્કૃષ્ટ હોય તો બંધની માત્રા અને સ્થિતિ વધી જાય છે; પરંતુ સાધારણ રીતે આવું બહુ ઓછું બને છે અને જ્યાં બન્યું હોય છે, ત્યાં વર્તમાન ભવથી પૂર્વના થોડા ભવોમાં જ તેવી સ્થિતિ હોય છે. ચારેય ગતિમાં ભવભ્રમણની સંખ્યાનું જ્ઞાન પ્રભુકૃપાએ અપ્રમત્તભાવદશામાં ઠીક આગળ વધ્યા પછી સહજ આવે છે. અલબત્ત, ત્યાં ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ થયેલી હોવી જોઈએ. વળી તે જ્ઞાન માટેની તીવ્ર જિજ્ઞાસા ન હોય, તો તે જ્ઞાનની પ્રાપ્તિ થવી દુર્લભ બને છે.

(૩) સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ ગતિમાં બંધાતો ઋણાનુબંધ શિથિલ અને અલ્પ બળવાન હોય છે; કેમકે તે બિચારાં પ્રાણીઓને આત્મવીર્યનો ઉઘાડ પ્રમાણમાં

ન્યૂન હોઈ, ભાવનું બળ ઓછું હોય છે. વળી કર્મોના ઉદયની ધારા વેદવામાં તેમની પરાધીનતા વિશેષતાએ વર્તતી હોય છે અર્થાત્ ઉદય સામે પડવાની શક્તિ તેમનામાં હોતી નથી. તેવી શક્તિ માત્ર મનુષ્યમાં છે; કારણ કે આ ગતિમાં કર્મોના શુભાશુભ ઉદય એકધારા તીવ્રતાએ કે પ્રબળપણે હોતા નથી, તેથી પોતાની સ્વતંત્ર શક્તિનો ઉપયોગ તે જો કરવા ધારે તો અવશ્ય કરી શકે છે અર્થાત્ ઉદયના બળની સામે પડી શકે છે. દેવગતિમાં અન્ય શક્તિઓ વધારે હોવા છતાં મોહનીયકર્મની બળવત્તરતાને આધીન થઈ તે જીવોને વર્તવું પડે છે, એટલો તેમની સ્વતંત્રતા ઉપર કાપ પડે છે. મનુષ્યને જે સ્વતંત્રતા છે તેને લીધે જ તે ઉત્કૃષ્ટ શુભ ભાવ અથવા અશુભભાવ કરી શકવા સમર્થ થાય છે અને તે જ સ્વતંત્રતાના અવલંબને બન્ને પ્રકારના શુભાશુભ ભાવથી પર રહેવા તે શક્તિશાળી બને છે.

આ સ્વતંત્રતાના સિદ્ધાંતાનુસાર જીવ નરક ગતિનો સૌથી પ્રથમ બંધ માત્ર મનુષ્યભવમાં પાડી શકે છે અને મનુષ્યગતિ છોડી નરક ગતિમાં જાય છે; ત્યારબાદના નરક ગતિના ભવો મનુષ્ય કે તિર્યંચ ગતિઓમાંથી થઈ શકે છે. ઉત્કૃષ્ટ શુભ ભાવથી સર્વાર્થસિદ્ધ વિમાનનું અથવા ઉત્કૃષ્ટ અશુભ ભાવથી સાતમી નરકનું તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળું કર્મ મનુષ્યભવની અંદર જ બાંધી શકાય છે. તે પ્રમાણે મનુષ્યને મળેલી સ્વતં-

ત્રતાથી તે સર્વ ઘાતી કર્મોની સામે પડી, તેનો ક્ષય કરી, સર્વ ભાવોથી પર રહી શુદ્ધ, બુદ્ધ અને મુક્ત પણ તે જ ગતિમાં થાય છે. રત્નચિંતામણિ સમાન મનોષ્યદેહની ઉત્તમતા અને તેની સ્વતંત્રતા આથી સહજ લક્ષમાં આવશે.

## ઋણાનુબંધના બળનો સંચય :

ભવોભવ સંસારી સગપણસંબંધો જેમ જેમ વધતા જાય, તેમ તેમ ભાવાનુસાર શુભાશુભ ઋણાનુબંધનો સંચય પણ વધતો જાય છે. જેમ તેવા ભવની સંખ્યા વધારે, તેમ બળ અને ફળ અધિક તથા જેમ તેવા ભવની સંખ્યા ઓછી, તેમ બળ અને ફળ ન્યૂન, ઉત્કૃષ્ટ લાભ કે હાનિ અધિકતમ શુભાશુભ ઋણાનુબંધવાળા ઘણા ભવોની સંખ્યા પર આધારિત છે; કનિષ્ટ લાભ કે હાનિ ન્યૂનતમ શુભાશુભ ઋણાનુબંધવાળા અલ્પ ભવોની સંખ્યા પર અવલંબિત છે. અધિક શુભ ઋણુવાળી ભવોની મોટી સંખ્યા વ્યવહારથી અત્યંત લાભદાયી અને પરમાર્થથી યોગ મળતાં આત્મદશાની શીઘ્રતાએ ઉત્કર્ષતા લાવવામાં ઉપકારી થાય છે. અધિક અશુભ ઋણુવાળી ભવસંખ્યા અત્યંત પીડાકારી અને આધિ, વ્યાધિ અને ઉપાધિથી દુઃખદાયક થાય છે; જ્ઞાની ભગવંતના છેલ્લા ભવમાં જે આકરા પરિસહો અને વિષમ ઉપસર્ગો આવે છે તે આવા દીર્ઘકાલીન અધિક ભવસંખ્યાના અશુભ ઋણની ચૂકવણી અર્થે હોય છે.

ઋણાનુબંધના બળનો મોટો સંચય મુખ્યપણે શુભ હોય તો મોક્ષ થતા પહેલાંના અને અશુભ હોય તો નરકગતિમાં જતાં પહેલાંના પચ્ચીસ ભવમાં થાય છે. તે સિવાયનો ન્યૂનાધિક બળવાળો સંચય તો પ્રત્યેક ભવે થતો રહે છે અને તેનું ફળ પણ ભોગવાતું હોય છે.

ઋણાનુબંધના બળનો સંચય સૌથી વધારે મનુષ્ય-ભવમાં થાય છે, અને સૌથી ઓછો તિર્યંચગતિના ભવમાં થાય છે.

## શ્રીગુરુ અને શિષ્ય વચ્ચે ઋણાનુબંધ :

આગળ કહેવાય ગયું છે કે શિષ્ય અને શ્રી સદ્‌ગુરુ વચ્ચે શુભ ઋણાનુબંધ રહ્યો છે. શિષ્ય શ્રીગુરુનો જ્ઞાની-પુરુષ તરીકે સ્વીકાર કરી તેમનો આશ્રય કરે ત્યારે બંને વચ્ચે ઓછામાં ઓછા પચ્ચીસ ભવના શુભ ઋણાનુબંધનો ઉદય હોય છે. તે સિવાય ગુરુશિષ્યના સાચા ઉપકારી સંબંધ થવા શકય નથી. આ શુભ ઋણાનુબંધની અંદર બળની તરતમતા ઘણી હોય છે અને તેથી ફળ અપેક્ષાએ પણ ઓછા વધતાપણું હોય છે.

જેમ ગુરુ–શિષ્ય વચ્ચે શુભ ઋણનો બંધ મોટો, તેમ તેનો ઉદય ઘણું કરીને તીવ્ર હોય છે. તેવા પવિત્ર ઉદયકાળે ગુરુ પ્રત્યેના શિષ્યના પ્રેમ અને શ્રદ્ધાના ભાવો કોઈ અગમ્યપણે ઉપસી આવી ઉછળે છે; અંદરથી બહાર નીકળવા જોર કરતી અદમ્ય લાગણી પ્રેમપ્રવાહ રૂપે

અસ્ખલિતપણે શ્રીગુરુ પ્રત્યે ખેંચાઈને વહેવા લાગે છે; શ્રીગુરુની મીઠી સુખદાયક સ્મૃતિ હૃદયમાંથી ખસતી નથી અથવા વિના પ્રયાસે પુનઃ પુનઃ આવ્યા કરે છે; ત્યારે નિર્દોષ પવિત્ર પ્રેમનું સત્ય સ્વરૂપ શિષ્યને સમજાય છે. જગત જેને પ્રેમના નામે ઓળખે છે તેનાથી સર્વથા ભિન્ન એવી કેવળ અલૌકિક, મીઠી, કોમળ, હૃદયસ્પર્શી, નિઃસ્પૃહ, સર્વ ભોગ આપવામાં નિરંતર તત્પર અને અપૂર્વ લાગણીનો તેને પ્રત્યક્ષપણે અનુભવ થાય છે. શ્રી ગુરુ અને તેમના પાવનકારી નિર્મળ આત્મા પ્રત્યેનો શિષ્યનો પ્રેમ-શ્રદ્ધા-અર્પણતાનો નિર્દોષ ભાવ ક્યા વિકટ સાધ્યને સિદ્ધ ન કરી શકે? અર્થાત્ સુગમતાએ કરી શકે. તેમ થવામાં તેના ગર્ભમાં રહેલું રહસ્ય અગમ-અગોચર છે.

બીજી બાજુ શ્રી ગુરુ પણ એવા જ શુભ ઋણના બંધથી બંધાયેલા છે અને તેના ઉદયવશ તેમને પણ શિષ્ય પ્રત્યે શુભ કોમળ ભાવ થાય છે. શિષ્યનો પોતા પ્રત્યેનો પ્રેમપ્રવાહ જોઈને ચિત્તપ્રસન્નતા થાય છે અને અને ઋણની ચૂકવણી કરવા આનંદિત થાય છે, તેઓ શિષ્યને અનેક જુદા જુદા પ્રકારે ક્યારેક પ્રગટપણે તો ક્યારેક અપ્રગટપણે તેના શ્રેયને અર્થે સાથ આપી સહાય કરે છે; તેમાં સિદ્ધાંતજ્ઞાન, વિવેકજ્ઞાન, આચાર-જ્ઞાન અને રહસ્યયુક્ત ગુપ્તજ્ઞાનનું દાન સમાવેશ પામે છે. તે સર્વનું લાભપ્રદ પરિણામ એ આવે છે કે શિષ્યનો પ્રેમ-શ્રદ્ધાનો ભાવ પ્રબળપણે વધે છે અને અર્પણતાનો

સુખરૂપ ઉદય આવે છે; તે પોતાનાં મન, વચન અને કાયા તથા તેની પ્રવૃત્તિ શ્રીગુરુનાં પવિત્ર ચરણોમાં અકપટભાવે અર્પણ કરે છે; તેને યથાર્થતાએ લક્ષ આવે છે કે પોતાનાં મન, વચન, કાયા પરત્વે શ્રીગુરુદેવની ચેષ્ટા ગમે તે પ્રકારની હો, છતાં તેના હૃદયના ઊંડાણમાં લેશ શંકા કે આશંકા કે વિકલ્પ ઉદ્ભવ ન પામે ત્યારે જ અર્પણતાનો પ્રકાર સત્ય કહી શકાય અને ત્યારે જ તે ફળરૂપ થાય છે. અર્પણતાના ભાવ અનુસાર શ્રીગુરુની ગુપ્ત કે પ્રગટ સહાય મળે છે, તેની પાછળ પણ ઋણાનુબંધનો સિદ્ધાંત અવશ્ય રહ્યો છે.

## વિકાસમાં હીનવીર્ય–બળવીર્યથી પડતા ભેદો :

જીવ વિકાસ કરતો કરતો એકેન્દ્રિયથી આગળ વધી સંજ્ઞી તિર્યંચ ગતિ પ્રાપ્ત કરે ત્યારથી માંડી મોક્ષના છેલ્લા ભવ સુધીમાં ઘણા ઘણા (આ સંખ્યા નિશ્ચિત છે) ભવો કરે છે તે ચારે ગતિમાં રઝળે છે ને આથડે છે. આ રઝળપાટમાં સૌથી વધારે સંખ્યાના ભવો સંજ્ઞી તિર્યંચ ગતિના એટલે સ્થળચર, જળચર અને નભચર પ્રાણીઓના અર્થાત્ પશુપક્ષીના, તેનાથી ઓછા ભવ મનુષ્ય ગતિના, તેનાથી ઓછા દેવગતિના અને તેનાથી ઓછા નરક ગતિના હોય છે. ભવોની જે નિશ્ચિત સંખ્યા છે ત્યાં સુધીમાં જીવને જો આત્મજ્ઞાન પામી મોક્ષ પ્રાપ્ત ન થાય, તો તે નીચે ઊતરતો જાય છે અને ઠેઠ એકેન્દ્રિય સુધી પહોંચી જાય છે. તેવી

પછડાટવાળા પતનનું મુખ્ય કારણ છે, જ્ઞાની ભગવંતની આશાતના. દૃષ્ટાંતમાં શ્રી વીરપ્રભુનો એક વખતનો શિષ્ય, ગોશાળો.

"જ્ઞાનીપુરુષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું, એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે, એમ તીર્થંકર કહે છે. તે પુરુષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું, અને તેની આજ્ઞામાં સરળ પરિણામે પરમ ઉપયોગદૃષ્ટિએ વર્તવું, એ અનંત સંસારને નાશ કરનારું તીર્થંકર કહે છે, અને તે વાક્યો જિનાગમને વિષે છે. ઘણા જીવો તે વાક્યો શ્રવણ કરતા હશે, તથાપિ પ્રથમ વાક્યને અફળ અને બીજા વાક્યને સફળ કર્યું હોય એવા જીવો તો ક્વચિત્ જોવામાં આવે છે; પ્રથમ વાક્યને સફળ અને બીજા વાક્યને અફળ એમ જીવે અનંતવાર કર્યું છે, તેવાં પરિણામ આવતાં તેને વખત લાગતો નથી, કારણ કે અનાદિકાળથી મોહ નામનો મદિરા તેના 'આત્મામાં' પરિણામ પામ્યો છે, માટે વારંવાર વિચારી તેવા તેવા પ્રસંગમાં યથાશક્તિ, યથાબળવીર્યે ઉપર દર્શિત કર્યો છે જે પ્રકાર તે પ્રકારે વર્તવું યોગ્ય છે." (પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્ર-વચનામૃત ૩૯૭). વિશેષ સ્પષ્ટતા માટે એટલું સમજવા યોગ્ય કે જ્ઞાની પુરુષની આત્મદશા જેટલી ઊંચી, તેટલું તેમની અવજ્ઞા આદિ આશાતનાનું ફળ મોટું. પ્રબળ દ્વેષબુદ્ધિ વિના આવી આશાતનારૂપ પ્રવૃત્તિ જીવથી

થતી નથી અને તે દ્વેષબુદ્ધિનું કટુ ફળ પણ વ્યવહારથી તેમ પરમાર્થથી સંપ્રાપ્ત થયા વિના રહેતું નથી. નિજ હિત અર્થે જીવે નિરંતર સ્મૃતિમાં રાખવા યોગ્ય છે કે કોઈપણ જીવ પ્રત્યે કિંચિત્ માત્ર દ્વેષ કરવા યોગ્ય નથી; દ્વેષના ત્યાગથી જરૂર અને પ્રથમ જ આત્માનું રક્ષણ કરવું ઘટે છે. કોઈ જ્ઞાની પુરુષના આત્મિક પ્રભાવથી પ્રભાવિત થઈ તેમના શુભ ઋણાનુબંધીઓ તેમના પ્રત્યે આકર્ષાય છે અને તેમનો ઉપકારી આશ્રય સ્વીકારે છે, ત્યારે તે જોઈ અથવા સાંભળીને દ્વેષબુદ્ધિવાળા દ્વેષથી ઉત્તેજિત થઈ તે નિર્મળ ઘટનાને જુદી રીતે ઘટાવવામાં આનંદ માને છે અને કહે છે કે તે પુરુષમાં બીજું કંઈ નથી, માત્ર આકર્ષવાની શક્તિ, Hypnotic Power, છે અને તેટલેથી ન અટકતાં નિંદાયુક્ત વચનો કહીને મિથ્યા આત્મસંતોષ મેળવે છે. આવું બનતું અમે જોયું છે.

હવે આપણે મૂળ વાત પર આવીએ.

સામાન્ય રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે સંજ્ઞી તિર્યંચના પ્રથમ ભવથી મોક્ષપ્રાપ્તિના ભવ પર્યંતની કુલ સંખ્યાના અર્ધ ભાગ જેટલી સંખ્યાના ભવો ઘણું કરીને તિર્યંચ ગતિમાં પસાર થાય છે અને બાકીની અર્ધ સંખ્યાના ભવો નરક, દેવ, મનુષ્ય ગતિઓમાં પસાર થાય છે.

(અ) કોઈ હીનવીર્ય જીવની અપેક્ષાએ એ જીવના તિર્યંચ ગતિના ભવો વધી જાય છે. ધારો કે સંજ્ઞી તિર્યંચના પ્રથમ ભવથી સંસારથી છૂટવાના છેલ્લા ભવ સુધીની ભવ સંખ્યા આઠસોની હોય તો આ હીન-વીર્ય જીવ તેના અર્ધ એટલે ચારસો ભવ આ ગતિમાં કરવાને બદલે સાડા ચારસો ભવ કરે છે અને તે કારણે તેને શુભ ઋણાનુબંધના બળના સંચયનો લાભ બહુ મોડો અને વિલંબથી મળતો હોવાથી-જે સંચય મુખ્યતાએ મનુષ્યગતિમાં થાય છે-અને તે પણ પ્રમાણમાં ઓછા શક્તિવાળો હોવાથી, તે જીવને આત્મકલ્યાણ માટેનો પુરૂષાર્થ અતિ પરિશ્રમપૂર્વક અને જબ્બર કરવો પડે છે. વિશેષ અથવા ઉગ્ર તપશ્ચરણ અતિ દેહકષ્ટની ક્રિયાઓ, માનસિક વિહ્વળતા અને ચિંતાની અવસ્થામાંથી તેને પસાર થવું પડે છે. યમ, નિયમ, સંયમ આદિ સાધનો તેને મહાકષ્ટે સાધ્ય થાય છે. મુક્તિની સરળ અને સુગમ વાટ તેને જલદીથી મળી શકતી નથી અને પરમાર્થનો માર્ગ મળ્યા પછી પણ તેને વિશેષ બળવાન પુરુષાર્થ કરવો પડે છે. સત્ય પુરુષાર્થ તરફ વૃત્તિનું જલદીથી વલણ ન થવું તે હીનવીર્ય જીવનનું લક્ષણ છે.

(બ) ત્યારે બીજી બાજુ બળવીર્યવાન જીવની વાત જોઈએ તો તે જીવના તિર્યંચ ગતિવાળા પશુ પક્ષીના ભવો ઓછા અથવા ઘટેલા હોય છે. સામાન્ય-પણે સરેરાશ ચારસોના બદલે અઢીસોથી સાડા ત્રણસો

સુધીના હોય છે. તીર્થંકર, ગણધર આદિ પરમાર્થપદ જે ભાવિકાળમાં પામવાના હોય, તેવા જીવોને તિર્યંચ ગતિના ભવો બહુ ઓછા હોય છે અને દેવ–મનુષ્ય ગતિના ભવો વધારે ( પ્રમાણમાં ) હોય છે. આ જીવો પરમ ભાગ્યવંત ગણાય છે; આ જ ગતિમાં તેમનાથી થોડા વધારે ભવો કરનાર જીવો પણ ભાગ્યવંત છે, કેમકે તેમને મનુષ્ય ગતિના ઝાઝા ભવો કરવાનો ઉત્તમ લાભ મળતો હોવાથી અને પુણ્યના ઉદયથી સંસારગત સુવિધાઓ સરળતાએ પ્રાપ્ત થતી હોવાથી શુભ ઋણાનુબંધના બળનો સંચય જલદીથી થઈ શકે છે. આ સંચય મોટો, ઘનિષ્ટ અને બળવાન હોય છે. તેનો ઉદય તેને અતિ લાભદાયી બને છે. તેમાં તેને પોતાના શુભ ઋણાનુબંધી જ્ઞાનીપુરુષનો સમાગમયોગ થાય છે, અને તે પુરુષના આશ્રયે પવિત્ર માર્ગ માટેનું માર્ગદર્શન મળે છે. આથી આત્મકલ્યાણની સાધના અલ્પ પ્રયાસે અને ચિત્તની પ્રસન્નતાથી આનંદપૂર્વક થાય છે; ત્યાં દેહને કષ્ટ કે એવું તેવું કંઈ હોતું નથી. અહીં ગુરુ–શિષ્ય વચ્ચે શુભ ઋણાનુબંધના ઉદયની સાથે પૂર્વભવોમાં બંધાયેલ પરમાર્થપુણ્યનો સુંદર સંચય જ્યારે ઉદય પ્રાપ્ત થાય છે ત્યારે શિષ્યને બળવાન અને ઉત્તમ આત્મિક લાભ અલ્પકાળે અને અલ્પ પ્રયાસે સહજતાએ મળે છે. મોક્ષ પ્રાપ્તિ માટેનો ઓછામાં ઓછા પરિશ્રમવાળો પુરુષાર્થ આ વિભાગમાં જણાવેલ બળવીર્યવાન જીવોને કરવાનો હોય છે, આ બધી અપેક્ષાએ આ જીવો ભાગ્યવંત

ગણાય છે. આ વિભાગમાં પણ વીર્યની તરતમતાને લીધે ઘણા ભેદ પડે છે પણ મુખ્યતાએ સમજવા માટે આ 'બ' પ્રકાર કહ્યો છે.

(ક) 'અ' અને 'બ'ના બે છેડાના બે પ્રકારને બાદ કરતાં બાકીના સમસ્ત જીવો સામાન્ય પ્રકારમાં સમાય છે. અહીં વીર્યના ઉઘાડની તરતમતાને લઈને તેમ વીર્યના ઉપયોગની વિવિધતાને કારણે અનેક ભેદો પાડી શકાય. સાધારણ રીતે કહીએ તો આ વિભાગના જીવો તિર્યંચ ગતિના ચારસો (કુલ આઠસો ભવોની ધારણાની ગણતરીએ) આસપાસના ભવ અને બાકીના બાકીની ત્રણ ગતિમાં કરતા હોય છે. આ જીવોને મોક્ષ-પ્રાપ્તિ માટે જે પુરુષાર્થ આદરવો પડે છે તે "અ" પ્રકારના જીવોથી ઓછો અને "બ" પ્રકારના જીવોથી વધારે હોય છે અને આ વાત સુગમતાએ સમજાય તેવી છે.

"અ" પ્રકારના જીવો નરકગતિના જે દુઃખો, વેદના અને પીડા ભોગવે છે તેની તેમના આત્મા પર ઊંડી અને ઘેરી બળવાન અસર થતી નથી તેથી દુઃખનાં વેદનની છાપ હળવી પડવાથી તે જલદીથી ઉપકારી થઈ કાર્યકારી થઈ શકતી નથી અને તેથી જ તિર્યંચ ગતિના ભવો વધી જાય છે. જીવને દુઃખનું વેદન એ બોધ લેવાનું સાધન છે અને જ્યાં સુધી તેમાંથી સાચો બોધ ન લે ત્યાં સુધી તે આત્માના વિકાસના માર્ગ પર આવી

શકતો નથી; જેટલો મોડો લે તેટલો મોડો લાભ મેળવે છે. મુખ્યપણે 'અ' પ્રકારના જીવો અવિવેકી, વિશેષ પ્રમાદી અને મૂઢ મતિવાળા હોય છે અને વિવેક ઊગ્યા પછી પણ પ્રમાદને લીધે પુરુષાર્થનું બળવાનપણું કરવું તેમને કઠણ પડે છે; અને એ જ તેમનું હીનવીર્યપણું છે. જ્ઞાની પુરુષોને આવા જીવો પરત્વે તેમનો પરમાર્થના નામે થતો ઊંધો પુરુષાર્થ જોઈને અત્યંત કરુણા આવે છે.

'બ' પ્રકારના જીવોને નરકગતિમાં વેદેલાં અસહ્ય દુઃખોની છાપ તેમના આત્માના પ્રદેશો પર બળવાન, ઘેરી અને ઊંડી પડતી હોવાને લીધે દુઃખનાં વેદનથી ઉત્પન્ન થતું ઉપકારી બોધનું ઝરણુ ગુપ્તપણે તેમનાં હૃદયમાં વહેવા માંડે છે અને હવે આવાં ભયંકર દુઃખો અને વેદના ભોગવવાં નથી એ વૃત્તિ અંતરમાં ઊગી આવે છે, તેના પરિણામે સિદ્ધાંતના સ્પષ્ટ જ્ઞાન વિના પણ અતિ સ્થૂળ પાપક્રિયાથી સત્વર અટકે છે, તેથી તે જીવોના નરક તથા તિર્યંચ ગતિઓના ભવો ઘટી જાય છે. તેઓ દુઃખોનાં વેદનથી મેળવેલા બોધને અનુસરીને વર્તવાનો ઉદ્યમ કરે છે અને બોધનો લાભ મેળવે છે. તેમના આત્મામાં વિવેકનો ઉદય જલદી આવે છે, સન્મતિનું પ્રાકટ્ય પણ જલદી થાય છે અને પ્રમાદનો ત્યાગ કરવા હંમેશા જાગૃત રહે છે.

'ક' પ્રકારના જીવોના સંબંધમાં અનેકાનેક ભેદો

હોવાથી કંઈ ચોક્કસપણે કહી શકાય તેવું નથી. તેમનું આત્મવીર્ય શુભાશુભ વચ્ચે ઝોલાં ખાતું હોય છે. તેમની નિમિત્તાધીન પલટાતી સ્થિતિ વારંવાર જોવામાં આવે છે. ઘણું કરીને તેમનું જિજ્ઞાસાબળ અને નિશ્ચયબળ મંદપણે પ્રવર્તતું હોય છે. એક છેડેથી બીજે છેડે પહોંચી જવામાં તેમને વાર લાગતી નથી; ક્યારેક એક વિષયના રસની ધૂન હોય છે, તો ક્યારેક તેનાથી વિરુદ્ધ અન્ય વિષયની; વ્યવહાર અને પરમાર્થ બંનેમાં તેમની વર્તના આ પ્રકારે હોય છે. વ્યવહાર જીવનમાં જે ટેવો, આદતો, દોષો અને સદ્‌વર્તનરૂપ ગુણો કેળવાય છે, તે જ ટેવો આદિ પરમાર્થમાં રહ્યા કરે છે; ખોટી બંધનકારક આદતો અને દોષોની નિવૃત્તિ તે જીવો અવશ્ય ઇચ્છે છે પરંતુ તેને દૂર કરવાનું કાર્ય તેમને માટે આકરું બને છે અને ઠીક કષ્ટ વેઠયા પછી સફળતા મળે છે.

### વીર્યની તરતમતાનાં કારણનું મૂળ ક્યાં છે?

શ્રી જિનદેવે કહ્યું છે કે કોઈ એક જીવ સિદ્ધ થાય ત્યારે તેના નિમિત્તથી એક જીવ નિત્ય નિગોદમાંથી બહાર નીકળી ઈતર નિગોદ એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેજકાય વાયુકાય અને વનસ્પતીકાયમાં આવે છે. સિદ્ધ થનાર જીવનું સંસારભ્રમણ દરમ્યાન ઉત્કૃષ્ટ, મધ્યમ કે કનિષ્ટ જેવા પ્રકારનું વીર્ય પ્રગટતાએ હોય તથા તેને જેવી રીતે ઉપયોગમાં લેવાયું હોય, તેવા ઉત્કૃષ્ટ કે મધ્યમ કે કનિષ્ટ પ્રકારના વીર્યનો લાભ તેમના નિમિત્તથી

બહાર નીકળનાર જીવને મળે છે. આ એક રહસ્યમય સિદ્ધાંત છે અને તેનું બહુ મૂલ્ય છે. મોટા ભાગે ઘણું કરીને આ પ્રમાણે હોય છે તેમ છતાં જીવના પોતાના સ્વતંત્ર, સીધા કે ઊંધા પુરુષાર્થથી તેમાં ન્યૂનાધિકતા અવશ્ય સંભવે છે, એટલે કે જીવ કેવળ પરાધીન નથી. તેમ આ સિદ્ધાંત પુરુષાર્થના ઉત્તમ બળને ઉતારી પાડવાના હેતુએ કહ્યો નથી, પરંતુ જીવ જાણવા છતાં, અંદરમાં નિશ્ચય કરવા છતાં, તેમ કરવાની ઇચ્છા હોવા છતાં, યથાયોગ્ય પુરુષાર્થ કેમ ઉપાડી શકતો નથી, અથવા મંદપણે ઉપાડે છે અથવા તેમાં વિલંબ કરે છે તેનું ગુપ્ત કારણ સમજવા માટે કહ્યો છે, તેમ આ સિદ્ધાંત પુરુષાર્થહીન થવા માટે જણાવ્યો નથી. કોઈ સંસારમોહી જીવના અથવા ધર્મરૂચિવંત જીવના જ્ઞાનમાં નથી કે પોતાને કેવા પ્રકારના વીર્યની ઉપલબ્ધિનો લાભ મળેલ છે; તેથી દરેક જીવે અવશ્ય પુરુષાર્થને પ્રધાન કરવો ઘટે છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની માતા મરુદેવીના સંબંધમાં "એકેન્દ્રિયનું એકાવતારીપણું" કહેવામાં આવ્યું છે, તેની પાછળ અહીં કહ્યો તે સિદ્ધાંત રહ્યો છે. "એકેન્દ્રિયનું એકાવતારીપણું" જેમ સમજવામાં અથવા સમજાવવામાં આવ્યું છે, તે તેમ નથી. આ વચનો અપેક્ષિત છે, તેથી અપેક્ષાએ સમજવા યોગ્ય છે અને સમજાતાં તરત બુદ્ધિગમ્ય થાય છે. કોઈ સ્થળે એકાંત પક્ષ ગ્રહણ કરવા યોગ્ય નથી એવું જે જિનવચન તે સર્વથા સત્ય છે. આથી સત્ય-

પુરુષાર્થ થકી પ્રથમ જ્ઞાનની નિર્મળતા કરવી કે જેથી તે જ્ઞાનદર્પણમાં સર્વ ભાવો, રહસ્યો અને બુદ્ધિથી ન સમજાય તેવા ભેદો પ્રકાશિત થાય.

આપણે જાણીએ છીએ કે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વીર્યબળ શ્રી તીર્થંકર પ્રભુજીનું છે, તેમ છતાં આશ્ચર્ય તો એ છે કે તેમના પૂર્વભવો, પ્રસંગો, શુભાશુભ ઉદયકાળો અને પુરુષાર્થ જોતાં વીર્યબળની ચાલી આવતી સ્થિતિ તરતમતા-વાળી હોય છે. શ્રી આદિનાથ પ્રભુથી માંડી શ્રી મહા-વીરસ્વામી સુધીના તીર્થંકર ભગવંતોના પૂર્વભવો અને છેલ્લા ભવ સંબંધની વિગતો બરાબર તપાસી અને લક્ષમાં લેવાથી ઉપર જણાવેલી વાત સત્ય લાગશે. અહીં જે વીર્યની તરતમતા પરત્વેનું વિધાન કર્યું છે તે માત્ર તેમનો છેલ્લો ભવ નહીં પણ સંજ્ઞીપણાના ભવો લક્ષમાં લઈને કરેલ છે તે ધ્યાનમાં રાખવું.

શ્રી તીર્થંકર પ્રભુ કરતાં ઉતરતું વીર્યબળ તેમનાથી નીચેનું પરમાર્થપદ ધારણ કરનાર શ્રી ગણધર પ્રભુનું, તેથી ઉતરતું અન્ય પરમાર્થપદ ધારકનું, તેથી પણ ન્યૂન સામાન્ય કેવળીનું અને કનિષ્ટમાં કનિષ્ટ નપુંસક વેદે સિદ્ધ થયેલા ભગવંતનું છે. પ્રત્યેક પ્રકારમાં વીર્યની તરતમતા હોય છે તે યાદ રાખવું.

આ પ્રમાણે ઉત્તમ પુરુષોના નિમિત્તથી નિગોદમાંથી નીકળનાર જીવોને ઉત્તમ વીર્યના ઉઘાડનો અને આત્માર્થે

તેના ઉપયોગનો સારો લાભ સહજ મળે છે. તે જીવો ઘણા ભાગ્યશાળી લેખાય છે. તે જ રીતે ઉત્તરોત્તર સમજવું.

અહીં બતાવેલ નિયમ તર્કબદ્ધ, ન્યાયયુક્ત અને અબાધિત છે. તેમાં કેટલીક સૂક્ષ્મ શંકાઓ કે આશંકાઓ, ખરી સમજણના અભાવે ઉત્પન્ન થતી ગૂંચો અને મૂંઝવણો દેખાશે. તેના નિવારણ માટેનું જ્ઞાન કેળવીગમ્ય કે ગુરુગમ્ય છે એમ માની શ્રદ્ધાયુક્ત ચિત્ત સ્થિરતા અવગાહવી.

## ઋણાનુંબંધના ઉદયો:

ચારે ગતિઓમાંની પ્રત્યેક ગતિમાં જે જીવો શુભાશુભ ઋણાનુબંધથી બંધાયેલા હોય, તેઓ ઋણની પતાવટ અર્થે પરસ્પર સંબંધ સમાગમમાં આવે છે તે, તથા તે ઉપરાંત એક ગતિના જીવ સાથે અન્ય ગતિના જીવને ઋણાનુબંધના વિશેષ પ્રકારના ઉદય હોય છે તે હવે જોઈએ.

## મનુષ્ય મનુષ્ય વચ્ચે ઋણાનુબંધના ઉદય:

મનુષ્ય માત્રનું જન્મથી મરણ સુધીનું જીવન શુભાશુભ ઋણાનુબંધના ઉદયે ઘણું કરીને વ્યતીત થતું હોય છે. ઋણાનુબંધી માતાપિતાને ત્યાં જન્મ, ઋણાનુબંધી ભાઈ–ભગિની, પતિ–પત્નિ, સંતાન, ભાગીદાર, શેઠ, નોકર આદિના સગપણ–સંબંધો વગેરે ઋણ ચૂકવવા અર્થે હોય

છે. તે સર્વ સંબંધોનો સ્પષ્ટ અનુભવ દરેકને થાય છે અને સુખદુઃખ વેદે છે. ઋણના શુભ ઉદયે સુખ અને સંતોષ તથા અશુભ ઉદયે દુઃખ અને વિટંબના અનુભવાય છે. કેટલીકવાર અશુભ ઉદયની દીર્ઘકાળની સ્થિતિ સાથે તીવ્રતા અને ઘનિષ્ટતા એવી મોટી ને બળવાન હોય છે કે તે વેદતાં જીવ ખૂબ અકળાય છે અને પરેશાની પામે છે. વ્યવહારથી છૂટવાનો ઉપાય હોય તો પણ વેદવાનું હોઈ અર્થાત્ ઉદય હોઈ ઉપાય લઈ શકાતો નથી. વાસ્તવિક જીવનમાંથી દ્દષ્ટાંતો લઈ સમજીએ. નામ બધાં કલ્પિત સમજવાં.

શુભ ઉદય :

પુનમચંદ જન્મથી સુસંસ્કારી, સદાચારી, સેવાભાવી અને કૃતનિશ્ચયી હતા. લાડીલી કન્યા રોહિણી સાથે લગ્નગ્રંથિથી જોડાયા પછી તેમનું ભાગ્ય, જેમ ચંદ્રની કળા દિવસે દિવસે વધે તેમ પ્રતિવર્ષ ખીલતું ગયું. બંને પતિ–પત્નિ ધર્મપ્રેમી અને ધર્મારાધન યથાશક્તિ કરવાનાં ભાવવાળાં હતાં. બંને વચ્ચે વિમળ પ્રેમનો ઝરો વહેતો હતો અને એક બીજાની સર્વ સગવડ સચવાતી હતી. ત્રણ કે ચાર વર્ષના અંતરે પ્રેમાળ હ્રદયી રોહિણી જેમ જેમ પ્રભુનાં નિર્દોષ બાળકોને જન્મ આપતી ગઈ, તેમ તેમ લગભગ તે તે સમયે પુનમચંદનો ભાગ્યભાનુ પણ વિશેષ તેજથી તપતો ગયો. વેપાર વિકાસ, આડત અને ભાગીદારો સાથેના શુભ–રૂડા સંબંધ ખૂબ સંતોષકારક

રીતે વધતા ગયા, જાણે કેમ પરમકૃપાળુ પ્રભુએ ચારે બાજુથી કૃપાવૃષ્ટિ કરી ન હોય! આર્થિક ઉન્નતિ અને સામાજિક પ્રતિષ્ઠાનો લાભ ઊંચા ઊંચા સ્થાનકે પહોંચતો ગયો. કુટુંબમાં સુખદ સંપ, ભાગીદારીમાં પ્રકૃતિના સુમેળથી મતભેદ વિનાની સ્નેહપૂર્ણ લાગણી, સંપર્કમાં આવતા મનુષ્યો સાથે સારા સંબંધો, નોકરોની સંતોષપૂર્ણ વફાદારી ઇત્યાદિ શુભ ઋણાનુબંધના શુભ ઉદયે અનુભવગમ્ય થયાં. પુનમચંદનો ગૃહસંસાર પ્રેમભરી લાગણીથી ચાલતો હતો. કુટુંબ વ્યવહારમાં કોઈ આડખીલી કે અંતરાય નહોતી; વ્યાપાર સંસારમાં પરસ્પર અનુકૂળ રહેવાની સારરૂપ વૃત્તિ હતી. બાળકોમાં બે આજ્ઞાંકિત અને સરળ પુત્રો અને લાડકી નાની પુત્રી માતા–પિતાની પ્રેમાળ છાયા નીચે ઉછરી મોટાં થયાં.

તેવામાં એક ઉપાધિનો પ્રસંગ બન્યો. પુત્રો અને પુત્રી મોટરમાં બેસી ફરવા નીકળ્યાં હતાં. ડ્રાઈવરની કોઈ ભૂલ વગર મોટરનો ટ્રક સાથે અકસ્માત થયો અને તેમાં વહાલી પુત્રીને ગંભીર ઈજા અને ડ્રાઈવરને થોડી ઈજા થઈ. આયુષ્યબળે પુત્રી બચી ગઇ. તે દુઃખદ પ્રસંગની ઘેરી ખેદજનક અસર ઘણાં વર્ષનાં જૂના વફાદાર ડ્રાઈવર પર થઈ; તેને ખૂબ ખેદ થયો; તેનું ચિત્ત શોકથી ચગડોળે ચડ્યું; પોતાની ભૂલ નહિ છતાં ભૂલ કરી હોય તેવી છાપ તેના દિલમાં ચોંટીને રહી અને વિચારવમળમાં અટવાતા તે ઉપકારી શેઠની નોકરીમાંથી છૂટા થવાના

વિચાર પર, નિર્ણય પર આવતાં, તેણે તેના મનની વાત શેઠ પાસે ખેદખિન્ન હૃદયે રજુ કરી, શેઠ પુનમચંદ તો દયાળુ હતા, ધર્મ સિદ્ધાંતને માનનાર હતા, જેમ બનવાનું હોય તેમ અવશ્ય બને છે તેવી શ્રદ્ધાવાળા હતા અને પરનો દોષ નહીં જોવાની વૃત્તિવાળા હતા. તેથી તેમણે ડ્રાઇવરને કહ્યું, “અબ્દુલ, તું શા માટે ખેદ કરે છે ? અકસ્માત થવામાં તારી કોઈ ભૂલ નહોતી અને કદાપિ થઇ હોત તો પણ ભવિતવ્યતા મુજબ બનવાનું બનીને જ રહે છે. તું ખેદને નિવૃત્ત કર અને પ્રભુકૃપાએ વહાલસોયી પુત્રી જયા જયવંતપણે બચી ગઈ છે, તેનો આનંદ માન. આવી સારી નોકરી છોડવાથી તારું સુખી કુટુંબ મુશ્કેલીમાં મૂકાઈ જશે, તે જોવા આ જીવની તૈયારી નથી. તારી નોકરી ચાલુ રહે છે અને તારા પગારમાં માસિક રૂપિયા એકસોનો વધારો કરું છું.” અબ્દુલ ડ્રાઇવર શેઠનાં આ વચનો સાંભળી લાગણીના અતિરેકથી ગદ્ગદિત થઈ ગયો. તેનું હૈયું ભરાઈ આવ્યું અને ઉત્તર વાળવાની હિંમત ઓસરી ગઈ. તેના ડ્રાઈવર તરીકેના જીવનમાં અકસ્માતનો આ પહેલો જ બનાવ હતો; અકસ્માત પણ કેવો ? લગભગ જીવલેણ, દયાળુ પ્રભુની દયાથી બચવા પામ્યા તે જુદી વાત. તેનો હૃદયાઘાત હજુ જેવો ને તેવો જ હતો અને તે કારણે શેઠની દયા ને ઉપકારનો સ્વીકાર કરવા તેનો આત્મા તૈયાર થતો નહોતો. તેમ છતાં હૈયામાં પારાવાર મૂંઝવણ થતી હતી.

એક તરફથી શેઠ અને તેમના કુટુંબ પ્રત્યેનો અતુલ પ્રેમ તેને તે તરફ ખેંચતો હતો અને બીજી તરફથી ભયંકર અકસ્માત કર્યાના દોષરૂપ આઘાતથી તેનું ચિત્ત તેવું પુનઃ ન બનવા પામે એ હેતુથી નોકરીનો ત્યાગ કરવા ઇચ્છતું હતું. ભારથી દબાયેલું અબ્દુલનું દિલ જોઈ સરળતાની મૂર્તિ રોહિણીએ કહ્યું : “ અબ્દુલભાઈ, તમે નકામી ચિંતામાં પડી મુંઝાઓ છો, તમારો કોઈ દોષ નથી માટે સ્વસ્થ થઈ શેઠે કહ્યું તેમ કરો. તમે આ કુટુંબના જ એક સભ્ય છો એમ અમે માનીએ છીએ, માટે કુટુંબી વડાનો આદેશ તમારે શિર પર ચડાવી માન્ય રાખવો એ તમારી ફરજ છે. આ ઘર તમારું છે એમ સમજી રહો અને ફરજ આનંદથી બજાવો. ” ભદ્રસ્વભાવી શેઠાણીનાં ભદ્રસ્વરૂપ વચનોની અબ્દુલ પર જબરી અસર થઈ અને ખેદનો ભાવ ઉપશાંત થયો.

અકસ્માતના પ્રસંગ પછી પુનમચંદ શેઠની વૃત્તિ સદ્ધર્મની આરાધના પ્રત્યે વળી. ધર્મપ્રેમી અને સેવાભાવી તો હતા જ પરંતુ ધર્મારાધન માટે નિમિત્ત જરૂરી હતું તે મળી ગયું. રોહિણી પણ તેવા આત્માર્થના શુભ કાર્યમાં શેઠની સાથે હર્ષથી જોડાયાં. તે છતાં બાળકો પ્રત્યેની ફરજ બરાબર કાળજીપૂર્વક બજાવવાનું ચૂકતા નહોતા. તેમના ધર્મપ્રવર્તનની અસર પુત્રો તથા પુત્રી પર પણ થઈ અને તેથી તેઓ રસપૂર્વક તેવી પ્રવૃત્તિમાં ભાગીદાર બન્યાં. જુઓ, શુભ ઋણાનુબંધના ઉદયે કેવાં

શુભ અને સુખદાયક પરિણામો અનુભવાય છે. તે વખતે કેવું અનુકૂળ અને પ્રેમભર્યું વર્તન હોય છે! એક બીજાને સહાયરૂપ થવાની કેવી નિર્મળ ભાવના હોય છે! ક્લેશ નહીં, કંકાસ નહીં, ઝગડો નહીં, દ્વેષબુદ્ધિ નહીં, કુસંપ નહીં, માત્ર સંતોષ અને સુખ આપવાની વૃત્તિ હોય છે.

શુભ ઋણાનુબંધના ફળને દર્શાવતું બીજું દૃષ્ટાંત લઈએ. શ્રી ઉત્તમચંદ આર્થિક સ્થિતિમાં બહુ સાધારણ પણ ખાનદાન કુટુંબમાં જન્મ્યા હતા. યુવાન વયની મર્યાદા સુધી સંસારની લીલી સૂકી ઠીક ઠીક જોઈ હતી અને તેમાંથી પૂર્વના શુભ સંસ્કારોને જાગ્રત કરવામાં કુશળ એવા બોધને પામ્યા હતા. તેમનો સ્વભાવ સરળ અને સેવાભાવી હતો. પ્રકૃતિની કંઈ ઉગ્રતા કહી શકાય પણ હૃદય અરીસા જેવું સાફ હતું. દ્વેષ, ઈર્ષ્યા, વૈરવૃત્તિ, કઠોરતા આદિ અશુભ ભાવોનો સદંતર અભાવ હતો. સ્નેહ, કુટુંબ વત્સલતા, પરોપકારી બુદ્ધિ, સહાયકવૃત્તિ, પ્રામાણિકતા એ ગુણોનો પ્રભાવ તેમનામાં પ્રદર્શિત હતો. આવડત ને ગુણોને લઈને જીવનની નીચી પાયરી પરથી ઊંચી પાયરી પર આવતા ગયા હતા, અને ઉત્તમ સ્થાન પર આરુઢ થયા હતા. તેમનાં પત્ની સુભદ્રા શાંત, સરળ અને ભદ્રપરિણામી હતાં. બંનેને ધર્માનુરાગ હતો અને અનુકૂળતાએ ધર્મારાધન કરતાં હતાં. નબળી સ્થિતિ હોવા છતાં ઉત્તમચંદે પિતાની સેવા તન, મન અને ધનથી ઉત્તમ પ્રકારે કરી હતી અને સુભદ્રાએ પણ સેવાનો

અમૂલ્ય લાભ મેળવ્યો હતો. અંતકાળ સુધીની સેવાનું ફળ જે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે તે તેમના સંબંધમાં પ્રતીતરૂપ થયું. તેમને ત્રણ સુપુત્રો હતા, આજ્ઞાંકિત, શાંત, સેવાભાવી અને સુસંસ્કારી; અભ્યાસમાં હોંશિયાર, બુદ્ધિમાં કુશળ, અને કાર્યમાં એકરત. આખુંય કુટુંબ સ્નેહનાં બંધનથી બંધાયેલું હતું, એક રાગથી રંગાયેલું હતું, પરસ્પરની સગવડતા જોવી અને અનુકૂળતાએ વર્તવું એવા ભાવથી પ્રભાવિત હતું. આવું હોય ત્યાં વિખવાદ કે મતભેદના અંતરને સ્થાન કયાંથી હોય? સર્વનું સમગ્ર જીવન સંપ, સંતોષ અને સુખમાં વીતતું હતું. પ્રમાણિકપણે કરેલી આર્થિક કમાણી વધતી હતી, છતાં આવડતનું અભિમાન કે બુદ્ધિનું ગુમાન કે હોંશિયારીનો મદ લેશ પણ નહોતાં. પુત્રો પણ ભણીગણીને સારી કમાણીસર થયા હતા. પુત્રોને પરણાવતાં તેમની પત્નીઓ પણ કૌટુંબિક સ્નેહ અને સંપના ચોકઠામાં હર્ષપૂર્વક ગોઠવાઈ કુટુંબની પ્રતિષ્ઠા વધારતી હતી. સાસુ–વહુઓના સંબંધ મા–દીકરી જેવા અને દેરાણી–જેઠાણીના સંબંધ સગી બહેનો જેવા વર્તતા હતા. પડોશમાં અને ગામમાં આ કુટુંબ આદર્શ અને બોધ લેવા યોગ્ય ગણાતું.

એક સરખા સુખના દિવસો કોઈના જતા નથી એ ન્યાયે મોટા પુત્ર રવિચંદનો લાડકો અને પૂર્વસંસ્કારોની જાગૃતિથી ધર્મપ્રિય ચૌદ વર્ષનો પુત્ર જીવલેણ ટાઇફોઈડની માંદગીમાં સપડાયો અને દાક્તરની પૂરી સંભાળ તથા

સ્વજનોની કાળજીભરી સારવાર છતાં આયુષ્યનો બંધ પૂરો થતાં ધર્મશ્રવણ કરી ધર્મભાવમાં રહી તેણે દેહત્યાગ કર્યો. તે તેનું કામ કરી ગયો અને ઘરમાં વિશેષ ધર્મ-જાગૃતિનો વારસો મૂકતો ગયો. ઉત્તમચંદને ઉત્તમ નિમિત્ત મળ્યું, સુભદ્રાને મોહનિદ્રામાંથી જાગવાનું કારણ મળ્યું, રવિચંદને આત્મરવિનું તેજ પ્રગટાવવાની જિજ્ઞાસા વધી, રવિચંદની પત્ની નિર્મળાને સ્વરૂપને નિર્મળ કરવાની શુભ વૃત્તિ ઊગી અને તેમના સર્વની અસર અન્ય સ્વજનો પર તે જ પ્રકારે થઈ તે ધર્મારાધનની હર્ષપૂર્વકની પ્રવૃત્તિથી જે ફળ મળે છે તે સંપ્રાપ્ત થતું ગયું.

**અશુભ ઉદય :**

જ્ઞાની પુરુષોએ આ સંસારને એકાંત દુઃખથી પીડિત અને અશાતામય કહ્યો છે. તેમાં જે અલ્પ શાતા વેદવામાં આવે છે ત્યાં સત્પુરુષનો જ અનુગ્રહ છે. મુખ્યપણે તો જીવ આ સંસારને વિષે અશાતા જ વેદે છે. શુભ ઉદયના ઉપર જે દૃષ્ટાંતો કહ્યાં તે અતિ અતિ અલ્પ સંખ્યામાં જોવા મળે છે; અને અતિ બહુલતાએ તો અશુભ ઉદયને કારણે દુઃખ, ક્લેશ, ઝગડાટંટા, વેરઝેર વગેરે અનુભવાય છે. સહુને આ વાત સુવિદિત છે એટલું જ નહીં પણ અનુભવગમ્ય છે. તેનાં દૃષ્ટાંતો શોધવા જવું પડતું નથી, માત્ર ઘરમાં અને આસપાસ નજર કરવાની જરૂર છે. બે દૃષ્ટાંત લઈએ.

નવિનચંદ્ર આમ તો સરળ, પ્રમાણિક અને દયાળુ હતા; સ્વભાવમાં ઉગ્રતા ખરી પણ ડંખ નહીં; અન્યાયી વર્તન જુએ ત્યાં ક્રોધ આવી જાય અને તીખાં વચન પણ નીકળે, છતાં ગુસ્સાનો જુસ્સો ટકે નહીં. પત્ની સમજુ કંઈક અણસમજુ કહી શકાય. નવિનચંદ્રે "સમજુ" નામ બદલીને "સમતા" રાખેલું પણ અનેકવાર સમતાને સ્થાને વિષમતા જોવા મળતી. તેમને સંતાનમાં ત્રણ પુત્રો અને બે પુત્રી હતાં. મોટો પુત્ર સુભાષ કડક સ્વભાવનો, વચ્ચેટ સુમતિ ભરપૂર સ્વાર્થમતિવાળો અને નાનો જયેશ ધીર, વીર અને શાંત પ્રકૃતિથી જયને વરનારો હતો. પુત્રીઓમાં મોટી રમા સંસારની વિષમ રમતો રમવામાં કુશળ અને કાબેલ હતી; લોકો તેને રમતિયાળ તરીકે ઓળખતા અને તેનાથી સાવધ રહેતા. નાની સરલા સરળ, પ્રેમાળ અને પિતાની જેમ દયાળુ હૃદયની હતી. કુટુંબમાં વારંવાર મતભેદો પડતા અને કેટલીકવાર તેમાંથી ઉગ્ર સ્વરૂપ ઉત્પન્ન થઈ ઝગડામાં પરિણમતું. જયેશ અને સરલા વચ્ચે સ્નેહનાં બંધન હતા; તેઓ આ ઝગડાથી અલિપ્ત રહેતાં, તેમાંથી બોધ લેતાં અને સન્માર્ગનો આશ્રય કરતાં.

નવિનચંદ્રે અંગ્રેજીનો થોડો અભ્યાસ કર્યો હતો. કુટુંબ પોષણનો ભાર પોતાના માથા પર હોઈ અભ્યાસ છોડી નોકરીએ લાગ્યા હતા. આર્થિક સ્થિતિ તો સામાન્ય રહી હતી, છતાં કેળવણીના હિમાયતી હોઈ મોટા પુત્ર

સુભાષને થોડું કરજ કરીને પણ કોલેજનાં બે વર્ષ સુધી ભણાવ્યો હતો અને પછી પરણાવ્યો હતો. પુત્રવધુ સુનંદા ભોળી અને માયાળુ હતી. મુંબઈમાં સુભાષને સ્ટોર્સ મેનેજરના હોદ્દાવાળી નોકરી બીજે લીધેલ અનુભવના આધારે મળતાં તેમનું જીવન સુખમાં વીતવા લાગ્યું, કરજ ચૂકવવા પિતા તરફથી રકમની માગણી થતાં હાલમાં સગવડ નથી એમ જણાવી ઉડાઉ જવાબ આપી નવિનચંદ્રને દુભવતો. લાચાર પિતા બીજું શું કરી શકે? ભગ્ન હૃદયે બેસી રહેતા તેમણે ગામમાં બીજું પરચુરણ કામ કરીને, તનતોડ મહેનત કરીને આવક વધારીને બીજા પુત્ર તથા પુત્રી રમાનાં લગ્ન કર્યાં. તે શુભ પ્રસંગે સ્ટોર્સના મેનેજર સાહેબ શ્રી સુભાષે પિતા નવિનચંદ્રને પોતાના કેળવણી વગેરે ખર્ચનો હિસાબ પોતાની રીતે કરી રૂપીયા પાંચસો આપ્યા અને હવે હિસાબ ચૂકતે થાય છે એમ પિતાને કહી સંભળાવ્યું, અર્થાત્ તેમણે હવે પૈસાની માગણી કરવી નહીં એમ સૂચવ્યું. નવિનચંદ્રના જીવનમાં નવિનતાનો આ બીજો આઘાત હતો, નિરુપાયતા હતી. લેણદેણ હોય તેટલું લેવાય છે એ સિદ્ધાંતે સંતુષ્ટ રહેતા. થોડાં વર્ષ પછી એકવાર નવિનચંદ્ર સુભાષને મળવા અને તેની કારકીર્દિ જોવા મુંબઈ ગયા. સુભાષની પ્રમાણમાં ઠીક સાહ્યબી જોઈ આનંદિત થયા. પુત્રને બહેનને પસલી આપવાનું માથા પર લેવા હળવેકથી કહ્યું. જેમ ચાલે છે તે બરાબર એ ઉત્તરથી પિતાને અત્યંત દુઃખ થયું અને તે દિવસે દુઃખના ભારથી

જમ્યા નહીં. સાંજે ઘેર આવ્યા બાદ કડક સ્વભાવના સુભાષે સુભાષાનો ત્યાગ કરી ગુસ્સાથી કહ્યું કે "એ રીતે ત્રાગું કરવાથી કાંઈ વળશે નહીં. જમવું હોય તો જમી લો. ન પોસાતું હોય તો પાછા દેશમાં જાઓ." સુનંદાએ શાંત પાડવા પ્રયત્ન કર્યો પણ સુભાષ માને તો ને ? બીજા જ દિવસે તપ્ત હૃદયે આંસુ સારતા પિતા દેશ તરફ રવાના થયા અને નોકરીના કામ પર ચડી ગયા. એ જ વર્ષે પુત્રી રમા સુવાવડમાં અવસાન પામી. પિતાના દુઃખમાં વધારો થયો.

બીજા પુત્ર સુમતિચંદ્રનો અભ્યાસ સાધારણ હતો, તેથી તેણે સામાન્ય નોકરી સ્વીકારી થોડાં જ વર્ષમાં ભાગ્યોદય થવાનો હશે તેથી નાના ભાઈ જયેશની ઓળખાણ અને લાગવગથી તેને ધંધામાં ભાગીદાર થવાનું બન્યું, સ્થિતિ પણ સુધરી. કોઈએ કહ્યું કે, "તમને જયેશની ઠીક સહાય મળી એ ખુશી થવા જેવું છે. તેનો ઉપકાર માનવો જોઈએ." સુમતિભાઈ તો પૂરા ઘમંડી સ્વાર્થદૃષ્ટિવાળા અને મોટાઈના અભિમાની; તરત જ ઉત્તર વાળ્યો કે "મારા ઉપર કોઈનો ઉપકાર નથી. મેં મારી જાતથી જ બધું કરીને ઊંચે આવ્યો છું." કૃતઘ્ની ઉપકારને ઓળવનાર જ રહે છે, અને તેનું પરિણામ પણ તેનો ઉદય આવ્યે ભોગવે છે. નાનો જયેશ બધી રીતે સુખી છે.

હવે સુભાષનો પુત્ર વિનય ઉંમરલાયક થયો છે.

માતા-પિતા ક્ષણભંગુર વિનશ્વર દેહ છોડી ગયા છે. સ્ટોર્સના મેનેજર તરીકેના અનુભવ પછી સુભાષે શરૂ કરેલ ધંધો ધીકતો ચાલે છે. વિનયકુમાર પિતાના ધંધામાં જોડાય છે; પરંતુ પ્રકૃતિભેદથી ફાવતું નથી; દરમ્યાન તેનાં લગ્ન એક દુર્ભાગી કન્યા સાથે થાય છે. પિતા-પુત્ર નવિનચંદ્ર અને સુભાષની વચ્ચે અશુભ ઋણાનુબંધના કારણે અણબનાવ હતો, તેવી જ અણબનાવની દુઃખદ સ્થિતિ સુભાષ અને વિનયકુમાર વચ્ચે સર્જાઈ છે અને વધુમાં વિનય અને તેની પત્ની ચંદા વચ્ચે પણ સુમેળ જામતો નથી તેથી બંને દુઃખી થયા છે. સુભાષની મોટા ભાગની સંપત્તિ વિનયકુમારની કુટેવોના કારણે અને અવિવેકી વર્તનથી વપરાઈ ગઈ છે. તેના આઘાતથી સુભાષનો દેહ છૂટી ગયો છે. વિનયનો પુત્ર પ્રશાંત મોટો થયો પણ પિતાનો પૂર્વભવનો વેરી હોય તેવું વર્તન છે.

આ દૃષ્ટાંતમાં પિતા-પુત્ર વચ્ચેના અશુભ ઋણાનુબંધના સંબંધો ત્રણ પેઢી સુધી ચાલ્યા કર્યા છે, તે જો કે આશ્ચર્યરૂપ છે છતાં આ વિચિત્ર સંસારમાં કર્મોની વિચિત્રતાના કારણે સર્વ પ્રકારે બનવું શક્ય છે. જ્યાં સુધી સમજીને અને સદ્‌ધર્મનો આશ્રય કરીને અસદ્ ભાવોનો ત્યાગ ન થાય, ઉદયગત અવસ્થાઓને સમપરિણામે વેદી, ખમી ખુંદવાનું ન થાય, અને શુભ તથા ઉપકારી ભાવોમાં ન અવાય ત્યાં સુધી સુખનો અને શાંતિનો સમય આવવો દુર્લભ છે. અસદ્‌ભાવ અને

અસદ્ વર્તન કેવળ દુઃખને જ નોતરે છે–તત્કાળ સુખ અનુભવાતું હોય તોપણ.

હવે બીજું દૃષ્ટાંત અતિ સંક્ષેપથી જણાવીએ છીએ. એક ઘમંડી પિતાનો ઘમંડી, અભિમાની, આપખુદ સત્તાધારી પુત્ર છે, નામ છે કૃષ્ણકાંત. તેના ચહેરાની વિચિત્ર આકૃતિ જોઈ બાળક તો ગભરાઈ જાય અને ફરી સામે જોવાની હિંમત જ ન કરે. મોટી મોટી ગોળ અને લાલ આંખો, સજ્જડ બીડાયેલા હોઠ, વિશાળ લલાટ અને નાના કાન. તેની પત્ની કાંતા, જન્મથી દુઃખી સાસરે સુખની આશાએ આવતાં વધુ દુઃખની ખીણમાં ગબડી પડી. કૃષ્ણકાંતના તેજીલા, ક્રોધી અને નિર્દયી વર્તનથી ત્રાસ પામ્યા કરતી. તેને કોઈપણ પ્રકારની સ્વતંત્રતા નહોતી, સ્વબુદ્ધિનો ઉપયોગ કરવાની છૂટ નહોતી, માત્ર ધણીને આધીન થઈ વર્તવાનું હતું. જીવનો સ્વચ્છંદ ક્યાં સુધી કામ કરે છે તેની કોઈ સીમા નથી. પૈસે ટકે કૃષ્ણકાંત બહુ સુખી છે, પરંતુ પૂર્વથી ઊતરી આવેલી લોભપ્રકૃતિ છૂટતી નથી તેથી ધનોપાર્જનની વિશેષતા કરવામાં ન શોભારૂપ એવી અનુચિત પ્રવૃત્તિ કરવામાં આંચકો આવતો નથી. તેને ત્યાં એક સુસંસ્કારી, ન્યાયી અને સદ્ભાવપ્રેમી બાળક અરવિંદ જન્મ્યો છે. તે પિતાની આકરી વર્તણુક સહીને મોટો થયો છે. માતાનું ગુલામથી પણ બેહદ દુઃખી જીવન જોઈ તેના અંતરમાં કરુણા વરસે છે અને તેને છોડાવવાના અને

સુખી કરવાના શપથ લે છે. કૃષ્ણકાંતને અરવિંદની શુભ ભાવના, વિશાળ દિલના ઊંચા વિચારો, સહાનુભૂતિવાળી વૃત્તિ વગેરે જોઈને ભીતિ રહે છે કે "તે મારી કમાયેલી મિલકત ઓછી કરશે કે ગૂમાવી દેશે; તેથી મારે સાવધ રહેવું અને અરવિંદને કોઈ છૂટ ન આપવી." અરવિંદ વસ્તુસ્થિતિ પામી જઈ ગૃહનો ત્યાગ કરે છે અને ત્રણ જ વર્ષમાં ઠીક કમાણી કરે છે. પોતાની અત્યાર પર્યંતની દુ:ખી અને પ્રેમાળ માતાને પોતાની પાસે બોલાવી રાખે છે. કૃષ્ણકાંત એકલા પડી જાય છે, મુંઝાય છે પણ અભિમાની હોઈ અંદરની મુંઝવણ બહાર બતાવતા નથી. અરવિંદનાં લગ્ન એક સુશિક્ષિત કન્યા સાથે થાય છે અને મા - પુત્ર - પુત્રવધુ અશુભ ઋણાનુબંધનો ઉદય પૂર્ણ થતાં સુખેથી જીવન વ્યતીત કરે છે. કૃષ્ણકાંત ક્રોધાગ્નિથી બળે છે. પોતાની જ પત્ની અને પુત્રના સુખને જોઈ શકતા નહીં હોવાથી ક્રોધના આવેશમાં દેહત્યાગ કરે છે. વીલ કે કાંઈ કર્યું ન હોવાથી તેમની મિલકત પત્નીને વારસામાં મળે છે. અહીં આ દૃષ્ટાંતમાં અશુભ ઋણાનુબંધ એક જીવ સાથે પૂર્ણ થયા પછી બીજા જીવો સાથે શુભ ઋણનો ઉદય થયો છે.

સાસુ-વહુ, નણંદ-ભોજાઈ, દેરાણી-જેઠાણી, ભાઈ-ભાઈ ઈત્યાદિ વચ્ચેના અશુભ ઋણાનુબંધના ઉદયે થતા અણબનાવ, ઝગડા, કલેશ આદિ પ્રકારો સહુ કોઈ જાણે છે. તેના ઉદયથી મારામારી અને ખૂન પણ થાય છે.

આવા અશુભ બંધ પાડવા તે કેવા ખતરનાક છે? તેવાં ભાવથી અવશ્ય વિરમવું.

**મનુષ્ય અને દેવ વચ્ચે ઋણાનુબંધના ઉદય :**

ઋણાનુબંધનો ક્યારેક એવો વિચિત્ર ઉદય આવે છે જ્યારે કોઈ એક મનુષ્ય દેવગતિના દેવ કે દેવી સાથે સીધા સંસારી સંબંધમાં ન હોવા છતાં તેના ઋણનું ચૂકવણું તે દેવ કે દેવી દ્વારા થાય છે. કર્મની વિચિત્રતાનો એ એક પ્રકાર છે. આ ઋણ શુભ કે અશુભ જેવું હોય તેવું સારૂં કે નરસું ફળ મનુષ્યને દેવ કે દેવી મારફત ભોગવવું પડે છે. આવા પ્રકારના ઉદય આ સંસારને વિષે જોવા મળે છે. ઘણાએ તેવા ઉદય જોયા હશે વા સાંભળ્યા હશે, તેથી તેની પ્રતીતિ પણ થઈ હશે.

**શુભ ઉદય :**

શુભ ફળના દૃષ્ટાંત તરીકે શાસ્ત્રમાં વર્ણવેલી શાલિભદ્રની કથા પ્રસિદ્ધ છે. તેમને ઋણાનુબંધી દેવ તરફથી સોનામહોરોની પેટીઓ દરરોજ મળતી અને તેથી સંસારના પદાર્થોના સુખની ઓછાઈ ક્યારે પણ વર્તતી નહોતી. આ જ્વલંત દૃષ્ટાંત છે. કદાચ શાસ્ત્રની કથાને માત્ર કથારૂપ માનવામાં આવે એટલે કે તે સત્ય છે એમ શ્રદ્ધવામાં ન આવે તો બીજા ઉદાહરણ લઈએ.

પોતાના અથવા પરના અનુભવ ઉપરથી જાણ્યું હશે કે સાંભળ્યું હશે કે દેવગતિને પામેલો કોઈ સંબંધિત

જીવ સ્વપ્નમાં કે જાગૃતિમાં પોતાના મૂળ દેહે આવી ગુંચવણવાળા, તકલીફવાળા કે કસોટીવાળા પ્રસંગ વેળાએ યોગ્ય સલાહ સૂચન કરી જાય છે અથવા કસોટી આદિ ઉપાધિવાળી સ્થિતિ ન હોય તો પણ ધનાદિના લાભાર્થે સ્વાસ્થ્ય આદિના લાભાર્થે અથવા રોગાદિની નિવૃત્તિ અર્થે ઉચિત માર્ગદર્શન આપી જાય છે, અને તેનો અમલ કરવાથી સારૂં અને સાચું ફળ મળે છે. કોઈ વેળા દેવ કે દેવી મંદિર બાંધવાનું, ગુપ્ત રહેલી પ્રતિમાનું સ્થળ બતાવી તેને મેળવી યોગ્ય કરવાનું સૂચન સ્વપ્નમાં પ્રત્યક્ષપણે આવીને કરે છે. આ પ્રકારનાં દષ્ટાંત અતિ પ્રસિદ્ધ છે; અને વર્તમાનમાં આજે પણ ઉપરના અનુભવોમાંથી કેટલાક બનતા જોવા મળે છે. ત્યાં મનની કલ્પના નથી, સ્વેચ્છાની બાહ્ય પ્રતિકૃતિ નથી પણ નરી વાસ્તવિકતા છે.

અમે જોયેલા અને અનુભવેલા પ્રસંગો તેના સમર્થન માટે વર્ણિત કરીએ છીએ. આ લગભગ પચાસ બાવન વર્ષ પહેલાંની વાત છે. અમારા એક સગાને ઋણાનુબંધી દેવી સાથે શુભ સંબંધ ઉદયમાં હતો, તેથી ઉપાધિ કે વ્યાધિના સમયે દેવી તેના દેહમાં શાંતિથી પ્રવેશી શાંતભાવે ઉપાય કે ઉપચાર બતાવતા અને તે મુજબ કરવાથી સફળતા મળતી. શરીરવ્યાધિ હોય તો આયુર્વેદિક સાદું ઔષધ બતાવી તેનું સેવન કરવાનું કહેતા અને સારૂં થઈ જતું. ઉપાધિનો પ્રસંગ હોય તો

શ્રદ્ધાપૂર્વક કોઈ સ્મરણ કરવાનું સૂચવતા અને આગાહી કરેલ સમય દરમ્યાન ઉપાધિની નિવૃત્તિ લગભગ થઈ જતી. એ સગા જરૂરી વખતે ભાવ કરે અને જરા શાંત થાય ત્યાં દેવી હાજર થતાં, એવો બળવાન ઋણાનુબંધનો સંબંધ વર્તતો હતો. ઘડીભર આશ્ચર્ય થાય તો પણ આ કેવળ સત્ય હકીકત છે.

બીજો અનુભવ પ્રસંગ જણાવીએ છીએ. લગભગ પંદર વર્ષ પહેલાંની વાત છે. શેરબજારમાં એક વ્યાપારી હતા અને શેરોનો ધંધો કરતા હતા. તેમના કાકાને તેના ઉપર ખૂબ પ્રેમ હતો. કાકા ગૂજરી જતાં દેવગતિને પ્રાપ્ત થયા ને પછી તો બન્ને વચ્ચેના શુભ ઋણાનુબંધનો ઉદય શરૂ થયો. કાકા સ્વપ્નમાં આવીને ભત્રિજાને શેરોના ભાવોની આગાહી આપતા. ભત્રિજો બરાબર તે આગાહી મુજબ ધંધો ગોઠવતો; આગાહી સાચી પડતી અને ભત્રિજો ખૂબ કમાણી કરતો. વારંવાર જુદા જુદા શેરોના ભાવોની વધઘટની આગાહીઓ મળ્યા કરતી, સત્ય નીવડતી અને ઉત્તરોત્તર વધુને વધુ નફાની આવક થતી. લગભગ બે વર્ષ આ પ્રમાણે ચાલ્યું અને પછી ઉદયની પૂર્ણતા થતાં કાર્ય અટકી ગયું. બીજી રીતે કહીએ તો લેણદેણના સંબંધ પૂરા થયા. ભત્રિજાનું લેણું અને કાકાનું દેવું પૂર્ણ થયું: આ ઉપરાંત વ્યવહારિક બીજી સહાય વા માર્ગદર્શન મળતાં.

શુભ ફળનું અન્ય સુંદર, અતિ ઉપકારી અને આનંદપ્રદ દૃષ્ટાંત લઈએ. કોઈ ગુરુ-શિષ્યના મનુષ્ય-ભવના શુભ પરમાર્થઋણના ઉદય પૂર્ણ થતાં અને શ્રી ગુરુનાં આયુષ્યકર્મની સ્થિતિ સમાપ્ત થતાં શ્રી ગુરુ ઉચ્ચ દેવગતિને પામે છે. શિષ્યની મનુષ્યભવમાં રહેવાની સ્થિતિ હજુ શેષ રહી છે. આવે વખતે કદીક બન્ને વચ્ચેના શુભ ઋણાનુબંધના ઉદય આવે છે; ન માનવામાં આવે અથવા અશક્ય લાગે તો પણ તે ઉદય આવી શકે છે. તે વેળાએ શ્રી ગુરુ સદેહે શિષ્યની જાગ્રત અવસ્થામાં આવે છે, દર્શન આપે છે, જ્ઞાનદાનનું અમૃત વરસાવે છે અને શિષ્યની આત્મિક દશા વધારવામાં ઉત્તમ નિમિત્ત થાય છે. સમર્થન માટે જુઓ શ્રી યોગાનંદ પરમહંસની આત્મકથામાં, શ્રી ગુરુના દેહવિલય પછી તેમના ગુરુ "શ્રી યુક્તેશ્વરનું પુનરૂત્થાન" વાળું પ્રકરણ. થોડા વર્ષ પહેલાં જ બનેલી હકીકતનું; સત્ય ઘટનાનું સુંદર વર્ણન છે.

ઉપર જણાવ્યા પ્રમાણે નહીં, તો અન્ય પ્રકારે પણ ઉદયગત ઋણની ચૂકવણી થાય છે તે જોઈએ. આ પ્રકારમાં ઊંચી દેવગતિને પામ્યા છે એવા શ્રી ગુરુદેવ શિષ્યને સ્વપ્નમાં આવી દર્શન દે છે ને પોતાના આત્મિક બળની પ્રેરણા આપી તેને ઉત્સાહિત કરે છે, તથા/અથવા જ્ઞાનગંગાનું સુધાજળ વહેવડાવી પરમ આનંદિત કરે છે, તો કોઈ વેળાએ શ્રી ગુરુ ગુપ્તપણે રહીને શિષ્યની

જાણ્યુ બહાર તેને વિધવિધ પ્રકારે ગુપ્ત સહાય આપી ઉપકાર કરે છે. અહીં પણ મૂળમાં તો ઉદયથી ઋણનું ચૂકવણું જ છે.

**અશુભ ઉદય :**

મનુષ્ય અને દેવગતિઓના જીવોના સંબંધમાં ઋણાનુબંધના જેમ શુભ તેમ અશુભ ઉદય પણ હોય છે અને તેનાં અનેક દૃષ્ટાંતો વ્યક્તપણે આ વિચિત્ર જગતમાં જોવા મળે છે. વિજ્ઞાનવિકાસના આ વર્તમાન યુગમાં મનોવિજ્ઞાનીઓ વિચિત્રપણે ઉદયમાં આવતા ઋણાનુબંધના નિયમોથી અજ્ઞાત હોવાને લીધે અને કેટલીકવાર મનની નિર્બળતાને કારણે પણ ઉદયના જેવી સમાન સ્થિતિ ઉદ્ભવ પામતી હોવાને લીધે, તેને મનની ભ્રમણા કે ચિત્તની અસ્થિરતા તરીકે ઓળખાવે છે; પણ તે સર્વત્ર સર્વથા સત્ય નથી.

દેહ છોડતી વખતે જીવના મોહ અને વાસના અથવા આસક્તિ અન્ય ચેતન અચેતન પદાર્થોમાં રહી ગયાં હોય અને તેને દેવગતિ પ્રાપ્ત થાય તો મનુષ્યલોકની નીચે આવેલા ભુવનપતિ અને વાણવ્યંતર દેવલોકમાં તે જન્મ લે છે. મોહ, વાસના, આસક્તિ, ભાવો અને સંસ્કારો સર્વ તેની સાથે જ જતાં હોવાથી ક્યારેક તેના બળથી અન્ય જીવ સાથેના વેર ઝેર, ઇર્ષ્યા, અસહિષ્ણુતા વગેરે પૂર્વના ઋણાનુબંધના ઉદયથી જાગૃત થાય છે.

અને કાર્યશીલ થઈ સંબંધિત મનુષ્યગતિના જીવને હેરાન કરે છે તથા વિવિધ પ્રકારનાં દુઃખ આપે છે. શરીરમાં પ્રવેશ કરી અસ્થિરતા ઉપજાવી અકળાવે છે; ક્યારેક વિના કારણ અટ્ટહાસ્ય કરાવે છે તો ક્યારેક રુદન કરાવે છે. કોઈ વખત આહાર કરવામાં અંતરાય નાખે છે તો કોઈ વખત પહેરવા ઓઢવામાં વિઘ્ન લાવે છે. કોઈ વેળા વિકૂર્વેલ ભયાનક દેહની રચના કરી બ્હીવડાવે છે; તો કોઈ વેળા ભયાકુળ બનાવી નિદ્રા છીનવી લે છે. ક્યારેક શરીર પર પ્રહારો કરી સતાવે છે તો ક્યારેક રાતના પલંગને ઊંચો કરી નીચે ભોંય પર ગબડાવે છે. આમ અનેક પ્રકારે ઋણના અશુભ ઉદયાનુસાર દેવ અથવા દેવી ઋણાનુબંધી મનુષ્ય સાથે વર્તના કરી તેને પરેશાન કરે છે. ઋણનો ઉદય પૂરો થતાં સુધી આમ થયા કરે છે. આ પ્રકારોને વ્યવહારમાં ઝોડ, વળગાડ કહે છે. દેવગતિના જીવો સાથેના ઋણાનુબંધના ઉદયની સ્થિતિ, અવધિ વધુમાં વધુ સિત્તેર વર્ષ સુધીની હોય છે.

વ્યવહારમાં સાંભળવા મળે છે કે આને શોક્ય નડે છે કે ભોજાઈ નડે છે, દેરાણી નડે છે કે જેઠાણી નડે છે, નણંદ નડે છે કે સાસુ નડે છે, ભાભી નડે છે કે કાકી નડે છે; પણ એ બધા ઋણાનુબંધના અશુભ ઉદયો છે. ઘણીવાર કહેવામાં આવે છે કે મરેલી શોક્ય કરતાં જીવતી શોક્ય સારી, ઈત્યાદિ, પરંતુ એ લેશ પણ

સાચું નથી. સર્વ આધાર પોતાના શુભાશુભ કર્મોના ઉદય ઉપર છે. જો ઉદય શુભ હોય, તો કોઈ પણ જીવ તેનો વાળ વાંકો કરવા સમર્થ નથી, પછી ભલે તે જીવ મનુષ્ય હો, દેવ હો કે તિર્યંચ હો. અને જો અશુભ ઉદય હોય તો ઋણ ચૂકવ્યે છૂટકો છે એમ નિશ્ચયથી જાણવું. આટલું યાદ રાખવું આવશ્યક છે કે મનુષ્ય અને દેવ કે દેવી વચ્ચેના ઋણાનુબંધના ઉદયો બહુ અલ્પ પ્રમાણમાં હોય છે અને તેની બહુલતા ક્યારે પણ હોઈ શકતી નથી.

આવા અશુભ ઋણાનુબંધના ઉદય વખતે શુભ ઉદયનો યોગ પણ આવે છે; ત્યારે દેવ કે દેવીનાં દુઃખોથી મુક્ત થવાનું નિમિત્ત મળે છે, તેથી ઉપાય સફળ થતાં હેરાનગતિનો અંત આવે છે તે નિમિત્તો સંબંધે હવે પછી જણાવશું. પ્રથમ અમે જોયેલા, જાણેલા અને અનુભવેલા અશુભ ઉદયના પ્રસંગો દષ્ટાંત-રૂપે કહીએ છીએ.

અર્ધ સદી ઉપરની વાત છે. અમારા સગામાં એક બહેનને તેમની દેવગતિમાં ગયેલી સાસુની આકરી નડતર હતી. અશુચિનો કોઈપણ પ્રસંગ બીજી સ્ત્રી તરફથી તેમને થાય, ત્યારે તે બહેનની હાલત બૂરી થઈ જતી. દેવીની અદૃષ્ટ લાતથી તે ફેંકાઈ જતા, તો ક્યારેક કલાકો સુધી બેભાન થતા, ક્યારેક દેવી બહેનના દેહમાં પ્રવેશી પછાડા મારી ધૂણતા અને દેહની શક્તિ ક્ષીણ

કરતાં, એમ અનેક રીતે હેરાનગતી થતી. પ્રચલિત અનેક ઉપાયો કરવા છતાં ઉદયકાળ દીર્ઘ સ્થિતિનો હોઈ નિષ્ફળતા મળતી. તેમ લગભગ ત્રીસ વર્ષ સુધી ચાલ્યું અને પછી વગર ઉપાયે ઉદયની પૂર્ણતા થતાં સ્થિતિ સારી થઈ હતી.

ઈ. સ. ૧૯૩૫ના જુલાઈ માસની આ ઘટના છે. મુંબઈમાં સતત્ વર્ષાની હેલીનો સાતમો દિવસ હતો; રસ્તા પર ગોઠણ સુધીના પાણી ભરાયા હતા; સાંજના ઓફીસેથી તે પાણી ચીરીને ઘેર પહોંચ્યો અને કપડાં બદલી સ્વસ્થ થયો. કોઈનો આવેલ પત્ર ટેબલ પર પડેલો હતો. હાથમાં લીધો, અસ્પષ્ટ અને વિચિત્રપણે લખાયેલ અપૂર્ણ સિરનામું વાંચતાં આશ્ચર્ય થયું; કવરની અંદર નાનો પાતળો કાગળ હોય તેવું લાગ્યું. આ કંઈ ઠીક નથી, શુભ નથી એવી અંતરમાં સહજ લાગણી ઉદ્ભવી. તેની ખાત્રી માટે કવર ફાડી કાગળ કાઢયો અને જોયું તો તેમાં મેષના સાત કાળા ચાંદલા કર્યા હતા અને તેને કાળી રજથી વધાવ્યા હોય તેમ રજ પણ હતી. તત્કાળ વિચાર આવ્યો કે ગમે તે વ્યક્તિએ ગમે તે હેતુએ આ પત્ર મોકલ્યો હોય પણ તેને નીચે રસ્તા ઉપર પાણીના પ્રવાહમાં વહેતો કરી દેવો. ત્યાં ફરી બીજો વિચાર આવ્યો કે પિતાજીની ઘેર આવવાની રાહ જોવી, તેમને બતાવવો અને પછી તેમની આજ્ઞા મુજબ કરવું. પિતાજી થોડીવારમાં જ આવી

પહોંચ્યા. ભીનાં કપડાં બદલી નિરાંતે બેઠા પછી આવેલ કાગળ તેમના હાથમાં મૂક્યો. તે જોઈને તેમને થોડો ગભરાટ થયો અને ભય પણ લાગ્યો કે કંઈક અનિષ્ટ બનશે. અમે તે ભયના ભાવને ટેકો ન આપ્યો અને તેને જળમાં પધરાવી દેવાનું ભારપૂર્વક સૂચવ્યું. તેમની સંમતિથી તેમ કર્યું. આ વાતને ભૂલી જવાનું અને કાંઈ અશુભ નહીં થાય તેવી શ્રદ્ધા રાખવાનું જણાવ્યું. તેમ છતાં તેમના ચિત્તમાંથી ભયની લાગણી ખસતી નહોતી. અમને ગભરાટ, ભય કે ભીતિ કંઈ જ નહોતાં અને પ્રભુકૃપાએ શાંતભાવ રહી શક્યા હતા. બીજે દિવસે પિતાજી કોઈ દેવના ઉપાસક પાસે ગયા. ઘટનાના હેતુ સંબંધે પૃચ્છા કરી અને જવાબ એ મળ્યો કે "હેતુ દુષ્ટ છે પરંતુ પુણ્યનો ઉદય હોઈ કંઈ અનિષ્ટ થવાનું નથી. શ્રદ્ધા રાખવી." તેથી પિતાજીને કંઈક શાતા વળી. ઘટનાને ચાર દિવસ થયા પછી એક મધ્ય રાત્રિએ અમને સ્વપ્નદ્વારા કોઈએ (દેવ કે દેવી હશે?) આ બનાવની અથથી ઇતિ સુધીની માહિતી આપી, જેમાં જેને અનિષ્ટ કરવું છે તે વ્યક્તિ, તેની પૂર્વ તૈયારીરૂપ સાધના, પત્રમાં વિધિ કરવામાં આવી હતી તેનું સ્પષ્ટ ચિત્ર, વ્યક્તિના ગામથી દૂર બીજાં ગામથી પોસ્ટ કરવાની યોજના, હેતુપૂર્વક અપૂર્ણ લખાયેલ સિરનામું અને અશુભ હેતુ વગેરે બતાવવામાં આવ્યું હતું. ઉપરાંત તેવું કંઈ અનિષ્ટ બનવાનું નથી તે પણ કહ્યું. પિતાજીને આ વાત કરી ત્યારે તેમનો જીવ હેઠો બેઠો. અત્રે અશુભ ઋણા-

નુબંધનો ઉદય, તે વ્યક્તિ અને તે વ્યક્તિએ જેની ઉપાસનાથી સાધના કરી હતી તે દેવી સાથે કહી શકાય પરંતુ શુભ પુણ્યના ઉદયે અશુભ ઉદયે થયેલ પ્રયત્ન નિષ્ફળ ગયો, આમ પણ બને છે.

અમારા એક સ્નેહી હતા, ઉદાર, વિશાળ હૃદયી અને પ્રેમાળ. તેમને એક કમળા નામે પુત્રી હતી. બુદ્ધિમાં કંઈક ન્યૂન પણ સરળ અને સેવાભાવી. બંને અશુભ ઋણાનુબંધના ઉદયથી સગપણ સંબંધે જોડાયાં હતાં. પિતાને પુત્રી પ્રત્યે સ્વાભાવિક સ્નેહભાવ હોવો જોઈએ તે નહોતો તેથી વારંવારવગર વાંકે પુત્રીને ઠપકો મળતો અને તે મૌનપણે સહન કરતી. પિતાને મોટી માંદગી આવી; પુત્રી પૂરી સારવાર કરતી; માંદગીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું અને દેહત્યાગનો અવસર આવી પહોંચ્યો. તેમના આત્માનું હિત થાય તે હેતુએ અમે તેમની પાસે દરરોજ જતા અને ધર્મવાર્તા સંભળાવતા. પરંતુ તેમનું ચિત્ત સંસારમોહને કારણે ધર્મવાતમાં ચોંટતું નહીં. એવી સ્થિતિમાં તેમણે દેહાયુષ્ય પૂર્ણ કર્યું અને આ જગતના આ ભાગથી ચાલી નીકળ્યા. દેહ છોડયાના ચોથે દિવસે કમળાને તેઓ ઘરમાં ફરી રહ્યા છે તેવો આભાસ થયો, કંઈ અવાજ પણ સંભળાયો અને તે જ રાતના બાર વાગ્યા પછી કમળાની પથારી પાસે આવી, બિહામણાં શરીરથી તેને બ્હીવડાવવાનું શરૂ કર્યું. બીજે દિવસે તે ચિંતાયુક્ત વાત કહેવામાં આવતાં

અમે પુત્રી કમળાને એક સ્તોત્રનો પાઠ કરવા અને મંત્ર-સ્મરણ કરવા જણાવ્યું. તેના પ્રભાવથી દેવગતિને પામેલા તે સ્નેહીનું જોર ન ચાલવાથી તેઓ ગુસ્સે થયા. ગુસ્સામાં કમળાને કહેતા, "મારો મિત્ર તને મદદ કરે છે તે હું જાણું છું અને વિશેષમાં ધમકી આપી કે તેને હું જોઈ લઈશ." અમે કમળાને બતાવેલ ઉપાય ભાવના જોરથી આરાધન કરવા સૂચવ્યું, જરાપણ ડર ન રાખવાનું જણાવ્યું અને પૂરી હિંમત આપી. દેવે રાત્રિના બારથી ચાર સુધી હેરાન કરવાની, ડરાવવાની, ધમકીઓ આપવાની પ્રવૃત્તિ ચાલુ રાખી અને એક વેળાએ ગુસ્સે થઈ કહ્યું કે, "તું ધર્મનો આશ્રય કરે છે તેથી મારું બળ ચાલતું નથી, નહિતર મારે તો તારો જીવ લેવાની ઈચ્છા હતી. તેમ છતાં મારો પ્રયત્ન ચાલુ રાખીશ." રંજાડ ઘટતો હતો પણ ત્રણ માસ પૂર્ણ થતાં સુધી કનડગત ચાલુ રહી. ત્રણ માસના આરાધનના ફળથી ઋણાનુબંધનો અશુભ ઉદય સમાપ્ત થયો અને કમળાના જીવને શાંતિ થઈ.

દેવદેવી સાથેના અશુભ ઋણાનુબંધના ત્રાસદાયક ઉદય વેળાએ તેની નિવૃત્તિ માટે અથવા ઉદયબળ ઘટાડવા માટેના ઉપાયો માટે વિચાર કરીએ. ભગવાનનું વચન છે કે ધર્મ એ સર્વોત્કૃષ્ટ મંગલ છે, ધર્મ જ એક સત્યસ્વરૂપે રક્ષક છે, ધર્મ જ સર્વ સુખને દેનાર છે. તો દુઃખના સમયે ધર્મનો પ્રેમ અને શ્રદ્ધાપૂર્વકનો આશ્રય અને તેનું આરાધન કરવું ઘટે છે. આ વિભાગમાં જણા-

વેલ દુઃખોથી મુક્ત થવાનાં નિમિત્ત આટલાં સંભવે છે : આધ્યાત્મિક મંત્રનું સ્મરણ, સ્તોત્ર પાઠનું પઠન, ક્ષમાપના અને વિનંતિ, ધાર્મિક જીવની પ્રેરણાત્મક સહાય, અન્ય દેવ-દેવી થકી સહાય. અમારા નમ્ર અભિપ્રાયે નીચે પ્રમાણે આરાધન કરવાથી કષ્ટદાયક ઉપાધિ દૂર થવી સંભવે છે.

એક. દરરોજ સવારે ચોકખા થઈ, વિઘ્ન અને કષ્ટ અવશ્ય દૂર થશે એવી અતૂટ શ્રદ્ધાથી " શ્રી ભક્તામર સ્તોત્ર" ત્રણ માસ સુધી નિયમિત ભણવું. સ્તોત્રના ભાવ અંતરમાં ગ્રહણ કરવા અને તેની સાથે એકરૂપ થવાનો યત્ન કરવો. જરૂર પડયે બીજા ત્રણ માસ સુધી અધ્યયન કરવું પણ હિંમતથી હારણ થવું નહીં. ઉદયની સ્થિતિ દીર્ઘકાળની હશે તોપણ તે ઘટી જશે અને પછી સુખરૂપ પરિણામ આવશે.

બીજું. આ વિનંતિ દિવસના પાંચ વખત કરવી.

હે પ્રભુ ! સંસાર ભજવાના આરંભકાળથી અત્ર ક્ષણ પર્યંત આ જીવે દેવ-મનુષ્ય-તિર્યંચ ગતિના જીવો સંબંધી જાણતાં અજાણતાં જે જે દોષો મન, વચન અને કાયાથી કર્યા હોય, તે સર્વની આપની પાસે પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગું છું; મારા તે પાપ દોષ નિષ્ફળ થાઓ, તે સર્વ જીવો પણ મને ક્ષમા કરે. આપની અસીમ કૃપાથી તે તેમની વૈરવૃત્તિ ભૂલી જાઓ અને તેમનું કલ્યાણ થાઓ એ જ વિનંતિ છે.

હે કૃપાળુ ભગવંત! કદાપિ દેવ, મનુષ્ય કે તિર્યંચ તરફથી મને કોઈ કષ્ટ કે હેરાનગતી થશે તોપણ હું તે સમતાથી સહી લઈશ અને આપની આજ્ઞાનુસાર વર્તી તેનું હિત અને કલ્યાણ ઈચ્છીશ. આ કાર્યમાં સફળ થવા માટે મને આપના તરફથી પ્રેરણાબળ મળતું રહે તેમ કરવા વિનંતિ છે; તો કૃપા કરી સાથ આપી રક્ષણ કરશો, સાથ આપી રક્ષણ કરશો. હે કરુણાસાગર પ્રભુ! આપનો ઉપકાર હું ક્યારે પણ નહીં ભૂલું ને ઉપકાર માન્યા જ કરીશ.

અહીં જણાવ્યા ઉપરાંત જે ભાવો ચિત્તમાં ઊગી આવે, તેનો પણ વિનંતિમાં સમાવેશ કરવો. આ વિનંતિ બાદ પાંચ મિનિટ સુધી નીચે મુજબ સ્મરણ કરવું :-

શાંતિનાથ શાતા કરો.
પાર્શ્વનાથ પરચા પૂરો.
વીરપ્રભુ વીરતા આપો.

ત્રીજું. મંત્રસ્મરણ કરવું. રાત્રે સૂતાપહેલાં અવશ્ય કરવું. નવકારમંત્ર કે ગમે તે, પોતાને શ્રદ્ધા હોય તેનું સ્મરણ કરવું. અથવા ૐ અરિહંત, જય અરિહંત, જય અરિહંત, ૐ અરિહંત અથવા સહજાત્મ સ્વરૂપ પરમગુરુ અથવા ૐ સર્વજ્ઞદેવ.

**મનુષ્ય અને તિર્યંચ વચ્ચે ઋણાનુબંધના ઉદય.**

મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ જીવો વચ્ચે ઋણાનુબંધના શુભાશુભ ઉદયો વર્તતા જોવા મળે છે. શુભ ઉદય

વેળાએ મનુષ્ય, પોપટ, કાકાકૌઆ, ચકલી ઈત્યાદિ પક્ષી અથવા કૂતરો, બિલાડી, ઘોડો ઈત્યાદિ પશુને પાળે છે, પ્રેમ કરે છે. કેટલીકવાર ગાય અથવા ઘોડાના શુભ ઋણાનુબંધ એવા બળવાન હોય છે કે તેમનો ઘરમાં પ્રવેશ થતાં જ મનુષ્યના ઘરની આર્થિક સ્થિતિ સારા પ્રમાણમાં સુધરતી જાય છે અને સુખ સમૃદ્ધિનો ઉદ્યોત થાય છે. ગૃહમાં સંપ, સંતોષ અને અનુકુળતાનું સામ્રાજ્ય સ્થપાય છે. તેવી સુખ આપનારી સ્થિતિ તે જીવની એટલે ગાય વા ઘોડાની વા અન્ય પ્રાણીની જીવનદોરી હોય ત્યાં સુધી ઘણું કરીને રહે છે અને તે પ્રાણીના વિયોગે ક્યારેક કઠણ પરિસ્થિતિનો જન્મ થાય છે. કૂતરાના સંબંધની ઘણી ચમત્કારિક વાતોથી ઘણા પરિચિત હશે જ; આ પ્રાણીની વફાદારી, પ્રેમની ભૂખ અને માલિક માટે દેહ સહિત ભોગ આપવાની તૈયારી કોઈ અજબ હોય છે. માલિક પણ તેને ખૂબ સ્નેહથી ચાહતો હોય છે. આ પાળેલો કૂતરો ઘરના એક સભ્ય તરીકેનું સ્થાન ભોગવે છે. કામ કાજના પ્રસંગે કદાપિ માલિકને બહારગામ જવાનું થાય ત્યારે આ વફાદાર પ્રાણીને વિયોગનું દુઃખ સાલે છે અને તેમની શોધ માટે તરફડીયાં મારે છે, આહાર ખપ પૂરતો લે છે અને તેથી સંતુષ્ટ રહે છે; ઘરના બીજા સભ્યો તેને દુઃખ ભોગવતો જોઈ પોતે દુઃખી થાય છે અને પ્રાણી માટે ખૂબ કરુણા અને દયા આવે છે. કોઇ વખત માલિકનું મૃત્યુ થાય છે ત્યારે એમ બનતું સાંભળ્યું છે કે તે પ્રેમાળ પ્રાણી ખેદખિન્ન થઈ રડે છે, આહારનો

ત્યાગ કરે છે અને શોકના આઘાતથી મરણશરણ થાય છે. અશુભ ઉદય વખતે તે ગતિના પ્રાણીઓ દ્વારા પ્રાણઘાતક હુમલા અથવા દુઃખ-પીડા આપનાર બનાવો બને છે; અથવા મનુષ્ય દ્વારા તે પ્રાણીઓનો અસદ્‌ધર્મના આશ્રયે ભોગ દેવામાં આવે છે.

## તિર્યંચ અને દેવ વચ્ચે

### ઋણાનુબંધના ઉદય :

આ પ્રકારના ઉદય ક્યારેક જ આવે છે; તેની સંખ્યા અલ્પ છે. સામાન્યપણે પશુઓ અને દેવદેવી વચ્ચેના ઋણાનુબંધના ઉદયના પ્રસંગ અનુભવગમ્ય થતા ન હોવાથી જીવના જાણવામાં ન હોય તે સ્વાભાવિક છે. તે છતાં શુભાશુભ ઉદય સંભવિત છે અને આવે છે.

### શુભ ઉદય :

કોઈ બે જીવ ધર્મમાં રુચિવંત થઈ બાહ્ય ધર્મારાધન સાથે મળી કરતા હોય અને બેમાંથી જે એક પ્રથમ દેહ ત્યાગીને જો દેવ થાય તો તેણે બીજાને ધર્મ નિમિત્તે સહાય કરવી એવા પરસ્પર કોલ કરી બંધાયા હોય, પણ થોડો સમય વીત્યા બાદ કોઈ એક માયાકપટથી ધર્મારાધન વધારે કરી ગુપ્તતા જાળવે અને અસરળ ભાવે બીજાથી છાનું રાખે તથા પછી તેના આયુની પૂર્ણતા થતાં માયાકપટના ફળ અનુસાર તેનો

પશુયોનિમાં જન્મ થાય છે. બીજો સરળ ભાવે આરાધન કરતાં અંતકાળે મૃત્યુ પામી દેવ થાય છે.

હવે પરસ્પર આપેલ વચનથી બંધાયેલ દેવગતિમાં ગયેલા જીવને તે જ કારણથી નિબંધન કરેલ ઋણુ ઉદયમાં આવતાં પશુયોનિમાં જન્મેલા મિત્રને અવધિ-જ્ઞાનના બળથી ખોળી કાઢે છે, તેને પ્રેરણા આપી ધર્મભાવની સ્મૃતિ અને દૃઢતા કરાવે છે; અથવા પૂર્વનો મનુષ્યનો જે પોતાનો દેહ હતો તે વિકૂર્વીને તેની પાસે આવી પૂર્વના સાથે મળીને કરેલા આરાધન સંબંધે જણાવે છે તેમ ધર્મવચનો સંભળાવે છે; તેના નિમિત્તથી તે પશુયોનિના જીવને અંતર જાગૃતિનો સારો લાભ મળે છે અને પોતે સેવેલ માયાકપટ માટે ખેદ કરી, મનમાં જ દોષની ક્ષમાયાચના કરી કોઈ પ્રકારે હળવાશ અનુભવે છે. તેનું ફળ ઘણું કરીને તેને દેહત્યાગ પછી દેવગતિમાં જવારૂપ થાય છે. શુભ ઉદયના ઘણા પ્રકારોમાંથી એક પ્રકાર સમજવા અર્થે અહીં આપ્યો છે.

અશુભ ઉદય :

કોઈ બે જીવ વચ્ચે વેરઝેરનો મજબૂત બંધ હોય, પરંતુ કર્મની સ્થિતિ એવી બંધાણી હોય કે કોઈ એક ગતિમાં બંને સાથે સંબંધમાં આવવાનો યોગ હોય ત્યારે તે કર્મનો ઉદય ન આવે; પરંતુ તેનો ઉદય એક દેવ અને બીજો તિર્યંચ એ ગતિઓને પ્રાપ્ત થાય ત્યારે

આવે તો અશુભ ઋણની પતાવટનું કાર્ય શરૂ થાય છે, ત્યાં દેવ તિર્યંચના જીવને અનેક પ્રકારે ત્રાસ આપી હેરાન કરે છે. ભય પમાડવો, માર મારવો, આહારાદિમાં વિઘ્ન નાખવાં, વાઈના કારણે તેના દેહને અચેતન જેવો કરવો અને કયારેક હિંસક પ્રાણીનું રૂપ ધારણ કરી તે પશુના દેહનાં અંગો છેદવાં અથવા તે થકી પ્રાણહાનિ કરવી એ વગેરે પ્રકારો છે. તે બધું તિર્યંચના જીવને નિરાધારપણે ને પરાધીનતાએ વેદવું પડે છે. તે બિચારા જીવની અતિ દયાજનક દશા હોય છે; પણ વૈરી દેવના અંતરમાં દયાનો અંકુર ફૂટતો નથી, ઊલટું તેનું દુઃખ, તેનો કકળાટ, તેની વેદના, તેની પીડાથી નીકળતી ચીસ-એ જોઈને પ્રસન્ન થાય છે.

**દેવ અને નારકી વચ્ચે**

**ઋણાનુબંધના ઉદય :**

ઘણાને આશ્ચર્ય થાય તેવું છે કે આ બે ગતિઓના જીવો વચ્ચે ઋણાનુબંધના ઉદય હોઈ શકે ખરા? શું તેમ થવું સંભવિત છે? કર્મની વિચિત્રતા વિચિત્રપણે વર્તે છે અને તેનો અનુભવ થયા કરે છે, એટલે ઉપર જણાવ્યા પ્રમાણે બનવું તે અસંભવિત કે અશકય નથી. હા, એ ખરું છે કે આ પ્રકારના ઉદયની અત્યંત અલ્પતા છે, પણ ઉદયસ્થિતિ હોય છે એ નક્કર હકીકત છે. તેનાં દૃષ્ટાંતો શાસ્ત્રમાંથી મળી શકે છે ને તેથી સિદ્ધાંતનું સમર્થન સહજ થાય છે.

**શુભ ઉદય :**

કોઈ જીવ કલ્યાણમૂર્તિ સમ્યક્દર્શનને અથવા આત્મજ્ઞાનને પ્રાપ્ત થયા પહેલાં હિંસાત્મક ભાવ અને આચરણમાં રહી વા અજ્ઞાન દશામાં આકરા દોષવાળી પ્રવૃત્તિ કરી નરકગતિનો બંધ પાડે છે અને પછી કોઈ સમર્થ જ્ઞાની ભગવંતનો સમાગમયોગ પૂર્વના કોઈ મહત્ પુણ્યના ઉદયે સંપ્રાપ્ત થતાં અને તેમનો અપૂર્વ બોધ અંતરમાં પરિણમતાં જીવનનું વહેણ એકાએક બદલાય છે. દોષોની સાચા દિલથી પશ્ચાત્તાપ-પૂર્વક ક્ષમાપના કરી તે પરમપુરુષના આશ્રયે ખંત, ઉત્સાહ અને અપ્રમાદપણે સત્યધર્મનું આરાધન કરે છે. તે પ્રભુના ચરણકમળની સેવામાં રહી, આજ્ઞાનું એક નિષ્ઠાએ આરાધન કરી, પ્રભુકૃપા મેળવી આત્મજ્ઞાનનો અપૂર્વ લાભ સંપ્રાપ્ત કરે છે અને આત્મવીર્યના વિશેષ વિશેષ ઉઘાડથી ઉત્તરોત્તર આત્મદશા વધારી, તીક્ષ્ણ આત્મોપયોગમાં રહીને અપ્રમત્ત સંયમ નામના ગુણસ્થાનકે સ્થિતિ કરી તીર્થંકર નામ-કર્મ ઉપાર્જન કરે છે. દેહાયુષ્યની પૂર્ણતા થતાં તે ભાવિ તીર્થંકર પ્રભુ ( શ્રી શ્રેણિક મહારાજના દૃષ્ટાંતે ) ને પૂર્વે બાંધેલ નરકગતિમાં જવું પડે છે. ત્યાં તે પ્રભુ તે ગતિનાં દુઃખો અતિ શાંતિથી અને સમતાથી વેદે છે. દુઃખ દેનાર સામે બદલો વાળવાના લેશ પણ ભાવ નથી પરંતુ કેવળ સહી લેવાની નિર્મળ વૃત્તિ છે તેથી જરાપણ પ્રતિકાર કરતા નથી; સહજ આત્મસ્થિરતા

અને આત્મશાંતિને અવગાહી પ્રસન્ન ભાવે રહી નિબંધન કરેલા કર્મોની નિવૃત્તિ કરે છે. તેમ છતાં પૂર્વના કોઈ શુભ ઋણાનુબંધી દેવગતિના જીવને ઋણની ચૂકવણીનો ઉદયગત સુઅવસર આવતાં તે શ્રી ભાવિ તીર્થંકર પ્રભુની નારકીઓના ત્રાસથી રક્ષા કરવા આવે છે અને કરે છે. તે વેળાએ તેઓ તો સમતાભાવમાં જ સ્થિત છે અને દ્રષ્ટા તરીકે જ રહે છે.

ક્યારેક કોઈ દેવને પોતાના નરકગતિમાં સ્થિતિ કરીને રહેલા કોઈ શુભ ઋણાનુબંધી મિત્રને સહાય કરવાનો ઉદય આવે છે, ત્યારે તે દેવ નરકભૂમિમાં જઈ પોતાના નારકી મિત્રને ધર્મવચનોથી બોધ આપે છે ને ધર્મભાવમાં સ્થિર કરે છે. આ બોધનું અત્યંત શુભ પરિણામ નારકીને મળે છે; નરકની ક્ષેત્રવેદના અને નારકીઓના પરસ્પર વેરના ઉદયથી ઉદ્દભવ પામતી પીડાને તે જીવ સમભાવે વેદવાનો પુરુષાર્થી થાય છે; અને તેનું ફળ ઘણું મોટું અને શુભ છે.

**અશુભ ઉદય :**

શ્રી તીર્થંકર પ્રભુજી જેમનો વચનાતિશય અતિ આશ્ચર્યકારક અને અપૂર્વ હોવા છતાં તેઓ પણ નરકગતિનાં દુઃખોને પૂર્ણપણે વર્ણવી શક્યા નથી. તેઓએ જે કંઈ દુઃખો વાણીધર્મે કહી શકાય, તેટલો વિસ્તાર કરી વર્ણન કર્યું છે અને તે વાંચતાં પણ હૃદય દ્રવી

જઈ રૂવાડાં ઊભાં થઈ જાય છે. તે બિચારા નારકી જીવો ક્ષેત્રવેદના, શીતતા-ઉષ્ણુતાની વેદના, તીરથી વિંધાતા હોઈએ એવી હવાના સ્પર્શથી થતી વેદના, તીક્ષ્ણ તરવારની તીક્ષ્ણ ધાર સમાન પાણી પીતાં થતી વેદના, પરસ્પર વેરના ઉદયથી તેમના વૈક્રીય શરીરના અન્ય નારકીઓના આંઘાત થકી થતા ટુકડે ટુકડાની વેદના એ આદિ દુઃખો વેદે છે. તે ઉપરાંત પહેલી નરકની ઉપરમાં જે હલકા દેવોનું સ્થાન છે. ત્યાંના દેવોને નારકીઓ પ્રત્યેનું બંધાયેલ વેર ઉદયમાં આવતાં નીચે ઊતરી નારકીઓને અપાર દુઃખ આપે છે. દેવો તેમને મારે છે, ચામડી ઊતરડે છે, અંગેઅંગ કાપી જુદાં કરે છે અને અનેક પ્રકારે શારીરિક પીડા ઉપજાવી બહુ હર્ષિત થાય છે. આ દેવો પરમાધામીઓ કહેવાય છે.

ઉપસંહાર :

આટલા લેખ પરથી નિઃશંકપણે સમજાશે કે આખો સંસાર ઋણાનુબંધના આધારે ચાલે છે ને ટકે છે. જ્યાં સુધી કરજનું લેવું-દેવું શેષ રહ્યું છે, ત્યાં સુધી સંસાર પણ રહ્યો છે. જમા-ઉધારનાં પાસાં સરખાં થઈ જાય એટલે કે કિંચિત્ માત્ર ઋણ ન રહે, ત્યારે જીવ મુક્ત થાય છે.

ઋણ બંધાવાનો આધાર રાગદ્વેષની પરિણતિ ઉપર છે. રાગદ્વેષના પરિણામ નિજસ્વરૂપના અજ્ઞાન પર અવ-

લંબિત છે. એ અજ્ઞાનરૂપ અંધકારની નિવૃત્તિ જ્ઞાનરૂપ પ્રકાશથી થાય છે. જે સમયે જ્ઞાન પ્રકાશે છે તે જ કાળે અજ્ઞાનતિમિર ટળે છે. તે જ્ઞાનના પ્રકાશનો લાભ જેણે જ્ઞાનજ્યોતિ પ્રકટ કરી છે તેવા આત્મજ્ઞાની અને આત્મ-દર્શી ભગવંત પાસેથી જ મળી શકે છે. તે આત્મત્વ-પ્રાપ્ત પુરૂષનો પ્રત્યક્ષ સમાગમયોગ પૂર્વના બંધાયેલ શુભ ઋણાનુબંધના શુભ ઉદયે પ્રાપ્ત થાય છે અને તેવા ઉદયને જ્ઞાનીપુરૂષો મહત્ પુણ્યના ઉદય તરીકે લેખવે છે. તે શુભ ઋણાનુબંધનો સંચય, ભવોભવમાં સારા સંસારી સગપણ-સંબંધો જાળવી રાખવાથી અને ઓછે ઓછે પણ તેવા સંબંધિત જીવો સાથે ધર્મમાં પ્રીતિ લાવી આરાધન કરવાથી ઉત્પન્ન થાય છે. સંચયનું બળ વધી જતાં તેનો ઉદય આવી તે ફળરૂપ થાય છે. તે જ નિયમ પ્રમાણે અશુભ ઋણાનુબંધનો સંચય, ભવોભવમાં દ્વેષયુક્ત નરસા સંસારી સગપણ-સંબંધો જારી રાખવાથી ઉત્પન્ન થાય છે; અને સંચયનું બળ વધી જતાં તેનો ઉદય આવે છે ને ફળરૂપ થાય છે.

ઉત્કૃષ્ટ શુભ ઋણાનુબંધના બળસંચયના ઉદયથી અત્યંત ઉચ્ચતમ આત્મદશાનો પાવનકારી લાભ અને પછી ઋણ ચૂકવાઈ જતાં ઝળહળ જ્યોતિસ્વરૂપ, પરમ દેદીપ્યમાન, રૂપરૂપના અંબાર જેવી મુક્તિસુંદરી સાથે પવિત્ર લગ્નથી જોડાવાનો લાભ તથા શાશ્વત સુખ, આનંદ અને શાંતિનો ઉપભોગ કરવાનો અચિંત્ય યોગ સહજ મળે છે.

ઉત્કૃષ્ટ અશુભ ઋણાનુબંધના બળસંચયના ઉદયથી અધિકતમ સંસારી દુઃખો, ત્રિવિધ તાપ અને વેદના ભોગવવાં પડે છે; અને પછી તો આત્મા સ્વભાવે શુદ્ધ, પવિત્ર, નિર્મળ અને અખંડ જ્ઞાનરૂપ હોવા છતાં તે ઠેઠ નીચે સુધી ઉતરતો જાય છે. અજ્ઞાનદશાની જાળ ચોતરફ વિસ્તરે છે અને તે કારણે પાપનો સંચય અને ભાર વધતાં તેના ઉદય થકી નરકગતિનાં તીવ્ર દુઃખો ભોગવવાં પડે છે. તેવા આત્માને ફરી ઊંચે આવવા માટે ઘણો લાંબો કાળ પસાર કરવો પડે છે.

આ લઘુ નિબંધ પરથી એ વાત લક્ષગત થશે કે ઋણાનુબંધનો નિયમ અને તેનું ફળ અફર છે, અટલ છે; તેનાથી છટકી કે ભાગી શકાતું નથી, ત્યાં સત્તા, લાગવગ કે સિફારસ કાર્યકારી થઈ સફળ થતાં નથી. જેવા પ્રકારના ઋણનો ઉદય તેવા પ્રકારે ભોગવટો કરવો પડે છે. બીજી રીતે કહીએ તો કર્મસિદ્ધાંત છે તે આ જ છે. જે સંબંધે શ્રી જિનદેવનું વચન છે કે "જેવે રસે બાંધશો તેવે રસે ભોગવવું પડશે." નરેન્દ્ર, સુરેન્દ્ર કે નાગેન્દ્ર પણ ઋણાનુબંધના ઉદયના ફળને અફળ કરવા સમર્થ નથી; વળી આ ઋણાનુબંધના ઉદયની એવી વિચિત્રતા છે કે તે ગમે ત્યારે, ગમે તે ઘડીએ, ગમે તે ક્ષેત્રે, ગમે તે સંજોગે, ગમે તેના સંબંધે રાત કે દિવસ જોયા વિના, જાત કે ભાતનું ભાન કર્યા વગર અથવા ઉચ્ચ નીચના ભેદ લક્ષમાં લીધા વિના ઉદયગત થાય છે; અને

તેથી જ લોકભાષામાં કહેવાય છે કે કરમને શરમ નથી, કરમને ભરમ નથી. ઋણના ઉદયના કેટલાક અતિ વિચિત્ર પ્રસંગો નીતિ–ધર્મના બાંધાના મૂળને ઉખેડી નાખનાર અથવા સામાજિક તથા કૌટુંબિક બંધારણના દુર્ગને તોડી પાડનાર હોવાથી તેનો ઉલ્લેખ અહીં સહેતુ કરેલ નથી; પરંતુ તેવું બન્યા કરે છે એ હકીકત છે. ભૂતકાળમાં તેવા પ્રસંગો બન્યા હતા અને તેનું વર્ણન કથાનુયોગમાં અતિ સ્પષ્ટતાએ જોવા મળે છે, વર્તમાનમાં બને છે અને ભવિષ્યકાળે બનશે, કેમકે સર્વ ભાવ અનાદિ અનંત છે.

ઋણાનુબંધના નિયમ અને ઉદયનું જ્ઞાન જો જીવને સતત્ સ્મૃતિમાં રહે અને તેને ઉપયોગમાં લેવાય તો ખૂબ જ હિતકારી અને ઉપકારી થાય તેમ છે. તે જ્ઞાન પ્રથમ તો દુઃખની ખીણમાં ગબડાવનાર એવા દ્વેષ, વેરઝેર, ઈર્ષ્યા, અસૂયા, નિંદા, તિરસ્કાર, મદ, મત્સર, અસત્ય, હિંસા, ચોરી આદિના અશુભ ભાવો( અને તેને લઈને અશુભ પ્રવૃત્તિ ) ને મંદ કરનાર, રોકનાર અને અટકાવનાર થાય છે અને પછી દયા, શાંતિ, સમતા, ક્ષમા, સહિષ્ણુતા, સરળતા, અવિરોધતા, અપ્રતિકારતા, નમ્રતા, મૌનતા એ આદિ ગુણોનું અંશે અંશે પ્રકટીકરણ કરી, ચારિત્રદશાને ખીલવી અધિક અધિક ઊંચે લઈ જાય છે.

ઋણાનુબંધના નિયમને યથાર્થતાએ જાણનાર, ઓળખ-નાર અને ઉપયોગમાં લેનારને સ્વ અથવા પર સંબંધે

ઉદયની ગમે તેટલી વિચિત્રતા હોય તો પણ કંઈ આશ્ચર્ય થતું નથી; તેમ તેની ચિત્તવૃત્તિ સ્ખલના પામતી નથી પરંતુ સ્થિર અને શાંત રહે છે કેમકે તેની દૃઢ શ્રદ્ધા છે કે જેવા પ્રકારે ઋણાનુબંધનો ઉદય હોય, તેવા પ્રકારે ફળ મળે છે, તેમાં કંઈ ફેરફાર થતો નથી; અર્થાત્ રાગ કે દ્વેષના ભાવમાં જોડાયા વગર સમવસ્થિત દશામાં રહેવાનો તેનો નિશ્ચયરૂપ પુરુષાર્થ સફળતાને પામે છે, અને ક્રમે ક્રમે તે જ્ઞાતા દૃષ્ટારૂપ રહેવા સમર્થ થાય છે.

આ સિદ્ધાંતના દૃઢ આશ્રય પછી તેના અંતરમાં એવા ભાવો ઊઠતા નથી કે આ માટે આમ ન થયું હોત તો સારું હતું કેમકે તેથી ચિંતામુક્ત રહી શકાત, અથવા આ માટે આટલું આ પ્રકારે થયું તે ઠીક થયું કેમકે તેથી કેટલીક સુવિધાઓ સહજ જ પ્રાપ્ત થઈ; એ વગેરે વ્યવહારદૃષ્ટિથી ઉત્પન્ન થતા ભાવોના અનેક પ્રકારના નિયમના જ્ઞાનથી અને તેના જાગૃતિપૂર્વકના ઉપયોગથી ઉપશમ પામતા જાય છે. જ્ઞાની પુરુષોએ જ્યાં ત્યાંથી રાગ-દ્વેષરહિત થવાનો બોધ કર્યો છે. આ નિયમના પાલનથી રાગદ્વેષ ઘટી જઈ ક્ષીણ થઈ ક્ષય થાય છે. આત્માને સન્મુખ રાખી આત્માના કલ્યાણને અર્થે જ નિયમનું પાલન થઈ શકે છે, કારણ કે આત્માને ફરીથી બંધનમાં નાખવાની વૃત્તિ તેને હોતી નથી.

સર્વ જ્ઞાની ભગવંતોનો નિરંતરનો પુરુષાર્થ આ પ્રકારનો હોય છે. તેઓ અટલ સિદ્ધાંતના જ્ઞાનનાં બળથી

વિષમ સંજોગોને પરિસ્થિતિ હોય તો પણ સ્વસ્થ, શાંત, ગંભીર અને મૌન વિશેષે કરીને થતા જાય છે અને અંતરંગ આશ્ચર્યકારક અગાધ સંયમને કેળવી આત્મદશા શીઘ્રતાએ વધારી સ્વરૂપસ્થ થઈ જાય છે.

એ જ્ઞાની ભગવંતોનાં પવિત્ર પગલે પગલે ઋણાનુબંધના અફર નિયમોને જાણી, શ્રદ્ધી અને ઉપયોગમાં લઈને સર્વ સંસારી જીવો ચાલતા થાય અને આત્મકલ્યાણ સાધી સંપૂર્ણ આત્મશ્રેય પ્રાપ્ત કરે એ જ અંતમાં પ્રભુપ્રાર્થના છે.

"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."

ૐ શાંતિઃ

"સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું, હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૮૩૩)

"કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્ પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજવા યોગ્ય છે, તે સમજવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે, તે પણ અનિયમિત કાળના ભયથી ગૃહિત છે; ત્યાં પ્રમાદ થાય છે, એ ખેદ અને આશ્ચર્ય છે."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૮૧૬)

"સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે; એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે; આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે, કેવળ નિઃસંદેહ છે."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૭૮૧)

# નિબંધ ૬ ઠ્ઠો

## આત્માનુભૂતિ

"આ જગતને વિષે જેને વિષે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવાં મનુષ્યપ્રાણી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે; તથાપિ પ્રાયે જીવને અનંતવાર મનુષ્યપણું મળ્યાં છતાં તે કલ્યાણ સિદ્ધ થયું નથી, જેથી વર્તમાન સુધી જન્મમરણનો માર્ગ આરાધવો પડ્યો છે. અનંત કોટી જીવના પ્રમાણમાં આત્સકલ્યાણ જેણે આરાધ્યું છે, કે જેને પ્રાપ્ત થયું છે, એવા જીવ અત્યંત થોડા થયા છે, વર્તમાને તેમ છે અને હવે પછીના કાળમાં પણ તેવી જ સ્થિતિ સંભવે છે, તેમ જ છે. અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ જીવને ત્રણે કાળને વિષે અત્યંત દુર્લભ છે; એવો જે શ્રી તીર્થંકરદેવાદિ જ્ઞાનીનો ઉપદેશ તે સત્ય છે, એવી જીવસમુદાયની જે ભ્રાંતિ તે અનાદિ સંયોગે છે, એમ ઘટે છે, એમ જ છે....તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું અને અસત્દર્શનને વિષે સત્દર્શનરૂપ ભ્રાંતિ તે છે.....એવું જે અસત્સંગ, નિજેચ્છાપણું અને મિથ્યાદર્શનનું પરિણામ તે જ્યાં સુધી મટે નહીં ત્યાં સુધી આ જીવ ક્લેશરહિત એવો શુદ્ધ

અસંખ્ય પ્રદેશાત્મક મુક્ત થવો ઘટતો નથી, અને તે અસત્સંગાદિ ટાળવાને અર્થે સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું, અને પરમાર્થસ્વરૂપ એવું જે આત્માપણું તે જાણવા યોગ્ય છે."

શ્રીમદ્ રાજચંદ્ર ( વ. ૪૩૭ )

"શ્રી તીર્થંકરે વારંવાર નીચે કહ્યો છે, તે ઉપદેશ કરતા હતાઃ–

'હે જીવો! તમે બૂઝો, સમ્યક્–પ્રકારે બૂઝો. મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે, અને ચારે ગતિને વિષે ભય છે, એમ જાણો. અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે, એમ જાણો અને સર્વજીવ પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો.' સૂયગડાંગ–

(અધ્યયન ૭ મું ૧૧)

"સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો, તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે, એમ જે

સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.

(દ્વાદશાંગીનું સળંગ સૂત્ર" શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૪૯૧)

"શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કહ્યો છે; પણ જીવ દિશામૂઢ રહેવા ઈચ્છે છે ત્યાં ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી. અને તે સમજવું પણ કંઈ વિકટ નથી, કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે તે જ માત્ર સમજવું છે; અને તે કંઈ બીજાના સ્વરૂપની વાત નથી કે વખતે તે ગોપવે કે ન જણાવે, તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવા યોગ્ય છે? પણ સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે, તેમ અજ્ઞાન-દશારૂપ સ્વપ્નરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે, તે જ અજ્ઞાન છે, નરકાદિ ગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે અને તે જ દેહ છે, દેહના વિકાર છે, તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ, તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે, અને તેની નિવૃત્તિ થઈ ત્યાં સહજ મોક્ષ છે; અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ, સત્પુરુષાદિ સાધન કહ્યાં છે અને તે સાધન પણ જીવ તો પોતાના પુરુષાર્થને ગોપવ્યા

સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટચો એમાં કંઈ સંશય નથી."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૫૩૭)

"સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં....જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે....વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૫૬૯)

"સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્ર-જ્ઞાનદશા કહી છે, જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિ-પાદન કર્યો છે, જે અખંડ સત્ય છે.

"કોઈક જીવથી એ ગહન દશાનો વિચાર થઈ શકવા યોગ્ય છે, કેમકે અનાદિથી અત્યંત અજ્ઞાનદશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે, તે પ્રવૃત્તિ એકદમ અસાર, અસત્ય સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે એમ બનવું ઘણું કઠણ છે, માટે જ્ઞાનીપુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને

નિરુપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

"જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી, જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે, જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનના વિચાર કરવાથી તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૫૭૨)

"જેમ છે તેમ નિજ સ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજ સ્વરૂપના નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાનીપુરુષનાં વચનો આધારભૂત છે, એમ પરમ પુરુષ શ્રી તીર્થંકરે કહ્યું છે, તે સત્ય છે, બારમે ગુણસ્થાને વર્તતા આત્માને નિદિધ્યાસનરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીનાં વચનોનો આશ્રય ત્યાં આધારભૂત છે, એવું પ્રમાણ જિનમાર્ગને વિષે વારંવાર કહ્યું છે. બોધબીજની પ્રાપ્તિ થયે, નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ, તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાને અર્થે જ્ઞાનીપુરુષનો આશ્રય મુખ્ય સાધન છે; અને તે ઠેઠ પૂર્ણ દશા થતાં સુધી છે."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૫૭૫)

"લગભગ કેવળ ભૂમિકા" સુધીની આત્મદશાને પ્રાપ્ત કરનાર, આત્માની શુદ્ધિની ઉત્કૃષ્ટ સ્થિતિને વરનાર

પરમ આત્મજ્ઞ, પરમ આત્માનુભવી શ્રીમદ્ રાજચંદ્રજીનાં ઉપરનાં ટંકોત્કીર્ણ ઉપદેશવચનો સ્વયં પ્રકાશિત છે, માર્ગદર્શકરૂપ છે અને અપૂર્વ પ્રેરણારૂપ છે. ત્યાં પ્રથમ જ, જેમ નિષ્કારણ કરુણાથી પ્રેરાઈ સર્વ સમર્થ સત્પુરુષોએ બાળજીવોને ત્રિવિધ તાપથી બળતા આ સંસારથી છૂટવા અને અખંડ અવ્યાબાધ સુખસ્વરૂપમાં સર્વકાળને માટે અવસ્થાને કરવાનો ઉપદેશ કર્યો છે, તેમ શ્રીમદ્જીનો પણ તે જ ઉપકારી ઉપદેશ છે, તેના શ્રેષ્ઠ ઉપાયનો ટૂંકો અને સરળ, સહજ અને સ્વચ્છ માનસિક અને શારીરિક કષ્ટ વિનાનો સુગમ માર્ગ શ્રી જિનાગમની શાખે બતાવ્યો છે, અને તેથી કરી પરમ ઉપકાર કર્યો છે.

અનંત પ્રકારનાં દુઃખોથી મુક્ત થવાનો ઉપાય એક માત્ર આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન એટલે દેહાદિથી ભિન્ન જ્યોતિસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અટલ અનુભવસ્વરૂપ એવા આત્માની ઓળખ અને અનુભૂતિ. તેના પર્યાયવાચક શબ્દો છે, આત્મદર્શન, સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમકિત, આત્માનુભવ, સ્વાનુભવસ્વરૂપપ્રતીતિ, સ્વરૂપસ્થિતિ ઈત્યાદિ. એ આત્મજ્ઞાનનો મહિમા અપરંપાર છે, તેનું મૂલ્ય અમૂલ્ય છે. તેનું સામર્થ્ય અતુલ અને બેહદ છે, તેની શક્તિ અમર્યાદ છે, અને તે જ પરમશાંતિનું ધામ છે.

અનંત ઐશ્વર્યના ધણી એવા દેહમંદિરમાં વિરાજમાન શ્રી આત્મ પ્રભુની ઓળખ અને અનુભૂતિ કેવી રીતે

થાય? તે સંબંધનાં કેટલાંક વચનો સદ્‌વિચારાર્થે અહીં આપીએ છીએ.

કઠોપનિષદ્‌માં એક શ્લોક છે (૧-૨-૨૩) જેનો ભાવાર્થ છે, કે આ આત્મા પ્રવચનથી, બુદ્ધિથી કે બહુ બહુ સાંભળવાથી પ્રાપ્ત થતો નથી, પરંતુ આત્મા જેનું વરણ કરે છે એટલે કે જેના પર અનુગ્રહ કરે છે એને જ તેની પ્રાપ્તિ હોય છે, તેને જ આત્મા પોતાનું દેખાડે છે અર્થાત્‌ પોતાના જેવી અનુભૂતિ કરાવે છે.

શ્રીમદ્‌ ભાગવતમાં, ગોપીઓની ઉચ્ચ આત્મદશા શાથી પ્રાપ્ત થઈ તે જાણવાના ઉત્સુક શ્રીનારદજીનાં પ્રશ્નના ઉત્તરમાં શ્રી કૃષ્ણ ભગવાન પ્રકાશે છે કે ગોપી-ઓએ વેદનો અભ્યાસ કર્યો નથી, શાસ્ત્રો વાંચ્યાં નથી, તપશ્ચર્યા કરી નથી તેમ જાત્રા પણ કરી નથી; પરંતુ તેઓએ મારામાં પ્રેમ લાવી, પરમ પ્રેમમાં લીન થઈને મારો સમાગમ કર્યો છે અને ઈચ્છ્યો છે અને તેના પરિણામે તેમને તે દશાની પ્રાપ્તિ થયેલ છે.

જુઓ, અહીં શું કહ્યું? કહ્યું કે અનુપમ અને અનુભવ ગોચર માત્ર જેનું સ્વરૂપ છે એવું આ આત્મ-તત્ત્વ બુદ્ધિથી ગ્રાહ્ય નથી, કેમકે મતિની ગતિ ત્યાં પહોંચી શકતી નથી, વળી સાંભળ સાંભળ કરવાથી કે વાંચ વાંચ કરવાથી તે સ્વરૂપ અનુભવગમ્ય થતું નથી; કેમકે તે ઇંદ્રિયના પ્રયોગને આધીન નથી, આત્મા પોતે અતીન્દ્રિય

પદાર્થ છે. જે પૂર્ણ છે તે અપૂર્ણ સ્વભાવવાળા યોગથી કેમ કરીને પ્રાપ્ત કરી શકાય? જે અનંતસ્વભાવી છે તે અંતવાળા અથવા મર્યાદાવાળા ઉપાયથી શી રીતે પ્રાપ્ત થવા યોગ્ય છે? અર્થાત્ તે તે પ્રકારના ઉપાયથી આત્માનુભૂતિ થવી અસંભવિત છે. ત્યારે અનુભવ માટેનો ઉપાય શું બતાવ્યો? કહ્યું કે જ્યારે અનુભવી આત્મા આકાંક્ષી આત્મા પર અનુગ્રહ કરશે ત્યારે તે પરમ આત્મા પોતાના જેવી સ્વરૂપની પ્રતીતિ અન્યને કરાવે છે. આ વાત શ્રીમદ્જી "માર્ગને પામેલો માર્ગ પમાડશે" એ શબ્દોથી જણાવે છે. તેના ગર્ભમાં રહેલ તેનો વિશેષ અર્થ એ છે કે આત્મજ્ઞાનથી રહિત એવા અસદ્ગુરુ કે અભવ્ય જીવથી આત્મજ્યોતિ પ્રકટાવી શકાતી નથી. અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનનું તેજ પ્રગટી શકતું નથી; તેથી જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થાય એ સિદ્ધાંત ત્રિકાળ સત્ય છે. તેથી જ કહ્યું છે કેઃ—

"બીજું કંઈ શોધમા. માત્ર એક સત્પુરુષને શોધી તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી. આ અનુભવ પ્રવચન પ્રમાણિક ગણ.

" એક સત્પુરુષને રાજી કરવામાં તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઈશ."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૭૬)

અને હવે તે જ બોધનું સ્મરણ કરાવતાં શ્રીમદ્ ભગવદ્ગીતામાં પ્રકાશેલ શ્રીકૃષ્ણ ભગવાનનાં વચનો જોઈએ. ત્યાં શ્રીકૃષ્ણ કહે છે કે સર્વ ધર્મોનો પરિત્યાગ કરી એક મારા જ શરણે આવો. તેમ કરશો તો હું તમને મોક્ષ અપાવીશ.

સત્પુરુષના ચરણકમળમાં સર્વભાવ અર્પણ ક્યારે થાય? કેવી રીતે થઈ શકે અથવા શરણે જવું એટલે શું? તેની પૂર્વ તૈયારી કેવી જોઈએ? એ વગેરે પ્રશ્નોના સમાધાન માટે પ્રયત્ન કરીએ. પ્રથમ તો જ્ઞાનીપુરુષમાં પ્રેમ અને શ્રદ્ધા હોવાં અત્યંત આવશ્યક છે; તેના વિના પરમાર્થમાર્ગમાં એક ડગ પણ આગળ વધી શકાતું નથી. પ્રેમ અને શ્રદ્ધાનાં બળ થકી અર્પણભાવનો જન્મ થાય છે. જ્ઞાનીપુરુષની શરણાગતિ સ્વીકારવી એટલે જ તેમના પ્રત્યે સમર્પણભાવ (પોતાની સ્વેચ્છાનો ત્યાગ) શુદ્ધતાએ એટલે નિષ્કપટપણે લાવવો. અહીં જે પ્રેમ કહ્યો તે જ આત્માનુભૂતિનું મૂળ કારણ છે, અનુભવપ્રાપ્તિ માટેની અદ્ભુત ચાવી છે. સદેહે વિદ્યમાન એવા જ્ઞાનીપુરુષ પ્રત્યે પોતાના પ્રેમથી ભીંજાયેલ હૃદયમાંથી પ્રેમની ધારા અદૃશ્યપણે વહે છે ત્યારે આત્મા આત્મા વચ્ચે

અનુસંધાન થાય છે; ભક્તિમાન ભવ્ય જિજ્ઞાસુના આત્માનું જ્ઞાની ભગવંતના આત્મા સાથે ક્ષણ અથવા થોડી ક્ષણો માટે થતું અદૃષ્ટ મિલન આત્માનુભવનું ઉપકારી સર્જન કરવા સમર્થ થાય છે. જ્યાં પ્રેમ છે ત્યાં શ્રદ્ધા અવશ્ય છે. એ બન્ને ભાવ સાથે રહેવાના સ્વભાવવાળા છે. એક જ સિક્કાની તે બન્ને બાજુ છે. આ બે ભાવ કેટલા ઉપકારી છે અને કેવા કાર્યકારી થાય છે તે જોઈએ.

"ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ. તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી. વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે."

શ્રીમદ્ રાજચંદ્ર (વ. ૧૯૪)

ઉપરનાં વચનોમાં સમ્યક્ પ્રતીતિ શબ્દ છે. તેનો અર્થ સાચી પરિણામરૂપ શ્રદ્ધા એવો થાય છે; તે પ્રતીતિનું સ્વરૂપ કેવું હોય તે દર્શાવતાં અપૂર્વ વચનો જોઈએ. જેથી તે સંબંધની આશંકા લેશ પણ ન રહે; અને તેના ભાવ અંતરમાં ઉતરી જાય.

"ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિનીઓ, શ્રાવક તથા શ્રાવિકાઓ કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હતું તેથી તેને સમકિત કહ્યું છે એવો સિદ્ધાંતનો અભિપ્રાય નથી. તેમાંથી કંઈક જીવોને તીર્થંકર સાચા પુરુષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી, એવી રૂચિથી, શ્રી તીર્થંકરના આશ્રયથી અને નિશ્ચયથી સમકિત કહ્યું છે....પુરૂષ સાચા છે અને તેની પ્રતીતિ પણ સાચી આવી છે કે જેમ આ પરમકૃપાળુ કહે છે તેમ જ મોક્ષ-માર્ગ છે, તેમ જ મોક્ષમાર્ગ હોય તે પુરૂષનાં લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે, જે વીતરાગ હોય તે પુરુષ યથાર્થવક્તા હોય અને તે જ પુરૂષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય." શ્રીમદ રાજચંદ્ર (વ. ૭૭૧)

આ ઉપરથી સ્પષ્ટ સમજાય તેવું છે કે અચળ પ્રેમ અને સમ્યક્ પ્રતીતિની સુંદર જોડી આત્માનુભૂતિથી માંડી પૂર્ણશુદ્ધતા સુધીનું કાર્ય સિદ્ધ કરવા સમર્થ છે. સત્પુરૂષ પ્રત્યેના વિકસતા જતા પ્રેમથી પ્રેમસમાધિ આવે છે અને પ્રેમસમાધિના પરિણામે આત્મસમાધિ, આત્મશાંતિ અનુભવમાં આવે છે.

જિસસ ક્રાઈસ્ટ કહે છેઃ–પ્રભુ જે મહાપુરૂષને મોકલે છે, તે પ્રભુનાં જ વચનો અને સિદ્ધાંતો કહે છે; માટે તમે તેને પ્રેમથી ચાહો. તેનામાં શ્રદ્ધા કરો અને તેની આજ્ઞાનું આરાધન કરો. પ્રભુ એમ કહે છે કે "જો તમે મને

સાચા મનથી ભરપૂર હૃદયથી અને આત્માના શુદ્ધ ભાવથી પ્રેમ કરશો, તો હું મારૂં સ્વરૂપ તમારી પાસે ખુલ્લું કરીશ."

સંત જિસસ પ્રકાશે છે :– જે કોઈ મને જુએ છે, ઓળખે છે, તે પ્રભુને પણ જુએ છે, ઓળખે છે. હું અને મારા પિતા (પરમ પિતા, પરમાત્મા, પ્રભુ) બન્ને એક છીએ. પિતાના હૃદયમાં મારો વાસ છે અને મારામાં પિતાનો વાસ છે, એ શું તમે માનતા નથી? જે વચનો હું તમને કહું છું; તે હું કાંઈ મારી પોતાની સત્તાથી કહેતો નથી; પરંતુ મારા હૃદયમાં પિતા નિવાસ કરીને રહ્યા છે, તેઓ જ સર્વ કાર્યો કરે છે.

"પરમ પિતા પોતાના મોકલેલ પુત્રને ચાહે છે અને તેમણે બધું જ તેના હાથમાં સોંપી દીધું છે, જે કોઈ એ પુત્રને ચાહે છે તથા શ્રદ્ધે છે, તે અનંત જીવનને પામે છે." એવો સંત જહોનનો બોધ છે.

આમ અધ્યાત્મજીવનના પ્રારંભ અને વિકાસ માટે, તેની પવિત્રતા અને નિર્મળતાની પ્રાપ્તિ અર્થે તથા તેની દિવ્યતા અને અલૌકિકતાનો અનુભવ કરવા માટે ખ્રિસ્તી દર્શનમાં પણ પ્રેમ અને શ્રદ્ધાનું માહાત્મ્ય વિશિષ્ટતાએ સંગીત કર્યું છે, તેમ ત્યાં પિતાના પુત્ર એટલે પ્રભુના પ્રતિનિધિ પ્રત્યે અહોભાવ લાવી તેમને શરણે જવાનો ઉત્તમ બોધ કર્યો છે. માર્ગ પામવાનું જે મૂળ છે, તેના ઉપર ભાર દઈ તે જ પ્રગટ કર્યું છે. આ ઉપરથી

એ વાતની પણ સિદ્ધિ થશે કે સર્વ જ્ઞાનીઓનો અભિપ્રાય એક હોય છે, ભિન્ન ભિન્ન હોતો નથી.

પ્રેમનો મહિમા અત્યંત બળવાનપણે દર્શાવતાં જિસસ ક્રાઈસ્ટના શિષ્ય સંત પોલનાં વચનો અહીં આપતાં અંતરાનંદ થાય છે. સંત પોલ કહે છે કે "જો હું મનુષ્યો અને પરીઓની અનેક જીભ વડે બોલતો હોઉં પણ મારામાં પ્રેમ ન હોય તો હું માત્ર અવાજ કરતી પિત્તળની ભૂંગળી બની જઉં છું. અને જો મારી પાસે ભવિષ્યકથન કરવાનું વરદાન હોય, બધા રહસ્યો જાણવા જેટલું જ્ઞાન હોય, તથા પર્વતોને ચલિત કરવા જેટલી પૂરી શ્રદ્ધા હોય, પરંતુ જો મારામાં પ્રેમ ન હોય તો હું કંઈ જ નથી. પ્રેમ દયાવંત છે, પ્રેમ નિરપેક્ષ છે. પ્રેમ સત્યના પક્ષમાં રહી આનંદિત થાય છે. પ્રેમમાં સ્વાર્થ નથી, પ્રેમ સર્વસ્વનો ભોગ આપે છે. પ્રેમ કદી નિષ્ફળતા આપતો નથી. તે વિકસી પૂર્ણ થાય છે. અત્યારે આપણે ખંડ ખંડ જાણીએ છીએ અને અમુક ભાગે ભવિષ્ય કથન કરીએ છીએ; પરંતુ જે પૂર્ણ છે તે જ્યારે પ્રાપ્ત થશે ત્યારે જે અપૂર્ણ છે તે અદૃશ્ય થશે, તેનો અભાવ થશે."

આ નિબંધના અત્યાર પર્યંતના લેખન પરથી આત્માનુભૂતિના ઉપાય સંબંધી જે પથદર્શક સૂચનોથી જે નિર્દેશ કર્યો, તે પુનઃ સારરૂપે જોઈએ. શ્રેષ્ઠ અને પરમ મંગલકારી ઉપાય કહ્યો તે એ કે કોઈ સજીવનમૂર્તિ, પ્રેમમૂર્તિ ને શાંતમૂર્તિ સત્પુરૂષને શરણે જવું; તે પુરૂષમાં

અચળ પ્રેમ અને અડગ શ્રદ્ધા કરવાં; પોતાના સર્વ પ્રકારના અભિપ્રાય અને મતાગ્રહનો ત્યાગ કરી તેમના પ્રત્યે આજ્ઞાંકિતપણું કેળવીને રાખ્યા કરવું, એટલે તેમણે આપેલ આજ્ઞાનું તનથી અને મનથી, હોંશથી અને ઉલ્લાસથી આરાધન કરવું, તેમનાં પવિત્ર મુખકમળમાંથી નીકળેલાં વચનો શાસ્ત્રરૂપ ગણવાં, અને તે અમૃત સ્વરૂપ વચનોને વિવેકથી વિચારીને હૃદયમાં અવધારવાં. અહીં અવશ્ય સ્મરણમાં રાખવું ઘટે છે કે ઉપરોક્ત સર્વભાવોમાં પ્રેમનું પ્રધાનપણું છે; તેના અભાવમાં આજ્ઞાનું સત્યસ્વરૂપે આરાધન થવું અસંભવિત છે.

સત્પુરૂષ પ્રત્યે પ્રેમ એટલે તેમના દેહ પ્રત્યે નહીં, પરંતુ તેમના શુદ્ધાત્મા પ્રત્યે પ્રેમ. સત્પુરૂષની ઓળખાણ થવાથી તેમના પ્રત્યે પ્રેમ આવે છે; તેમની ઓળખાણ તેમના પ્રગટ ગુણોની સુવાસ વડે, તેમની મુખમુદ્રા ઉપર અંકાયેલી તે ગુણોની ચળકાટ મારતી કાંતિ વડે, તેમનાં અપૂર્વ વચનોના પ્રભાવ વડે અને તે મહત્ પુરૂષને અપૂર્વ દૃષ્ટિએ, અંતર્દૃષ્ટિએ જોવા થકી થાય છે. જેમ જેમ સત્-પુરુષના ગુણોનું ઉત્કૃષ્ટપણું લક્ષગત થતું જાય છે અને તેમનું નિર્મળ અંતર્ચારિત્ર આત્માથી સમજાતું જાય છે, તેમ તેમ તેમના પ્રત્યેના પ્રેમના વહેણની ગતિ વધતી જાય છે. પ્રેમના વિકાસની ઊંચી અવસ્થા થતાં તે અદ્ભુતતાનું સર્જન કરવા સમર્થ થાય છે. ત્યાં પ્રથમ તો અજ્ઞાન–અવિદ્યાનું બળ તૂટે છે, મોહદશા અને તીવ્રતાવાળા રાગદ્વેષ ઘટે

છે, બાહ્ય પદાર્થોનું અનુરક્તતાવાળું આશ્ચર્ય ક્ષીણતાને પામતું જાય છે અને અંતરમાં સાચો વૈરાગ્ય ઉપસી આવી પ્રકાશિત થાય છે. તે વૈરાગ્યના બળે નિજાત્માની શુદ્ધતા પ્રગટ કરવાના પ્રશસ્ત રાગયુક્ત ભાવ ઉદ્ભવે છે; કેમકે તે ભવ્ય જિજ્ઞાસુને સત્પુરૂષના શુદ્ધાત્માનું માહાત્મ્ય મનઃચક્ષુ સમક્ષ દષ્ટિગોચર થયું છે, અને તેમનું ચિદ્-ચમત્કાર માત્ર આશ્ચર્યકારક સ્વરૂપ પણ તેણે જાણ્યું છે. આ બન્ને ઉપકારી નિમિત્તો પ્રત્યે તેના આત્મામાં અહોભાવ સહજતાએ ઉત્પન્ન થાય છે, જે આત્મ-વિકાસમાં આડે આવતાં વિઘ્નોની સત્તાને ક્ષીણ કરવા અથવા દૂર કરવા ખરેખર શક્તિ ધરાવે છે. ચૈતન્યાત્મક ભાવોની ઊંડી તેમ ઘેરી અસરથી આત્મા જ્યારે ઘેરાય છે ત્યારે વિચારમાં મૂકી દે તેવા અવનવા અનુભવો થાય છે. વિસ્મય પમાડે એવી છતાં સત્ય હકીકત છે કે યથાયોગ્ય નિમિત્ત પામી આત્મા જ્યારે વિકાસની શ્રેણિ ચઢતો હોય છે, ત્યારે પ્રત્યેક વિકાસની સીડીના પગથિયે તેને શ્રી ગુરુની કૃપાએ યોગ્ય પ્રતીકોનાં દર્શન થાય છે, જેનું કેટલુંક વર્ણન અમે અમારા પુસ્તકો "ભક્તિ માર્ગનું રહસ્ય," તથા 'નિર્વાણમાર્ગનું રહસ્ય "માં કર્યું છે. અહીં એટલું જણાવવાનું આવશ્યક છે કે તે અવનવા અનુભવોમાં આત્માના પ્રતીકરૂપ પ્રકાશના દર્શન થાય છે; દેહના અંગ કે ઉપાંગમાં શીતળતા અથવા ઠંડક જણાય છે તથા સુગંધનો અનુભવ થાય છે. આ છે આત્માનુભૂતિ પહેલાંની અનુભવદશા. આત્માનુભૂતિ થશે તેવી ખાત્રી

આપનાર પાદચિહ્નો. તેમાંય જ્યારે શ્રી ગુરુના પ્રેમમાં તરબોળ બનેલ શિષ્ય પોતાના હૃદયમાં શ્રી ગુરૂનાં દર્શન કરે છે, તેમની દિવ્ય સ્વરૂપી તેજોમય મુદ્રાનાં દર્શન કરે છે, ત્યારે તો આત્માનુભૂતિ કેવળ સમીપ છે એમ નિઃશંકપણે માની શકાય. આ સર્વ પ્રતીકોનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. તે સર્વની ઉપયોગીતા ઘણી મોટી છે અને તેના પ્રભાવની અસર દીર્ઘસ્થાયી છે કેમકે એ અનુભવો દીર્ઘકાળે પણ વિસ્મરણરુપ થતા નથી.

હવે જ્યારે આત્માનુભૂતિની આકાંક્ષાવાળો સુશિષ્ય શ્રી સત્પુરુષના એટલે પોતાના શ્રી ગુરુના સુવાસિત ગુણોના શુભ ચિંતનમાં પ્રેમપૂર્વક પ્રવેશે છે, ત્યારે તેનો પ્રેમ અંદરમાં એકદમ વધી જાય છે; પ્રેમભાવ વધુ ઊંડાણમાં જતાં સુખરૂપ, આનંદરૂપ એવી તથા ઉત્તમ ફળને આપનારી, એકાગ્રતાને સુગમતાએ પ્રાપ્ત કરાવનારી અને ધ્યાનદશાને સફળ બનાવનારી પ્રેમસમાધિ આવે છે, જે આત્મજ્ઞાન તરફ લઈ જવા સમર્થ છે.

આત્મજ્ઞાન આત્મવિચાર વગર હોય નહીં એમ આપણે જોઈ ગયા છીએ. આત્મવિચાર એટલે આત્માના ગુણોનો વિચાર, જે સત્પુરુષના કે શ્રી ગુરુના ગુણોના વિચારથી કે ચિંતનથી ભિન્ન નથી. આત્માના ગુણ દર્શાવતાં જ્ઞાની પુરુષનાં વચનો મંત્રસ્વરૂપ હોય છે, તેવા કોઈ મંત્રસ્વરૂપ વચનોનું સ્મરણ-રટણ કરવા શ્રીગુરુ જ્યારે સુશિષ્યને આજ્ઞા કરે છે, ત્યારે શિષ્ય ઉલ્લાસ પરિણામી થઈને

આજ્ઞાને શિરસાવંદ્ય ગણી ભાવપૂર્વક આરાધવા તત્પર થાય છે, આત્મભાવથી તે મંગલકાર્યમાં પ્રવૃત્ત થાય છે અને શ્રી ગુરુના આશીર્વાદ સાથે હોઈ તે કાર્યની સફળતા નિશ્ચયરૂપ હોય તેમાં સંદેહ કેમ હોય? એક તરફ શિષ્યનો પોતાના શુભ ઋણાનુબંધી શ્રીગુરુ પ્રત્યેનો પ્રેમ અંતરમાં શાંત ભાવે પ્રવહે છે અને બીજી બાજુ તે શ્રીગુરુએ આપેલ આજ્ઞાનું આરાધન પણ એવા જ સ્નેહભાવથી કરવામાં લીન થાય છે. આત્મા જ્યારે પોતાના સ્વરૂપને દર્શાવનારાં વચનોનું સ્મરણ કરે છે, ત્યારે તે આત્મા વચનના ભાવમાં રહેલ પોતાના સ્વભાવને પ્રેમથી પકડે છે અને 'દેહ તે હું' એવી પૂર્વની પક્કડવાળી માન્યતાનો સદંતર ત્યાગ કરી તે પોતારૂપે પરિણમે છે, અર્થાત્ આત્મા સ્વરૂપ પ્રતીતિ કરે છે. પ્રેમસમાધિ પછીની આ આત્મસમાધિની પ્રશંસનીય દશા છે. આ અનુભવદશામાં દેહનું, ઇન્દ્રિયોના વિષયોનું કે બાહ્યનું કોઈ લક્ષ હોતું નથી; તે વેળાએ સંકલ્પ વિકલ્પ, રાગદ્વેષ, તેમાંનું કંઈ નથી; મન ઊંડાણમાં જઈ શાંતભાવને ભજતું હોય છે; અને આત્મોપયોગ સ્વભાવ ભાવમાં સ્થિર થયો હોઈ ત્યાં ચૈતન્યનું જ્ઞાન છે, શાંતભાવનું સામ્રાજ્ય છે, અપૂર્વ શાંતિનું અપૂર્વ સંવેદન છે. આ ધન્યદશા આત્માનુભૂતિના પવિત્ર અને શુભ નામથી ઓળખાય છે.

શ્રીગુરુ શિષ્યના કલ્યાણાર્થે જે મંત્ર સ્વરૂપ વચનો સ્મરણ માટે આપે છે, તે નમુનારૂપે નીચે મુજબ આપીએ છીએ.

" હું દેહાદિ સ્વરૂપ નથી, દેહ સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી."

"શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું."

" એક કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ, માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું."

" હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમશાંત ચૈતન્ય છું."

" હું માત્ર નિર્વિકલ્પ છું, હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું, તન્મય થાઉં છું." શ્રીમદ્ રાજચંદ્ર

" અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું, તે જ્ઞાનને સમય માત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યક્‌દર્શનને નમસ્કાર."

ત્રિકાળ જયવંત વર્તો સત્પુરુષોની સુધામય વાણી અને અમૃતમય બોધ!

ત્રિકાળ વંદન હો મુક્તિનું દાન દેનાર સત્પુરુષની પ્રેમભક્તિને!

ત્રિકાળ નમસ્કાર હો સર્વોત્કૃષ્ટ સિદ્ધિને આપનાર પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના ત્રિવેણી સંગમને!

" સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# નિબંધ ૭ મો

## પ્રેમ અને પૂર્ણતા

### [ ૧ ]

પ્રેમ એ અઢી અક્ષરનો સુંદર શબ્દ છે. પ્રેમ એ અદ્ભુત ચમત્કારિક દિવ્ય શક્તિ છે. તેની તાકાત બેહદ અને અમર્યાદ છે. તેનું માધુર્ય સુમધુર અને મિષ્ટ છે. તેનો મીઠો સ્પર્શ હૃદયના કોમળ તારને હલાવવા, ઝણઝણાટી ફેલાવવા સમર્થ છે. તેનું આલાપવાળું સંગીતમય નૃત્ય શરૂ થાય છે ત્યારે હૈયું નાચવા માંડે છે, અંતરાનંદની છોળો અંતરાય વગર ઊડવા માંડે છે અને ચોપાસ વર્તુલમાં ફેલાય છે; સંનિધિમાં આવનાર વ્યક્તિઓને અને તત્ત્વોને પોતાના પ્રેમાળ બાહુપાશમાં જકડી લઈ આનંદિત કરે છે. તે સમયે તે જગતની, સરળતાથી વિસ્મૃતિ કરાવે છે; દુન્યવી વસ્તુઓના મોહનું વિસ્મરણ કરાવે છે; વ્યવહાર જીવનનાં સુખ–દુઃખ, હર્ષ–શોક, જયાજય, સંપત્તિ–આપત્તિ આદિ કષ્ટ ઉપજાવનારાં દ્વંદ્વો ક્યાં વિલીન થઈ જાય છે તેનો પત્તો લાગતો નથી. તેના અનુભવનું એક જ બિંદુ વિસ્તરીને સિંધુ સમાન થવાનું સામર્થ્ય ધરાવે છે. તેનું એક જ પ્રકાશ કિરણ અનંતાનંત કિરણોરૂપે થવા અમોઘ યોગ્યતા આપે છે; વળી

અનંતાનંત કિરણો પણ સમૂહરૂપે એકત્રિત થઈ એક સૂક્ષ્માતિસૂક્ષ્મ, અગમ અગોચરરૂપે રહી શકે છે. એકમાં અનંત અને અનંતમાં એક એવું તેનું આશ્ચર્યકારક સ્વરૂપ વર્ણનાતીત છે.

એવાં અલૌકિક પ્રેમતત્ત્વ સંબંધે મહાન ચિંતકોએ ચિંતન કર્યાં છે; સમર્થ વિદ્વાનોએ બુદ્ધિપૂર્વકના વિચારો કર્યા છે; પંડિતોએ પોતાના પાંડિત્યનો શ્રમપૂર્વક ઉપયોગ કર્યો છે; મોટા ફિલસૂફોએ તર્કની ઊંડી ગુફામાં ઉતરી તત્ત્વપ્રકાશ પાથરવા યત્નો કર્યા છે; ઊર્મિશીલ રસિક કવિઓએ પર્વતનાં શિખર પરથી જળઝરણું વહે તેમ દિલમાંથી વહેતા આકર્ષક શબ્દોથી અલંકૃત પંક્તિઓ દ્વારા ગીતો સંગીત કર્યાં છે; અનુભવી ભક્તજનોએ પ્રેમનું સ્વરૂપ અનુભવગમ્ય થયું તે પ્રકારે દર્શાવવા અતિ સ્તુત્ય પ્રયાસો કર્યા છે, ઠેરઠેર પોતાનો અનુભવપ્રસાદ બીજાઓ હર્ષથી આસ્વાદી શકે તે હેતુએ તથા પ્રેમસ્વરૂપની ઓળખાણ કરાવવાના ઉચ્ચ ઉદ્દેશથી પ્રેમને અનેક ઉપમાઓથી નવાજવામાં આવેલ છે. તે સર્વ ઉપમાઓ ઉપર વિસ્તૃત વિવેચન કરી લખવું અનુચિત લાગે છે, તો પણ કેટલીક ઉપમાઓ સંબંધે વિચાર કરવો ઠીક જણાય છે.

પ્રેમ એ આત્માની અદ્વિતીય પ્રસાદી છે, સત્પુરૂષનો અનુપમ અનુગ્રહ છે, અંતરની અલૌકિક પ્રેરણા છે, સ્વ-સ્વરૂપનો પરમોચ્ચ, નિર્મળ અને નિર્ભેળ ગુણ છે, સર્વ લાગણીઓમાં સર્વથી શ્રેષ્ઠ, નિર્દોષ અને નિઃસ્વાર્થ લાગણી

છે. પ્રેમ અદૃષ્ટપણે રહેતો હોવા છતાં તેનું સ્થાન જગતમાં ઉચ્ચતમ ભૂમિકાએ ઉત્કૃષ્ટપણે શોભે છે. કોઈ કહે કે પ્રેમ એ જીવન છે, જીવન એ પ્રેમ છે, તો ત્યાં ખોટું શું છે? પ્રેમરસ વિનાનું જીવન નીરસ છે, શુષ્ક છે, તો તે જીવનને સાચું જીવન કેમ કહી શકાય? વળી કોઈ કહે કે પ્રેમ એ ઈશ્વર છે, ઈશ્વર પ્રેમ છે, તો તે વચન અસત્ય કેમ ઠરે? કેમકે પ્રેમની પૂર્ણતા એટલે જ ઈશ્વર. કોઈના અભિપ્રાયે પ્રેમ છે ત્યાં આનંદ છે; તે ભાવને નિર્મળ મતિથી વિચારતાં સત્ય લાગે છે; કારણ કે તે જગ્યાએ પ્રેમ અને આનંદ એકરૂપ થઈ જાય છે અથવા તો પ્રેમના ગર્ભમાં આનંદ છૂપાયેલો છે તે દર્શાવે છે. પ્રેમના સ્વરૂપનો વિચાર કરતાં પણ જ્યારે આનંદ આવે છે, ત્યારે પ્રેમની અનુભૂતિ વેળાએ કેટલો આનંદ ઉપજે તેનું અનુમાન થઈ શકે તેમ છે. કોઈના મત અનુસાર પ્રેમ છે ત્યાં શાંતિનું સામ્રાજ્ય છે, તો તે વાત પણ યથાતથ્ય ભાસ્યમાન થાય તેટલી સ્પષ્ટ છે; કેમકે જે સ્થળે પ્રેમ જ્યારે કેન્દ્રિત થાય છે, ત્યારે અંતરમાં અન્ય સર્વ ભાવો ઉપશમિત થાય છે ને શાંતિ વેદાય છે.

પ્રેમ એટલે બે હૃદયને જોડનારી અદૃશ્ય, સળંગ, સીધી દોરી; પ્રેમ એટલે બે આત્માઓ વચ્ચે ગુપ્તતાએ સંધિ કરાવનાર અલૌકિક તત્ત્વ. આથી જ કહ્યું છે કે પ્રેમ એટલે મેળાપ અથવા સુખદ સમાગમ. જેને જેનામાં પ્રેમ હોય છે, તે તેને જ ઇચ્છે છે, તેનો સંયોગ ચાહે

છે, તેની જ સ્મૃતિ રાખ્યા કરે છે, તેને જ મળવાની આકાંક્ષા સેવે છે. આ સ્મૃતિમાં કે મળવાની તીવ્ર અભિલાષામાં વસંતઋતુમાં સોળે કળાએ ખીલતાં પુષ્પની જેમ પ્રેમની માત્રા વિકસતી હોય છે, વિરહકાળે પ્રેમનો પ્રભાવ અતિશયતાને પામતો જાય છે; આમ સંયોગ અને વિયોગ બંને અવસ્થામાં પ્રેમનું શુદ્ધ સ્વરૂપ વધુ અને વધુ પ્રકાશિત થતું જાય છે. તે છતાં પ્રેમનું સ્વરૂપ તેવી ઉચ્ચ સ્થિતિએ સ્થાપિત થયું ન હોય, ત્યારે વિરહકાળની વેદનાસ્થિતિ વિકટ હોય છે. ઈષ્ટના સમાગમ વિના આયુની પળ પળ વીતાવવી કઠણ પડે છે અને જીવન કેમ જશે તેની વિટંબણા ક્યારેક ખૂબ અકળાવે છે; ચિત્ત અન્ય સ્થળે રોકાયેલું હોઈ વ્યવહારનાં કાર્યો અસ્તવ્યસ્ત જેવાં થઈ જાય છે; મધુર મિલનની ઝંખનામાં ઊંઘ વેરણ બને છે; વિરહવેદનાને લીધે આંખોમાંથી અશ્રુબિંદુઓ સરી પડે છે અથવા નયનો ભીનાં રહ્યા કરે છે; મેળાપનો ધ્વનિ હૃદયમાં ગૂંજ્યા કરતો હોય તેમ અનુભવ થાય છે; વિયોગના તાપમાં ક્યારેક પ્રેમસ્વરૂપ પ્રભુને ઉપાલંભરૂપ વચનો પણ કહેવાઈ જાય છે, પ્રેમના સ્વરૂપની વિશેષ વિશુદ્ધિ થતાં વિયોગનું દુઃખ મૌનપણે વેદાય છે, તેનાં બાહ્ય ચિહ્નો અદૃશ્ય થાય છે; બહારનો દેખાતો શાંતભાવ અને અંદરનો ઉતાપ સામસામે ગુપ્તતાએ લડતા હોય છે, જેમાં આખરી વિજય શાંતતાનો થાય છે. વિયોગ વેળાએ જે પ્રેમાગ્નિ ભભૂકી ઊઠે છે, તે પ્રેમાગ્નિની જ્વાળા મોહ, પરાસક્તિ, વાસના, અશુચિમય વિચારો,

કષાયો, દોષો અને દૂષણોના દીર્ઘસ્થાયી કચરાને બાળી નાખે છે અને અંતઃકરણને સાફ કરે છે. જ્યાં વિયોગમાં સંયોગની તીવ્ર ઇચ્છા છે ત્યાં પ્રેમનું સ્વરૂપ સ્વચ્છ છે અને જ્યાં પ્રેમનું સ્વરૂપ સ્વચ્છ છે, ત્યાં સુખ છે, સંતોષ છે, આનંદ છે, શાંતિ છે.

એટલા માટે જ ઉપમાઓથી કહ્યું છે કે હૃદયમાં પ્રેમસ્વરૂપ પુરૂષ માટે, પ્રભુસ્વરૂપ પુરૂષ માટે પ્રેમદીપક પ્રગટાવો, જેથી તે દીપકના અજવાળાના આશ્રયથી પ્રભુનાં પરમ પાવનકારી ચરણો સુધી સુગમતાએ પ્રસ્થાન કરી શકાય. દિલમાં એવો પ્રેમયજ્ઞ શરૂ કરો કે જેની વેદી પર દેહ, ભોગ અને સંસાર સંબંધી સર્વ કામનાઓ તથા ઇચ્છાઓની આહૂતિ દઈ શકાય; અંતરના અંતઃસ્થળમાં એવો દેદીપ્યમાન પ્રેમસૂર્ય પ્રકાશિત કરો કે જેનાં ઉષ્ણ કિરણો મન, વચન અને કાયાના સ્વામીત્વના ભાવને બાળી નાખે અને તેના તેજપૂર્ણ પ્રકાશથી અલૌકિક ચૈતન્ય-મૂર્તિના દર્શન કરી શકાય; હૈયામાં એવા પ્રેમમંદિરનું સ્થાપન કરો, તે પવિત્ર મંદિરમાં એવી અવિચળ શ્રદ્ધાનું કમલાસન બનાવો તથા સુંદર ભાવનાઓની સૌરભથી તેને એવું મઘમઘિત કરો કે જેથી તે પવિત્ર મંદિરના આસન પર પ્રેમમૂર્તિ સર્વશક્તિમાન પ્રભુ સર્વથા વિરાજિત રહે અને તે પ્રભુજીનાં દર્શનથી ભેદભાવનો છેદ થઈ તેમની સાથે એકરૂપતાનો અત્યુત્તમ અને આનંદપૂર્ણ અનુભવ થાય; હૃદયમાં પ્રેમસાગરને એવો સમાવી દો કે જેમાં કદી ઓટ આવે નહીં તેમ ભરતીના ઉછાળા ઉપશમી

રહે અર્થાત્ તે શાંત, સ્થિર અને ગંભીર સ્વરૂપે રહ્યા કરે; તે વેળાએ શુદ્ધ ભાવનું એવું પરિણમન રહો કે જેથી સમુદ્રમાં ખારાશનો કણ પણ પ્રવેશી ન શકે; વળી તેના અમૃતમય બિંદુનો સ્પર્શ પણ જો કોઈને તેના પુણ્યોદયે થાય તો તેના અચિંત્ય પ્રભાવથી તે જીવને અપૂર્વ ગુપ્ત પ્રેરણાનો, તેની અંતરશક્તિના આવિષ્કારનો અને કલ્યાણના ઉઘાડનો લાભ સંપ્રાપ્ત થાય એવું સામર્થ્ય તેમાં રહ્યું છે; હૃદયપટ પર પડેલી પ્રેમચાદરને અત્યંત વિસ્તૃત કરી અને તેને અગણિત તેજસ્વી પ્રેમ તારલાઓથી મઢી લઈ, તે શ્વેત ચાદરને આખા વિશ્વમાં પાથરી દો, જેથી અહંકાર તથા મમકારનો સંપૂર્ણ નાશ થાય અને પ્રેમ તેની પરાકાષ્ટાની છેવટની હદે પહોંચી મૌનતાને ધારણ કરે. વધારામાં અહીં એટલું કહેવાનું છે કે વાસ્તવમાં દરેકે દરેક ગુણની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ એટલે મૌનતા અથવા શાંતતા.

આટલા લેખ ઉપરથી સ્પષ્ટ થયું હશે કે પ્રેમ એ વિકાસના સ્વભાવવાળું પરમ તત્ત્વ છે. તે એકાએક પૂર્ણતાની ટોચ સુધી પહોંચી શકતો નથી. પ્રેમનાં બિંદુઓ ક્રમે ક્રમે વધી અંતે સિંધુ રૂપે થાય છે, જે સિંધુ વિશાળ, ધીર, ગંભીર અને શાંત હોય છે. વિમળ પ્રેમ-યાત્રામાં અમુક હદે આગળ વધ્યા પછી બીજાઓની દૃષ્ટિ-તળે આવી શકે એવાં આશ્ચર્યકારક દૈહિક ચિહ્નો જોવા મળે છે. પ્રેમીજનની આંખો ચળકાટ મારતી અને પ્રેમ-નીરથી ન્યૂનાધિક અંશે ભીંજાયેલી રહેતી હોય છે; ચહેરા

પર તેજરેખાઓ ક્યારેક આછી તો ક્યારેક ઘેરી દશ્યમાન થાય છે; કદીક ભ્રૂકુટિની મધ્યમાં આજ્ઞાચક્રના સ્થાન પર તેજવર્તુલ દેખા દે છે; તે તેજચક્રનો રંગ ગુલાબી, આછો પીળો અથવા શ્વેત હોય છે અને પ્રત્યેક રંગનો પરમાર્થ ભિન્ન ભિન્ન છે; પ્રેમરસથી ભીંજાયેલ પ્રેમીજનના શરીરની બહારની ચામડી પાતળી, સુંવાળી અને સ્નિગ્ધ બનવા સાથે ક્યારેક તેમાં ચમક આવે છે; દેહની ઉપરની ચામડી પાતળી અને મુલાયમ બનવાનું કારણ એ છે કે પ્રભુપ્રેમમાં તરબોળ અને આનંદવિભોર બનતો પ્રભુપ્રેમી સ્થૂળ અશુભ પરમાણુ-ઓનો પરિત્યાગ કરે છે ને કોમળ શુભ પરમાણુઓનું ગ્રહણ કરે છે; આથી તેના હૃદયની પવિત્રતા ને આત્માની નિર્મળતા થતાંની સાથે તેના પ્રભાવથી તેનો દેહ પણ ક્રમપૂર્વક પવિત્ર થતો જાય છે. આ અપેક્ષાએ જોતાં કહી શકાય કે પ્રેમ છાનો કે ગુપ્ત રહી શકતો નથી. કદાચ વચન કે વર્તનથી પ્રકટ થતો ન જણાય તો પણ ઉપર કહી તે નિશાનીઓ તેને ખુલ્લે ખુલ્લો બહાર લાવે છે અને તેનું પ્રાકટ્ય જણાવવા સમર્થ થાય છે. હા, એ પણ ખરું છે કે પ્રેમ તેના આરંભના અંશથી માંડી અમુક હદની મર્યાદા સુધી મૂંગો રહી શકતો નથી. જેમ કિશોરવયના અંતકાળથી યુવાવસ્થાના કાળ દરમ્યાન તર-વરાટ, થનગનાટ અને ઊર્મિઓના ઉછાળાનું પ્રાબલ્ય જોવામાં આવે છે અને ત્યારપછી-વયથી તથા અનુભવથી પીઢ થતાં તે ઉછાળા ઉપશમે છે, શાંત થાય છે, પ્રશાંત થાય છે, તેમ જ પ્રેમના સંબંધમાં બને છે.

પ્રભુસ્વરૂપ પુરુષ માટે હૃદયમાં પવિત્ર પ્રેમનું બીજારોપણ થયા પછી તે બીજ નિમિત્ત અને કાળની અનુકૂળતા પામતાં પુરુષાર્થ અનુસાર પાંગરે છે, ખીલે છે. પ્રેમનું કેન્દ્રિતપણું થતાં, તેનું ઘટ્ટપણું થતાં અને તેનું ઉત્તરોત્તર દીર્ઘકાળ પર્યંત ટકાઉપણું થતાં પ્રેમ અનેક ઉત્તમ ગુણોને જન્મ આપી પ્રેમીને ધન્ય કરે છે, અમર કરે છે. તેમાં મુખ્ય ગુણોનાં પ્રાકટ્યનો પ્રકાર આ પ્રમાણે સમજાય છે.

પ્રેમ અને દ્વેષ પ્રતિસ્પર્ધી છે, વિરોધી સ્વભાવવાળા છે. બન્ને વચ્ચે સહજ અણબનાવ છે. પ્રેમ હોય તો દ્વેષને જવું પડે છે. દ્વેષમાંય પ્રથમ અસૂયા રજા લે છે અર્થાત્ અનસૂયા ગુણ ઉઘડે છે, અને તેની સાથે સાથે જોડકાંરૂપે સહિષ્ણુતા સાથ આપવા સાટે હાજર થાય છે. તે બે ગુણોનાં જન્મ અને વિકાસના પરિણામે એક નવા જોડકાંની ઉત્પત્તિ થાય છે; તે છે અદોષબુદ્ધિ તથા ગુણગ્રાહકતા. અસૂયા છે ત્યાંસુધી ચિત્તમાં દોષબુદ્ધિનું સ્થાન રહે છે અને અસહિષ્ણુતા અંધ હોઈ ગુણનું દર્શન કરવા અસમર્થ છે. તે બન્ને દોષોના ક્ષીણપણામાં ઉપર કહ્યા તે ગુણોનું જોડકું ઉપસીને બહાર આવી દૃશ્યરૂપ થાય છે. આ ચાર ગુણોના સમગ્ર બળથી હૃદય કોમળ થતાં આર્દ્રતા એટલે કરુણા તથા માર્દવતા એટલે નમ્રતા, એ ગુણો હસતાં હસતાં બહાર આવે છે. પ્રભુ પ્રત્યેના પ્રેમના અભાવે દુઃખો સહન કરનારા મનુષ્યો સંબંધે કરુણા આવે છે; કરુણાથી હૃદય ભીંજાય છે અને સર્વ સુખી થાઓ એવી ઉજ્જવળ ભાવના રહે છે. વળી પ્રભુ પ્રત્યેનો

પોતાનો પ્રેમ હજુ ઉણપવાળો છે, પોતાના પ્રેમની સફર હજુ લાંબી છે અને પ્રેમના મેરૂપર્વતનું ઉન્નત શિખર પ્રાપ્ત કરવાનું હજુ શેષ રહ્યું છે તેવા સંપૂર્ણ ભાનને લીધે પોતા પ્રત્યે પણ કરુણા આવે છે અને રહે છે, તે કારણે તેનામાં નમ્રતા અને પોતાપણારૂપ અંહકાર-ભાવનો ત્યાગ વિશેષપણે પ્રગટ થતાં જાય છે. આર્દ્રતા અને માર્દવતાની જોડી એવી સુંદર છે તેમ ભાવવાળી છે કે તેનાં પરિણમનથી અંતરમાં નિખાલસતા અને સરળતા સત્ય સ્વરૂપે પ્રગટ થાય છે. આ બન્ને ગુણોનું સાચું સ્વરૂપ અનુભવે જ લક્ષમાં આવે છે અને સમજાય છે. જ્યાં નિખાલસતા છે ત્યાં દોષોને ઢાંકવાની બુદ્ધિ નથી, જાહેર કરવામાં સંકોચ કે આનાકાની નથી અને જેમ છે તેમ કહેવામાં લાજશરમ અંતરાયરૂપ થતી નથી, કેમકે તે સુંદર ગુણના પ્રભાવથી દિલની મલિનતા અને દંભવૃત્તિ દૂર થઈ ગઈ હોય છે. તેની સુવાસ એવી મીઠી છે કે પાસેનાઓને આકર્ષે છે તથા અજવાળે છે. જ્યાં સરળતા છે ત્યાં ગુણોને ખેંચવાની શક્તિ છે, નિજ હિતને ઉપકારી અને પોષક નિમિત્તોને નિઃશંકપણે અપનાવી આરાધવાની નિર્મળ મતિ છે અને અન્ય જનોને સન્માર્ગમાં સહાય આપી સાથીદાર બનવાની સદ્‌વૃત્તિ છે. કહેવાય પણ છે કે જ્યાં સરળતાનો વાસ છે ત્યાં પ્રભુતાનો નિવાસ છે; કેમકે જ્યાં સરળતા છે ત્યાં માયાકપટ નથી, છેતર-પીંડી નથી, દગો નથી, દંભ નથી, મદ નથી, મત્સર નથી, અહંકારનું પ્રાબલ્ય નથી, અને આ કારણે જ

મોક્ષના સર્વ સુખના અધિકારી થવા માટે આ ગુણને પ્રધાનતા આપી છે.

આ સ્થળે આટલું સ્મૃતિમાં રાખવું આવશ્યક છે કે પૂર્વે જે જે ગુણોના જેટલા અંશો પ્રગટ્યા હોય તે બીજા ગુણોની પ્રગટતાની સાથે સાથે વર્ધમાન થતા હોય છે, એટલે કે સર્વ ઉત્પન્ન ગુણોનો વિકાસ વૃદ્ધિગત થતો રહે છે.

પ્રભુપ્રેમની યાત્રામાં આગળ વધતાં ઉપર જણાવ્યા પ્રમાણેના આઠ ગુણના ઘણા અંશો બહાર પ્રગટરૂપ થયા પછી વિશેષ ઉપકારી અને ફળદાયી ગુણોનો ઉઘાડ શરૂ થાય છે. તેમાં પ્રથમ નિઃસ્વાર્થતા ને ધૈર્યતા આવે છે. સંસાર, દેહ અને ભોગ પ્રત્યેનો મોહ અત્યંત ઘટી જાય છે વા નહિવત્ થઈ જાય છે, વૈરાગ્ય અને ઉપશમ વધે છે; આત્મવિશુદ્ધિની ઝંખના જોર પકડે છે; નિઃસ્વાર્થભાવનો ઉદય આવે છે અને તેને લઈને ધીરજનો ગુણ આત્મકલ્યાણને અર્થે સાચાં રૂપે દેખા દે છે. સંસારનાં અકળાવતાં નિમિત્તોની હાજરી વખતે અથવા કસોટી પ્રસંગોની વેળાએ ધીરજ અવગાહવી સુગમ બને છે. તેના અભ્યાસથી સમતા એટલે સમભાવે રહેવાની શક્તિ આવે છે. સમતા એટલે ચિત્તપરિણામની સ્થિરતા અને એ સ્થિરતાની પ્રાપ્તિનું સુગમ અને સરળ કારણ છે પ્રભુપ્રેમ. જો અંદરમાં પ્રભુપ્રેમનું નિર્મળ જળ વહેતું હશે તો તેના ફળરૂપે પરિણામની સ્થિરતાનું બળ વધશે જ.

તે સમતા સાથે ઉદ્‌ભવ પામતો બીજો ગુણ છે ઉદારતા. ઉદારતા એટલે હૃદયની વિશાળતા. આ ઉદારતા બે પ્રકારે કાર્યશીલ થાય છે. એક, પોતાની પાસે જે હોય તે વિના સંકોચે બીજાના વ્યવહારિક તેમ પરમાર્થિક હિતને અર્થે આપવાની તત્પરતા અને બીજા પ્રકારમાં દોષ કરનાર પ્રત્યે ઉદારભાવ, માફીભાવ, દયાભાવ અને કલ્યાણનો ભાવ. વિચારતાં જરૂર જણાશે કે આવા ભાવોની પ્રાપ્તિ હોવી તેમ તેમાં રમણતા હોવી બહુ કઠણ છે. દિલમાં લેશ પણ ડંખ વગર અથવા ખેદના અંશ વગર ગમે તેવા સંજોગોમાં પણ ઉદારતાના ઉદાત્તભાવમાં રમવું તે કેટલું અઘરું છે તે તેના અભ્યાસી જ અનુભવથી જાણી શકે.

એ ગુણો આવ્યા પછી પ્રભુ પ્રત્યેનો સાચો અને પ્રબળ અર્પણતાભાવ આવીને શોભે છે. પૂર્વની અવસ્થાઓમાં અર્પણતા કોઈ ને કોઈ પ્રકારે અવશ્ય હોય છે, પરંતુ તેનો ઈષ્ટ વિકાસ થઈ તેનું સાચું યથાર્થ સ્વરૂપ અહીં ઝળહળતું જોવા મળે છે. અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓને આપનાર આવી સમર્થતાવાળી અર્પણતા વિના પ્રભુ સાથે એકરૂપતા થતી નથી, ભેદનો નાશ થતો નથી; અહીં પ્રેમ, પ્રેમી અને પ્રેમપાત્ર એક રૂપે થઈ જાય છે, આ અર્પણતામાં નિરાસક્તિ, નિઃસ્પૃહતા અને નિર્ભયતા સમાય છે; એટલે તે ગુણો અર્પણતામાં પ્રભાવથી બહાર આવી પ્રગટ થાય છે. જેટલું અર્પણતાનું પ્રભુત્વ દીપતું હોય, તેટલું આસક્તિ, સ્પૃહા અને ભયનું

લઘુત્વ થાય જ થાય. પ્રભુપ્રેમની મુસાફરીમાં આટલી હદે પહોંચી એટલે પ્રેમવિકાસની પ્રથમ કક્ષાની પૂર્ણતા થતાં આ ગુણો પ્રગટ્યા બાદ જે અંતરદશા છે તે પવિત્ર અને નિર્મળ જ છે; ત્યાં સંસાર છે છતાં નથી, ત્યાં ભોગ છે છતાં તે ભોગી નથી, ત્યાં ગતિ–આગતિનો વિકલ્પ નથી. તે આશ્ચર્યની પ્રતિમારૂપ પ્રતિભાશાળી દશા છે, અપૂર્વનું અપૂર્વ મિલન અને સંવેદન નિવેદનથી પર છે. પ્રેમની પૂર્ણતાની દશામાં આત્મામાં નિરહંતા અને નિર્મમતા પ્રકાશે છે; આત્મા પરમ પવિત્ર, નિર્મળ અને શુદ્ધ થાય છે. તે દશા એટલે પરમ પરમ શાંતિ, પરમ પરમ શાંતતા, પરમ પરમ શીતળતા, પરમ પરમ મૌનતા, કલ્પનામાં ન આવે એવી ત્યાં અકલ્પનીય સ્થિતિ છે, શબ્દોમાં યથાર્થપણે ન ઉતારી શકાય એવી ત્યાં વિસ્મય-કારક અવસ્થા છે. ટુંકામાં કહીએ તો ત્યાં માત્ર અનહદ સંપૂર્ણ શાંતિનું અવિભક્ત સામ્રાજ્ય છે, સ્વરાજ્ય છે.

આમ પ્રેમ ઉત્કૃષ્ટતાની ટોચે પહોંચતાં મૌન થાય છે, શાંત થાય છે, પ્રશાંત થાય છે. અહો, અઢી અક્ષરવાળા પ્રેમ શબ્દનું અલૌકિક સામર્થ્ય તો જુઓ! કેટલું અસીમ અને બળવાન છે! પ્રભુપ્રેમમાં લય લગાડતાં અને તેમાં જ લીન થતાં પોતે પ્રભુ થાય છે. તે પ્રભુને પ્રેમમૂર્તિ કહો, જ્ઞાનમૂર્તિ કહો, આનંદમૂર્તિ કહો, શાંતમૂર્તિ કહો, ચૈતન્યમૂર્તિ કહો કે પ્રકાશમૂર્તિ કહો; અથવા ગમે તે કહો, બધું એક જ છે, માત્ર જુદા જુદા ભાવે વર્ણન છે. પ્રભુના અનંત ગુણો હોઈ અનંત નામે તેને કહી શકાય છે.

[ ૨ ]

પ્રેમના વિકાસના અભ્યાસ માટે આ જગત એક મોટી શાળા છે. તે શાળામાં પ્રેમની માળા ગૂંથવી સુલભ થાય છે. પ્રેમના મણકા એકઠા કરી ગોઠવતા જવું સુગમ બને છે અને પછી આખીયે માળા તૈયાર થયે તેને પ્રભુ-સ્વરૂપ પુરુષની પવિત્ર ગ્રીવામાં અતિ પ્રેમપૂર્વક પહેરાવી દેવાથી "હું તું"નો કષ્ટદાયક ભેદ તૂટી જાય છે અર્થાત્ એકતાનું સર્જન થાય છે.

આ જગતને વિષે જેટલા જેટલા શુભ સંબંધો જોવામાં આવે છે, તે પરત્વે વિચાર કરતાં જણાશે કે તેની પાછળ અદૃષ્ટપણે કે અગમ્યપણે પ્રેમનો પ્રકાશ જ રહ્યો છે, કોઈ એક કોમળ અને ભીની લાગણી રહી છે; પછી તે પ્રકાશ ભલે અત્યંત આછો હોય કે લાગણીનું કદ પાતળું હોય. શુભ સંબંધની પાછળ જે ભાવ સંતાયો છે તેને શોધી કાઢતાં "તે મારા છે" એ ભાવનો ધ્વનિ નીકળશે. આ ભાવ એ જ પ્રેમનું લક્ષણ છે, પ્રેમ છે, તે સમજાઈ જશે.

પૂર્વ સંસ્કારોના ઉદયાનુસાર, વર્તમાન જીવનના ઘડતર અનુસાર તથા પ્રાપ્ત નિમિત્તોની અસર ઝીલવાની સ્થિતિ અનુસાર મનુષ્યની પ્રકૃતિ બદલાયા કરે છે, સ્થિર રહેતી નથી : એટલે કે દ્વેષ, ક્રોધ, મદ, મત્સર, માયા, ઈર્ષ્યા, ઘૃણા, અહંકાર, ભય, અવગણના, અસહિષ્ણુતા આદિ લાગણીઓ ઉત્પન્ન થાય છે અને તે પ્રેમના બળને

મંદ કરે છે, પ્રેમનો વિકાસ રૂંધે છે. પ્રેમને સાથ આપી ઉત્તેજિત કરનાર અને તેના વેગને ટેકો આપી આગળ વધારનાર દયા, કરુણા, સંતોષ, નમ્રતા, નિખાલસતા, સરળતા, સમતા, ક્ષમા આદિ ભાવો તે પ્રેમના મિત્રો છે. પ્રેમનું સામર્થ્ય નબળું પાડનાર, પ્રેમનું તેજ ઝાંખું કરનાર અને તેના વિકાસને અટકાવનાર ઉપર કહ્યા તે દ્વેષાદિ ભાવો પ્રેમના રિપુ છે. પ્રેમની યાત્રામાં સફળતાપૂર્વક આગળ ને આગળ ડગ ભરવા માટે પ્રથમ દુશ્મનોનો હિંમતભેર સામનો કરી, તેમની સામે વીરતાથી લડી તેમને નિઃસંશય હરાવવા સર્વ શક્તિનો ઉપયોગ કરવો ઘટે છે. તેમ કરવામાં સાથે સાથે પ્રેમના મિત્રોની અમૂલ્ય સહાય લેતા રહેવી જરૂરી છે. પછી તે મિત્રોની સાથે આનંદ વિનોદ કરી, તેમના તરફથી પ્રેરણા અને બળ મેળવી, તે સર્વને વાસ્તવિક જીવનમાં કામે લગાડી પ્રેમ-સફરને આગળ વધારી સંસિદ્ધિ પ્રત્યે લઈ જવી ઘટે છે. એટલું યાદ રાખવા જેવું છે કે શત્રુઓનું જોર ત્યાં સુધી છે જ્યાં સુધી મિત્રોનું ભાવવિભોર બળ નથી; અને મિત્રોનું ભાવવિભોર બળ ત્યાં સુધી નથી જ્યાં સુધી હૃદયમાં પ્રેમની મ્હોર ઊજળી નથી અથવા હાથમાં રહેલો પ્રેમનો દોર છૂટો મૂકી શકાતો નથી.

કોઈના અભિપ્રાયે આ જગતને વિષે એક માત્ર પ્રેમનું સામ્રાજ્ય વર્તી રહ્યું છે. તેમના કહેવા પ્રમાણે જે જે અન્ય લાગણીઓ છે, તે તે સર્વે પ્રેમનું જ સ્વરૂપ છે, તેથી ભિન્ન નથી; દ્વેષ, ક્રોધ, મદ, સ્વાર્થ, અસૂયા

ઈત્યાદિ વિપરીત દેખાતી લાગણીઓ પણ પ્રેમનું વિકૃત સ્વરૂપ હોઈ પ્રેમમાં સમાઈ જાય છે. આ પ્રમાણે કહેવાની પાછળ આશય કદાચ એમ હશે કે દ્વેષાદિ ઉત્પન્ન થવાનું કારણ તો અંતરમાં પોતા માટે રહેલો પોતાનો પ્રેમ ( મોહ ) છે અને એ પ્રેમના પોષણ સામે અંતરાય નાખનાર પ્રત્યે અન્ય વિરોધી લાગણીઓનો આશ્રય સ્વ પ્રત્યેના પ્રેમના રક્ષણ અર્થે લેવાય છે અથવા લેવો પડે છે, ત્યાં પણ તેથી પ્રેમનું જ આધિપત્ય છે. હવે આ વિચાર-શ્રેણિને અપક્ષપાત બુદ્ધિથી ને નિર્મળ મતિથી વિચારતાં તેમાં કોઈ તથ્ય જણાતું નથી. પ્રેમ એ એક એવું અલૌકિક તત્ત્વ છે કે તે કોઈનો વિરોધ કરતો નથી. પ્રેમ છે ત્યાં ભેદાભેદ નથી, પક્ષાપક્ષ નથી. પ્રેમ સત્નો ચાહક છે, મલિનભાવનો મારક છે. પ્રેમ શાંતિનો કારક છે, અશાંતિનો દાહક છે, પ્રેમ સુખનો પોષક છે, દુઃખનો સંહારક છે. આથી જે આશય અને હેતુ ઉપર જણાવ્યા તે મૂળમાં દૂષિત અને દોષરૂપ છે. એવી દોષિત લાગણીઓને પ્રેમ સ્વરૂપની વિકૃતિ તરીકે કહેવી કે ઓળખાવવી તે હાસ્યાસ્પદ માત્ર નહીં પણ દુઃખદાયક લાગે છે. પ્રેમ તો એક ત્રિકાળી પ્રકૃષ્ટ શુદ્ધ દિવ્ય તત્ત્વ છે, તે એક માત્ર અમૃતસ્વરૂપ છે, તે શુદ્ધ સ્વરૂપે શબ્દાતીત અને વર્ણનાતીત છે. તેને તે જ રીતે ઓળખવો અને બહાર લાવી પૂર્ણપણે પોતાનો બનાવવો એ જ માનવ-માત્રનું પરમ કર્ત્તવ્ય છે.

વળી ક્યારેક વ્યવહારમાં પ્રેમ લાગણી કરતાં ય

બળવાન ને સ્વાર્થયુક્ત આચરણવાળી માયાવી લાગણી જોર કરી જાય છે, ત્યારે જગત તેને સ્વાર્થી પ્રેમને નામે ઓળખાવે છે. પવિત્ર પ્રેમ શબ્દને "સ્વાર્થી" એવું વિશેષણ લગાડવું તે સત્યના અર્થીને ભૂષણરૂપ ન લાગતાં ઉલટું દૂષણરૂપ જણાય છે. પ્રેમ એટલે જ નિઃસ્વાર્થ, નિઃસ્પૃહ, નિર્દોષ અને નિર્મળ ભાવ. તે સ્વચ્છ હૃદયના ઊંડાણમાંથી નીકળતી, સરળ પ્રવાહથી વહેતી અને ઇષ્ટ પ્રેમપાત્રના અંતઃસ્થળ સુધી પહોંચી તેની સાથે મધુર મિલનથી એકરૂપ થતી કલ્યાણની મૂર્તિ સમી ઊર્મિ છે; અને તેમ હોય ત્યાં લૌકિક અર્થવાળા "સ્વાર્થી" ભાવનું અસ્તિત્વ કેમ હોઈ શકે ? માટે પ્રેમ એક છે, અદ્વિતીય છે, અમિશ્ર છે, અસંયોગી છે, અમર છે. પ્રેમ પ્રેમથી વધે છે, વિકસે છે. તે બેગણો, સોગણો, સહસ્ત્ર ગણો, લક્ષગણો, અસંખ્યાતગણો અને અનંતગણો થાય છે. આવું ચમત્કારિક છે પ્રેમનું અદ્ભુત સ્વરૂપ.

જગતમાં મનુષ્યો વચ્ચે સાંસારિક શુભ સંબંધો જેટલા નિકટ હોય છે, ત્યાં સામાન્યપણે પ્રેમના અંશો તેટલા વધુ હોય છે અને જ્યાં પ્રેમના અંશો વધુ હોય છે ત્યાં સંપ, સંતોષ અને સુખ પણ વધુ હોય છે. સંસારમાં પિતા-પુત્ર, મા-બાળક, ભાઈ-બહેન વગેરે સર્વ સગપણ સંબંધોમાં પતિ અને પત્ની વચ્ચેનો પ્રેમ સંબંધ દિર્ઘસ્થાયી, ગાઢ, પ્રધાન અને સર્વથી શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. આ વાત સહુને અનુભવથી પરિચિત હોઈ સહજ સમજાય તેવી છે.

"સમસ્ત સંસારને વિષે સ્ત્રી-પુરુષના સ્નેહને પ્રધાન ગણવામાં આવ્યો છે, તેમાં પણ પુરુષ પ્રત્યેનો સ્ત્રીનો પ્રેમ એ કોઈ પ્રકારે પણ તેથી વિશેષ પ્રધાન ગણવામાં આવ્યો છે, અને એમાં પણ, પતિવ્રતા એવી સ્ત્રીનો પતિ પ્રત્યેનો સ્નેહ તે પ્રધાનને વિષે પણ પ્રધાન એવો ગણવામાં આવ્યો છે. તે સ્નેહ એવો પ્રધાન પ્રધાન શા માટે ગણવામાં આવ્યો છે? ત્યારે જેણે સિદ્ધાંત બળવાનપણે દર્શાવવા તે દૃષ્ટાંતને ગ્રહણ કર્યું છે, એવો સિદ્ધાંતકાર કહે છે કે તે સ્નેહને એટલા માટે અમે પ્રધાનને વિષે પણ પ્રધાન ગણ્યો છે કે બીજાં બધાં ઘર સંબંધી (અને બીજાં પણ) કામ કરતાં છતાં તે પતિવ્રતા એવી મહિલાનું ચિત્ત પતિને વિષે જ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઇચ્છાપણે વર્તે છે એટલા માટે."[૨]

(શ્રીમદ્ રાજચંદ્ર, વચનામૃત ૩૯૪)

પતિવ્રતા સ્ત્રીને વિષે દીપતું પ્રેમનું આદર્શ અને ઉચ્ચ સ્વરૂપ કંઈ એકાએક કબજામાં આવી શકતું નથી. તેની પાછળ તેની અનેક ભવોની હેતુપૂર્ણ સાધના રહેલી છે. દરેક ભવે સંબંધમાં આવનાર પ્રિયતમ પતિ પ્રત્યેના પ્રેમના અંશો વધાર્યા કર્યા હોય છે; હૃદયને પ્રેમનીરથી નવરાવી વધુ પ્રેમાળ, કોમળ, નમ્ર અને કરુણાર્દ્ર કર્યું હોય છે, ચિત્તવૃત્તિને, પતિની વચનરૂપ આજ્ઞાને, પ્રેમપૂર્વક આધીન થઈ વર્તવાની ટેવ પાડી હોય છે અને સ્વેચ્છા કે અપેક્ષાનો ત્યાગ કરવાનો ક્રમિક સુખરૂપ અભ્યાસ કર્યો હોય છે. આ ઉપરથી એ સિદ્ધ થશે કે પ્રેમના

ઉચ્ચતમ આદર્શને આંબવા માટે સંસાર એક મહાન શાળા છે, વળી એ પણ જણાશે કે કોઈ એક ભવમાં કરેલો પ્રેમ નિષ્ફળ જતો નથી. પ્રેમને પ્રેમનું ઉચિત નિમિત્ત મળતાં પ્રેમનું અનુસંધાન સ્વયં થઈ જાય છે અને માત્રામાં જ્યાંથી અટકવું થયું હોય ત્યાંથી આગળ વધી વિકાસ થયા કરે છે. હા, એ ખરું છે કે પ્રેમનું બળ જ્યાં ન્યૂન હોય ત્યાં વિકાસ પણ ન્યૂન, કેમ કે ત્યાં અન્ય અનુપકારી પરિબળો કામ કરતાં હોઈ પ્રેમને દબાવે છે. તેમાંથી બોધ એ મળે છે કે સામે ઘૂરકતાં પરિબળોની સામે પડી પ્રેમનો જ વિશેષ વિશેષ આશ્રય કરવો.

આટલું તો અવશ્ય દેખાય છે અને તેથી અવિસંવાદપણે કહી શકાય કે આ જગતમાં સર્વ પ્રાણી પ્રેમનાં ભૂખ્યાં છે. પશુ, પક્ષી વગેરે પ્રાણીઓ પ્રેમને જ ઇચ્છે છે. પ્રેમના અલૌકિક અમૃતમય સ્વરૂપથી અપરિચિત એવું નાનું બાળક પણ વહાલને બરાબર ઓળખે છે અને વહાલ કરનાર પ્રત્યે આકર્ષાય છે; હેત-પ્રીત ન દેખાય ત્યાંથી પાછું વળે છે, અને ફરી નજર કરવા નાખુશ રહે છે. વળી એ પ્રસિદ્ધ વાત છે કે જેને સંજ્ઞા નથી એટલે મગજ ( Brain ) નથી અને એક માત્ર સ્પર્શેન્દ્રિય છે એવા વનસ્પતિના છોડને જો કોઈ મનુષ્ય પ્રેમ આપી સંભાળ લે, કાળજી કરે અને ઉછેરે તો તે જલદીથી ઉત્તમ રીતે ખીલે છે; તે છોડમાં હસતાં, રમતાં મનોહર ફૂલો

ઊગી નીકળે છે અને શીઘ્રતાએ વિકસે છે, જાણે કેમ પ્રેમ મળવાથી પોતાની પ્રસન્નતા દર્શાવતાં ન હોય! જે ઘરમાં પ્રેમની ઉષ્મા નથી, પ્રેમનું અજવાળું નથી અથવા પ્રેમની કોમળ અને સુંવાળી લાગણી નથી, તે ઘરમાં બાળી નાખે એવી શુષ્કતા છે, અંધારૂં છે અથવા વિખવાદ, ઝગડા ટંટાની અવારનવાર થતી રમઝટ છે. આથી સમજાય તેવું છે કે પ્રેમ એ એક અદ્વિતીય વશીકરણ છે; તે સર્વ વિરોધી તત્ત્વોને વહેલે અથવા મોડે ઉપશાંત કરે છે, આધીન કરે છે. અરે, એટલું જ નહીં પણ કેવળ નિર્વિકાર પરબ્રહ્મ જેવા પરમ આત્મા પ્રેમને વશ થઈ પ્રેમની દોરીથી બંધાય છે. દ્વેષથી કે વેરથી કોઈને જીતી શકાતું નથી, જીતવા માટે એક પ્રેમ જ અમોઘ શસ્ત્ર છે.

આથી જ મુખ્યતાએ પ્રત્યેક માનવી પ્રેમને પામવા માટે ને પ્રેમના સુખરૂપ આલિંગનના અનુભવ માટે હરઘડી ઝૂર્યા કરતો હોય છે. તેના અંતરમાં પ્રેમનું અદ્‌ભુત માહાત્મ્ય ન્યૂનાધિક અંશે સમજાયું હોય છે. સુખ, સંતોષ અને શાંતિ માટે તેની ઉપયોગીતા તેના લક્ષમાં આવી હોય છે. પ્રેમની વૃદ્ધિ થાય તે અર્થે તેનો પ્રયત્ન પણ તેને સૂઝે તેમ શક્તિ અનુસાર તે કરતો રહે છે. વિપરીત સંજોગોને લીધે ઉદ્‌ભવ પામતી અનેક મુશ્કેલીઓ અને મુસિબતોનાં આક્રમણની સામે પડવા અર્થાત્ અન્ય દ્વેષિત લાગણીઓને દબાવવા તે તત્પર

થાય છે, પરંતુ આખરે પ્રેમનું બળ નિર્બળ હોઈ સન્મુખ દેખાતી આપત્તિ કે વિપત્તિની લાલ ઝંડીથી તે ગભરાય છે, ભયભીત થાય છે અને નાહિંમત થઈ હારી જાય છે; હૃદય ભાંગી જાય છે, હૃદયમાં અદમ્ય દેખાતો તલસાટ થોડી ક્ષણો સુધી પણ ટકી શકતો નથી, કેમ કે એક તો પ્રેમનું બળ ઓછું છે અને પ્રેમના સહિષ્ણુતા સમતા આદિ સન્મિત્રોનો ઉપકારી સાથ લેવામાં આવતો નથી. સન્માર્ગ પ્રતિ દોરનાર તે મિત્રોની સહાયતા લેવામાં આવે તો પ્રેમની શક્તિ વધે, દોષિત ભાવોનું બળ તૂટે અને સફળતા પ્રત્યે આગળ વધી શકાય. તે છતાં એટલું ચોક્કસ છે કે અંતરમાં અદમ્ય જણાતો તલસાટ જેટલો છે અથવા હૃદયમાં પ્રેમનું તડપવું જેટલું છે, તે હારી જવા છતાં કેવળ નિષ્ફળ નથી. તેનું મૂલ્ય અવશ્ય છે કેમ કે આગળ ઉપર ભવિષ્યકાળે તેનું અનુસંધાન થવાનું જ અને અટકવું થયું હોય ત્યાંથી આગળના વિકાસનો આરંભ થવાનો જ.

લોકભાષામાં કહેવાય છે અને તે પૂર્ણાંશે સત્ય છે કે પ્રેમનો પંથ છે ફનાગીરીનો, એટલે પ્રેમપાત્ર પ્રત્યે પોતાનું મનાતું સર્વસ્વ અર્પણ કરવાનો, પ્રેમની પવિત્ર વેદી પર સર્વસ્વ હોમી દેવાનો, તન, મન અને ધનને કુરબાન કરવાનો. પ્રેમનો પંથ છે પૂર્વોપાર્જિત કર્મોના ઉદયે ઉત્પન્ન થયેલાં સંકટો અને દુઃખોને પ્રેમના પ્રબળ આશ્રય વડે ધીરજથી વેદી લઈ નિઃસત્ત્વ કરવાનો. વ્યવ-

હારમાં એ પ્રકારે ફના થનાર પ્રેમપીયૂષમાં ચકચૂર એવા લયલા-મજનુ, શીરીં-ફરહાદ આદિ મનુષ્યો ઇતિહાસ પ્રસિદ્ધ છે. અધ્યાત્મ ભાષામાં કહેવાય છે કે પ્રેમનો પંથ છે નિર્ગ્રંથ થવાનો, પર વસ્તુના મોહની ગ્રંથિને સર્વાંગે છેદવાનો. પ્રેમને માર્ગે જતાં જે સમસ્તની આહૂતિ આપી શકે છે અથવા દેહનું મમત્વ છેદીને મરે છે, તે જ સાચું જીવે છે. પ્રેમની દુનિયા જ એવી છે કે જેમાં નિઃસ્પૃહ અને નીરાગી પ્રેમપાત્રનો પ્રબળ અને નિર્મળ પ્રેમી જીવન અને મરણ સંબંધનો વિકલ્પ ભૂલી જાય છે, તેના અંતરમાં તે બે અવસ્થાઓ વચ્ચેનો ભેદ અદૃશ્ય થાય છે અને ત્યાં માત્ર એક શાશ્વત પ્રેમનું જ શાશ્વત જીવન છે. પ્રભુપ્રેમ હોય ત્યાં જીવનમાં હર્ષ છે અને મરણમાંય હર્ષ છે. મરણ વેળાએ અથવા કહો કે તેના સુઅવસરે પ્રભુપ્રેમીને પ્રેમામૃતમાં તરબોળ સ્થિતિ હોવાને કારણે પ્રભુ સન્મુખ આવી દર્શનનો અપૂર્વ લાભ આપે છે અને તેથી પ્રભુપ્રેમીને અચિંત્ય પ્રકારનો હર્ષ થાય છે. તેનો અંતરાનંદ અસીમ હોય છે. જ્યાં પ્રભુપ્રેમ નથી, પ્રેમનો સાચો ધબકાર નથી, ત્યાં તેઓ જીવતાં છતાં મૂઆ જેવા છે; કેમ કે તેઓ જીવનના પ્રાણસમા પ્રભુપ્રેમથી વંચિત હોઈ મરણના ભયથી નિરંતર ધ્રુજતા હોય છે, એટલું જ નહીં પરંતુ પ્રભુપ્રેમમાં આવવા માટેની જાગૃતિ અર્થે જીવનમાં આવતી કસોટીઓ તેમને હતાશ અને મૃતપ્રાય જેવી દુઃખદાયક સ્થિતિમાં મૂકી દે છે. જો તે વેળાએ તેમનો જીવ બોધ પામી પ્રભુપ્રેમ માટે જાગ્રત થાય, તે

જ એક સત્ય આધારરૂપ છે એ લક્ષ થાય તો તે શુભ ક્ષણ પણ ધન્ય છે, કેમ કે કણ કણના સંચયથી જેમ મણ થાય છે તેમ પ્રેમના અંશઅંશ મળવાથી તે પૂર્ણ થાય છે.

પ્રભુનો પ્રેમી, પ્રભુનો ભક્ત અને પ્રભુનાં પાવનકારી ચરણોમાં તલ્લીન થયેલો પ્રેમી પુરુષ સંત મહાત્મા મીરાંબાઈની જેમ વેરથી મોકલેલ ઝેરનો કટોરો પણ લહેરથી અને નિર્ભયપણે ગટગટાવી જાય છે, અને આશ્ચર્યકારક વાર્તા તો એ છે કે વિષ અમૃત બની જાય છે. જોવા જેવું છે કે સંત મીરાંબાઈનો પ્રભુપ્રેમ, પ્રભુશ્રદ્ધા અને પ્રભુ પ્રત્યેની અર્પણતા કેવી અદ્ભુત અને ઉત્કૃષ્ટ હશે! તેત્રી ભક્તિ વિના આવી શક્તિ આવે ક્યાંથી? વળી પ્રભુપ્રેમનું માહાત્મ્ય પણ કેવું વિસ્મયજનક કે વિપત્તિ વેળાએ પ્રભુને પોતાના પ્રેમીનું રક્ષણ કરવા આવવું પડે છે. પ્રભુ પ્રેમીનાં દુઃખ હરી લે છે એનું આ અતિ ઉજ્જવળ અને જ્વલંત દૃષ્ટાંત છે. પ્રભુપ્રતિ પ્રેમ જેટલો ઊંચો, પ્રભુશ્રદ્ધા જેટલી બળવાન અને પ્રભુ અર્પણતાના ભાવ જેટલા ઉન્નત તેટલા પ્રમાણમાં પ્રભુની ગુપ્ત સહાય મળે એ નિયમ છે. બીજી રીતે જોઈએ તો ભગવાનનો પ્રેમી તિરસ્કાર, ધુત્કાર, નિંદા, નિર્દયતા, અવહેલના, અથવા અપમાનરૂપ ઝેરનો પ્યાલો પીતાં આંચકો અનુભવતો નથી, ખેદને આધીન થતો નથી તેમ પ્રતિકાર કરવાનો વિકલ્પ સુદ્ધાં કરતો નથી. તે અપમાન

કરતાં માનથી વધારે ડરે છે અને સાવધ રહે છે; કેમ કે તેને સતત ભય રહે છે કે રખેને તેનો પ્રેમમાર્ગનો પ્રવાસ અટકી જાય અને માયાની છાયામાં તણાઈ જઈ આખરે રાગની આગમાં ભસ્મ થઈ જવાય. ધન સંપત્તિના મોહને જીતવા કરતાં પ્રતિષ્ઠા – કીર્તિમોહને જીતવો અત્યંત અઘરો ને કઠણ છે. જ્ઞાન વૈરાગ્યની વિશેષ નિર્મળ દશા જેની ન થઈ હોય એવા જ્ઞાનીને પણ આ કીર્તિમોહ પોતાના પંજામાં પકડી રાખી સતાવે છે. તેથી પ્રભુનો પરમ પ્રેમી સતત જાગૃત રહી તેના પાશમાં સપડાતો નથી. સર્વ અનર્થકારક વિષય પરિબળોને હરાવવા તેની પાસે પ્રભુપ્રેમરૂપી સુદર્શન ચક્ર હોય છે. તેથી તો તે પોતાના પ્રભુપ્રેમના અત્યુત્તમ ભાવમાં મસ્ત રહે છે, પ્રેમના હિંડોળે હીંચકે છે, પ્રેમનાં જ ગીત ગાય છે, અને પ્રેમસમાધિમાં રહેવાનો પુરુષાર્થી થાય છે. આવી છે પ્રેમની મસ્તી, પ્રેમની અગાધતા અને પ્રેમનો તેજસ્વરૂપી પ્રભાવ. પ્રભુપ્રેમમાં ખોવાઈ જવું, પ્રભુ સાથે એકરૂપ થવું એ જ છે પ્રેમનું સર્વોત્તમ ફળ.

( ૩ )

સંસારના પરિભ્રમણ દરમ્યાન જીવો અનેકાનેક ભવ કરે છે જેમાં તેઓ બીજા જીવો સાથે પરસ્પર સંબંધમાં આવે છે અને રાગ વા દ્વેષરૂપ શુભાશુભ ભાવોમાં પરિણમીને વિધવિધ પ્રકારનાં કર્મોથી બંધાય છે. કર્મોનું ફળ ભોગવવા નવા નવા ભવોમાં તેઓ પરસ્પર ફરી ફરી

સંબંધમાં આવી જોડાતા રહે છે; ત્યાં રાગનું ફળ મીઠું ને દ્વેષનું ફળ કડવું છે, રાગ અને દ્વેષ બન્ને પરિવર્તન પામવાના સ્વભાવવાળા છે, એટલે તેમાં ન્યૂનાધિકતા થયા કરે છે એટલું જ નહીં પણ પ્રકૃતિ બદલાયા કરે છે અર્થાત્ રાગ દ્વેષમાં અને દ્વેષ રાગમાં પલટાય છે. આ તો સહુ કોઈના અનુભવની વાત છે કે કોઈ એક જીવના રાગ દ્વેષ બીજા જીવો પરત્વે અનુકૂળ પ્રતિકૂળ નિમિત્તો વશાત્ અવારનવાર બદલાતાં હોય છે ને તે જ પ્રમાણે અન્ય જીવોના રાગ દ્વેષના પરિવર્તન સંબંધે સમજવું. આ પ્રકારે રાગદ્વેષની પરિણતિ નિરંતર બનતી રહેતી હોવાને લીધે કર્મબંધની શૃંખલા પણ ચાલુ જ રહે છે, આથી કર્મોનું ઋણ ચૂકવવાને અર્થે કોઈ એક જીવ તેના અન્ય ભવોમાં ઋણથી બંધાયેલા અન્ય જીવો સાથે સગપણ આદિ સંબંધમાં આવ્યા કરે છે અને સંસાર–ભ્રમણ ચાલુ રહ્યા કરે છે, એટલે તેમાંથી છૂટકારો નથી. રાગ છે ત્યાં સુધી કોઈને કોઈ પ્રકારે પ્રગટ કે અપ્રગટપણે દ્વેષ છે અને રાગ છે ત્યાં સુધી સંસાર પણ છે. સંસારથી છૂટવાનું મુખ્ય કારણ છે પ્રેમ.

આગળ વધતાં પહેલાં પ્રેમ અને રાગ વચ્ચે જે તફાવત છે તે અવલોકી જવું ઉચિત જણાશે. પ્રેમ એ પરમ મિત્રરૂપ છે; રાગ ગુપ્ત શત્રુ સમાન છે, પ્રેમ અનાસક્તિનો દ્યોતક છે; રાગ આસક્તિનો પોષક છે. પ્રેમ નિઃસ્વાર્થ અને નિઃસ્પૃહ છે; રાગ સ્વાર્થી અને સ્પૃહાવાળો

છે, પ્રેમ કર્મબંધનને તોડે છે; રાગ કર્મબંધને આકર્ષે છે. પ્રેમ ભવકટ્ટિ કરવામાં કુશળ છે; રાગ ભવવૃદ્ધિ કરવામાં સફળ છે. પ્રેમ ચારિત્રનું ઘડતર કરે છે; રાગ ચારિત્રને નડતર કરે છે. પ્રેમ પરનો ભોગ આપવા નિરંતર તત્પર છે; રાગ પરનો ઉપભોગ કરવા સતત અનુરક્ત રહે છે. પ્રેમ અમૃતસ્વરૂપ છે; રાગ વિષ સ્વરૂપ છે. પ્રેમ સ્થિર સ્વભાવી છે; રાગ અસ્થિર સ્વભાવી છે. આથી સ્પષ્ટ સમજાય તેવું છે કે સંસારથી મુક્તિનું કારણ છે એક માત્ર પ્રેમ.

કોઈ એક ભવમાં કોઈ એકને સાચા પ્રેમની એક ચિનગારી જો પ્રગટી તો પછી તે ઉત્તરોત્તર બળવતી થતી જાય છે અને તે થકી જેના પ્રત્યે પ્રેમનું ઉદ્ભવવું થયું છે, તેને અનુકૂળ થઈને સહજપણે વર્તવાના અભ્યાસનો મંગલ પ્રારંભ થાય છે. પોતાના પ્રેમનું પ્રિય પાત્ર પણ પોતા પ્રત્યે વિશેષ પ્રેમથી આકર્ષાય છે, ભીની કોમળ લાગણીથી ખેંચાય છે અને બન્ને વિચાર – આચારના પ્રત્યેક ક્ષેત્રે એક રસરૂપ થવા પ્રેરાય છે. બીજા, ત્રીજા કે ત્યારપછીના કોઈ ભવ કે ભવોમાં પૂર્વના બંધાયેલા શુભ ઋણાનુબંધના ઉદયે તેમના બન્નેનો સંયોગ થતાં કે સગપણ સંબંધથી જોડાતાં પૂર્વના પ્રેમની લાગણી વિકસે છે, ખીલે છે અને ફળરૂપ થાય છે. એ પ્રમાણે પ્રેમની વિકાસ સાધનામાં અગાઉ પતિવ્રતા સ્ત્રીના સંબંધમાં જે આદર્શ સ્વચ્છ પ્રેમનો પ્રકાર દર્શિત કર્યો છે

એવી દશાની ઉપલબ્ધિ થાય છે અને તે આખરે પરમાર્થથી પણ ઉચ્ચતમ સ્થિતિની પ્રાપ્તિ કરાવે છે.

આટલા લેખ પરથી એ વાત દૃષ્ટિમાં આવી હશે કે સંસારી મનુષ્યને પ્રેમની યાત્રામાં આગળ વધવા માટે અન્ય સદ્દેહે જીવંત એવી વ્યક્તિની ખાસ ખાસ જરૂર છે. જે વસ્તુ નજર સમક્ષ ન હોય, અથવા નજરે જોયેલી ન હોય, તે વસ્તુ પ્રત્યે પ્રેમ થવો અત્યંત કઠણ છે : જે વસ્તુ અમૂર્ત કે અરૂપી છે, દેખાતી નથી તો ત્યાં પ્રેમનો ભાવ થવો કેમ શક્ય થાય ? અનાદિથી જીવનો અભ્યાસ પ્રત્યક્ષપણે વર્તતા પદાર્થોમાં રાગ વા સ્નેહ કરવાનો છે એ ન્યાયયુક્ત વાત સમજવી સાવ સહેલી છે. તે જ ન્યાયથી પ્રેમ કરવા માટે પ્રત્યક્ષપણે વિદ્યમાન એવી વ્યક્તિની આવશ્યકતા છે. ( અંતર્દૃષ્ટિ ખૂલ્યા પહેલાં અમૂર્ત કે અરૂપી પદાર્થ પ્રત્યે સાચો પ્રેમ આવી શકતો નથી ); અને તે વ્યક્તિ પોતાના પૂર્વના ઋણાનુબંધના સંબંધવાળી હોય છે. તે વ્યક્તિના અસ્તિત્વ વિના, તેના વિદ્યમાનપણા વિના, તેના પ્રત્યક્ષપણા વિના, તેના સમાગમ વિના પ્રેમની લય આવી શકતી નથી અથવા આવવી અત્યંત કઠણ છે. પરમાર્થ સાધના માટે પણ આ જ નિયમ અબાધિતપણે રહ્યો છે.

જે પરમાર્થપ્રેમી સત્ જિજ્ઞાસુ છે અને જેના અંતરમાં પવિત્ર આત્મદર્શનની અભિલાષા વર્તે છે, તે ભલે તેની સાધનાની પ્રાથમિક ભૂમિકામાં શ્રી સિદ્ધ પર-

આત્માની સ્નેહપૂર્વક ભક્તિ કરે ને સત્પ્રાપ્તિ માટેની યોગ્યતા સંપાદન કરે; પરંતુ પછી તો આગળના ઈષ્ટ પરમાર્થમાર્ગમાં શુભ પ્રવેશ થવા માટે કોઈ સાક્ષાત્ વિદ્યમાન આત્મત્વપ્રાપ્ત પુરુષને ચરણે અને શરણે જવાની અવશ્ય આવશ્યકતા છે; એ વાત સત્ જિજ્ઞાસુના સરળ નેમ કોમળ હૃદયમાં પ્રદીપ્તતાએ રહી હોય છે. તેવા પુરુષના યોગની પ્રાપ્તિ માટે તેનું દિલ તડપતું હોય છે અને મેળાપ થવામાં જેટલો વિલંબ થાય છે, તેટલી તેની આતુરતા વધે છે. ક્યારેક તે આતુરતા કોઈક જીવના સંબંધમાં ખેદમાં પરિણમતી જોવામાં આવે છે. તેમ છતાં આખરે પરમાર્થ પુણ્યના સુભાગ્યવંત ઉદયે તે સરળ સ્વભાવી જિજ્ઞાસુને પોતાના પૂર્વના શુભ ઋણાનુબંધથી બંધાયેલા જ્ઞાની ભગવંતનો અપૂર્વ સમાગમ-યોગ એક અથવા બીજા નિમિત્તથી સહજ મળી આવે છે. ઋણ ચૂકવવાનો ઉદય મંદ હોય તો તેની ધીમી અસર જોવા મળે છે અને જો ઋણાનુબંધનો શુભ ઉદય તીવ્રપણે વર્તતો હોય તો તેવા કાળે તેના પરિણામે સત્ જિજ્ઞાસુના હૃદયમાં તે પવિત્ર જ્ઞાની પુરુષનાં પવિત્ર દર્શનથી પ્રેમની લાગણી ઉપસી આવે છે અને વારંવારના તેમની પ્રકાશમય મુખમુદ્રાનાં દર્શનથી તેનો પ્રેમ વિકાસના પંથે આગળ ધપતો જાય છે. જ્ઞાની પુરુષના પ્રત્યેક સુખરૂપ મિલનના પ્રસંગે સત્ જિજ્ઞાસુની દૃષ્ટિ તેમની મુખાકૃતિના નિરીક્ષણમાં વધારેને વધારે સ્થિર થતી જાય છે અને તેને લઈને તેને અવનવા અનુભવો પણ થાય છે. વળી

તેમનાં પરમોપકારી અનુપમ અમૃતવચનોના શ્રવણથી તેનામાં અચળ શ્રદ્ધાનું તેજ પથરાવા ઉપરાંત પ્રેમઝરણનું નિર્મળ વહેણુ અધિક વેગથી વહેવા લાગે છે. એ પવિત્ર નિર્મળ પ્રેમ અને એ અવિચળ શ્રદ્ધા, તે બેની સુંદર જોડી કયું કાર્ય સાધી ન શકે? એ બે શક્તિના અદ્વિતીય સામર્થ્યથી સર્વ સિદ્ધિ હસ્તગત થાય છે.

ઉપર કહ્યો તે સિદ્ધાંતના સમર્થન માટે પરમ આત્મજ્ઞ, પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના અપૂર્વ વચનો અહીં ઉતારીએ છીએ.

"ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષના ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી; અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે અને સેવશે. જ્ઞાન પ્રાપ્તિ તેથી અમને થઈ હતી...સર્વ શાસ્ત્રનો બોધલક્ષ જોવા જતાં એ જ છે અને જે કોઈ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો." (પત્રાંક ૧૯૪)

સદેહે વિદ્યમાન અને પ્રત્યક્ષ એવા જ્ઞાનીપુરુષ દર્શાવવા માટે અહીં વર્તમાનકાળનો પ્રયોગ કરી "વિચરે છે" શબ્દો જણાવ્યા તે સૂચક છે. જેમનાં મન, વચન

અને કાયાની પ્રવૃત્તિ પૂર્વે બાંધેલા કર્માનુસાર તેનાથી માત્ર છૂટવા માટે થતી હોય છે અને તે ઉદયગત ભાવાદિ સંબંધે પોતાનું સ્વામીત્વપણું ન હોવાને લીધે જેઓ અબંધભાવે રહે છે, એવા જ્ઞાનીપુરુષનાં ચરણકમળ પ્રત્યે અવિચળ પ્રેમ સમ્યક્ પ્રતીતિ લાવવાથી સત્જિજ્ઞાસુ પોતાના સહજાનંદી સત્સ્વરૂપની પ્રાપ્તિ કરે છે અને જ્ઞાની પુરુષની જે પરમ આશ્ચર્યકારક આત્મદશા છે, તે દશાને તે પામે છે એમ નિઃશંકતાથી અત્રે જણાવી ઉપકાર કર્યો છે. અહીં ઉત્કૃષ્ટ અને સફળ સાધન માત્ર બે જણાવ્યાં છે. એક, સત્સ્વરૂપ પ્રાપ્ત જ્ઞાની પુરુષમાં અચળ, અડગ અને હૃદયપૂર્વકનો નિર્મળ પ્રેમ અને બીજું સાધન તે, તે જ સમર્થ પુરુષમાં સમ્યક્ શ્રદ્ધા તથા સમ્યક્ પ્રતીતિ. સમ્યક્ પ્રતીતિ એટલે સાચી શ્રદ્ધાનું આત્મામાં થયેલું પરિણમન, તે કેવું હોય ? તો કહેવાય કે આ "સાચા પુરુષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે, તેમ જ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિ" દૃઢપણે અંતરમાં વર્તતી હોય તે દશા. આ સમ્યક્ પ્રતીતિના ફળરૂપ આત્મકલ્યાણની રુચિ અને તે પુરુષ પ્રત્યે આશ્રયભક્તિ પ્રગટ થાય છે.

"જેનાં વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવન મૂર્તિનો પૂર્વકાળમાં જીવનો જોગ ઘણીવાર થઈ ગયો છે; પણ તેનું ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું પણ હશે, તથાપિ

જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિયોગાદિ, રિદ્ધિયોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ મલિન હતી; દૃષ્ટિ જો મલિન હોય તો તેવી સત્‌મૂર્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે, જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે, ત્યારે જીવને કોઈ અપૂર્વ સ્નેહ આવે છે, તે એવો કે તે મૂર્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે અર્થાત્ તેના વિયોગે તે ઉદાસીનભાવે તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે." (વચનામૃત ૨૧૨)

પ્રત્યક્ષ વિદ્યમાન જ્ઞાની પુરુષના સમાગમયોગથી જ પરમાર્થમાર્ગની પ્રાપ્તિ થાય છે તે સિદ્ધાંત દર્શાવતાં તે સંબંધે કોઈ આશંકા કે શંકા ન રહે તે અર્થે પરમ-કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રત્યેક વખતે ભિન્ન ભિન્ન શબ્દરચના કરી છે. ઉપરનાં વચનોમાં "સજીવન મૂર્તિ" શબ્દો કહીને તે જ ભાવ બતાવ્યો છે. પ્રત્યક્ષ તે પ્રતિ અને અક્ષ એ બે શબ્દોનો સમાસ છે અને તેનો અર્થ થાય છે આંખની સામે, ચક્ષુ સમક્ષ ને તેવો અર્થ જોતાં કોઈ શંકાને સ્થાન ન રહે. જે આંખ સામે નહિ તે પ્રત્યક્ષ પણ નહિ. અહીં સજીવન મૂર્તિ શબ્દોથી દેહધારી, જીવન સહિતની મૂર્તિ, સત્‌મૂર્તિ સૂચવાય છે. તેવી મૂર્તિનું ઓળખાણ ઘણીવાર જોગ થવા છતાં થયું નહીં તેનાં કારણો બતાવ્યાં અને તેને દૂર કરવા મૌનતાથી ઉપદેશ કર્યો. પરંતુ તેવા સત્‌મૂર્તિ જ્ઞાની પુરુષનું તેમનાં

લક્ષણ અને ગુણોથી ઓળખાણ થાય છે ત્યારે જીવને તેમના પ્રત્યે કોઇ અપૂર્વ સ્નેહ આવે છે, હૃદય પ્રેમના ઉમળકાથી ઉભરાય છે અને તેમના વિયોગમાં ઘડી એક આયુષ્ય ભોગવવું તે કઠણ લાગે છે, એમ કહી પ્રેમના પ્રભાવનું અદ્‌ભુત માહાત્મ્ય સંગીત કર્યું છે.

"પરમાત્માને નિરંજન અને નિર્દેહરૂપે ચિંતવ્યે જીવને (પ્રેમ ભક્તિની) એ લય આવવી વિકટ છે, એટલા માટે જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાની પુરુષનાં સર્વ ચરિત્રમાં ઐકયભાવનો લક્ષ થવાથી તેના હૃદયમાં વિરાજમાન પરમાત્માનો ઐકયભાવ હોય છે અને એ જ પરાભક્તિ છે....જ્ઞાની પુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી....જ્ઞાની તો પરમાત્મા જ છે....માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ – જ્ઞાની પુરુષ પરમાત્માની – ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે."

(વચનામૃત ૨૨૨)

ઉપરનાં ટંકોત્કીર્ણ અમૃતવચનોમાં પણ જે સિદ્ધાંત સંબંધની વિચારણા ચાલી રહી છે, તેનું જ સમર્થન છે. એ તો અનુભવગમ્ય વાત છે કે સાંભળેલા અને નજરે જોયેલા પ્રસંગોની આપણા ઉપર ઉત્પન્ન થતી અસરો વચ્ચે ધરતી અને આભ જેટલું અંતર છે. નજરે

જોયેલું હોય તેની અસર ઊંડી અને ઘેરી હોય છે અને તેની વિસ્મૃતિ જલદીથી થઈ શકતી નથી. સાંભળેલું હોય તેનું બળ ઓછું અને આછું હોય છે ને તે કારણે તે સ્મૃતિમાંથી શીઘ્ર ભૂંસાઈ જાય છે, જેમકે કોઈ ભયાનક અકસ્માતમાં મનુષ્યોનો વિચિત્ર પ્રકારે કચ્ચરઘાણ નીકળી ગયાની ઘટના સાંભળી હોય અથવા વાંચી હોય અને તેની જે અસર મન ઉપર અંકિત થાય તે કરતાં અનેક-ગણી બળવતી અસર તે જ કરુણ ઘટના નજરોનજર નિહાળવાથી થાય છે. કોઈ માણસને ગુન્હા બદલ ફાંસીની સજા કરવામાં આવી હોય ને તેના નિશ્ચિત કરેલા સમયે તેને ફાંસી દીધાની વાત સાંભળીએ અથવા વાંચીએ તો તેનો પ્રત્યાઘાત ફાંસી દીધાનો પ્રસંગ નજરે જોયો હોય તેના કરતાં ઘણો નબળો હોય છે. કોઈ જ્ઞાની પુરુષના ચરિત્રમાં વર્ણિત કરેલ ઊર્ધ્વ આત્મદશાસૂચક વચનો અથવા આશ્ચર્ય ઉપજાવે એવા પ્રસંગો વાંચતાં કે સાંભળતાં જે પ્રેમભાવ કે બહુમાનભાવ આવે તેના કરતાં તે મોટા પુરુષના પ્રત્યક્ષ સમાગમયોગે તે જ ઘટનાઓની જાણકારીની અસર ઘણી ગાઢ હોય છે; પ્રેમભાવ તથા અહોભાવનું પ્રાબલ્ય અધિકતર બળવાન હોય છે અને પ્રત્યેક ઉપકારી સમાગમ વખતે એ ઉત્તમ ભાવોનું વર્ધમાનપણું થતું જ રહે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ સંબંધે અસરની જે ભિન્નતા છે તે ઉપરનાં વચનોથી જણાવ્યું.

તે જ સિદ્ધાંત પ્રતિપાદિત કરતાં પરમકૃપાળુ શ્રીમદ્

રાજચંદ્રજી ઉપરનાં વચનો પ્રકાશે છે, ત્યાં કહે છે કે જે નિરંજન અને નિર્દેહરૂપે સિદ્ધ પરમાત્મા થયા છે, તેવા પરોક્ષ સિદ્ધ ભગવંતના ચિંતનથી જીવને પ્રેમની લય આવવી વિકટ છે અથવા આવી શકતી નથી. તેથી જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે એટલે જેનો અમૃત-સ્વરૂપ આત્મા શુદ્ધ પરમાત્મારૂપ થયો છે એવો દેહધારી, સદેહે વિદ્યમાન, સજીવન મૂર્તિ પરમાત્મા તે પરાભક્તિનું, પ્રેમની એકધારી લયનું, એકતારરૂપ સ્નેહનું પરમ કારણ છે. પ્રેમના સ્વરૂપને શુદ્ધ કરતાં કરતાં તેને પૂર્ણતાની ટોચ પર પહોંચાડવામાં પરમાત્મારૂપ જ્ઞાની પુરુષ ઉત્તમ નિમિત્ત છે. તે જ્ઞાની પુરુષના વિચાર, વાણી અને વર્તનમાં સહજ ઐક્યતા હોય છે, અભિન્નપણું હોય છે, અર્થાત્ વિચારને અનુસરતી વાણી અને વાણીને અનુસરતું વચન હોય છે, તેવી સ્થિતિ તેમના અંતર ચારિત્રનો લક્ષ કરાવે છે, ત્યાં તેમના હૃદયમાં વિરાજમાન આત્મા પરમાત્મારૂપ થયા અર્થાત્ આત્મા પરમાત્માનો ઐક્ય ભાવ થયો છે, બન્નેની એકતારૂપ સ્થિતિ થઈ છે અને એ જ પરાભક્તિ છે, આથી જ્ઞાની પુરુષ એ પરમાત્મા જ છે અને એવી દેહધારી દિવ્યમૂર્તિ ભક્તિ કરવા યોગ્ય છે. તેમનામાં જ પરમ પ્રેમ લાવી પ્રેમની સાધનામાં પૂર્ણતા લાવવાની છે.

આમ અહીં પ્રેમ બિંદુઓની ઉત્તરોત્તર વર્ધમાનતા થવા માટે સંક્ષેપે નિર્દેશ કર્યો છે અને પરાભક્તિની લય લગાડી અખંડ પ્રેમ લાવી ઐક્યતા સાધવાનો ઉપદેશ આપ્યો છે.

આ જગતને વિષે પ્રેમ જેવું અમૃતસ્વરૂપ, અલૌકિક, ઉત્તમ અને સર્વોત્કૃષ્ટ સિદ્ધિને આપનાર તથા અખંડ અવ્યાબાધ સુખશાંતિને દેનાર બીજું કોઈ તત્ત્વ અમે દીઠું નથી એમ જ્ઞાની ભગવંતો અનુભવથી પોકારીને કહે છે તે પરમ સત્ય છે. એ એક જ તત્ત્વની અચિંત્ય શક્તિ તેમણે દીઠી છે અને તેમ જ કહી બતાવ્યું છે. એ પ્રેમના સ્વરૂપનું માહાત્મ્ય અદ્દભુત હોવા છતાં એ પ્રેમ એકાએક બળજબરીથી અથવા બીજાના ભારપૂર્વક કહેવાથી પ્રગટ થઈ શકતો નથી. પ્રેમ એ આત્માની પ્રસાદી છે અને એ પ્રસાદીનો રસાસ્વાદ પૂર્વમાં યથાયોગ્ય નિમિત્ત મળતાં થયો હોય તો તે વિકાસના પંથે આગળ વધી શકે છે એટલે પૂર્વના પ્રકટેલા અંશો પછીના ક્રમશઃ કરેલ અરાધનાના શુભ પરિણામે અધિકતાને પામતા જાય છે અને તે કારણે તેનું અધિક બળ પ્રગટ થતું જાય છે. આરાધના વિના પ્રેમનું સત્ય સ્વરૂપ સમજ્યા વિના પ્રેમના નામે પ્રેમ કરવાનો પ્રયત્ન કરવા જતાં કહેવાતો પ્રેમ અસત્ય ઠરે છે અને સાચો પ્રેમ પાછો હઠે છે અથવા દૂર ને દૂર રહે છે. સાચા નિર્દોષ અને નિઃસ્વાર્થ પ્રેમની ઓળખ થતાં પૂર્વની થયેલી ભૂલ સમજાય છે ત્યારે જ સાચા માર્ગ ઉપર આવવાનું બને છે. એ પવિત્ર માર્ગ ઉપર આવી પ્રયાણ કર્યા પછી પ્રેમમાર્ગને સહજ અને સરળ, સ્વચ્છ અને સુગમ કહ્યો છે તે વાત સમજાય છે, કહો કે પ્રતીતરૂપ થાય છે. વાસ્તવિક રીતે જોતાં પ્રભુપ્રેમની ધોરી વાટે ચાલનાર પથિકોનાં

વિઘ્નો કોઈ આશ્ચર્યકારક રીતે દૂર થતાં જાય છે, પૂર્વના શત્રુઓ વેરભાવ ત્યાગી દઈ મિત્રો બની જાય છે અને અનેક પ્રકારની સુખ સગવડને દેનારી સુવિધાઓ અનાયાસે અથવા ઈચ્છા કર્યા વગર આવીને મળતી રહે છે. એ જ પ્રભુસ્વરૂપ પુરુષની પ્રેમભક્તિના કારણે અનુભવાતી પ્રભુકૃપા છે.

[ ૪ ]

આ નિબંધના આ વિભાગમાં પ્રેમમાર્ગનો યાત્રાળુ કયા કયા નિમિત્તોનો આશ્રય કરી યાત્રામાં આગળ વધે છે અને પ્રેમને વિકસાવી પૂર્ણતા તરફ લઈ જાય છે તે સંબંધે વિચાર કરીએ. પ્રભુપ્રેમી અથવા પરમાર્થ-પ્રેમીનું અંતિમ ઉચ્ચ ધ્યેય પ્રેમને પૂર્ણતા પમાડી, અનંતતામાં લઈ જઈ નિજાત્માના સ્વરૂપને સંપૂર્ણ શુદ્ધ કરવાનું તથા ચૈતન્યસ્વરૂપ આત્માની અનંત શક્તિઓ પ્રગટ કરવાનું છે.

એ પવિત્ર સાધનાની સફળતા માટે એ સરળહૃદયી પરમાર્થ પ્રેમી પ્રેમસ્વરૂપ, પ્રભુસ્વરૂપ અને કરુણાનિધિ એવા જ્ઞાની ભગવંતની આશ્રયભક્તિ પ્રેમથી સ્વીકારે છે. તેમનાં પાવનકારી ચરણકમળ સમીપ વાસ કરવાની તીવ્ર અભિલાષા સેવે છે, જેથી અખંડપણે તેમની ભક્તિમાં જોડાઈને રહી શકે. આ સામાન્ય અર્થવાળો સમજાતો ભક્તિ શબ્દ છે તેમાં ત્રણ ઉત્તમ અને ઉપકારી ભાવો ગુપ્તતાએ અંતર્ગત રહ્યા છે ને તે છે, (૧) પ્રેમ (૨) શ્રદ્ધા અને

(૩) અર્પણુતા અથવા આંજ્ઞાકિતપણું. એ ત્રણ શબ્દોના વિસ્તૃત વિવેચન સહિતના અર્થ અમારા લખેલ "ભક્તિ-માર્ગનું રહસ્ય" પુસ્તકમાં આપવામાં આવેલ છે; પરંતુ અહીં તેની ઊંચામાં ઊંચી અને ટુંકામાં ટુંકી વ્યાખ્યા કરીએ છીએ કે પ્રેમ એટલે હૃદયની સોંપણી, શ્રદ્ધા એટલે બુદ્ધિની સોંપણી અને અર્પણુતા એટલે ઈચ્છાની સોંપણી. એ ત્રણનો સરવાળો એટલે અહંમમનો સંપૂર્ણ ત્યાગ. અહંતા–મમતાનો સંપૂર્ણ ત્યાગ એટલે જ નિજાત્માની પ્રકૃષ્ટ, શુદ્ધ, સહજ, સ્વાભાવિક, અવ્યાબાધ સ્થિતિનું પ્રાકટ્ય. પરમાર્થના પ્રેમી ભક્તજનને શું કરવાનું છે તેનો બોધ ઉપરની વ્યાખ્યા સમજવાથી મળી જાય છે અને કેવી રીતે કરવું તે સંબંધનું માર્ગદર્શન તેની યોગ્યતાનુસાર તેની જ્ઞાની ભગવંત શ્રીગુરુ પાસેથી મળતું રહે છે તે ઉપરાંત ગુરુકૃપાના બળ થકી ઉદ્‌ભવતી અંતર-પ્રેરણાથી પણ મળે છે. સાચા પ્રભુપ્રેમી પરમાર્થસાધક પુરુષને પ્રત્યક્ષ શ્રીગુરુના સાથનું બળ હોવાથી નિરાશ પામવાનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

જ્ઞાની પુરુષે પ્રસંગોપાત ઉચ્ચારેલાં માર્ગદર્શકરૂપ સુધામય વચનો વારંવાર વાગોળવાથી પ્રભુભક્તના હૃદયમાં કોતરાઈ ગયાં હોય છે. તે વચનોનો ભાવાશય તેના આત્માને સ્પર્શી ગયો હોવાથી તેનામાં પ્રભુપ્રેમની માત્રા સહજ વધે તે સમજાય તેવું છે. તે વચનો છે :—

શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનો.

"ભક્તિ, પ્રેમરૂપ વિના જ્ઞાન શૂન્ય જ છે : તો પછી તેને પ્રાપ્ત કરીને શું કરવું છે? જે અટક્યું તે યોગ્યતાની કચાશને લીધે અને જ્ઞાની કરતાં જ્ઞાનમાં વધારે પ્રેમ રાખો છો તેને લીધે, જ્ઞાની પાસે જ્ઞાન ઇચ્છવું તે કરતાં બોધસ્વરૂપ સમજી ભક્તિ ઇચ્છવી એ પરમ ફળ છે." (વચનામૃત ૨૬૩)

જુઓ, અહીં શો બોધ કર્યો? કોનું માહાત્મ્ય દર્શિત કર્યું? પ્રેમભક્તિનું કે જ્ઞાનનું? જ્ઞાની પાસેથી શું ઇચ્છવું? તો કહ્યું કે ભક્તિ ઇચ્છવી. તેમની પાસેથી શાસ્ત્રજ્ઞાનની ઇચ્છા કરવા કરતાં તેમને બોધસ્વરૂપ સમજી તેમનામાં હૃદયથી પ્રેમ લાવી ભક્તિમય થવાની અને રહેવાની ઇચ્છા રાખવાથી તેનું પરમ ફળ મળે છે. શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટપણે રહ્યું છે તે જ્ઞાનનું પારમાર્થિક રહસ્ય તથા સિદ્ધાંતજ્ઞાનની માર્મિક બહુલતા જેના આત્મામાં પરિણામરૂપ થયાં હોય અને તેથી જેનું અંતરંગ ચારિત્ર તે જ્ઞાન અને બોધને અનુસરતું હોય તે પુરુષને બોધસ્વરૂપ કહેવાય. આ કારણથી બોધસ્વરૂપ જ્ઞાની પુરુષની ભક્તિનું પરમ ફળ કહ્યું છે. એકાંત જ્ઞાનવાદીઓએ શું આ વાત વિચારવા યોગ્ય નથી? ભક્તિનું અદ્ભુત અને અપૂર્વ માહાત્મ્ય બતાવ્યા છતાં જ્ઞાનનો મહિમા ઘટાડ્યો છે કે તેની ઉપેક્ષા કરી છે કે તેનો નિષેધ કર્યો છે એમ લેશ પણ નથી. અત્રે એમ જણાવ્યું કે પ્રેમરૂપ થયા વિના જ્ઞાન શૂન્ય જ છે; બોધ-

સ્વરૂપ જ્ઞાની કરતાં જ્ઞાનમાં વધારે પ્રેમ ( રાગ ) રાખવાથી શુષ્કજ્ઞાની કે વાચાજ્ઞાની થઈ જવાય છે અને તેથી પરમાર્થમાર્ગની પ્રાપ્તિ માટેની યોગ્યતા કચાશવાળી થાય છે. પ્રેમ વિનાના તેવા શુષ્ક જ્ઞાનથી આત્મામાં જે ફળ થવું જોઈએ તે તો થતું નથી માટે તેને શૂન્ય કહ્યું, નિષ્ફળ કહ્યું, તો પછી જ્ઞાન માટે શું ? તો તે સંબંધે તેઓશ્રી કહે છે :—

✓ " ભક્તિ જ્ઞાનનો હેતુ છે, જ્ઞાન મોક્ષનો હેતુ છે.... ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને લાગતું નથી, અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં સર્વ ભાષાજ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. "ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે તથા તે જેને ન હોય તેને આત્મજ્ઞાન ન થાય, એવો કાંઈ નિયમ સંભવતો નથી." (વચનામૃત ૫૩૦)

પરમ આત્માનુભવી અને જ્ઞાનાવતાર પુરુષના નિર્મળ હૃદયમાંથી નીકળેલાં આ અનુભવવચનોથી ઉપરના પ્રશ્ન સંબંધે સર્વ સમાધાન થઈ ગયું હશે. ભક્તિ, પ્રેમ એ જ્ઞાનનો હેતુ છે. પરમ પવિત્ર ભક્તિમાતાના ઉદરમાં રહેલ નિર્દોષ જ્ઞાનરૂપ સુંદર બાળકનો જન્મ થાય છે. તે વહાલા બાળકને પ્રેમભક્તિમાતા પોષણ આપી ઉછેરે છે, મોટું કરે છે. આથી ભક્તિમાતાની સહાયના બળથી જ્ઞાનપુત્ર ઉત્તરોત્તર વિશુદ્ધ અને નિર્મળ થતો જાય છે. અંતે

નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે." ભક્તિમાતા પોતાના પ્રિય પુત્ર જ્ઞાનને પ્રેમથી સહાય કરી વિકાસની પૂર્ણતા સુધી પહોંચાડે છે, "ત્યારે તેને મોક્ષ કહે છે." પ્રેમની પૂર્ણતા અને જ્ઞાનની પૂર્ણતા એટલે જ મોક્ષ. માત્ર બાહ્ય-જ્ઞાન કે ભાષાજ્ઞાન કે અનેક ભાષાઓનું જ્ઞાન તે મોક્ષનું કારણ હોઈ શકતું નથી. પ્રેમભક્તિ એ જ મોક્ષનો હેતુ છે.

"ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી પણ ભક્તિ આપવામાં કૃપણ છે એમ લાગે છે, એવો ભગવત્‌ને લોભ શા માટે હશે ?" (૨૮૩).

અહો, પ્રભુને ઉપાલંભરૂપ આ વચનો ભગવાનના પ્રેમીભક્તને કેવાં પ્રેરણાદાયી, પ્રેમની વૃદ્ધિ કરવામાં ઉત્તેજન આપનાર તથા કલ્યાણકારક છે ? તે વચનોના શ્રવણ-મનનથી હૃદયની શિથિલ પ્રેમવૃત્તિ વિશેષ જાગ્રત થાય છે અને આત્મામાં બળનો સંચય વધે છે. ભગવાન પોતાના પ્રેમી ભક્તને મુક્તિ તો આપે જ છે પણ ભક્તિ આપવામાં કૃપણ છે એમ જાણ્યા પછી ભક્તિમાર્ગમાં પ્રવેશ ઇચ્છતો ઉત્સાહી અને આશાવંત ભક્ત પણ ભગવાનના એ કૃપણભાવને પ્રેમથી અપનાવી પ્રભુના પ્રેમનો વધુ ને વધુ લોભી તે બનતો જાય છે, તેને બરાબર લક્ષ છે કે પ્રભુ એક પ્રેમની દોરી સિવાય બીજા કશાથી બંધાતા નથી; અને જો પ્રભુ એ પ્રેમની દોરી સહેલાઈથી આપી દે તો પોતે સહેલાઈથી બંધનમાં આવી જાય

છે. જો કે વસ્તુતાએ પ્રભુજી બંધાવા ઇચ્છે છે પણ સહેલાઈથી નહીં; ભક્તના પ્રેમની સાચી કસોટી કર્યા પછી જ પ્રભુ પ્રેમભક્તિનું દાન કરે છે અને અત્યંત આશ્વાસન તથા સંતોષની વાત એ છે કે પ્રભુએ એક વખત તે દાન કર્યા પછી ભક્તની ભક્તિ પૂર્ણતાને ન પામે ત્યાં સુધી પ્રેરણાબળ, ઉત્સાહબળ, આશ્રયબળ અને નિશ્ચયબળ આપ્યા કરે છે.

"જે વાસ્તવ્ય જ્ઞાનીને ઓળખે છે, તે ધ્યાનાદિને ઇચ્છે નહીં, એવો અમારો અંતરંગ અભિપ્રાય વર્તે છે. માત્ર જ્ઞાનીને ઇચ્છે છે, ઓળખે છે, ભજે છે, તે જ તેવો થાય છે અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવો યોગ્ય છે."

(વચનામૃત ૩૩૫)

જુઓ, આ સાદા દેખાતાં છતાં ગંભીર ભાવગર્ભિત અપૂર્વ વચનોમાં કેવો સુંદર અને ઉત્તમ ઉપદેશ છે! તેમાં કેવું સચોટ અને ફળદાયી માર્ગદર્શન છે! પ્રેમની પૂર્ણતાએ પહોંચવાની જેની આકાંક્ષા છે, જેની તાલાવેલી છે, મુમુક્ષુના વિચાર અને ભાવ કેવા હોય તેની અહીં કેવી ઉપકારી વ્યાખ્યા કહી બતાવી છે!

જે વાસ્તવમાં પ્રેમસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ સત્પુરુષને ઓળખે છે તે ક્યારેય ધ્યાનાદિના પ્રયોગ કરવા ઇચ્છતો નથી. એવા પ્રયોગો કરવાની આવશ્યકતા કે તેની મહત્તા તેના દિલમાં ઊગતી નથી; કેમકે તે અતિ યથાર્થતાએ સમજે છે કે ધ્યાન વા સમાધિ સહજપણે આવે છે.

આ ભેદ જાણનાર પુરુષ તો પ્રેમસમાધિની ઉત્કૃષ્ટ અભિ-લાષાવાળો હોય છે અને તેવા પ્રકારની ધ્યાનસમાધિમાં જવા માટેનાં ઉપકારી નિમિત્તો શોધતો રહે છે. હૃદયપૂર્વકની તેની શોધમાં તે કારણો પણ તેને વહેલા વા મોડા મળી રહે છે, જે સંબંધે આગળ જણાવવામાં આવશે; તે ઉપરાંત પ્રેમસમાધિ એટલે શું ? તે વિષય માટેની જાણકારી થવા અર્થે વિવેચન સહિતની માહિતી પણ આગળના વિભાગમાં આપવામાં આવશે.

હવે બોધવચનોમાં આગળ શું કહે છે તે જોઈએ. "જે જ્ઞાનીને ઇચ્છે છે........" એ વચનોના ભાવમાં પ્રેમ સ્પષ્ટપણે આવી જાય છે તે સમજવું અઘરું નથી, કેમકે પ્રેમ વગર કોઈ કોઈને ઇચ્છતું નથી. જેને જેનામાં પ્રેમ હોય છે. તે તેને ઇચ્છે છે એ નિયમ છે. અહીં પરમાર્થપ્રેમી મુમુક્ષુને જ્ઞાનીપુરુષ પ્રત્યે પ્રેમ હોવાથી તે તેમને જ ઇચ્છે છે, તેમનો જ કલ્યાણકારી સમાગમ ચાહે છે. અત્ર એટલું વિશેષ સ્પષ્ટ સમજવું કે જ્ઞાની પુરુષમાં પ્રેમ એટલે તેમના પાર્થિવ દેહ પ્રત્યે પ્રેમ નહીં પણ તેમના પવિત્ર થયેલ દેહમાં વિરાજમાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, સહજાનંદી, નિરાગી ને નિર્વિકારી પવિત્રાત્મા પ્રત્યે પ્રેમ. વળી દયા, શાંતિ, સમતા, ક્ષમાદિ ગુણો તથા વિતરાગતાના પ્રાગટ્યથી આત્મા, નિર્મળ આત્મા, શુદ્ધાત્મા કે પવિત્રાત્મા બની જાય છે; એવો પવિત્રાત્મા જે દેહમાં વિરાજિત હોય તે દેહ પણ ધન્ય બને છે, પવિત્ર બને

છે અને તેથી પૂજ્ય ગણાય છે તે યોગ્ય જ છે. એ દેહ વ્યાધિ કે વૃદ્ધાવસ્થાને કારણે જીર્ણ થઈ જાય તો પણ પૂજ્યભાવ એવો ને એવો સ્થિર અને અફર રહે છે, તેની પાછળના રહસ્યમાં પવિત્રાત્મા પ્રત્યેનો પ્રેમ છે.

તે પછીનાં વચનમાં જે જ્ઞાનીને "ઓળખે છે" એમ કહ્યું ત્યાં એ વચનોમાં શ્રદ્ધાનો ભાવ નિઃશંકપણે સમાય છે. આ પુરુષ આત્મજ્ઞાની ને આત્મદર્શી છે એમ જ્ઞાની પુરુષની અંતરથી ખાત્રી પૂર્વકની ઓળખાણ તે શ્રદ્ધા છે. ઓળખાણ એટલે જાણપણું અને એ જાણપણું સાચું છે, એવી જે ખાતરી તેમાં રહી છે તે શ્રદ્ધા કહેવાય છે. આપણે જોઈ ગયા તેમ "ઈચ્છે છે" શબ્દોમાં પ્રેમ અને અહીંના "ઓળખે છે" શબ્દોમાં શ્રદ્ધા સમાય છે, પ્રેમ અને શ્રદ્ધા એ બન્ને ભાવો સાથે ને સાથે રહેવાના સ્વભાવવાળા છે; એક બીજાના પૂરક અને ટેકારૂપ છે. જ્યાં પ્રેમ છે ત્યાં શ્રદ્ધા છે, તેમ જ્યાં શ્રદ્ધા છે ત્યાં પ્રેમ છે. એ બન્નેનો વિકાસ એટલે વિશુદ્ધતા વધતી જાય છે, તેમ તેની શક્તિઓ પણ વિશેષપણે પ્રગટ થતી જાય છે.

ત્યાર પછીનાં આગળનાં વચનોમાં જે જ્ઞાનીને ભજે છે" એમ કહેવાથી અર્પણતા અથવા આજ્ઞાંકિત-પણાનો ભાવ જણાવ્યો. ભજવું એટલે ભક્તિ કરવી અથવા પ્રેમમૂર્તિ જ્ઞાની ભગવંત સર્વ પ્રકારે રાજી રહે તેમ આચરણ કરવું અથવા તેમને પોતાપણાના સર્વભાવ અર્પણ-આજ્ઞામાં રહી વર્તવું. "ભજ" ધાતુનો બીજો

અર્થ છૂટું કે જુદું પાડવું એ છે; ત્યાં જ્ઞાનીપુરુષની પ્રેમભક્તિથી દેહભાવ તથા આત્મભાવને જુદા કરવા–જડ અને ચેતનનો ભેદ કરવો અને નિજસ્વભાવનું શાંતપણું પ્રગટ કરતા જવું એ સમજાય તેવું છે. પ્રેમ અને શ્રદ્ધાની જોડીની વિશુદ્ધિનું ફળ તે અર્પણતા. પ્રેમ અને શ્રદ્ધાની જેટલી નિર્મળતા થાય છે તેટલી અર્પણતા ખીલે છે.

હવે છેલ્લે ઈચ્છવા, ઓળખવા અને ભજવાના અથવા પ્રેમ, શ્રદ્ધા ને અર્પણતાના પરિણામને દર્શાવતાં વચનો પ્રકાશે છે ત્યાં કહે છે, "તે જ તેવો થાય છે," અહો, જુઓ તો ખરા, આ વચનોથી કેવી અનુપમ બાંહેધરી આપી! કેવું સર્વોત્તમ ફળ સંપ્રાપ્ત થવાની ખાત્રી આપી! અહીં બતાવ્યા તે ત્રણ ગુણો, પ્રેમ, શ્રદ્ધા ને અર્પણતા, તેને હૃદયમાં પ્રેમપૂર્વક અવધારી વાસ્તવ જીવનમાં ઉતારી આત્મસાત્ કરવાથી પ્રેમી ભક્ત તે જ્ઞાની ભગવંતની જે રિદ્ધિસિદ્ધિ છે, જે ઉત્તમ સ્વભાવદશા છે તથા તેમનાં જે વૈભવ અને ઐશ્વર્ય છે, તે સર્વને સહજતાએ, દેહાદિના કષ્ટ વિના અને પ્રસન્ન ચિત્તથી પામે છે. એટલે તે તેમના જેવો થાય છે અર્થાત્ ભક્ત અને ભગવાન વચ્ચેનો પડદો ખસી જાય છે.

૧ "સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચનો સાંભળ્યાં નથી, અથવા જ્ઞાની પુરુષનાં દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે.

૨ "જેની કેડનો ભંગ થયો છે, તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે, જેને જ્ઞાનીપુરુષનાં વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે; તે પુરુષને વિષે તે પ્રકારે સંસાર સંબંધી બળ હોય છે, એમ તીર્થંકર કહે છે.

૩ "જ્ઞાનીપુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય તો જ્ઞાની પુરુષને જોયા નથી, એમ તમે જાણો.

૪ "જ્ઞાનીપુરુષનાં વચનને સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહીં.

૫ "ખરેખર પૃથ્વીનો વિકાર ધનાદિ સંપત્તિ ભાસ્યા વિના રહે નહીં.

૬ "જ્ઞાનીપુરુષ સિવાય તેનો આત્મા બીજે ક્યાંય ક્ષણભર સ્થાયી થવાને વિષે ઈચ્છે નહીં." (વચનામૃત ૪૫૪)

જે જ્ઞાનીને ઇચ્છે છે, ઓળખે છે અને ભજે છે અર્થાત્ જે પરમાર્થપ્રેમી ભવ્ય જિજ્ઞાસુ ભગવાનરૂપ સત્પુરુષમાં પ્રેમ અને શ્રદ્ધાનું બળ વધારી અર્પણતાની કેડી પર પગદંડી કરવાનો નિશ્ચય કરે છે, તેની પૂર્વની ઘર કરી બેઠેલી અશુભ સંસ્કારોરૂપ વાસનાઓ તથા મોહાસક્તિવાળી પ્રકૃતિ આદિરૂપ દોષો કેવા સહજપણે વિલીન થતા જાય છે તે અહીં ઉપરનાં વચનોથી બતાવ્યું; તેમ જ જ્ઞાનીપુરુષનાં પવિત્ર હૃદયમાંથી નીકળેલી અતિ અર્થપૂર્ણ અનુભવવાણી કેવી અસરકારક હોય છે એ પણ

ગર્ભિતપણે સૂચવ્યું. રાગદ્વેષ મોહ વગેરે બંધભાવો ક્ષીણ કરી ક્ષય કરવા કેટલા કઠણ છે તે સહુ કોઈ જાણે છે; પરંતુ પ્રેમમાર્ગના પંથીની સર્વ ગ્રંથિ પ્રભુપ્રેમના વધતા બળ થકી સહજતાએ છેદાઈ જાય છે; તેમનામાં સંસાર-સુખ પ્રત્યે વૈરાગ્ય આવે છે તેમ સ્ત્રી સંપત્તિ આદિ પદાર્થો સ્પષ્ટ પ્રીતિથી ભોગવવાની તેને ઈચ્છા થતી નથી અને તેનો નમ્ર તથા કોમળ થયેલો આત્મા એક જ્ઞાની પુરુષનાં ચરણમાં સ્થિર અને લીન થવા સિવાય બીજે કોઈ સ્થળે સ્થાયી થવા ઈચ્છતો નથી. અહો, પ્રેમના પ્રભાવની પ્રભા કેવી તેજસ્વી અને સર્વદોષનાશક છે! અહો, પ્રભુસ્વરૂપ સંતપુરુષમાં પ્રેમ લાવીને તેને પરમ પ્રેમની ઊંચી ને ઊંચી શ્રેણી પર લઈ જવાથી કયું કાર્ય સિદ્ધ ન થાય!

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્ત્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.
શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ."

શ્રીમદ્ રાજચંદ્ર : શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

"સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો?

વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ. પરમ શાંત ચૈતન્ય છું, હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું, તન્મય થાઉં છું."

(વચનામૃત ૮૩૩)

ચૈતન્યાત્માના સ્વરૂપને ઓળખાવનારાં અને ગુણધર્મ બતાવનારાં આ વચનો કેવા શાંતિદાયક છે! તેને સાંભળતાં પ્રભુનો પ્રેમી ભક્ત અંતરમાં ઠરી જાય એવું અદ્‌ભુત સામર્થ્ય તેમાં રહ્યું છે. જિજ્ઞાસુ ભક્ત પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ આથી જાણીને, સમજીને, અંતરમાં અવધારે છે. "કર વિચાર તો પામ" એ સિદ્ધાંતદર્શક વચનો ઉપર પણ વિચાર કરે છે, તેની વર્તમાનદશાએ તેના વિચારને વાસ્તવિકતાની કસોટીની એરણ પર મૂકયા પછી તેને હૃદયથી લાગે છે કે સંતપ્રભુ પ્રત્યે તેને જેટલો પ્રેમ આવે છે તેટલો ગુપ્ત રહેલા અમૂર્તસ્વરૂપી નિજાત્મા પ્રત્યે થતો નથી. વળી એ વાત એને સુવિદિત છે કે પ્રભુસ્વરૂપ પુરુષ પ્રત્યેનો પ્રેમ તે તેમના પવિત્ર અને નિર્મળ આત્મા પ્રત્યેનો છે અને તે પરમાર્થથી જોતાં સ્વાત્મા પ્રતિનો જ પ્રેમ છે. આથી તે પ્રભુ પ્રત્યેના પ્રેમને વિકસાવી તેને પૂર્ણતા સુધી લઈ જવાની આકાંક્ષા સેવે છે. પરંતુ તેમ કરવા માટે પ્રેરણા અને શક્તિ મેળવવાં કેવી રીતે? તેનો વિચાર કરે છે. વિચારતાં પ્રભુનાં વચનો "કર વિચાર તો પામ" સ્મૃતિમાં આવે

છે અને તેમાં રહેલ સિદ્ધાંત સમજાય છે કે જેના પર ચિત્ત દઈ પ્રેમપૂર્વક વિચાર કરવામાં આવે તો પરિણામે તેને પામી શકાય.

પ્રભુનો આ પ્રેમી ભક્ત શાંતભાવે વિચારે છે કે પ્રભુજીનો દેહાધ્યાસ છૂટી ગયો છે તેથી તેઓ મન, વચન ને કાયાની ક્રિયાના કર્તા કે તે ક્રિયાના ફળના ભોક્તા થતા નથી. તો હવે તેમનાં મન, વચન અને કાયાની ચેષ્ટાઓનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવું અને તે ચેષ્ટાનાં રહસ્યોને પકડી પાડવાં. એ રહસ્યોનું જ્ઞાન થવાથી, તેની વિસ્મયકારક અદ્‌ભુતતા લક્ષમાં આવશે ને અદ્‌ભુતતા લક્ષમાં આવતાં પ્રભુની અલૌકિક દશા પ્રગટ થશે. વળી એ અલૌકિક દશા પ્રગટતા થતાં, પ્રેમ–શ્રદ્ધા–અર્પણ-તાના ભાવો ઊછળી ઊછળીને વધશે અને એ થકી સ્વાત્મદશા પણ આગળ વધી પૂર્ણતા પ્રતિ દોડશે.

એમ વિચારીને પ્રભુનો પ્રેમી ભક્ત પ્રભુના ઉપકારી સમાગમમાં વારંવાર આવે છે, દર્શનની અભિલાષા તૃપ્ત કરે છે, ઉત્સાહ ને પ્રેરણાનું બળ મેળવી સંતુષ્ટ થાય છે અને પ્રભુની કૃપા સંપ્રાપ્ત કરવાના મનોરથ સેવે છે. કોઈવાર પ્રભુના શાંતિદાયક સાંનિધ્યમાં પ્રભુની સન્મુખ વિનયભક્તિપૂર્વક બેસી પ્રભુની મુખમુદ્રાનું પ્રેમથી અવ-લોકન કરે છે અને જે જે દિવ્ય ચમત્કૃતિઓ નિહાળે છે તેને હૃદયમાં ગોપવી દઈ સ્મૃતિમાં રાખે છે. કોઈવાર પ્રભુને અમૃતમય વાણી પ્રકાશવાનો યોગ હોય ત્યારે જે

સૂત્રાત્મક સિદ્ધાંતવચનો તેમના મુખકમળમાંથી બહાર આવે છે અથવા જે ગૂઢ રહસ્યો પ્રગટ થાય છે, તે વચનોની અપૂર્વતાથી તેનો આત્મા ઘેરાઈ શાંત થાય છે, તે આનંદાનુભવને એ પ્રેમીભક્ત કિંમતી, અતિ મૂલ્યવાન ઝવેરાતની જેમ હૈયાંની સુંવાળી પેટીમાં સંઘરી રાખે છે. કોઈવેળા સમયની અનુકૂળતા થતાં આ પ્રભુપ્રેમી ભક્તને પ્રભુની દિનચર્યા જોવાનો સુયોગ પ્રાપ્ત થાય છે. પ્રભુનાં મન, વચન ને કાયાની ચેષ્ટાઓ પાછળ જે રહસ્યો ગુપ્તપણે રહ્યાં છે, તેને બારીક અવલોકન અને તીક્ષ્ણ નિરીક્ષણથી શોધી કાઢવાનો ઉત્તમ લાભ તે મેળવે છે. કલ્યાણમૂર્તિ પ્રભુમાં પ્રેમ અને શ્રદ્ધા વિકસેલાં ન હોય તો ત્યાં સુધી આ કાર્યની સફળતા થવી કઠણ છે; યોગ્ય દશા આવ્યે તેનો હિતકારી લાભ મળે છે; અને ત્યારે જોયેલાં તથા અનુભવેલાં રહસ્યોને અમૂલ્ય ગણી હૃદયની પેટીમાં સાચવી રાખે છે, જેથી યોગ્ય અને અનુકૂળ સમયે પ્રેમ, શ્રદ્ધા ને અર્પણતાની વર્ધમાનતા ત્વરિત ગતિએ થવા અર્થે ઉપયોગમાં લઈ શકાય.

ક્યારેક કોઈ સુભગ સમયે, પ્રેમનીરથી નીતરતાં હૈયાંવાળો પ્રભુનો પ્રેમી ભક્ત પ્રભુ પાસે દર્શને આવતાં અતિ આનંદની લહેરી અનુભવે છે અને પ્રભુ તેને પરમાર્થલાભ થવાનો છે એમ જાણીને તેને પ્રેમથી ભેટે છે. ભેટતાંની સાથે જ પ્રેમીભક્તની અંતર્વૃત્તિઓ તથા ભાવો કોઈ આશ્ચર્યકારક રીતે ઉપશાંત થઈ જાય છે,

દેહમાં મીઠી અને સુખપ્રદ ઝણઝણાટી પ્રસરે છે અથવા કોઈ શીતળતાનું મધુર ઝરણ વહેતું હોય તેમ લાગે છે અને કોઈ વેળા તો તેના પરિણામે બાહ્યનું ભાન જતું રહી, ચિત્ત ઊંડાણમાં ઉતરી સ્વાત્માના પવિત્ર મિલન માટે જતું હોય એવો પ્રેમી ભકતને ચિરસ્મરણીય અનુ-ભવ થાય છે. આત્મદશાનો શીઘ્ર વિકાસ થવામાં આ પ્રકાર ઘણો સારો ગણવામાં આવ્યો છે અને તે તેના પરિણામ ઉપરથી સમજી શકાય છે. તેમ બનવાનું કારણ અથવા થતી પ્રક્રિયાનું રહસ્ય શોધવાનો સ્તુત્ય પ્રયાસ તત્ત્વરસિક જિજ્ઞાસુએ કરવો ઘટે છે. કોઈ વેળા પ્રેમમૂર્તિ અને કરુણામૂર્તિ પ્રભુનો પ્રેમીભકત પ્રભુ પાસે આવતાં તેની સ્થિતિ સહજ ભાવાવેશવાળી થઈ જાય છે ત્યારે તે પ્રભુના પવિત્ર અને પાવનકારી ખોળામાં પોતાનું માથું ઢાળી દે છે તેના હૃદયના પ્રેમનો વેગ ચક્ષુમાં પ્રવેશતાં જ તેમાંથી હર્ષાશ્રુ સરી પડે છે; પ્રેમસીડીનાં કેટલાંક ઊંચાં પગથિયે પહોંચેલ આ ભકતના માથા પર તથા પીઠ પર પ્રભુ જ્યારે પ્રેમ અને કરુણાથી મૂક આશીર્વાદ-પૂર્વક પોતાનો પવિત્ર હાથ ફેરવે છે ત્યારે પ્રેમીભકત ધન્ય થઈ જાય છે, તેનાં કેટલાંક આવરણો તથા અંતરાયો દૂર થાય છે અને પ્રેમયાત્રામાં આગળનાં સ્થાનકોએ પહોંચવા માટેનું જોમ તેનામાં આવે છે.

કોઈ વખત અતિ મહદ્ ભાગ્યોદયે પ્રભુનો પ્રેમી ભક્ત જ્યારે પ્રભુનાં દર્શન અને સમાગમ માટે આવે છે

અને તેમને ઊંડી સમાધિમાં નિમગ્ન થયેલા જુએ છે ત્યારે તેના અંતરાનંદનો કોઈ પાર રહેતો નથી. આવા અપૂર્વ અને અલૌકિક પ્રત્યક્ષ દર્શનનો પરમોચ્ચ પરમાર્થ લાભ પ્રાપ્ત થાય એવો સુઅવસર પ્રભુજીએ કૃપા કરીને આપ્યો તે માટે તેમનો અંતરમાં મહાન ઉપકાર માને છે, પ્રેમોર્મિની અતિશયતાથી વંદન કરે છે અને નજીકના સ્થાને પ્રભુની સન્મુખ દૃષ્ટિ રાખી શાંતિથી બેસે છે. અહો, ત્યાં તેની સ્થિર દૃષ્ટિની સામે કેવા અનુપમ ચમત્કારોનાં દર્શનનું સર્જન થાય છે! જે જોઈને એક વાર તો ભ્રાંતિમાં પડી જવાય કે જે દીઠું તે ખરું કે ખોટું? શું તે મનની ભ્રમણા છે કે કલ્પનાનું ઉપસી આવેલ ચિત્ર છે? પરંતુ જ્યાં પ્રેમની પ્રભા પ્રકાશિત છે અને શ્રદ્ધાનું તેજ પથરાયું છે તથા અર્પણતાના અંશો વધ્યા છે, ત્યાં કોઈ છેતરનારી ભ્રાંતિને સ્થાન કેમ હોઈ શકે? તેવો કોઈ આશંકાવાળો વિચાર ઉદ્ભવ પામે તે પહેલાં જ પ્રભુકૃપાએ તેના આત્મામાં સત્યતાનો હકાર આવે છે તેમ તેની સુપ્રતીતિ પણ આવે છે.

ત્યારે પ્રભુના પ્રેમીએ શું જોયું? સમાધિમગ્ન પ્રભુજીની મુખમુદ્રા કોઈ દિવ્ય કાંતિથી ઓપી રહી છે અને તેમાંથી ક્યારેક ક્યારેક તેજનાં કિરણો છૂટતાં અને આસપાસ ફેલાઈ વિલીન થતાં દેખાય છે. ચહેરા પરની વીતરાગભાવદર્શક શાંતિ અનુપમરૂપે દીપી રહી છે; જોનારનો આત્મા ઠરી જાય એવી એ શાંતિનું

પ્રભુત્વ છે; એ શાંતિના સ્વરૂપનો વિચાર કરતાં જ પોતે શાંત બની જાય એવું તેનું સામર્થ્ય છે. સ્થિર દૃષ્ટિથી જોતાં મુખ પાછળ દિવ્યતાની પ્રતીતિ જાણે કરાવતું ન હોય તેમ તેજમંડળ શોભી રહ્યું છે. આવા આવા પ્રકારોની ચમત્કૃતિઓ જોઈ પ્રભુનો પ્રેમીભક્ત શાંત થઈ પ્રેમસમાધિને વિષે સ્થિર થાય છે. એક બાજુ કરુણામૂર્તિ પ્રભુસ્વરૂપ મહાપુરુષ પોતાની સહજ આત્મસમાધિને વિષે લીન છે અને બીજી બાજુ એ જ પ્રભુનો પ્રેમીભક્ત પોતાની પ્રેમસમાધિને વિષે સ્થિર છે. બહારના વાતાવરણને કોઈ જુએ અને અનુભવે તો લાગે કે તે મનોરમ્ય છે એટલું જ નહીં પણ ચિત્તને ન સમજાય તેવી શાંતિ ઉપજાવે તેવું છે. ત્યાર પછી આશ્ચર્ય તો એ બને છે કે પ્રભુ અને પ્રભુભક્ત બન્નેની સમાધિ સાથે જ છૂટે છે. ભક્ત પ્રભુનાં ચરણકમળનો સ્પર્શ કરી કૃતાર્થતા અનુભવે છે અને પ્રેમસ્વરૂપ પ્રભુ ભક્તને આશિષથી નવાજે છે અને વચનથી, દૃષ્ટિથી તથા સ્પર્શથી તેના આત્માના કલ્યાણના વિકાસ અર્થે બળપ્રદાન કરી ઉપકાર કરે છે. થોડી વાર મૌનપણે રહીને પછી પ્રેમમૂર્તિ પ્રભુ પ્રેમસમાધિનું સ્વરૂપ અને માહાત્મ્ય ભક્તને પ્રેમથી સમજાવે છે.

કોઈ વિદ્યમાન સજીવન મૂર્તિ પ્રેમસ્વરૂપ પુરુષ છે, તેમની વાણીના અપૂર્વ પ્રભુત્વથી, તેમના ગુણોના પ્રગટ પ્રભાવથી, તેમની મુખાકૃતિ ઉપર અંકાયેલ ગુણોના

તેજની રેખાઓથી, તેમના સાંનિધ્યથી ઉત્પન્ન થતા શાંતભાવ તથા શીતળતાના અનુભવથી તેમના સમાગમમાં આવનાર જિજ્ઞાસુના દિલમાં તે મહાપુરુષ પ્રત્યે ભીની, નિર્દોષ અને નિઃસ્પૃહ કોમળ લાગણીનું ઉદ્‌ભવવું તે પ્રેમ, તેમના પ્રતિ આકર્ષક ભાવ રહેવો તે પ્રેમ; અને આત્મ પરિણામની સ્વસ્થતા તે સમાધિ, આથી પ્રેમભાવની સ્થિરતા, એકાગ્રતાની સ્થિતિ હોય તે પ્રેમ-સમાધિનું નામ પામે છે. જ્યારે ભગવાનરૂપ સત્પુરુષમાં એટલે બોધસ્વરૂપ શ્રી ગુરુમાં જિજ્ઞાસુના પ્રેમ અને શ્રદ્ધાની જોડી બહારની બંધનકારક પ્રીતિ – આસક્તિને ક્રમપૂર્વક તોડીને વિશુદ્ધતા પ્રત્યે જાય છે, અર્થાત્ જ્યારે પ્રેમ ઉજ્જવળ તથા નિર્મળ થતો જાય છે તથા શ્રદ્ધા તેની સાથે ને સાથે રહી તેને બળ આપી એકાગ્રપણે વર્તે છે, ત્યારે પ્રેમસમાધિ આવે છે. પ્રેમસમાધિ એટલે પ્રેમમૂર્તિ બોધસ્વરૂપ શ્રીગુરુના સતત સુખરૂપ સ્મરણથી અથવા શાંતિદાયક પવિત્ર સ્મૃતિથી સહજપણે ઉત્પન્ન થતી સ્થિરતા અથવા એકાગ્રતા, તેવી સ્થિરતાના શુભકાળે ઉદયાનુસાર વિવિધ પ્રકારના અનુભવો થાય છે. કોઈ વખતે આનંદનું સ્ફુરણ તો કોઈ વખતે માત્ર શાંતિનું વેદન હોય છે; તથા તેવા સમયે ક્યારેક ઇન્દ્રિયો તેમનું કાર્ય કરતી હોય છે તો ક્યારેક તેઓ કાર્ય કર્યા વગર શાંતપણે પડી રહે છે. એ સ્થિરતામાં કોઇ વેળાએ પોતાના શ્રીગુરુનાં પવિત્ર દર્શનનો લાભ મળે છે, તો વળી કોઈ અન્ય વેળાએ જાતિસ્મૃતિજ્ઞાનની ઉત્પત્તિના

પ્રભાવથી પૂર્વભવના પ્રસંગોનાં દશ્યો દેખાય છે, જેમાં મુખ્યતાએ શ્રીગુરુદેવ સાથેના સંબંધો હોય છે અથવા અતિ નિકટના સ્વજનો સાથેના પૂર્વભવ/ભવોના સંબંધો અંતર્દૃષ્ટિ સમક્ષ જોવા મળે છે. આ પ્રમાણે ભિન્ન પ્રકારના તથા ઉપકારી અનુભવો થાય છે. શાંત સ્થિરતા-વાળી સ્થિતિ પછી ધ્યાનાવસ્થા જે આવે છે તે ટકી રહે તો તેના ફળરૂપે આત્મસમાધિ આવે છે. આમ પ્રેમમૂર્તિ પ્રભુની આશ્રયભક્તિના પ્રભાવથી પ્રેમસમાધિ અને પ્રેમસમાધિના બળના ફળથી આત્મસમાધિની પ્રાપ્તિનો ઉત્તમ લાભ મળે છે.

આ સાંભળીને પ્રભુનો પ્રેમીભક્ત તે માહાત્મ્યને દર્શાવતાં વચનોના ભાવને વાગોળતાં વાગોળતાં પ્રેમરસ-તરબોળ બની જાય છે.

[ ૫ ]

પ્રેમામૃતના શીતળ અને નિર્મળ નીરમાં સ્નાન કરતા પ્રભુના પ્રેમીભક્તે હવે પ્રેમમૂર્તિ શ્રી ગુરુના વારં-વારના પવિત્ર સમાગમયોગે તેમનાં મન, વચન અને કાયાની અદ્ભુત ચેષ્ટાઓ નજરોનજર જોયેલી છે, તેમ જાણેલી છે અને તે પર ધ્યાનપૂર્વક અને અપક્ષપાતપણે વિચાર કરવાથી, તેના ફળરૂપે તેની અંદર ગૂઢતાએ રહેલાં રહસ્યોને તેણે જાણી લીધાં છે. હૃદયથી તેનો પ્રેમ અને શ્રદ્ધાથી સ્વીકાર કરીને તે સર્વને પોતાના સ્મૃતિ-પટ પર આળેખી સ્થિર કર્યાં છે. એ દુર્લભપ્રાપ્ત

રહસ્યોનું ચમત્કારિક માહાત્મ્ય અને તેની વિસ્મયકારક અપૂર્વતા તેને યથાયોગ્યપણે બરાબર સમજાયાં છે; કહો કે ઈષ્ટ પ્રેમયાત્રામાં સફળતાએ ને શીઘ્રતાએ આગળ આગળ ડગ ભરી પૂર્ણતા પર્યંત પહોંચવાના નિમિત્તો હવે તેને હસ્તગત થયાં છે, અથવા ઠેઠ સુધી પહોંચવા માટે, અગાઉ પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાની ઊંચામાં ઊંચી અને ટૂંકામાં ટૂંકી વ્યાખ્યામાં કહી બતાવેલ હૃદયની સોંપણી, બુદ્ધિની સોંપણી અને ઇચ્છાની સોંપણી, તે કેવી રીતે કરવી તેની સમજણની બારી ઉઘડી ગઈ છે અથવા "મન મહિલાનું રે વહાલા ઉપરે, બીજાં કામ કરંત" એવું જે અતિ અતિ કઠણ દેખાતું કાર્ય તે કેવી રીતે સહેલાઈથી બની શકે તેની ચાવી તેને પ્રેમના બળે પ્રભુકૃપાથી સંપ્રાપ્ત થઈ છે. તે અનુપમ ચાવીથી આવરણો અને અંતરાયોનાં વિઘ્નરૂપ તાળાં જલદીથી ખોલતાં જવાની તેનામાં તત્પરતા વધી છે, તેના ઉમંગ અને ઉત્સાહ અંદરમાં ન સમાવી શકાય તેવી સ્થિતિમાં આવતાં જાય છે તથા તેની તાલાવેલીનું માપ અમાપ તરફ ઢળતું જાય છે.

પ્રથમ તો આ પ્રેમીભક્ત પોતે જોયેલાં અને અનુભવેલાં રહસ્યોની સંક્ષિપ્ત નોંધ કરે છે; પછી તે રહસ્યોની જાણકારીથી જે કંઈ ઉલ્લાસપૂર્ણ આનંદિત ભાવો તેના અંતરમાં ઊગ્યા છે., તે શબ્દોમાં સહજ ઉતરી જાય છે,. એ શબ્દચિત્રોનું સ્વરૂપ કંઈક આ પ્રમાણે છે :—

૧. અહો, એ ચૈતન્યમૂર્તિ પ્રભુનાં મન, વચન ને કાયાની પ્રવૃત્તિમાં કેવી એકરૂપતા છે! વિચાર, વાણી અને વર્તન કેવાં એકપણે પ્રવર્તી રહે છે! ક્યાંય વિરોધ નહીં, વિષમતા નહીં, અસમાનતા નહીં! તેઓ જાણે કેમ શુદ્ધાત્માને આધીન થઈ તેની અનુકૂળતાએ વર્તતા ન હોય! અહો, તે ત્રણે યોગની સમસ્ત પ્રવૃત્તિ કેવી ઉદાસીનતાથી અથવા તેનાથી અલિપ્તપણે રહીને અનાસક્તભાવે થતી હોય છે! અહો, તેમના મનોયોગે સ્વતંત્રપણે વિહરવાની ક્રિયા કેવી છોડી દીધી છે અર્થાત્ તેમનો ભાવસંયમ કેવો અદ્‌ભુત છે. તેવા ઉત્કૃષ્ટપણે શોભતા આત્મસંયમની સિદ્ધિનું મુખ્ય અનુપમ જે કારણ છે તે હવે સ્પષ્ટ સમજાય છે; અને તે છે, આત્મપ્રભુ પ્રત્યેનો અતુલ પ્રેમ, ચૈતન્યપ્રભુ પ્રત્યેની અતૂટ ને અડોલ શ્રદ્ધા તથા નિરંજન સ્વસ્વરૂપ પ્રત્યેનો આશ્ચર્યકારક અર્પણભાવ. તેથી સ્વાત્માની તેવી સ્વાભાવિક દશા અર્થે અથવા તેની શુદ્ધિ અને સિદ્ધિની પ્રાપ્તિ અર્થે તે પ્રભુની પ્રેમભક્તિનો પવિત્ર આશ્રય જ કરવા યોગ્ય છે., એમ નિઃસંદેહપણે ભાસે છે.

૨. અહો, એ કરુણામૂર્તિ પ્રભુનાં વચનો કેવાં અપૂર્વ અને કલ્યાણકારી છે! વચનો પ્રકાશવાની તેમની સૂત્રાત્મક શૈલી, હૃદય સોંસરા આરપાર ઉતરી જાય એવી તેની ચમત્કારિતા, સર્વ શંકા – આશંકાનું સમાધાન સહજ થઈ જાય તેવી તેમની નિરૂપણશક્તિ ઈત્યાદિ કેવાં અનુ-

પમ છે ! તેઓ વચનો કહેતાં હોય તે વખતે જાણે એમ લાગે કે શબ્દો વિના પ્રયત્ને ગોઠવાઈને અંદરમાંથી બહાર નીકળે છે અને તેમનો શાંતભાવ તો જેવો ને તેવો સહજપણે રહ્યા કરે છે. વચનોની પ્રગટતામાં ક્યાંય આવેશ નથી, ઉછાળા નથી, ખોટું જોસ નથી, ખોટો ભાર નથી; પરંતુ માત્ર સૌમ્યતાથી નીકળતી અને જિજ્ઞાસુ શ્રોતાના હૃદયને સ્પર્શતી શાંત, કલ્યાણકારી, ઉપકારી અને પૂર્વાપર અવિરોધ વાણી છે. અહો ધન્ય છે તે વાણીને ! સુમધુર કંઠમાંથી સુસ્વરે નીકળતી અને સાંભળનારના ચિત્તને એકતાર કરી દેતી તેમની નિર્દોષ વાણીને વારંવાર નમસ્કાર હો !

૩. અહો, અન્ય ભાવથી પર થઈ સ્વભાવમાં રમણતા કરનાર પ્રભુની દેહસ્થિરતા કેવી અદ્ભુત છે ! તેઓની કાયાની પ્રવૃત્તિ કેવી – નિષ્કામતાથી થયા કરે છે ! ઊઠતાં, બેસતાં, ચાલતાં કે અન્ય કાર્ય કરતાં તેમનો આત્મભાવ કેવો સ્થિર અને નિશ્ચળ રહે છે ! તે નિશ્ચળતાની પ્રતીતિરૂપ છાપ તેમની મુખમુદ્રા પર અને વિશેષે કરીને નયનો પર કેવી અંકિત થયેલી જોવા મળે છે ! કાયયોગની પ્રવૃત્તિ તેઓ જાણે કરતા ન હોય પરંતુ થતી હોય એમ જ લાગે.

૪. અહો, પ્રેમમૂર્તિ પ્રભુની મુખાકૃતિ ઉપર સૌમ્ય રેખાઓ સુરમ્યપણે પથરાયેલી દેખાય છે ! તે ઉજ્જવળ રેખાઓમાંથી ક્યારેક ક્યારેક તેજનાં કિરણો છુટતાં હોય

છે અને સન્મુખ ઉપસ્થિત પ્રભુના પ્રેમીભક્ત તરફ જઈ, તેને આલિંગનથી ભેટી તેના આત્માને સ્થિર કરે છે, અજવાળે છે. અહો! તેમનું સામર્થ્ય કેટલું છે!

૫. તેમનાં વદનકમળ પર દિવ્ય તેજ પાથરતો પ્રકાશ કેવો શોભી રહ્યો છે! તે પ્રકાશનાં દર્શન માત્રથી જોનારમાં ચૈતન્ય ઝરણુ વહેવાનું શરૂ થાય છે અને તેના સુખરૂપ પરિણામે સ્વરૂપભ્રાંતિ આદિ દોષોનું મર્દન સહજતાએ થાય છે. અહો! કેવું અદ્‌ભુત બળ!

૬. અહો, એ પ્રેમસ્વરૂપ પ્રભુનાં નયનો તો જુઓ, તે કેવાં અલૌકિક કાંતિથી દીપતાં અને પ્રેમાળ મધુરભાવથી ભરપૂર દીસે છે! તેમનાં એક નેત્રમાંથી નીતરે છે પ્રેમનીરનો નિર્મળ પ્રવાહ, તો બીજાં નેત્રમાંથી વહે છે કરુણારસનો અમૃતઝરો. તે સુધારસને જે કોઈ ભવ્ય ભાગ્યવંત પુરુષ પોતાની પરમ યોગ્યતા લાવી પામી શકે, અનુભવી શકે, તેની પ્રેમની સફર સફળ કેમ ન થાય? ને પવિત્ર રસનો પ્રભાવ જ એવો છે કે તેને પામનાર પુરુષનું હૃદય પ્રેમોર્મિથી ઉભરાવું શરૂ થાય છે અને પછી તો પ્રેમસમાધિમાં ડૂબકી મારવાનું સુગમતાથી થાય છે. તેથી પણ આગળ વધતી દશામાં પ્રેમસમાધિ આત્મસમાધિમાં પરિણમે છે; ત્યારે આત્માની નીરવ શાંતિનું વેદન અનુભવાય છે. અહો! પ્રેમનીર અને કરુણારસના મિશ્ર પ્રભાવથી અતિશય આકર્ષક બનતી પ્રભુની મુખમુદ્રા કેવી મનોરમ્ય અને આનંદદાયી છે! તેનું યથાર્થ વર્ણન કરવું વચનાતીત છે.

૭. અહો! એ શાંતમૂર્તિ પ્રભુના તેજોમય લલાટના મધ્યમાં, આજ્ઞાચક્રના સ્થાને તેજસ્વી વર્તુલ કેવું સુંદર દેખાય છે! આત્માની શાંત અને પવિત્ર દશાસૂચક એ વર્તુલ કોઈ વાર ગુલાબી રંગનું, તો કોઈ વાર આછા પીળા રંગનું, તો વળી કોઈવાર દૂધ જેવું સફેદ હોય છે. ગુલાબી રંગ દિવ્ય પ્રેમ, નિર્મળ પ્રભુપ્રેમ સૂચવે છે; આછો પીળો રંગ દિવ્ય શ્રદ્ધા અને વિશુદ્ધ જ્ઞાનનો ઉઘાડ તથા વિકાસ દર્શાવે છે. અને સફેદ રંગ તો સર્વ જાણે છે તેમ પવિત્રતા, વિશુદ્ધિ અને નિર્મળતાના પ્રતીક-રૂપ હોઈ તે પ્રકારની આત્મદશા બતાવનાર છે. જ્યારે કૃપાવંત ભગવંત ભગવાનના અનુગ્રહે એ તેજસ્વી વર્તુલ જોનારની દૃષ્ટિમાં આવે છે, ત્યારે તેના આત્મામાં કેવું આમુલ ભાવપરિવર્તન ઉત્પન્ન થાય છે! તેનામાં રહેલા દોષો આ પવિત્ર દર્શનના પ્રભાવ થકી ક્ષીણ થતાં જઈ ક્ષય થાય છે; વળી તેના આત્મામાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના ભાવો ક્રમથી વિકસે છે. તે ઉપકારી પ્રેમ-સ્વરૂપ પ્રભુ પ્રત્યેનો બહુમાનભાવ અથવા અહોભાવ વર્ધમાન થાય છે. પ્રભુના લલાટે શોભતા એ પાવનકારી ને હિતકારી તેજવર્તુલ ત્રિકાળ જયવંત વર્તો!

૮. વળી ક્યારેક ઉપર જણાવેલ તેજસ્વી વર્તુલને બદલે તે જ સ્થાનની મધ્યમાં ચળકાટ મારતી ઊર્ધ્વ રેખા જોવામાં આવે છે, તે પણ કેવી ભવ્ય અને દિવ્ય હોય છે. આ રેખાનો રંગ આછો પીળો હોય છે, એ

તેજ મારતી ઊર્ધ્વ રેખા જોનાર સુભાગ્યવંત પુરુષને ઉપર કહ્યું તેવું ફળ મળે છે; છતાં અપેક્ષાએ કંઈક ન્યૂનપણું છે તે પણ સમજવા યોગ્ય. આ પ્રકારનું દિવ્ય ચિન્હ પણ વર્તમાને વર્તતી આત્મદશા સૂચવનાર છે, એટલે બોધસ્વરૂપની સ્થિતિ બતાવનાર છે. ધન્ય હો! તે પવિત્ર ચિન્હોને અને નમસ્કાર હો એ ચિન્હોના ધારકમહાત્માઓને!

૯. અમૃતમય બોધવચનો પ્રકાશતા હોય કે આધ્યાત્મિક ચિંતનમાં ગરકાવ થયા હોય કે શાંતસ્વરૂપ આત્મસમાધિમાં સ્થિર હોય તે વેળાએ પ્રેમમૂર્તિ પ્રભુને હૃદયના પ્રેમસભર ભાવથી એક નજરે જોવામાં આવે છે, ત્યારે તેમના મસ્તકની પાછળ ગોળાકારે ઓપતું અને આશ્ચર્યને પમાડતું તેજોમંડળ કેવું અનુપમપણે દીપતું દેખાય છે! જોનારની અપેક્ષાએ તેની દૃષ્ટિની અને ભાવની સ્થિરતા તો તેજોમંડળની પણ સ્થિરતા; અને જો તેના વિકલ્પની હાજરી થાય તો તેજોમંડળની તત્કાળ ગેરહાજરી થાય. આ તેજોમય મંડળનું માહાત્મ્ય અલૌકિક અને અચિંત્ય છે; આત્મદશાસૂચક તે ઉત્તમ પ્રતીક છે. તેનું તેજ જેટલું અધિક, તેટલી આત્મવિશુદ્ધિ અધિક; તેજ જેટલું ન્યૂન, તેટલી વિશુદ્ધિ પણ ન્યૂન. મસ્તકની પાછળ બહારના ભાગે તેજોમંડળનો વિસ્તાર જેટલો મોટો અને પ્રસરેલો હોય તેટલી આત્મશક્તિની પ્રગટતા દર્શાવે છે, તે ઉપરાંત સ્વભાવમગ્નતાનું માપ પણ તેથી સૂચવાય છે, તેનું ફળ નિરુપમ છે. આગમ-નિગમની વાત

તો અગમ્ય જ હોય ને! એ પવિત્ર તેજોમંડળના પવિત્ર પ્રતીકને પરમ પ્રેમે અનંત પ્રણામ હો, અનંત પ્રણામ!

પ્રેમ સમાધિના સુખરૂપ અનુભવમાં જવા માટે પ્રભુનો એટલે શ્રી ગુરુનો પ્રેમીભક્ત પોતે જ નજરે જોયેલ, અનુભવેલ અને ઉપર વર્ણવેલ નવ મુદ્દાઓમાંથી કોઈ એક અથવા વધારે ઉપર ચિંતવનમાં ઉતરે છે. કોઈ વખત એ પ્રેમસ્વરૂપ પ્રભુની નિષ્કામપણે થતી દિનચર્યા, તો વળી કોઈ વેળાએ વચનામૃત પ્રકાશતાં હોય ત્યારની તેમની વીતરાગભાવસૂચક શાંત મુખમુદ્રા, તો અન્ય વખતે જોયેલાં અદ્દભુત પ્રતીકો–તેની તે સ્મૃતિ લઈને આનંદમાં મગ્ન થઈ જાય છે. અહો! અનુભવોની સ્મૃતિ પણ કેટલી બળવતી અને ઉપકારી છે! કહેવું હોય તો અવશ્ય કહી શકાય કે સ્મૃતિ એ દર્પણ છે, સ્મૃતિ એ દર્શન છે, સ્મૃતિ એ મિલન છે, સ્મૃતિ એ પ્રકાશ છે, સ્મૃતિ એ શક્તિ છે. પ્રેમના બળ વિના સ્મૃતિ નિર્બળ છે. સ્મૃતિની પીઠ પર જેટલો પ્રેમનો ધક્કો, તેટલી સ્મૃતિની અણદીઠ શક્તિનો ઉઘાડ. જ્યાં પ્રેમ છે, ત્યાં તેની સ્મૃતિ છે અને જ્યાં પ્રેમ નથી ત્યાં સ્મૃતિ કેમ હોય?

પ્રભુનો ભક્ત તો પ્રભુનો પ્રેમી જ હોય છે અને પ્રેમને નિરંતર વિકસાવવાનો કામી હોય છે, તેથી સ્મૃતિ લેતી વખતે પ્રેમનું પીઠબળ કેટલાક અંશે પ્રગટ હોય છે જ. પ્રેમના બળથી સ્મૃતિબળ વધે છે અને સ્મૃતિબળ વધતાં પ્રેમબળ પણ વધતું જાય છે. આ અપેક્ષાએ જોતાં કહી શકાય કે સ્મૃતિ એટલે પ્રેમનો વિકાસ અને પ્રેમનો વિકાસ એટલે

સ્મૃતિનું બળવાનપણું: આમ તે બન્ને પરસ્પર ઉપકારી બને છે એટલે એકબીજાના પૂરકરૂપે કાર્ય કરે છે અને વિકાસના પંથે આગળ વધે છે. તેનું સુંદર પરિણામ એ આવે છે કે પ્રેમીભક્ત ચિત્તની એકાગ્રતાથી પ્રભુને ચાહતો થાય છે. તે નિઃસ્વાર્થભાવે હૃદયની સોંપણી કરવાના માર્ગ ઉપર પ્રવેશ મેળવે છે અને પ્રેમની મીઠી વેદનાનું વેદન કરવા તેનું હૃદય તલસે છે. જેમ જેમ પ્રેમ અને સ્મૃતિનું બળ વધે છે, તેમ તેમ ચિત્તમાં ઊઠતા વિચારો વધારે ને વધારે પ્રભુમય બનતા જાય છે અને હૃદયમાં ઊગતી લાગણીઓ પ્રભુના સ્વરૂપને ઘેરતી અથવા તેની સાથે એકરૂપ થવા મથતી અનુભવાય છે. હવે આ પ્રભુના પ્રેમીભક્તની હૃદયદશા કેવી થાય છે? પતિવ્રતા એવી ગુણીયલ સ્ત્રીના ચિત્ત જેવી. જેમ ઘર સંબંધી અને બીજાં કામ કરતાં છતાં તે પતિવ્રતા એવી મહિલાનું ચિત્ત પોતાના પતિને વિષે જ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઈચ્છાપણે વર્તે છે, તેમ આ પ્રેમીભક્તના સંબંધમાં બને છે; કાં તો તે પ્રેમમૂર્તિ પ્રભુના ગુણોના ચિંતનથી પ્રેમસમાધિમાં લીન થાય છે, કાં તો તે પ્રેમના દિવ્ય સ્વરૂપનો વિચાર કરતાં પોતે પ્રેમવિભોર બની જાય છે અથવા પ્રવૃત્તિ કરતાં તેને પોતાના પ્રિય પ્રભુનું સ્મરણ રહ્યા કરે છે તેમ તેનું ધ્યાન અને તેની ઈચ્છા પણ તે જ સ્થળે કેન્દ્રિત થાય છે. પ્રભુસ્મૃતિ વિના તેનું ચિત્ત ક્યાંય સ્થિરતા પામતું નથી. આ સ્વભાવદશાને હૃદયની સોંપણી કહી શકાય. આ સોંપણી સંબંધમાં જે

અન્ય ભાવો પ્રગટરૂપ થવા જોઈએ, તે સર્વ તે પવિત્ર-દશાના ફળરૂપ થાય જ છે. કેમ કે જ્યાં હૃદયની સોંપણી છે ત્યાં સરળતા છે, નિખાલસતા છે, નિષ્કપટતા છે, નિર્દંભતા છે, દોષો છૂપાવવાની અવૃત્તિ છે, દીર્ઘકાળથી દિલના ખૂણામાં સંઘરી રાખેલી ગુપ્તમાં ગુપ્ત વાત અભિન્નભાવે પ્રગટ કરવામાં અક્ષોભ છે તથા અહં સામે મમના ભાવોને અત્યંત ક્ષીણ કરી તેનો અભાવ કરવાની ઉચ્ચ અભિલાષા છે.

અગાઉ જણાવ્યું હતું કે સંસારવ્યવહારના સંબંધોમાં "તે મારા છે અને હું તેનો છું" એ જે પવિત્ર અને નિર્મળભાવ તે પ્રેમનું લક્ષણ છે, પ્રેમ છે. પરંતુ ઘણું કરીને તે ભાવ ક્ષણજીવી હોય છે ને તેથી બળહીન હોય છે. તેના સ્થાને તરત જ અપેક્ષા સહિતનો સ્વાર્થ-યુક્ત ભાવ જેને રાગ કહે છ, તે મુખ્યપણે વર્તતો જોવામાં આવે છે. પ્રેમના યથાર્થ શુદ્ધ સ્વરૂપના અજાણ-પણાને લીધે તે રાગને ભૂલથી પ્રેમના ઉજ્જવળ નામે ઓળખવામાં આવે છે; પરંતુ વાસ્તવમાં તે તેમ નથી, એ લક્ષગત થવામાં હવે કોઈ મુશ્કેલી નડતરરૂપ થાય તેમ નથી. વળી આથી એ પણ જણાશે કે પ્રેમ મોંઘો છે, સસ્તો નથી, તેની પ્રાપ્તિ દુર્લભ છે, સુલભ નથી. કેટલીકવાર ઘણા જીવો પોતાની વ્યવહારિક ફરજો ખૂબ વફાદારીથી અને ઝીણવટભરી કાળજીથી બજાવતા હોય છે, ત્યાં તે કાર્ય પ્રેમના સ્વરૂપના પ્રભાવથી થાય છે એમ નિશ્ચયપણે કહી શકાય તેમ નથી, કેમ કે પ્રેમના શીતળ

અને શાંતિદાયક ઉમળકા વિના અને રાગના ઉષ્માભર્યા ભાવથી અથવા કેવળ ફરજ પૂરી કરવાના બળવાન હેતુથી તેવાં કાર્યો થઈ શકે છે. પ્રેમનું સ્વરૂપ તો દિવ્ય, અલૌકિક, નિઃસ્પૃહ અને પ્રભુની પ્રસાદીરૂપ છે. તેની ઊંચામાં ઊંચી વ્યાખ્યા કરતાં અગાઉ જણાવ્યું હતું કે પ્રેમ એટલે હૃદયની સોંપણી. આ સોંપણી કરવાનું કાર્ય કેટલું કઠણ છે તે તેમ કરવાની ઇચ્છાવાળાને સહેલાઈથી સમજાશે. તેમ કરવા માટે પ્રથમ જણાવ્યા હતા તે ગુણો ઉપરાંત પ્રમાણિકતાની ખૂબ આવશ્યકતા છે. તે સર્વ ગુણોની પ્રગટતા અને વર્ધમાનતા પ્રેમમૂર્તિ, કરુણામૂર્તિ અને શાંતમૂર્તિ પ્રભુમાં એટલે પ્રભુસ્વરૂપ શ્રીગુરુમાં પ્રેમ કરવાથી થાય છે. તે વિશુદ્ધ પ્રેમના બળથી દોષોને હાર ખાવી પડે છે અને પ્રભુજીના પ્રેમીભક્તથી દૂર ને દૂર જવું પડે છે. શ્રીગુરુ પ્રત્યેનો પ્રેમ જેમ જેમ વધે છે, તેમ તેમ હૃદયની સોંપણીના પવિત્ર પંથમાં આગળ વધી શકાય છે.

હૃદયની સોંપણીને સાથ આપનાર, ટેકો દેનાર અને ઊજ્જવળતાના વિકાસ તરફ લઈ જવામાં સહાય કરનાર છે બુદ્ધિની સોંપણી. સજીવનમૂર્તિ ભગવાનરૂપ સત્પુરુષમાં પ્રેમ આવવાની સાથે જ શ્રદ્ધાનું તેજ પણ પ્રકાશિત હોય છે, કેમ કે પ્રેમ અને શ્રદ્ધાની ઉપકારી જોડી ક્યારેય છૂટી પડતી નથી. જે પ્રભુસ્વરૂપ શ્રીગુરુનો પ્રેમી છે, તેને શ્રીગુરુમાં અને તેમનાં સ્વમુખેથી કહેલાં શાસ્ત્રસ્વરૂપ વચનોમાં પૂર્ણ શ્રદ્ધા અવશ્ય હોય છે. તેથી તે

કારણે તેનામાં વચનોની સત્યતા સંબંધે કોઈ તર્ક વિતર્ક, વિકલ્પ કે અન્ય પ્રકારના વિચાર ઉદ્ભવ પામતા નથી; સરળ હૃદયી પ્રભુપ્રેમી પ્રભુનાં વચનને, આદેશને કે માર્ગદર્શકરૂપ આજ્ઞાને પોતાની મર્યાદિત બુદ્ધિની એરણ પર મૂકી કસોટી કરવા ક્યારે પણ ઇચ્છા કરતો નથી, પરંતુ બુદ્ધિના ઉપયોગને દૂર રાખી પ્રભુનાં વચનને હૃદયથી માન્ય રાખે છે. કોઈ વાર ચકાસણી કરવાના શુભ હેતુએ પ્રભુસ્વરૂપ શ્રીગુરુ તેને એવા પ્રશ્નો કરે કે જેના ઉત્તરમાં પ્રેમીભક્તને પોતાની ક્ષતિ, ગુપ્ત દોષ આદિ ખુલ્લાં કરવાં પડે તો પણ તે પ્રેમાશ્રયી સ્વાર્થબુદ્ધિનો સાથ લેતો નથી અને કોઈ પણ પ્રકારના સંકોચ વિના પૂછાયેલા પ્રશ્નોનો સત્યતાએ જવાબ વાળે છે, દોષોનો સ્વીકાર કરે છે અને ક્ષમાયાચના પણ કરે છે. શ્રીગુરુના પૂછવાની વાત દૂર રહો; પ્રેમયાત્રામાં કંઈક આગળ વધેલા અને પ્રેમનું મધુર વેદન જેણે કર્યું છે એવા પ્રભુપ્રેમીને દિલની પેટીમાં સંઘરી રાખેલા પૂર્વના ગંભીર દોષો અને ન કહી શકાય તેવા પ્રસંગો શલ્યની જેમ ખૂંચીને જે પીડા આપતા હોય છે, તે બધાને સ્વેચ્છાએ પ્રભુ સમક્ષ પ્રગટ કરે છે અને દોષની માફી માગી હળવાશ અનુભવે છે. આમ પ્રભુપ્રેમી પોતાની જીવનપોથીનાં જે જે મેલાં પાનાં છે તે તે સર્વ પરમ દયાળુ અને કૃપાવંત પ્રભુ પાસે ઉઘાડાં કરે છે, રાખે છે. શ્રીગુરુ પ્રત્યેની અડોલ અને અવિચળ શ્રદ્ધા, તેમના વચનમાં શ્રદ્ધા, તેમના આદેશ પ્રતિ બહુમાન સહિતની શ્રદ્ધા અને કોઈ પણ વિકટ પરિસ્થિતિમાં

નિષ્કપટ અને પ્રમાણિકભાવ હોય ત્યાં બુદ્ધિની સોંપણી છે. જેટલી હૃદયથી ગુપ્તતા રાખવામાં આવે તેટલી સોંપણીની કચાશ છે. કેમ કે ત્યાં દોષવાળી વ્યવહાર-બુદ્ધિનો ઉપયોગ છે. જ્યાં જેટલે અંશે આવા પ્રકારની બુદ્ધિનો ઉપયોગ છે, ત્યાં તેટલે અંશે હૃદયની સોંપણીની ન્યૂનતા છે. હૃદયની સોંપણી અને બુદ્ધિની સોંપણી પરસ્પર સંબંધિત છે તેમ આધારભૂત છે.

સંસારના વ્યવહારજીવનમાં હૃદયની સોંપણી તેના સાચા અર્થમાં થઈ શકતી નથી, કારણ કે ત્યાં સ્વેચ્છા-પૂર્વકની બુદ્ધિનો ઉપયોગ રહ્યો છે. તેવી બુદ્ધિમાં તર્ક કે વિકલ્પ ઊઠે છે કે પોતાના હૃદયમાં રહેલી ગુપ્ત વાતો જો પ્રગટ કરવામાં આવે તો માનભંગ થવાશે, અથવા પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે, અથવા કદાપિ તેનો સંભવિત દુરુપયોગ થાય તો અનિષ્ટ થશે એવી ભીતિ અંતરમાં ઘર કરીને રહેલી હોય છે. તે ભીતિના હાઉથી હૃદયની સોંપણી કરવી દુષ્કર બને છે. સામાન્ય-પણે જોતાં પતિ–પત્નીના સંબંધમાં જે નિકટતા રહી છે તેને લીધે હૃદયના ધબકારની એકરૂપતા માનવામાં આવે, પરંતુ ઊંડાણથી જોતાં ત્યાં પણ હૃદયની સોંપણી તેના સાચા સ્વરૂપે નથી તે સહુના અનુભવની વાત છે. સંસારમાં જે લગભગ આદર્શ સ્નેહના બંધનથી બંધાયેલા છે એવી એ પતિ–પત્નીની જોડી સંબંધે પૂરી હૃદયની સોંપણી હોઈ શકતી નથી તો બીજા સગપણ સંબંધે કે

મિત્રાદિ સંબંધે તેની શકયતા કેમ હોય? જેમ હૃદયની સોંપણી સંબંધમાં તેની કઠિનતા કહી બતાવી, તે જ પ્રમાણે બુદ્ધિની સોંપણી પણ તેના સાચા અર્થમાં થઈ શકવી અત્યંત કઠણ છે; તેનું કારણ એ છે કે ત્યાં પ્રેમના સ્વરૂપની જે પ્રગટતા હોવી જોઈએ તે થઈ નથી. પ્રેમ હોય ત્યાં તેના પવિત્ર સાથીદારો, ટેકેદારો અવશ્ય હોય છે અર્થાત્ ત્યાં સરળતા, નિખાલસતા, નિષ્કપટતા, પ્રમાણિકતા આદિ ગુણો હોય છે અને તે સહાયકારી ગુણો બુદ્ધિની સોંપણી કરવા પ્રેરણા કરે છે એટલું જ નહીં પણ સાથ આપી સોંપણીના કાર્યને ઊર્ધ્વગામી બનાવે છે. અને પ્રેમ ન હોય ત્યાં સુધી બુદ્ધિની સોંપણી થઈ શકતી નથી. પ્રેમનો પ્રભાવ જ કોઈ એવો આશ્ચર્યકારક છે કે તે પોતાના બુદ્ધિપૂર્વકના વિકલ્પોનો અભાવ કરી ઈષ્ટ પ્રેમપાત્ર પાસે હૃદયને ખુલ્લું કરે છે અને દીર્ઘકાળની સંગૃહિત વાતો ને પ્રસંગોની સામગ્રીને બહાર કાઢી ખાલી કરે છે. જેટલા પ્રમાણમાં પ્રેમનું પ્રાબલ્ય તેટલા પ્રમાણમાં હૃદયની સોંપણી તથા બુદ્ધિની સોંપણી હોય છે. અગાઉ શરૂમાં જણાવ્યું હતું તેમ પ્રેમ પ્રેમથી વિકસે છે એટલે પ્રેમ કરવાથી પ્રેમ વધે છે. પ્રેમને પૂર્ણતા સુધી લઈ જઈ પ્રભુ બનવાનો કામી પ્રભુભક્ત પ્રભુ પ્રત્યે પ્રેમની અખંડ ધારા વહે એવી ભાવના ભાવ્યા કરે છે અને તેમ થવા માટે આગળ દર્શાવેલ નવ નિમિત્તો તથા બીજાં તેવાં કારણોનો ભાવાશ્રય કરે છે. એ બીજાં કારણોનો પ્રકાર પણ

બુદ્ધિથી ન સમજાય એવો વિસ્મયજનક છે, ચમત્કારિક છે અને તેથી તે પ્રભુપ્રેમની વૃદ્ધિ માટે ઉપકારી થાય છે.

હૃદયની સોંપણી તથા બુદ્ધિની સોંપણીના સંક્ષિપ્ત વર્ણન પરથી સહજ જણાવા યોગ્ય છે કે બંને અવસ્થાઓના ગર્ભમાં ઇચ્છાની સોંપણી કોઇ ને કોઈ પ્રકારે અને અંશે પ્રગટપણે વા અપ્રગટપણે રહી છે. પ્રેમ અને શ્રદ્ધાનું જે અનિવાર્ય અને અવશ્ય ઈષ્ટ ફળ છે તે અર્પણતા છે. પ્રભુસ્વરૂપ શ્રી ગુરુમાં પ્રેમ અને શ્રદ્ધાનું જેટલું પ્રમાણ હોય તેટલા પ્રમાણમાં અર્પણતાનો ઉઘાડ હોય છે. અર્પણતાની વ્યાખ્યા કરી સમજૂતિ આપીએ તો અર્પણતા એટલે ઇચ્છાની સોંપણી, પોતાની સ્વતંત્ર ઇચ્છાનો ત્યાગ અથવા દીર્ઘકાળના ગુપ્ત રહેલા મહાન શત્રુઓ અહંકાર ને મમકારનો ત્યાગ. જેમ જેમ કરુણામૂર્તિ શ્રી ગુરુમાં તેમનાં અમૃતસ્વરૂપ વચનોથી, પવિત્ર સમાગમથી, આનંદપ્રદ પરિચયથી તથા અગાઉ દર્શાવેલાં ઉપકારી નિમિત્તોથી પ્રેમ વિકસે છે અને પ્રેમની ઊંચી અને આકર્ષક સીડીના ઉપર ઉપરનાં પગથિયાં પર આરુઢ થવાનું પ્રેમીજનથી બનતું જાય છે, તેમ તેમ પ્રભુની ઉલ્લાસપ્રેરક સ્મૃતિ તેને વિશેષપણે રહ્યા કરે છે એટલું જ નહીં પણ એ પ્રેમના પવિત્ર પ્રભાવથી અર્પણતાની માત્રા વધતી જાય છે. અર્પણતાની શકિત અસીમ અને અચિંત્ય છે; તેનાં ફળ અદ્‌ભુત અને ઉત્તમ છે. તેના સામર્થ્યથી જગની મોહિની ઘટતી જાય છે; જગતના

પદાર્થો પ્રત્યેની મમતા તૂટતી જાય છે અને સ્પૃહાવાળા ભાવોનો અભાવ સહજ થતો જાય છે, થાય છે અર્થાત્ એવી અંતરંગ આત્મદશા કષ્ટ સહ્યા વિના કે પરિશ્રમ વેઠયા વિના સાધ્ય થાય છે; એ જ અર્પણતાનો મહિમા છે. અહીં કહી તે દશા ઇચ્છાના ત્યાગથી સંપ્રાપ્ત થાય છે અને તે વિના તેમ બનવું સંભવિત નથી તે સમજાય તેવું છે. પ્રેમમૂર્તિ શ્રી ગુરુમાં પ્રેમ અને શ્રદ્ધા વિશુદ્ધતા પ્રત્યે આગળ વધતાં જાય છે, તેમ બુદ્ધિના ઉપયોગની ઈચ્છા ન્યૂનતાને પામતી જાય છે. જે કંઈ વર્તમાનમાં બની રહ્યું છે અથવા ભાવિમાં બનશે તે સઘળું શ્રી ગુરુને અર્પણ કરવામાં આવતું હોવાથી ત્યાં સ્વેચ્છાની નિવૃત્તિ છે અથવા ઈચ્છાની સોંપણી છે; તેવી સ્થિતિમાં અકળાવનારા વિકલ્પો તૂટે છે અને કલ્પિત વિચારોની ટેકરી સપાટ થતી જાય છે. આના પરિણામે આત્મસ્થિરતા વધે છે અને આત્મશાંતિ અનુભવગમ્ય થાય છે.

પ્રભુસ્વરૂપ શ્રીગુરુમાં પ્રેમ અને શ્રદ્ધા કરવાથી અર્પણતાનો જન્મ થાય છે તે વાત તો હવે સુવિદિત છે. જન્મકાળે અર્પણતાનું બળ અત્યંત ન્યૂન હોય તે સમજાય તેવું છે, પરંતુ તે ક્રમે ક્રમે પ્રેમ અને શ્રદ્ધાના વિકાસ સાથે પુષ્ટિ પામી વધતું જાય છે. એ બંને ગુણોના વિકાસ માટેના નવ નિમિત્તો અગાઉ જણાવ્યાં હતાં તે ઉપરાંત એ ગુણોના એટલે પ્રેમ અને શ્રદ્ધાના ઝડપી વિકાસનાં બીજાં બે કારણો છે તે અત્ર જણાવીએ છીએ.

યોગ્યતાનુસાર યોગ્ય સમયે પરમ કૃપાવંત શ્રીગુરુ પોતાના પ્રેમી સુશિષ્યને (૧) પોતાની કોમળ દૃષ્ટિથી અથવા (૨) પવિત્ર સ્પર્શથી બળ આપે છે. શ્રીગુરુ આજ્ઞાંકિત પ્રેમાળ શિષ્યને ત્રણ પ્રકારે પ્રગટતાએ સહાય કરે છે. (૧) વચનબળથી (૨) દૃષ્ટિબળથી અને (૩) સ્પર્શબળથી અને અપ્રગટતાએ તેમના થકી અપાતી સહાય ઘણું કરીને ગુપ્ત રહી છે. શ્રીગુરુનાં દૃષ્ટિબળ અને સ્પર્શબળથી તત્કાળ ચમત્કારિક ને આશ્ચર્યમાં મૂકી દે એવાં પરિણામ આવે છે. દૃષ્ટિથી કે સ્પર્શથી બળપ્રદાન કરવાથી શ્રીગુરુ શિષ્યની દશામાં તે જ વેળાએ સુખરૂપ વિકાસ કરાવે છે તેમ આત્મસ્થિરતા અથવા ધ્યાનાવસ્થાનો અનુભવ કરાવે છે, જેનાં પરિણામે આત્મશાંતિનું સ્પષ્ટ વેદન થાય છે. આ બંને પ્રકારના બળનાં ફળ સંબંધી જેટલું કહેવાય તેટલું ઓછું છે.

પ્રભુના પ્રેમી ભક્તને પ્રેમનું અને શ્રદ્ધાનું શુદ્ધ સ્વરૂપ જેમ છે તેમ બરાબર સમજાયું છે અને તેની વિશેષ નિર્મળતા થવા અર્થે તે સ્વરૂપને વિચારી વિચારીને અંતરમાં દૃઢ કરે છે તથા આચારમાં ઉતારે છે. શ્રી ગુરુનાં બોધવચનો અને પ્રેમસ્વરૂપને દર્શાવનારાં અપૂર્વ વચનો તે કાર્યમાં સહાયભૂત થાય છે. નારદ ભક્તિસૂત્રમાં પ્રેમભક્તિ સંબંધે બતાવેલ ભાવો તેમ શ્રીમદ્ ભાગવતમાં પ્રેમલક્ષણા ભક્તિની સમજૂતિ આપતા ભાવો પોતાની સમજણ સાથે એકરૂપ હોઈ તેને અતિ આનંદ થાય છે; તેથી તે સર્વ વચનોના સારની નોંધ કરવા પ્રેરાય છે ને કરે છે.

ભગવાનની કૃપાથી પ્રેમમૂર્તિ શ્રીગુરુનો સત્સંગ મળે છે. આ સત્સંગની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે, અગમ્ય છે અને અમોઘ છે. એ સત્સંગના યોગે સત્સંગી ભક્તને પ્રભુસ્વરૂપ શ્રી-ગુરુમાં પ્રેમ આવે છે. એ પ્રેમ વિકસે છે અને પૂર્ણતા તરફ જાય છે.

"પ્રેમનું સ્વરૂપ વચનાતીત છે. કોઈ મહાભાગ્યવંત વિરલ પાત્રમાં એવો પ્રેમ પ્રગટ થાય છે, પ્રેમ કામના રહિત, પ્રતિક્ષણ વૃદ્ધિ પામતો, વિચ્છેદ રહિત, સૂક્ષ્માતિ-સૂક્ષ્મ અને અનુભવરૂપ છે. તેવા પ્રેમને પામીને પ્રેમી પ્રેમને જ જુએ છે, પ્રેમને જ સંભારે છે, પ્રેમને જ સાંભળે છે, પ્રેમનું જ વર્ણન કરે છે, પ્રેમનું જ ચિંતન કરે છે અને તેમ કરીને પ્રેમને ખૂબ વિકસાવે છે."

"પ્રભુ સ્વરૂપ શ્રીગુરુ પ્રત્યે અમૃતસ્વરૂપ પ્રેમભક્તિ પામીને પ્રભુપ્રેમી કોઈ અન્ય ઉપાધિરૂપ વસ્તુની ઇચ્છા કરતો નથી. સંયોગ વિયોગ કે ખેદજનક પ્રસંગોમાં શોક કરતો નથી. નિંદા, અપમાન, અવગણના આદિ વિષમ નિમિત્તો હોવા છતાં દ્વેષ કે ક્રોધ કરતો નથી, તથા તે કોઈ પદાર્થમાં પ્રીતિ આસક્તિ કરતો નથી, કેમકે તેની પ્રેમભક્તિ કામનાયુક્ત નથી, તે વિરોધસ્વરૂપ છે."

"પરમાત્મારૂપ પ્રેમમૂર્તિ શ્રી ગુરુમાં પ્રેમ કરવાથી પ્રેમને વિકસાવી પૂર્ણતા તરફ લઈ જવાથી જ સત્યસ્વરૂપે આનંદ, સુખ અને શાંતિ મળે છે, અને તે જ સાધનના આરાધનથી પ્રેમીજન પોતે પરમાત્મરૂપ થાય છે."

આ પ્રમાણભૂત વચનોનાં અવલંબને પ્રેમીભક્ત પ્રેમની પૂર્ણતા સાધવાના કાર્યમાં ઉદ્યમી થાય છે; તે ઉત્તરોત્તર હૃદયની અને બુદ્ધિની સોંપણી શ્રી ગુરુનાં શ્રી ચરણમાં મૂકતો જાય છે; તે કાર્યની વિશેષ સફળતા માટે બીજા ઉપકારી નિમિત્તોનો આશ્રય પણ તે કરે છે; તેને અનુભવથી લાગે છે કે હૃદયની સોંપણી કરવાથી શૂળીની પેઠે પીડા આપતા શલ્યો દૂર થાય છે અને બુદ્ધિની સોંપણી કરવાથી મગજ પરનો ભાર હઠવાથી મીઠી હળવાશનું વેદન થાય છે. આ બંને પ્રકારની સોંપણીના ગર્ભમાં અર્પણતા એટલે ઈચ્છાની સોંપણી રહી છે તે વાત હવે સુવિદિત છે; તેમ છતાં તે અર્પણતા તેના મૂળભૂત શુદ્ધ સ્વભાવવાળી હોતી નથી. અર્થાત્ વ્યાખ્યામાં અર્પણતા એટલે ઈચ્છાની સોંપણી એમ જે કહ્યું છે, તેવા ચોકખા સ્વરુપની હોવી સંભવિત નથી. પ્રેમમાર્ગનો પ્રેમી પ્રવાસી માર્ગના બે ભાગનું અંતર કાપે છે અને એક ભાગનું અંતર બાકી રહે છે ત્યારે તે મહાભાગ્યવંત પ્રભુપ્રેમી સાચાસ્વરુપની અર્પણતાનો અધિકારી થાય છે. આ વિધાનને વિશેષ સમજવા માટે આ નિબંધના પ્રથમ ભાગમાં પ્રભુસ્વરુપ મહાપુરુષ માટે હૃદયમાં બીજારોપણ થયા પછી પ્રેમના વિકાસથી મુખ્ય ગુણોના પ્રાકટ્યનો પ્રકાર વર્ણિત કરેલ છે, તે જોઈ જવો લાભદાયી થશે. ત્યાં સરળતા સુધીનાં પ્રથમના ઉઘડતા આઠ ગુણો દર્શિત કર્યા છે તે વિભાગને પ્રેમપંથનો પહેલો ભાગ કહી શકાય ! ત્યાર

પછીના વિશેષ ઉપકારી ઉદારતા સુધીના ગુણો બતાવ્યા છે તે વિભાગને પ્રેમમાર્ગના બીજા ભાગ તરીકે લેખવી શકાય; અને ત્યાર પછી અર્પણતાથી પૂર્ણતા સુધીના વર્ણન કરેલ વિભાગને પ્રેમમાર્ગનો ત્રીજો ભાગ કહી શકાય.

અર્પણતા તેના ઠીક સ્વરુપમાં પ્રગટ્યા પછી તે ભાગ્યવંત પ્રેમીભક્તની ઈચ્છાઓ, વૃત્તિઓ, લાગણીઓ અને ભાવો ખૂબ ઉપશાંત થયાં હોય છે, અહં અને મમનો મદ ગળી ગયો હોય છે, શુદ્ધ પ્રેમના ઉત્કૃષ્ટ સ્વરુપમાં જ તેની સહજ રમણતારુપ સ્થિતિ હોય છે. પ્રેમમૂર્તિ શ્રી ગુરુનાં પવિત્ર ચરણોમાં ઇચ્છાની સોંપણી કરવાથી શુદ્ધ પ્રેમાકાંક્ષી શિષ્ય નિરાસક્ત, નિઃસ્પૃહ અને નિર્ભય થવાથી અત્યંત અંતરંગ શીતળતા અને શાંતિ અનુભવે છે, તેના સુખની કોઈ સીમા નથી; તેની શાંતિની કોઈ અવધિ નથી. કેમકે આ દશાએ પ્રેમ–શ્રદ્ધા –અર્પણતાની ત્રિપુટીનો સંગમ છે, તે ત્રણે ભાવોની એકરુપતા છે; અથવા પ્રેમમૂર્તિ પ્રભુ અને પ્રભુના પ્રેમી વચ્ચે અભેદભાવ થઈ જાય છે અને એ પ્રેમીભક્ત અથવા હવે ભગવાન પ્રેમમાર્ગમાં વેગથી ચાલીને શેષ ભાગ પૂરો કરે છે અથવા કહો કે પ્રેમની પૂર્ણતાને પામે છે. અહીં શુદ્ધ આત્માના સમસ્ત ગુણો જે પ્રગટ્યા છે તે પૂર્ણતાને પામે છે. આ પૂર્ણતા એટલે મૌનતા અથવા શાંતતા. ગુણોનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્વરુપ એટલે જ મૌનતા.

---

સંપૂર્ણ

# પ્રેમ સંબંધી વચનામૃત

## શ્રીમદ્ ભાગવત :

◆ પ્રેમનું સ્વરુપ વચનાતીત છે. કોઇ મહા ભાગ્યવંત વિરલ પાત્રમાં એવો પ્રેમ પ્રગટ થાય છે, પ્રેમ કામના રહિત પ્રતિક્ષણ વૃદ્ધિ પામતો, વિચ્છેદ રહિત, સૂક્ષ્માતિ સૂક્ષ્મ અને અનુભવ રૂપ છે. તેવા પ્રેમને પામીને પ્રેમી પ્રેમને જ જુએ છે, પ્રેમને જ સંભારે છે, પ્રેમને જ સાંભળે છે, પ્રેમનું જ વર્ણન કરે છે, પ્રેમનું જ ચિંતન કરે છે અને તેમ કરીને પ્રેમને ખૂબ વિકસાવે છે.

◆ પરમાત્મરૂપ પ્રેમમૂર્તિ શ્રી ગુરુમાં પ્રેમ કરવાથી, પ્રેમને વિકસાવી પૂર્ણતા તરફ લઈ જવાથી જ સત્યસ્વરૂપે આનંદ, સુખ અને શાંતિ મળે છે, અને તે જ સાધનના આરાધનથી પ્રેમીજન પોતે પરમાત્મરૂપ થાય છે.

## નારદ ભક્તિ સૂત્ર :

◆ ભગવાનની કૃપાથી પ્રેમમૂર્તિ શ્રી ગુરુનો સત્સંગ મળે છે. આ સત્સંગની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે, અગમ્ય છે અને અમોઘ છે. એ સત્સંગના યોગે સત્સંગી ભક્તને પ્રભુ

સ્વરુપ શ્રી ગુરુમાં પ્રેમ આવે છે. એ પ્રેમ વિકસે છે અને પૂર્ણતા તરફ જાય છે.

◆ પ્રભુસ્વરૂપ શ્રી ગુરુ પ્રત્યે અમૃત સ્વરૂપ પ્રેમ ભક્તિ પામીને પ્રભુપ્રેમી કોઈ અન્ય ઉપાધિરૂપ વસ્તુની ઈચ્છા કરતો નથી; સંયોગ–વિયોગ કે ખેદજનક પ્રસંગોમાં શોક કરતો નથી; નિંદા, અપમાન, અવગણના આદિ વિષમ નિમિત્તો હોવા છતાં દ્વેષ કે ક્રોધ કરતો નથી તથા તે કોઇ પદાર્થમાં પ્રીતિ આસક્તિ કરતો નથી. કેમકે તેની પ્રેમભક્તિ કામના યુક્ત નથી. તે દોષના નિરોધ સ્વરૂપ છે.

## શાંડિલ્ય :

◆ જ્યારે પ્રભુ પ્રત્યે પ્રેમનું આકર્ષણ ઊંડાણમાં જઇ વધે છે ત્યારે પ્રેમનો વિકાસ ત્રણ અવસ્થામાં થાય છે તે સત્ય છે.

પ્રથમ અવસ્થામાં હૃદયમાં ઉદ્‌ભવતી પ્રેમની ભીની, કોમળ અને પાતળી લાગણી ઉષ્માભર્યા પ્રેમમાં તીવ્રપણે પરિણમે છે. તેની બીજી અવસ્થામાં તે લાગણી ઝળહળ સ્વરૂપી પ્રેમમાં સ્થિર થાય છે અને છેલ્લી અવસ્થામાં પ્રભુ પ્રત્યેના અતિ પ્રેમમાં ભળી જઈ પ્રભુ સાથે એકરૂપ થાય છે.

## સંત કબીર ( વચનાવલીમાંથી )

◆ જો ઘટ પ્રેમ ન સંચરે સો ઘટ જાન મસાન,<br>
જૈસે ખાલ લોહાર કી સાંસ લેત બિનુ પ્રાન.

જે જીવનમાં પ્રેમનો સંચાર થયો નથી તેને સ્મશાન જ સમજી લેવું. શ્વાસ તો લુહારની ધમણ પણ લે છે. પરંતુ એમાં પ્રાણ ક્યાં છે? (પ્રેમ જ પ્રાણરૂપ છે. પ્રેમ વિનાનું શરીર લુહારની ધમણ જેવું નિષ્પ્રાણ છે.)

◈ પ્રીતિ જો લાગિ ધુલ ગઈ, પૈઠિ ગઈ મનમાહિં;
રોમ રોમ પિઉ પિઉ કરૈ, મુખકી સરધા નાહિં.

આ પ્રેમ તો લાગતાંની સાથે જ મનમાં એકરસ થઈને એવો તો ઊતરી ગયો છે કે રોમ રોમ હવે 'પિયુ પિયુ' પોકારે છે. હવે મોઢાનો વિશ્વાસ રહ્યો નથી.

◈ કબિરા પ્યાલા પ્રેમકા, અંતર લિયા લગાય;
રોમ રોમ મેં રમિ રહા, ઔર અમલ કયા ખાય.

કબિરાએ તો હૈયાથી પ્રેમનો પ્યાલો ગટગટાવ્યો છે, એ અફીણનો નશો રોમ રોમમાં વ્યાપી રહ્યો છે. પછી હવે બીજા કોઈ નશાની જરૂર શી?

◈ સબૈ રસાયન મૈં કિયા, પ્રેમ સમાન ન કોય;
રતિ એક તન મેં સંચરૈ, સબ તન કંચન હોય.

મેં બધાયે રસાયણ અજમાવી જોયાં, પણ પ્રેમની તોલે તો કોઈ જ નથી. જો રતિભાર પ્રેમ પણ દેહમાં ઊતરે તો આખીએ કાયા કંચનની થઈ જાય.

◈ રાતા માતા નામ કા, પીયા પ્રેમ અઘાય;
મતવાલા દીદારકા, માંગે મુક્તિ બલાય.

જેણે ધરાઇને પ્રેમરસ પીધો છે, જે અખંડ રામ નામમાં રાતો માતો છે અને જે હરિ દર્શન પામીને મસ્ત છે, તેને મુક્તિની કંઈ જ પડી નથી.

શ્રીમદ્ રાજચંદ્ર:

◈ કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે. એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે, એવી જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે.

◈ પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તો પણ કરવો યોગ્ય જ છે. સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મય ભક્તિ રહેતી નથી અને એકતાર સ્નેહ ઉભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે.

◈ એક પુરાણ પુરૂષ અને પુરાણ પુરૂષની પ્રેમ સંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રૂચિ માત્ર રહી નથી. કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી. વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી. જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ–મિત્રમાં ભેદ ભાવ રહ્યો નથી અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ.

◈ અખંડ પ્રેમ ખુમારી જેવી પ્રવહવી જોઇએ તેવી પ્રવહતી

નથી, એમ જાણીએ છીએ. આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ નિશ્ચળપણે જાણીએ છીએ.

◈ અખંડ એવો હરિરસ પરમપ્રેમે અખંડપણે અનુભવતાં હજુ ક્યાંથી આવડે? અને જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાં સુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી....

## સ્વામી શિવાનંદજી :

◈ ઇશ્વર પ્રેમ છે અને પ્રેમ ઇશ્વર છે. પ્રેમ આનંદમાં મળી જાય છે. પ્રેમ જ આ વિશ્વમાં સર્વ પ્રાણીઓનું ભરણપોષણ કરે છે. પ્રેમ જ માનવીને બ્રહ્મત્વનું પરમપદ પ્રાપ્ત કરાવે છે. પ્રેમ તો આત્મજ્ઞાનરૂપી મહેલની ચાવી છે. ક્રિયાત્મકરૂપે પ્રેમ એ જ સેવા અથવા દાન છે. પૂર્ણ પ્રેમ એ જ સત્, ચિત્ત, આનંદ છે.

◈ હૃદયની સરળતા, શ્રદ્ધા અને પવિત્રતા હશે તો ભક્તિ દ્વારા ભગવાનને પામવા મુશ્કેલ નથી અને એના જેવી જીવનમાં બીજી મધુરતા પણ નથી.

## રામકૃષ્ણ પરમહંસ :

◈ જ્યારે પ્રભુ પ્રત્યેનો પ્રેમ ભક્તમાં જાગૃત થાય છે ત્યારે પ્રભુ તેના આત્માને પોતા પ્રત્યે લોહચુંબક માફક આકર્ષે છે.

◈ પ્રભુ આ ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી. આધ્યાત્મિક આરાધક જ્યારે પ્રભુપ્રેમમાં લીન થાય છે ત્યારે પ્રેમમય સૂક્ષ્મ શરીર, પ્રેમમય સૂક્ષ્મ ચક્ષુ, પ્રેમમય સૂક્ષ્મ કર્ણ વગેરે પ્રાપ્ત થાય

છે અને તેને લીધે તે પ્રભુને જોઇ શકે છે ને તેનો દિવ્ય ધ્વનિ સાંભળી શકે છે.

◈ સૂક્ષ્મ દેહમાં રહેલ પ્રેમમય આત્મા પ્રભુ સાથે વાતો કરે છે અને પ્રભુનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે.

◈ પ્રેમના ફળરૂપે પ્રભુપ્રેમીના દેહ, હૃદય ને આત્મા વિશુદ્ધ થઈ પવિત્રતાને પામે છે.

◈ પ્રભુપ્રેમના બે ઉત્તમ લક્ષણો છે.

૧. તે જગતની વિસ્મૃતિ કરાવે છે. પ્રભુ પ્રત્યેના ગાઢ પ્રેમમાં દુન્યવી વસ્તુઓ વિલય પામે છે, અર્થાત્ દષ્ટિ-ગોચર થતી નથી.

૨. જે પોતાને અત્યંત પ્રિય છે એવા દેહ પ્રત્યેનો મમત્વ-ભાવ અર્થાત્ મારાપણું છૂટી જાય છે અને દેહાત્મબુદ્ધિ ટળી જાય છે.

◈ ઓ મા! મને તારા પ્રેમમાં મસ્ત કરી દે. જ્ઞાન ને તર્ક કરવાની મને શી જરૂર છે? તારા પ્રેમ પીયૂષમાં મને તરબોળ કરી દે.

◈ આ જગતને વિષે આનંદ અર્થે કેટલાક હસે છે, કેટલાક રડે છે ને કેટલાક નૃત્ય કરે છે. જિસસ, બુદ્ધ, મોઝીઝ ગૌરાંગ વગેરે તારા પ્રેમ પીયૂષમાં ચકચૂર બન્યા હતા તો હે મા! તેઓની સુખપ્રદ હરોળમાં બેસીને આવું પરમ સુખ પ્રાપ્ત કરવા હું ક્યારે ભાગ્યશાળી થઈશ?

## સ્વામી વિવેકાનંદ :

- પ્રેમ બીજા પાસેથી કંઈ મેળવવાની ઇચ્છા કરતો નથી. તે તો સદા આપવાની વૃત્તિવાળો છે.

- પ્રેમ છે ત્યાં ભય નથી, પ્રેમ સર્વ દોષની નિવૃત્તિ કરે છે.

- પ્રભુનો ડર રાખવો ત્યાંથી ધર્મનો આરંભ થાય છે અને પ્રભુમાં પૂર્ણ પ્રેમ કરવો ત્યાં ધર્મની પૂર્ણતા હોઇ મૌનતા છે.

## માતાજી ( પોંડીચેરી )

- પ્રેમ એ વિશ્વની મહાન શક્તિઓમાંની એક છે. એ શક્તિ સ્વનિર્ભર છે, અને જે વ્યક્તિઓ દ્વારા તે આવિર્ભાવ પામે છે ત્યાં તે સ્વતંત્રપણે કાર્ય કરે છે.

પ્રેમની શક્તિ વિશ્વવ્યાપી છે; માટે તે અચેતન છે એવો એનો અર્થ નથી. ઊલટું એ શક્તિ પરમ ચેતનામય અને જ્ઞાનયુક્ત હોય છે.

પ્રેમના મૂળ સનાતન તત્ત્વમાં આસક્તિ, વાસના, સ્વામિત્વની ભૂખ, આત્મ પરાયણ લોલુપતા એ બધાંમાંનું કાંઇ હોતું નથી.

પ્રેમ પોતાના વિશુદ્ધ રૂપમાં, મનુષ્યના અંતરાત્માની ભગવાન સાથે મિલનની ઝંખનારૂપ જ હોય છે. એ ઝંખના નિરપેક્ષ હોય છે, કોઇ પણ ગણતરીથી પર હોય છે.

પ્રેમના દૈવી સ્પર્શથી તેનામાં રહેલાં બધાં ઉદાત્ત અને સુંદર તત્ત્વો જાગૃત બને છે, વિસ્તાર પામે છે.

પ્રેમના મૂળ સ્વરૂપ પ્રત્યે અને તેના સત્ય પ્રત્યે જેનું અંતર ખુલ્લું નહિ થયું હોય, તે ભગવાનની સમીપ નહિ જઈ શકે. જ્ઞાન માર્ગના અનુયાયીઓ પણ એક એવી ભૂમિકા ઉપર આવીને અટકે છે કે જ્યાંથી આગળ ગતિ કરવા માટે તેમણે પ્રેમની ભૂમિકામાં પણ પ્રવેશ કરવાનો રહે છે.

## પ્રભુ ભક્ત :

◈ જેમ રાગ કરવાથી રાગ વધે છે, દ્વેષ કરવાથી દ્વેષ વધે છે, ક્રોધ કરવાથી ક્રોધ વધે છે, અભિમાન કરવાથી અભિમાન વધે છે, માયા કપટ કરવાથી માયા કપટ વધે છે, ઇર્ષ્યા કરવાથી ઈર્ષ્યા વધે છે, લોભ કરવાથી લોભ વધે છે, તેમ જ પ્રેમ કરવાથી પ્રેમ વધે છે, પ્રેમની દોરી સુદૃઢ ને મજબુત થાય છે અને પ્રેમ ઉત્તરોત્તર વિકાસ પામીને પૂર્ણતા સુધી પહોંચે છે.

◈ પ્રભુપ્રેમથી આત્મજ્ઞાન પમાય છે,
આત્મજ્ઞાન એ જ સર્વ શ્રેષ્ઠ પ્રકાશ છે,
આત્મામાં લીન રહેવું એ પરમપવિત્ર તીર્થ છે,
તેમાં જ પરમ સુખને શાંતિ સમાયેલાં છે.

◈ પ્રેમ એ દિવ્ય આનંદનો ઝરો છે.
શાશ્વત આત્મશાંતિનો દૂત છે.
પ્રેમના અપૂર્વ સાધનથી પૂર્ણતા પામી
સ્વરૂપની પ્રકૃષ્ટ શુદ્ધતામાં લીન થવાય છે.

◈ હર્ષ શું હોત જીવનમાં
ને હર્ષ શું હોત મરણમાં
જો પ્રેમના રંગથી
ના રંગાયુ હોત હૃદય આ.

◈ પ્રેમ મૂર્તિ પ્રભુ સ્વરૂપ પુરુષના પવિત્ર દર્શનથી હૃદયના તાર ઝણઝણી ઉઠે અથવા ઉલ્લસિત ભાવથી રોમાંચ અનુભવાય તો સમજવું કે અનાદિની મોહમાયા દેવીની સામે રણમેદાને પડવા કરૂણામૂર્તિ ભક્તિદેવી તૈયાર થઈ રહી છે.

* * *

તેજ પુરુષના વારંવારના દર્શનથી તેમની મીઠી સ્મૃતિ આવ્યા કરે અને તેને લઈને જો હૃદયમાં પ્રેમ મંદીરના દ્વાર ખુલ્લા થતા જણાય અને માંહે તેજ પ્રકાશના દર્શન થાય તો માનવું કે માયાદેવીની અનાદિની પકડ શિથિલ થઈ રહી છે તથા પ્રેમમૂર્તિ પ્રભુના ચરણમાં જવા માટે તેની પ્રાપ્તિનો માર્ગ ભક્તિદેવીની કૃપાથી સુલભ બન્યો છે.

* * *

તેજ પુરુષના પવિત્ર અને ઉપકારી સમાગમ યોગના બળથી જો હૃદયના પ્રેમમંદિરમાં કમલાસન પર વિરાજીત પ્રેમમૂર્તિ પ્રભુના દર્શન થાય તો નિશ્ચયથી જાણવું કે મોહ-રાજાના રાજ્યના કિલ્લામાં તીરાડો પડવાનો મંગલ આરંભ થયો છે અને તે કિલ્લો તૂટુ તૂટુ થઈ રહ્યો છે, અથવા

ભક્તિદેવીની પ્રભાવના વધતી જાય છે તેમ તેમ ભક્તના હૃદયમાં જગતની વિસ્મૃતિ વધતી જાય છે અને સત્‌ના ચરણમાં રહેવાની વૃત્તિ અતિ અતિ દૃઢ થતી સ્પષ્ટ જોવા મળે છે.

* * *

પ્રેમના સ્પર્શ વિના સ્વરુપનું લક્ષ થતું નથી,
પ્રેમની આંખ વિના તત્ત્વનું દર્શન થતું નથી,
પ્રેમના પુષ્પ વિના પવિત્રતા પાંગરતી નથી,
પ્રેમના પ્રાણ વિના અર્પણતા ધબકતી નથી,
પ્રેમપીયૂષનાં પાન વિના અજરામર થવાતું નથી,
પ્રેમની પાંખ વિના અંનતના આરે જવાતું નથી,
પ્રેમનાં આલિંગન વિના પૂર્ણતા પમાતી નથી,
પ્રેમની વૃદ્ધિ વિના શુદ્ધિ ને સિદ્ધિ થતી નથી,
માટે હે પ્રેમસ્વરૂપ પ્રભુ !
હું તારી પ્રેમસમાધિમાં પ્રવેશી બાહ્યનું ભૂલી જઉં,
તારી પ્રેમસરિતામાં શાંતિથી તર્યા કરૂં,
તારા પ્રેમઝૂલામાં સદાય ઝૂલ્યા કરૂં,
તારા પ્રેમની મસ્તીમાં મસ્ત રહ્યા કરૂં,
અને
તારા નિર્મળ પ્રેમમાં કેવળ તરબોળ રહું,
એવું બળ આપજે,
એવી કૃપા કરજે.

卐

# પ્રેમ પ્રશસ્તિરૂપ અવતરણો

God is love and anyone who lives in love is living with God and God is living in him.

ઇશ્વર એ પ્રેમ છે અને જે કોઈ પ્રેમમય જીવન જીવે છે તે પ્રભુની સાથે જ રહે છે અને પ્રભુ તેનામાં વાસ કરીને રહે છે.

—સેઇન્ટ જ્હોન

Love is very patient and kind, never jealous or envious, never boastful or proud, never haughty or selfish or rude. Love does not demand its own way. It is not irritable or touchy. It rejoices whenever Truth wins out.

પ્રેમ ધૈર્યવંત ને દયાળુ છે. તેનામાં ઇર્ષ્યા કે અસૂયા નથી. તે કદી અભિમાન કરતો નથી કે બડાઇ મારતો નથી. પ્રેમ ક્યારેય પણ ગરમ સ્વભાવવાળો નથી, સ્વાર્થી નથી તેમ ઉદ્ધત પણ નથી. તે પોતાને જ અનુકૂળ એવી માગણી કરતો નથી, પ્રેમ ક્રોધ કે ચીડીયાપણાને વશ થતો નથી. સત્યનો જય થાય છે ત્યારે પ્રેમ આનંદ મગ્ન થાય છે.

—સેઇન્ટ પોલ

The Lord asks only two things of us :

love for His Majesty and love for our neighbour If we attain these two virtues perfectly we are doing His will and so shall be united with Him.

May His Majesty be pleased to give us grace so that we may deserve to reach this state, as it is in our power to do If we wish.

સંત પુરૂષ આપણી પાસેથી બે ભાવની અપેક્ષા રાખે છે :

૧ પ્રભુ પ્રત્યેનો પ્રેમ.

૨ માનવ પ્રત્યેનો પ્રેમ.

જો આપણે આ બે ગુણોને પૂર્ણપણે પ્રાપ્ત કરી શકીએ તો આપણે પ્રભુની ઇચ્છાનુસાર વર્તીએ છીએ એમ માની શકીએ અને તેના પરિણામે આપણી તેમની સાથે એકરૂપતા થશે.

પ્રભુની આપણા ઉપર એવી કૃપા વરસો કે જેથી કરીને આ ગુણોની પ્રાપ્તિ માટેની યોગ્યતા આપણે મેળવી શકીએ. જો તેના માટેની અભિલાષા સેવવામાં આવે તો તેની પ્રાપ્તિ થવી એ આપણા હાથની વાત છે.

Love is never idle, so failure to advance would be a very bad sign.

પ્રેમ એ ક્યારેય પ્રમાદી રહી શકતો નથી ( અર્થાત્ પ્રેમ વિકાસના સ્વભાવવાળો છે ) તેથી તેના વિકાસમાં નિષ્ફળતા હોવી એ એક અતિ ખરાબ નિશાની છે.

—St. Teresa of Avila

પ્રેમ સાક્ષાત્ ભગવાનનું મધુરતમ સુંદરતમ રૂપ છે, સત્ય છે, શિવ છે.

જ્યાં સુધી આત્મા પરમાત્માને પ્રેમથી વશ કરતો નથી ત્યાં સુધી સ્થાયી શાંતિ મળી શકતી નથી.

—આંકાલ રંગ નાયકી

Take away love and our earth is a tomb.

પૃથ્વી પરથી પ્રેમને હઠાવી લો અને તે એક કબર બની જશે.

—રોબર્ટ બ્રાઉનીંગ

Love is of all the passions the strongest, for it attacks simultaneously the head, the heart and the senses.

તમામ પ્રબળ લાગણીઓમાં પ્રેમ સહુથી બળવાન છે, કેમકે તે એક સાથે મગજ, હૃદય અને ઇન્દ્રિયો ઉપર આક્રમણ કરે છે (અને તેમને પોતાને વશ કરે છે.)

—વોલટેઅર

There is nothing holier in this life of ours, than the first consciousness of love, the first fluttering of its silken wings.

પ્રેમના ઉદ્ભવની પ્રથમ સ્પષ્ટ જાણ સિવાય તથા તેની મુલાયમ પાંખોના પ્રથમ ચેતનવંતા ફડફડવા સિવાય આપણા જીવનમાં બીજું કંઇ વધુ પવિત્ર નથી.

—લોંગફેલો.

Prema means oblivion of the body Senses and Surroundings and at the same time the experience of Nirvikalpa Samadhi.

પ્રેમ દેહ, ઇન્દ્રિયો અને સંજોગોનું વિસ્મરણ કરાવે છે અને સાથે સાથે તે નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ કરાવે છે.

—અજ્ઞાત

What's Love ? It's Natures' Treasure
'tis the Storehouse of her Joys;
'tis the Highest Heaven of Pleasure.
'tis a Bliss that never cloys.

પ્રેમ શું છે ? પ્રેમ એ કુદરતનો અમૂલ્ય ખજાનો છે.
પ્રેમ એ પરમાનંદનો નિધિ છે.
પ્રેમ એ ઊંચામાં ઊંચું સ્વર્ગીય સુખ છે.
પ્રેમ એવું પરમ સુખ છે કે જેનું અત્યંતપણું કદી મર્યાદિત થતું નથી.

-Thomas Chatterton

Love is the Star of Poetry.
Love is the Heart of Life.
And who has completed the Song of Love
Has achieved eternity.

પ્રેમ એ કવિતા દેવીનો ચમકતો તારો છે,

પ્રેમ એ જીવનનું ઉત્તમ હાર્દ છે,
અને જેઓએ પ્રેમનું સંગીત સંપૂર્ણપણે ગાયું છે તેઓ અક્ષયપદને પામ્યા છે.

-Friedrich Rueckert

" Love lends a Precious seeing to the Soul."
પ્રેમ જીવને દિવ્ય ચક્ષુ આપે છે.

—અજ્ઞાત

The English word for Prema is love. The letters comprising the word love are of great significance for They reveal the means to the realisation of the soul and also its full perfection, purity and Peacefulness.

L Stands for Longing

Longing for the liberation of the soul from outside bondage and also for the right experienced teacher for his help in destroying the bondage in toto. This obviously means true and selfless love for such a kind and gracious teacher.

O Stands for Obedience

obedience to the will and command of the teacher with whole heart and mind and soul without any reservation. It means complete self surrender: this will result automatically through the quality of sincere love for the Teacher. No special strenous

effort will be needed if one is sincere, anxious and upright in his loving.

V Stands for Victory

Victory over Self-delusion, infatuation, feelings of attachment and aversion, affection for the nearest and dearest friends and relations. In short victory over all that bind the naturally pure soul. Please remember love and affection mean quite differently, affection binds the soul with the rounds of a chord of karmas; while love in its progressive rise loosens and annihilates the knots of the chord of karmas and frees the soul. It clearly means with true love and careful obedience all victory comes to hand.

E Stands for Emancipation

Emancipation of the soul from the beginningless bondage is the final result of love, obedience and victory. It is quite easy to follow this logical reasoning. And emancipation means Emergence of the extreme purity and the absolute bliss of the soul.

—PRABHU BHAKTA

Love is the elixir for eternal living,
Where only supreme bliss is reigning.
Faith is an approach to the cup of elixir,
Ever filled with a fluid divinely super.

Obedience is the drinking and the taste
of the elixir that burns the inner waste.
Love is a way to reach the holy temple
Wherein resides the Self single and simple.
Faith is the belief and assurance
Of the Truth and its sole experience.
Obedience is the step leading one
To the seat of ever brightening Sun.
Love is an anchor to which is fixed
The Ship of Soul, pure and unmixed :
Faith is a rope thicker and stronger
Attached both to the Ship and anchor.
Obedience is journeying over the rope
To the place of Soul when all else elope.
Love is a tiny but all powerful boat
Over the waters of the sea and afloat :
Therein sits a lover with his Sight
Kept steady on Master's eye, So bright.
Faith is a tiny but all powerful seat
Removing all doubts and all deceit :
The lover is a lover of faith all true
So armed, he has a right to go all through.
Obedience is an implement called oars,
The lover holds them in hands with force
Love and faith provide mysterious energy

Propelling Oars to cross the sea with safety.
Love is a guiding star to Eternity,
Faith is a promise to embrace Purity;
Obedience is an award of priceless Unity.
Love presupposes a variety of conditions,
Love demands and commands true actions;
Love impels and compels worthy thinking,
Love blooms rediantly on all sacrificing.
On the altar of sweet nectarsome love,
Sacrifice all thoughts of here and above;
Put material prestige, power and money,
In the burning fire and be free from agony.

—PRABHU BHAKTA



## શ્રેયસ પ્રચારક સભાનાં આધ્યાત્મિક પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧ | આત્મસિદ્ધિશાસ્ત્ર - વિવેચન | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨ | નિર્વાણ માર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૩ | શ્રીમદ્ રાજચન્દ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૪ | સમાધિમરણ | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૫ | શ્રીમદ્ રાજચન્દ્ર અધ્યાત્મ જીવનગાથા | ટી. ભોગીલાલ ગિ. શેઠ |
| ૬ | આધ્યાત્મિક નિબંધો | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૭ | ઋણાનુબંધ | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૮ | છેલ્લી ઘડીના અવસરે | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૯ | ભક્તિમાર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૦ | રૂડા મનુષ્યોનો અંતિમ ઉદ્‌ગારો | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૧ | જાતિ સ્મૃતિજ્ઞાન | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૨ | પ્રેમ અને પૂર્ણતા | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૩ | શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ | લે. સરયુ ર. મહેતા |
| ૧૪ | ભક્તામર સ્તોત્ર - વિવેચન | લે. સરયુ ર. મહેતા |
| ૧૫ | કલ્યાણમંદિર સ્તોત્ર - વિવેચન | લે. સરયુ ર. મહેતા |
| ૧૬ | સિદ્ધપદભાવના | લે. સરયુ ર. મહેતા |
| ૧૭ | અપૂર્વ આરાધન | લે. સરયુ ર. મહેતા |
| ૧૮ | A Great Seer | લે.સ.ર.મહેતા, ભો.ગિ.શેઠ |

## અન્ય પ્રકાશનો

નિત્ય નિયમ

આલોચના

જ્ઞાનાંજન,